ત્રિવેદિવાચનમાળા—

પુસ્તક છઠ્ઠું

લેખકો
રાવ બહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી,
બી. એ.,
વાનપ્રસ્થ પ્રિન્સિપલ, ટ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ
અને
અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી,
એમ. એ., એલ એલ. બી.,
નૈતિક ને માનસિક તત્ત્વજ્ઞાનના અને ગુજરાતીના પ્રોફેસર
વડોદરા કૉલેજ—વડોદરા

પ્રકાશક
એમ. સી. કોઠારી
કાપડી પોળ, રાવપુરા—વડોદરા

પહેલી આવૃત્તિઃ ૧૯૨૨

મૂલ્ય ૦—૧૦—૬

સુરત—ચૌટાના પૂલ ઉપર આવેલા "સુરત સિટિ પ્રિન્ટિંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપ્યું.

અનુક્રમણિકા

પુસ્તક છઠ્ઠું

પાઠ ૧લો

કોયલ



તમે કોયલ પક્ષીને કદાચ જોયું નહિ હોય, પણ એનો મીઠો ટુહુકાર તો સાંભળ્યો હશે.

એક કવિએ કહ્યું છે કે કાગડો ને કોયલ બંને કાળાં છે, તો એ બેને પારખવાં શી રીતે ? હા, રંગ તો બંનેનો કૃષ્ણ છે; પરંતુ વસંત ઋતુ આવે છે એટલે બંને પોતાના સ્વરથી તરત જણાઈ જાય છે. ક્યાં કાગડાનો કઠોર 'કા' 'કા' શબ્દ ને ક્યાં કોયલનો 'ટુહૂ', 'ટુહૂ' એવો મધુર નિનાદ ! સા, રી, ગ, મ, પ, ધ, ની, એ સંગીતના સપ્ત સ્વરમાં પંચમ (પ) સ્વર કોકિલાનો છે. આંબાના વૃક્ષ પર બેસી કોકિલ જ્યારે ટુહૂ ટુહૂ એમ મનોહર શબ્દ કરે છે, ત્યારે કોનું હૃદય આકર્ષાતું નથી ! એ શબ્દથી કોણ ધરાય છે ! એ શબ્દ દીર્ઘ ને મધુર છે અને બધા વનમાં વ્યાપી રહે છે. કવિએ ખરૂં કહ્યું છે કે

"મીઠા દીર્ઘ ધ્વનીવતી વન બધું હર્ષે ભરે કોકિલા."

સંસ્કૃત તેમજ અંગ્રેજી કવિઓએ કોયલ વિષે ઘણું કવન કર્યું છે. નીચેનું થોડુંક વાંચો:—

નીલ લીલમ સમાં લાલ ગાલે બેઠાં તમે જે તણે રે,
એવા રૂડા આંબલીઆની ડાળ મુકીને કોયલ, કયાં ગય ?
ઉંચે સોહે પ્રભાતના રંગ, રાતા રાતા આભમાં રે,
તેવા નાચે નીચે આના મ્હોર ! મુકીને૦
તેજ તારાતણું દેખાય ઝીણું ઉંચું આભમાં રે,
તારા જોવાય ના, ન ઝલાય ! મુકીને૦
તેવું ગાન તમારૂં, શુણાય ઉંડું ઉંડાણુમાં રે,
તમો દેખાવ ના, ન ઝલાવ ! મુકીને૦

ગોવર્ધનરામ

શાન્ત આ રજનીમાહ મધુરો કંહિ રવ આ—ટુહૂ—
પડિયો ઝિણો શ્રવણે આંહિ ? શું હું સ્વપ્નમાં સુખ આ લહું;
મન્દ વાઈ સમીર આ દિશ, જો વહે રવ એ ફરી,
નાહ સ્વપ્ન એ તો ગાન પેલી ગાય કોયલ માધુરી.

* * * * *

મધ્ય રાત્રિ સમે તને અલિ કોકિલા ! શું આ ગમ્યું ?
હાં, મેહુલો વરશી રહ્યો તેણેથિ તુજ મનડું ભમ્યું;
દુઃખ નવ સ્વપ્ને દિઠું ને સુખમાંહિ તું રેલતી,
આ રમ્ય રાત્રિમાંહિ અધિક આનંદ ગાને ખેલતી.

નરસિંહરાવ

કોયલ પક્ષી આસરે ચૌદ ઇંચ લાંબું હોય છે. ઘણા સાધારણ પક્ષી કરતાં તે મોટું હોય છે. તેની પીઠ ભુરાશ પડતી, છાતી રાખોડી રંગની, અને પાંખ અને પૂંછડી કાળી તથા બહારનાં પીંછાં ધોળાં હોય છે.

કોયલની ચાંચ તેના માથા જેટલી લાંબી હોય છે. તેની પાંખ લાંબી ને અણીઆળી હોય છે અને પૂંછડી લાંબી ને ગોળાકાર હોય છે.

કોયલ પક્ષી બહુ ઊંચે ઊડી શકતું નથી. પોપટ અને લક્કડખોદની પેઠે તે ઝાડ પર ચઢે છે; પણ બહુ ઊંચે ચઢી શકતું નથી. તે એક ઝાડ પરથી ઊડીને બીજા ઝાડ પર બેસે છે. તેને આંબાનાં ને ચંદનનાં ઝાડ ઘણાં વહાલાં હોય છે.

લાંબી ને અણીઆળી ચાંચ વડે તે માખી, કીડા, કરોળીઆ, તેમજ પેટે ચાલતા નાના જંતુઓને પકડીને તેનું ભક્ષ કરે છે. તે ચાંચ વડે વળી દાણા ને ફળ ભોંકીને ખાય છે. કોઈ વાર ઉંદરડી હાથ આવે તો તેને તે ચંચુપ્રહારથી મારી નાખે છે.

આ પંખીને વિષે વિચિત્ર વાત એ છે કે તે પોતાનાં બચ્ચાંને પોષી મોટાં કરવા માળો બાંધતું નથી, પણ તેમને બીજા પંખીના માળામાં ઉછેરાવે છે.

કોકિલા પોતાનું ઈંડું જમીન પર મૂકે છે અને કાગડાના માળામાં નાખી દે છે. કાગડી તેને પોતાનુંજ ઈંડું ધારી સેવે છે.

ધીમે ધીમે કોયલનું બચ્ચું એટલું મોટું થાય છે કે માળામાં તેને અને કાગડીના બચ્ચાંને રહેવાને માટે જગા પૂરતી થતી નથી. પણ કોકિલાનું બચ્ચું પોતાને માટે જગા કરવામાં કુશળ હોય છે. તેની પીઠ પર પોલાણ હોય છે, તેમાં તે બચ્ચાંને એક પછી એક ઘાલી બીજા માળામાં નાખે છે. આ પ્રમાણે તેને પોતાને માટે આખો માળો રહે છે.

કોકિલાનાં બચ્ચાં કાગડી સેવીને મોટાં કરે છે તેથી કોયલ પક્ષીને માટે સંસ્કૃતમાં 'પરભૃત' કે 'અન્યભૃત' શબ્દ પણ વપરાય છે. 'પર' એટલે પારકું અને 'ભૃત' એટલે પોષાએલું; બીજા પંખીથી ઉછેરાએલું.

અમેરિકામાં કોયલ થાય છે તે માળો બાંધી તેમાં પોતાનાં બચ્ચાં પોતે ઉછેરે છે.

કોયલ પંખીને પાંજરામાં રાખી શકાતું નથી; કેમકે તેનું ગમે તેવું રક્ષણ કરવામાં આવે અને તેને જોઈતું પોષણ પૂરૂં પાડવામાં આવે તોપણ તે શિયાળામાં મરી જાય છે.

પ્રશ્ન

૧. 'ક્યાં........ક્યાં....'—એનો શો અર્થ છે ?

૨. 'મીઠા દીર્ઘ ધ્વની....'—આ કયા છંદની પંક્તિ છે ? એમાં કયા શબ્દની જોડણી બદલવી પડી છે ?

૩. 'ઉછેરાવે છે'—એમાં મૂળ ધાતુ કયો છે ? એ રૂપ કેવું કહેવાય ?

પાઠ ૨જો

ભારદ્વાજ દ્રોણાચાર્ય, ભાગ ૧લો

દ્રોણ ભારદ્વાજ ઋષિના પુત્ર હતા, તેથી ભારદ્વાજ દ્રોણ કહેવાતા હતા. તેમણે અગ્નિવેશ્ય નામના ગુરુ પાસેથી અસ્ત્રવિદ્યા સંપાદન કરી હતી. તેઓ કૃપીને પરણ્યા હતા અને તેનાથી તેમને અશ્વત્થામા નામે પુત્ર થયો હતો. તે બાળક હતો ત્યારથી ઘોડાની પેઠે ખોંખારતો ને બળ દર્શાવતો, તેથી તેનું નામ અશ્વત્થામા પડયું. 'અશ્વ' એટલે ઘોડો ને 'સ્થામન્' એટલે બળ. દ્રૌપદીના પિતા દ્રુપદ દ્રોણના સહાધ્યાયી હતા.

દ્રોણ અતિદરિદ્ર અવસ્થામાં હતા, તેથી તેમણે પરશુરામ પાસે જઈ દ્રવ્ય યાચ્યું. પરશુરામે કહ્યું, મેં સર્વ ધન બ્રાહ્મણોને આપી દીધું છે. મારી પાસે માત્ર અસ્ત્રવિદ્યા છે, તે જોઈતી હોય તો તે લો.

દ્રોણે કહ્યું, મહારાજ ! મને સર્વ અસ્ત્રોનું રહસ્ય શિખવો. તેને ફેંકવાની અને પાછાં લઈ લેવાની વિદ્યા મને કૃપા કરી શિખવો. મહારાજ ! બધાં દ્રવ્યોમાં એજ દ્રવ્ય ઉત્તમ છે.

તે ઉપરથી પરશુરામે દ્રોણને સંપૂર્ણ અસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપ્યું. તે મેળવી તેઓ દ્રુપદ રાજા પાસે ગયા.

તેમણે દ્રુપદને મળીને કહ્યું, મહારાજ ! હું તમારો મિત્ર છું. આપણે બંને એક ગુરુના સહાધ્યાયી છીએ.

લક્ષ્મીનો મદ, યૌવનનો મદ, સૌંદર્યનો મદ, અને અધિકારનો મદ, એ બધા મદોમાં અધિકારનો મદ ઘણો ભારે છે. એ મનુષ્યનું મગજ ફેરવી નાખે છે. દ્રુપદ રાજામાં અધિકારનો ને લક્ષ્મીનો મદ હતો, તેથી તેણે દ્રોણનો તિરસ્કાર કર્યો.

દ્રુપદે કહ્યું, અમારા જેવા મોટા રાજાઓને તમારા જેવા દરિદ્રો સાથે મૈત્રી શેની? વળી મૈત્રી કાલક્રમે જીર્ણ થાય છે. અગાઉ તારે ને મારે અમુક પ્રયોજનને અર્થે મૈત્રી હતી. પણ કોઈને કોઈની સાથે હમેશ મૈત્રી રહેતી નથી. દરિદ્રને અને ધનાઢ્યને, વિદ્વાનને અને મૂર્ખને, શૂરાને અને કાયરને, મૈત્રી કદી હોતી નથી. જેમની પાસે સરખું વિત્ત હોય અને જેમની પાસે સરખું જ્ઞાન હોય તેમનીજ વચ્ચે મૈત્રી કે વિવાહ શોભે છ. પુષ્ટ અને અપુષ્ટની વચ્ચે મૈત્રી ને વિવાહ શોભતાં નથી.

ક્યાં ઉદાર શ્રીકૃષ્ણ અને ક્યાં કૃપણ દ્રુપદ ! શ્રીકૃષ્ણે સુદામાનો કેવો સત્કાર કર્યો અને દ્રુપદે દ્રોણનો કેવો તિરસ્કાર કર્યો !

દ્રોણનો આમ તિરસ્કાર થવાથી વેર લેવાનો સંકલ્પ કરી તેઓ હસ્તિનાપુર ગયા. ત્યાં તેઓ થોડો વખત છૂપા વેષમાં રહ્યા. પાંડવકૌરવોને કૃપાચાર્યે અસ્ત્રવિદ્યા શિખવી હતી; પણ તેમને તે બરાબર આવડી નહોતી. એક દિવસે તેઓ દડે રમતા

હતા, એવામાં દડો કુવામાં પડ્યો અને તે જોવા જતાં ધર્મ
વીંટી પણ કુવામાં પડી. તેમણે વીંટી કાઢવાનો યત્ન
પણ તે કાઢી શકયા નહિ.

આ જોઈ દ્રોણ હસ્યા. તેમણે કહ્યું, તમે અસ્ત્રવિદ્યા બ
શીખ્યા નથી. જુઓ, હું દડો ને વીંટી કાઢી આપું છું.
કહી દ્રોણે મંત્રીને દર્ભ કુવામાં નાખ્યો. તેમણે કહ્યું, આ દ
હું દડો કયાં છે તે જાણીશ. એ દર્ભને બીજા દર્ભ સાથે જો
બીજાને ત્રીજા સાથે. એમ એકઠા દર્ભોથી દડો લાવીશ.
પ્રમાણે તેમણે દડો કુવામાંથી કાઢયો અને પછી ધનુષ્ ને બા
વીંટી બહાર કાઢી કુમારોને આપી.



આ પરાક્રમ જોઈ કુમારો આશ્ચર્ય પામ્યા અને નમસ્કાર કરી તેમને સવિનય પૂછ્યું, મહારાજ, આપ કોણ છો ?

દ્રોણે કહ્યું, હું મારો વૃત્તાન્ત ભીષ્મને કહીશ.

કુમારોએ આ હકીકત ભીષ્મને નિવેદન કરી અને ભીષ્મે દ્રોણને બોલાવી, તેમનો સત્કાર કરી, સર્વ વૃત્તાન્ત પૂછ્યો.

દ્રોણે કહ્યું, હું અગ્નિવેશ્ય ગુરુની પાસે અસ્ત્રવિદ્યા શીખવા રહ્યો હતો, ત્યાં દ્રુપદ મારા સહાધ્યાયી હતા. તેમને ને મારે ગાઢી મૈત્રી બંધાઈ હતી. તેમણે કહ્યું હતું કે મને રાજ્ય મળશે ત્યારે અર્ધું રાજ્ય તમને આપીશ. આમ પ્રતિજ્ઞા કરી તેઓ મારાથી છૂટા પડ્યા હતા. પછી હું કૃપીને પરણ્યો અને મને અશ્વત્થામા પુત્ર થયો. બીજાં, ધનવાનનાં છોકરાંને દૂધ પીતાં જોઈ અશ્વત્થામાને તે પીવાનું મન થયું ને તે માટે તેણે રુદન કર્યું. ગાયનું દાન મેળવવા હું તે દેશમાં ભટક્યો, પણ મને કોઈએ ગાય આપી નહિ. મેં જવના લોટનું પાણી કરી દૂધને બદલે કુમારને તે પાયું. અશ્વત્થામા તો તે પીને આનંદમાં વિહાર કરતો હતો; પણ લોકોમાં મારી નિંદા થવા માંડી. મેં વિચાર્યું, આહિં નિંદા પામી વસવું યુક્ત નથી. મારો બાળસ્નેહી દ્રુપદ મને યાદ આવ્યો, એટલે મારી પત્ની ને પુત્ર સાથે હું તેમની પાસે ગયો ને મેં તેમને કહ્યું, મને તમારા મિત્ર તરીકે ઓળખો. પરંતુ દ્રુપદે તો મારો તુચ્છકાર કર્યો અને કહ્યું, મારે ને તારે મૈત્રી કેવી ! હું કોણ ને તું કોણ ? હું રાજા ને તું દરિદ્ર. સરખે સરખાનેજ મૈત્રી ઘટે, ભરેલાને ને ખાલીને, સબળને ને નિર્બળને મૈત્રી કેવી ! તને રાજ આપવાની પ્રતિજ્ઞા કરેલી મને યાદ નથી. એક રાત રહેવું હોય તો ભલે રહે, ભોજન આપીશ.

આથી હું ગુણવાન્ શિષ્યોને શોધતો અહિં આવ્યો છું. ભીષ્મ પિતામહે તેમને પાંડવકૌરવોના ગુરુ તરીકે સ્થાપ્યા.

પ્રશ્ન

૧. 'નિર્બળ'થી ઉલટો શબ્દ કહો.
૨. 'મદ' એટલે શું ? કેટલા પ્રકારના મદ છે, તેમાં કયો મદ સહુથી મોટો છે ? શા માટે ?
૩. 'વિહાર'માં 'વિ'ને બદલે બીજા ઉપસર્ગો મૂકી અર્થમાં કેવો ફેરફાર થાય છે તે દર્શાવો.

પાઠ ૩જો

ભારદ્વાજ દ્રોણાચાર્ય, ભાગ ૨જો

દ્રોણાચાર્યે પાંડવોને અને કૌરવોને અસ્ત્રવિદ્યા શિખવી. અર્જુનના પર તેમની સર્વથી વિશેષ પ્રીતિ થઈ અને તેને તેમણે બધું રહસ્ય ખુલ્લું કર્યું.

તેમણે અર્જુનને કહ્યું, હું તને એવો ધનુર્ધર બનાવીશ કે તારી બરાબરી કોઈ કરી શકશે નહિ. તેમણે તેને ભૂમિ પર ઊભા રહીને, હાથી પર ને ઘોડા પર બેસીને, તેમજ રથમાં બેસીને યુદ્ધમાં અસ્ત્ર ને ગદા પ્રયોજવાની તમામ કળા શિખવી. તેમજ ખડ્ગ અને બીજા બધાં શસ્ત્ર વાપરતાં શિખવ્યું.

દ્રોણની કીર્તિ સાંભળી દેશદેશાંતરથી હજારો રાજાઓ અને રાજપુત્રો તેમની પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યા. તેમાં એક ભીલ જેવી નિષાદ નામની ટોળીના રાજાનો પુત્ર એકલવ્ય તેમની પાસે આવ્યો. પરંતુ તે શૂદ્ર છે એમ ધારી દ્રોણાચાર્યે તેને શિષ્ય તરીકે કબૂલ્યો નહિ. તેમણે કહ્યું, નિષાદોના અસ્ત્રપ્રયોગમાં તું

બળવાન્ થઈશ. તું ઘેર જા. અસ્ત્રોનો નિત્ય અભ્યાસ કરવાની હું તને રજા આપું છું.

એકલવ્ય દ્રોણાચાર્યને પગે માથું નમાવી વનમાં ગયો. તેણે દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી અને તેને વિષે શ્રદ્ધાથી આચાર્યબુદ્ધિ કરી તેની સમક્ષ અસ્ત્રો ફેંકવાનો અભ્યાસ આરંભ્યો. વખત જતાં, અસ્ત્રો મૂકવામાં, તેને પાછાં ખેંચવામાં, તેમજ ઉતાવળથી તેનો પ્રયોગ કરવામાં તે પ્રવીણ થયો.

એક વખત દ્રોણની રજા લઈ પાંડવો ને કૌરવો વનમાં શિકાર કરવા ગયા. તેમાં એક માણસ એક કુતરાને લઈ પાંડવોની પાછળ ગયો. પાંડવો વનમાં જે જે ક્રીડા કરતા હતા તે તે કરવાની ઇચ્છાથી કુતરો વનમાં ખેલતો હતો. એવામાં ક્રીડા કરતો કરતો તે એકલવ્યની પાસે ગયો. તેનું કાળરૂપ અને કાળું હરણનું ચામડું જોઈ કુતરો ખૂબ ભસવા લાગ્યો, એટલે એકલવ્યે પોતાનું હસ્તલાઘવ દર્શાવવા તેનું મોં સાત બાણથી પૂરી લીધું. તે કુતરો પાંડવો પાસે ગયો. વીર પાંડવો કુતરાનું મોં બાણથી પૂરનારનું લાઘવ અને શબ્દવેધિત્વ જોઈ અત્યંત વિસ્મિત થયા. તેમણે તે નિષાદને શોધી કાઢ્યો અને પૂછ્યું, તું કોણ છે?

તેણે કહ્યું, હું નિષાદ રાજાનો પુત્ર ને દ્રોણાચાર્યનો શિષ્ય છું.

અર્જુને વનમાં બનેલી બધી હકીકત દ્રોણાચાર્યને વર્ણવી કહ્યું, મારી બરાબરી કોઈ કરી શકે નહિ એવો મને બનાવવા તમે કહ્યું હતું, પણ નિષાદરાજનો પુત્ર, એક તમારો શિષ્ય મારાથી પણ ચઢિયાતો છે, એમ કેમ!

દ્રોણાચાર્ય થોડી વાર વિચાર કરી અર્જુનને લઈ વનમાં ગયા. ત્યાં તેમણે એકલવ્યને બાણવિદ્યાનો અભ્યાસ કરતાં જોયો.

એકલવ્યે દ્રોણાચાર્યને આવતા જોઈ દંડવત્ પ્રણામ કરી તેમનો સત્કાર કર્યો અને વિનયપૂર્વક કહ્યું કે હું આપનો શિષ્ય છું.

દ્રોણે કહ્યું, તું મારો શિષ્ય છે તો મને ગુરુદક્ષિણા આપ.

એકલવ્યે કહ્યું, આપની જે ઇચ્છા હોય તે આપવા હું તૈયાર છું.

દ્રોણાચાર્યે કહ્યું, દક્ષિણામાં મને તારો જમણો અંગૂઠો આપ.

આવું દારુણ વચન એકલવ્યે સાંભળ્યું, છતાં તેણે પોતાનું વચન પાળવા કંઈ પણ અંદેશો લાવ્યા વિના એકદમ જમણો અંગૂઠો કાપી આચાર્યને આપ્યો.

ત્યાર પછી એકલવ્યે આંગળીઓથી બાણ માર્યાં, પણ તે અગાઉ જેટલું હસ્તલાઘવ દર્શાવી શક્યો નહિ.

એક દિવસ દ્રોણાચાર્યે શિષ્યોના જ્ઞાનની પરીક્ષા કરવા કોઈ જાણે નહિ એવી રીતે એક ઝાડ પર કૃત્રિમ પક્ષી મૂક્યું. પછી તેમણે બધા શિષ્યોને ધનુષ્ ને બાણ સાથે તૈયાર રહેવા કહ્યું. તેમણે યુધિષ્ઠિરાદિ પાંડવોને તેમજ દુર્યોધનાદિ કૌરવોને એક પછી એક બોલાવીને કહ્યું, તમે બાણ મૂકવા તૈયાર થઈ ઊભા રહો. હું કહું એટલે તરત બાણ છોડજો. તમે આ લક્ષ્ય પક્ષીને દેખો છો ? તેમજ આ ઝાડને, મને, અને તમારા ભાઈઓને દેખો છો ?

બધાએ એવો ઉત્તર દીધો કે અમે પક્ષીને, ઝાડને, તમને, અને ભાઈઓને જોઈએ છીએ.

દ્રોણાચાર્યે નિરાશ થઈ બધાને રજા આપી. છેવટે, તેમણે અર્જુનને બોલાવી પૂછ્યું, તું લક્ષ્ય પક્ષીને, ઝાડને, મને, અને બંધુઓને દેખે છે ?

અર્જુને કહ્યું, હું માત્ર પક્ષીનેજ જોઉં છું, બીજું કશું જોતો નથી. નથી ઝાડને જોતો કે નથી તમને કે બંધુઓને જોતો. પક્ષીનું પણ હું માથુંજ જોઉં છું, ગાત્ર જોતો નથી.



દ્રોણે પ્રસન્ન થઈ કહ્યું કે તું બાણ મૂક. અર્જુને તરત બાણ મૂકી પક્ષીનું માથું કાપી નાખ્યું.

જે કામ કરવું હોય તે તરફ ચિત્તની તમામ વૃત્તિ એકાગ્ર કરવાનું ફળ અર્જુનને મળ્યું.

પ્રશ્ન

૧. એકલવ્યના ચરિત્રમાંથી તમે શો બોધ લો છો ?
૨. કર્તા, ક્રિયાપદ, ને કર્મ વાક્યમાં કયા ક્રમમાં વપરાય છે ?
૩. 'આવું દારુણ વચન એકલવ્યે સાંભળ્યું—' એમાં એ ક્રમ શા માટે જાળવ્યો નથી ?

પાઠ ૪થો

ભારદ્વાજ દ્રોણાચાર્ય, ભાગ ૩જો

બધા શિષ્યોને ધનુર્વિદ્યા શિખવી રહ્યા પછી દ્રોણાચાર્યે તેમની પાસે ગુરુદક્ષિણા તરીકે એવી માગણી કરી કે તમે દ્રુપદ રાજાને

પકડીને મારી પાસે લાવો; એજ મારી પરમ દક્ષિણા છે.

પછી કૌરવો ને પાંડવો દ્રુપદને જીતવા ગયા. પાંડવો પહેલાં આઘા ઊભા રહ્યા અને કૌરવોને પોતાનું પરાક્રમ તેમણે અજમાવવા દીધું. કૌરવોએ ઘણું મથન કર્યું, પણ દ્રુપદના લશ્કરની સામા તેઓ ટકી શક્યા નહિ. પછી ભીમ અને અર્જુન દ્રુપદની સામા ગયા. ભીમે ગદા મારી મોટા મોટા હાથીઓ અને યોદ્ધાઓનો નાશ કર્યો. અર્જુને બાણોનો વરસાદ વરસાવ્યો. દ્રુપદનું સૈન્ય આ બે બળવાન્ યોદ્ધાઓની સામા ટકી શક્યું નહિ. અર્જુને ભીમને રોક્યો કે ભાઈ! દ્રુપદ કૌરવોનો સંબંધી છે માટે એના લશ્કરનો નાશ ન કર. આપણે ગુરુદક્ષિણા આપવી એટલુંજ કરવાનું છે. એમ કહી અર્જુને દ્રુપદને પકડ્યો અને અમાત્ય સાથે તેને દ્રોણાચાર્ય પાસે લઈ જઈ ખરો કર્યો. દ્રુપદનો ગર્વ નષ્ટ થયો.

આમ જીવતો વશ કરેલો, જેનું અભિમાન ઊતરી ગયું છે એવા દ્રુપદને જોઈ દ્રોણાચાર્યે હસીને કહ્યું, બળથી તારૂં રાજ્ય જિતાયું, રાજધાનીનો નાશ થયો, તું જીવતો શત્રુને વશ થયો. બોલ તારી શી ઇચ્છા છે? બીશ મા. કોઈ તારો જીવ લેવાનું નથી. અમે બ્રાહ્મણો ક્ષમાવાળા છીએ. તું બાલ્યાવસ્થામાં મારી સાથે આશ્રમમાં રમ્યો છે, તેથી આપણી વચ્ચે પ્રીતિ બંધાઈ છે ને પોષાઈ છે. હું તારી સાથે મૈત્રી યાચું છું. તારૂં આખું રાજ્ય અમે જીત્યું છે તેમાંથી અર્ધું હું રાખું છું ને અર્ધું તને પાછું આપું છું. ભાગીરથીના દક્ષિણ કિનારા તરફના ભાગનો તું રાજા અને ઉત્તર કિનારા તરફના ભાગનો હું રાજા. એમ કહી તેણે દ્રુપદને છૂટો કર્યો.

દ્રોણ કૌરવોને ધિક્કારતા હતા ને પાંડવોનો જય ઇચ્છતા હતા, તોપણ પાંડવકૌરવોની લડાઈમાં તેમણે કૌરવોનો પક્ષ કર્યો

હતો. ભીષ્મના મરણ પછી દુર્યોધને તેમને સેનાપતિની પદવી પર અભિષેક કર્યો હતો અને તેઓ પાંચ દિવસ લડ્યા હતા. તેમણે લડવામાં કંઈ ન્યૂનતા રાખી નહોતી અને અનેક પ્રકારના વ્યૂહ રચી ઘણા શત્રુઓનો સંહાર કર્યો હતો.

પાંચમે દિવસે દ્રોણે શત્રુઓનો ઘાણ કાઢી નાખ્યો અને પાંડવોને ગભરામણ થઈ ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું, જ્યાંસુધી દ્રોણના હાથમાં શસ્ત્ર છે ત્યાંસુધી એને યુદ્ધમાં કોઈ જીતી શકે એમ નથી; માટે કોઈ પણ પ્રકારે એ શસ્ત્ર મૂકી દે એમ કરવું જોઈએ. હે પાંડવો, તમારે ધર્મનો ત્યાગ કરી જયને વિષે મન લગાડવું જોઈએ; નહિકર દ્રોણ બધાનો નાશ કરશે. અશ્વત્થામા મરણ પામશે એટલે દ્રોણાચાર્ય લડવાનું તજી દેશે, એમ હું ધારૂં છું. તે હણાયો એમ કોઈ દ્રોણને કહો.

એ વાત અર્જુનને ગમી નહિ; બીજાઓને ગમી; યુધિષ્ઠિરને મહામુશીબતે ગમી.

પછી ભીમે અશ્વત્થામા નામના હાથીને માર્યો અને દ્રોણની પાસે જઈને 'અશ્વત્થામા હણાયો' એમ મોટેથી બૂમ પાડીને કહ્યું. અશ્વત્થામા નામનો ગજ હણાયો હતો તેનો મનમાં વિચાર રાખી ભીમે 'અશ્વત્થામા હણાયો' એમ જૂઠું કહ્યું.

આ વચન સાંભળી દ્રોણ બહુ ખિન્ન થયા; પરંતુ તે પોતાના પુત્રનું પરાક્રમ જાણતા હતા તેથી આ વાત તેમણે એકદમ માની નહિ. સંદેહનું નિરાકરણ કરવા તેમણે યુધિષ્ઠિરને પૂછ્યું. તેમને ખાતરી હતી કે યુધિષ્ઠિર ત્રણ લોકનું રાજ્ય મેળવવા પણ જૂઠું બોલશે નહિ. આ કારણથી તેમણે યુધિષ્ઠિરને પૂછ્યું. કૃષ્ણે જાણ્યું કે દ્રોણ ચિડવાયા છે, તે પાંડવોનો સંહાર કરશે, માટે તેમણે યુધિષ્ઠિરને કહ્યું, જે અર્ધો દિવસ રહ્યો તે અર્ધો દિવસ ક્રોધમાં

આવેલા દ્રોણાચાર્ય લડશે તો હું સાચું કહું છું કે તમારી તમામ સેનાનો નાશ થશે. એટલા માટે તમારે દ્રોણથી તેનું રક્ષણ કરવું જોઈએ. જીવિતને માટે અસત્ય બોલતાં પાપ સ્પર્શ કરતું નથી.

ભીમસેને કહ્યું, મેં અશ્વત્થામા નામના હાથીને માર્યો છે; માટે તમે અશ્વત્થામા હણાયો એમ કહો. તમારૂં વચન દ્રોણ માનશે.

યુધિષ્ઠિરે કૃષ્ણ અને ભીમનાં વચન સાંભળ્યાં અને થવાનું હોય છે તે મિથ્યા થતું નથી તેથી તેઓ પ્રેરાયા. જયને વિષે તેમનું મન આસક્ત થએલું હોવાથી અને અસત્ય બોલવાની બીકથી તેમણે 'અશ્વત્થામા હણાયો' એમ મોટેથી ને સ્પષ્ટ કહ્યું અને 'હાથી' એ શબ્દ તેની પછી ધીમેથી કહ્યો.

દ્રોણાચાર્યે શસ્ત્ર મૂકી દીધાં અને ધૃષ્ટદ્યુમ્ને તેમની પાસે જઈ તેમનું માથું કાપી નાખ્યું.

'ભારત'માં કહ્યું છે કે યુધિષ્ઠરનો રથ પ્રથમ જમીનથી ચાર આંગળ અધર ચાલતો હતો. પરંતુ તેઓ આટલું અસત્ય બોલ્યા ત્યારથી તેમના રથના ઘોડા પૃથ્વીને અડકયા.

આ પ્રમાણે પ્રસંગને લઈ વ્યાસે સત્યનું માહાત્મ્ય દર્શાવ્યું છે.

પ્રશ્ન

૧. સત્યવાદી યુધિષ્ઠિરે સત્ય જાળવવા કેવો પ્રયત્ન કર્યો ?
૨. એમ સત્યવ્રત જળવાયું કે તેનો ભંગ થયો ?
૩. પહેલા પૅરેગ્રાફમાં 'રહ્યા' ને 'તરીકે'નું પદચ્છેદ કરો.

पाठ ५मो

छप्पा

नथी निपजतो प्रेम, वाडिमां पाणी पातां;
नथी निपजतो प्रेम, तेल चोळ्याथी तातां;
नथी मळतो कांइ प्रेम, गांधि दोशीने हाटे;
नथी मळतो कांइ प्रेम, खोळतां वाटे घाटे;
नथी मळतो प्रेम तपासतां, गुजरी गामो गामनी;
कहे नरभो प्रेम पुरो मळे, कृपा होय श्रीरामनी. १

ज्यारे प्रगट्यो प्रेम, तुलसिना दळथी राजी;
ज्यारे प्रगट्यो प्रेम, खाधी खीचडी ने भाजी;
जेने प्रगट्यो प्रेम, प्रेमने ते नर जाणे;
जेने प्रगट्यो प्रेम, तेहने वेद वखाणे;
मनमां जो प्रेम प्रगट थयो, एक रतीभर जेहने;
कहे नरभेराम गुरुथकी, नित्य बलिहारी तेहने. २

नरभेराम

प्रश्न

१. आ काव्यमां प्रेम केवी रीते नीपजे छे एम कविए कह्युं छे ?
२. छेल्ली लीटीमां 'गुरुथकी' शब्द छे, तेनो संबंध कया शब्दनी साथे छे ?
'जे' ने 'ते' ए केवां सर्वनाम कहेवाय छे ? शा माटे ?

પાઠ ૬ઠ્ઠો

બીવર



તમે જાણો છો કે કેટલાંક પ્રાણી માત્ર જમીન પર રહે છે, કેટલાંક માત્ર જળમાં રહે છે, અને કેટલાંક જમીન પર તેમ જળમાં પણ રહે છે. મગરની પેઠે બીવર નામનું પ્રાણી જળચર તેમજ સ્થળચર છે; પણ તે બહુધા જળચર છે.

કેટલાંક પ્રાણી કડાક દઈને કકડો કરી બચકે બચકે ખાય છે. કોળ, ઉંદર, સસલું, ને ખિસકોલી એ એવાં છે. એજ વર્ગમાં બીવર મોટામાં મોટું પ્રાણી છે. તે આકારમાં સસલાને મળતું છે પણ કદમાં તેનાથી ઘણું મોટું હોય છે. તેને એક જાતની પાણીની ખિસકોલી કહી શકાય એવું તે દેખાય છે.

પ્રભુએ દરેક પ્રાણીને આત્મસંરક્ષણનાં જોઈતાં સાધનો પૂરાં પાડયાં છે; તેના શરીરના અવયવ એ કામને લાયક બનાવ્યા છે. બીવરને શરીરે રૂવાંના બે ડગલા હોય છે, તેમાંનો એક ચામડીને વળગેલો હોય છે, તે સુંવાળા ને ભુરાશ પડતા વાળનો બનેલો હોય છે. રૂવાંનો ઉપલો ડગલો વધારે લાંબા ને ખરબચડા વાળનો બનેલો હોય છે. આ ડગલાઓને લીધે શિયાળામાં નદીનાં પાણી બરફથી ઠરી જાય છે ત્યારે પણ તેને ટાઢ વાતી નથી.

બીવર યુરોપ, એશિઆ, ને અમેરિકાના ઉત્તર પ્રદેશમાં માલમ પડે છે. એનાં રૂવાંની સુંદર ટોપી બને છે.

બીવરનું શરીર ઘણું જાડું હોય છે; તેની પીઠ કમાનાકાર અને પૂંછડી શરીરનાથી અર્ધી લાંબી હોય છે. એ પૂંછડી પહોળી, ચપટી, ને ભીંગડાંથી ઢંકાએલી હોય છે. તેના પાછલા પગનાં આંગળાં ચામડીથી જોડાએલાં હોય છે ને આગલા પગનાં આંગળાં પાછલા પગનાં આંગળાં કરતાં ટૂંકાં હોય છે. આથી તે તરવાને લાયક થાય છે. તેના આગલા પંજા હાથ તરીકે કામ કરે છે અને તેની પૂંછડી મછવાના સુકાનની ગરજ સારે છે. આથી તે દરેક દિશાએ જલદી ફરી શકે છે.

બીવર ઘણુંખરૂં પાણીમાં રહે છે. તે તરવામાં ઘણું કુશળ છે. તે પાણીની અંદર કેટલોક વખત રહી શકે છે. તેનાં આંખ, કાન, ને નસકોરાં તેના પાણીના વાસને લાયક છે. તે પાણીની બહાર કવચિતજ માલમ પડે છે.

તેના દરેક જડબાના આગલા ભાગમાં ઘણા તીક્ષ્ણ દાંત હોય છે, તે વીંધણાની પેઠે કાપવાનું કામ કરે છે.

બીવર પોતાને રહેવાને માટે પાણીમાં મકાન બાંધે છે. પોતાના તીણા દાંત વડે તે ઝાડના થડના નીચલા ભાગની આસપાસ એક

ઊંડો કાપ પાડે છે. તે કાપથી થોડેક દૂર તે બીજો કાપ પાડે છે. બે કાપ પાડયા પછી તે બે કાપની વચલો લાકડાનો ભાગ ઉખેડી નાખે છે. એમ કાપી કાપીને તે ઝાડ કઈ બાજુએ પડશે તે તે જુએ છે અને જે બાજુએ તે પડશે એમ તેને લાગે છે તેની સામી બાજુએ તે ઊભું રહે છે એટલે ઝાડ કડાક દઈને પડી જાય છે. આ પ્રમાણે ઝાડ કાપી થડના નાના નાના, ચાર ચાર પાંચ પાંચ ફૂટ લાંબા કકડા કરી તે પાણીમાં નાખે છે અને તેના પર કાદવ ને પથરા નાખી તેનો પુસ્તો બનાવે છે. કેટલાંક બીવરો એ પુસ્તો ૨૦૦ વાર લાંબો, ૨૦ ફૂટ પહોળો, ને ૮ ફૂટ ઊંચો બનાવી શકતાં માલમ પડયાં છે.

બીવર પાણીમાં ઘર બાંધે છે, તે અંદરથી ત્રણ ફૂટ ઊંચાં ને સાતઆઠ ફૂટ પહોળાં હોય છે.

તેને સસલાંની પેઠે એકઠાં રહેવું ગમે છે.

તેના ઘરમાં પેસવાનો તેમજ તેમાંથી બહાર નીકળવાનો રસ્તો પાણીમાં હોય છે; તેથી જે પ્રાણીથી તરી શકાતું નથી, તેઓ તેના ઘરમાં જઈ શકતાં નથી. વરૂ જેવાં તેનું ભક્ષણ કરનારાં પ્રાણી તરી શકતાં નથી, તેથી તે તેવાં ભક્ષક પ્રાણીથી નિર્ભય રહે છે.

બીવર ઘણું બીકણ છે. તેનાથી જમીન પર દોડી શકાતું નથી. બીજાં પ્રાણીને મારવાની તેનામાં શક્તિ નથી. પણ તેનાં નેત્ર ને કર્ણ ઘણાં તીક્ષ્ણ ને ચપળ હોય છે. તે જાણે છે કે હું શિયાળામાં બહાર નીકળીશ તો મને વરૂ જેવાં પ્રાણી ખાઈ જશે. આથી તે પોતાનો ખોરાક એકઠો કરી મૂકે છે ને શિયાળામાં બહાર નીકળતું નથી. તે બહુધા ઝાડની છાલ ખાય છે. તે ડાળી ને થડ પાણીમાં સંઘરી મૂકે છે.

નદીમાં પુસ્તા બાંધી પોતાને માટે સુંદર રહેવાનું સ્થાન બાંધવામાં તે ઇજનેર જેવી ચતુરાઈ દર્શાવે છે ને પોતાનું રક્ષણ ઉત્તમ રીતે કરી શકે છે.

પાઠ ૭મો

સિંહ અને શિયાળ

વિચારિને આચરનાર શોભે,
વિના વિચારે ફરનાર ક્ષોભે;
રહેતાં મને આંહિ જરાજ આવી,
વાણી દરે કોહિ નહીં સુણાવી.


એક વનમાં એક ક્રૂર સિંહ વસતો હતો. તેનાં પંજા ઘણા તીક્ષ્ણ હતા. તેની ઝડપમાં આવનાર કોઈ પણ પ્રાણી બચવા પામતું નહોતું. એક દિવસ તે વનમાં ખૂબ ભટક્યો, પણ કોઈ પણ પ્રાણી તેને હાથ આવ્યું નહિ. ક્ષુધાથી તેનો કંઠ બેસી ગયો. તે બહુ બહુ ભટક્યો, પણ સૂર્ય અસ્ત પામ્યો અને તેને કંઈ શિકાર મળ્યો નહિ. આખરે, તે થાકી એક મોટી ગુફામાં પેઠો.

તેણે વિચાર કર્યો કે આ ગુફા મોટી છે. એમાં રાત્રે કોઈ પણ પ્રાણી અવશ્ય આવશે; માટે હું સંતાઈને શાંત બેસી રહું.

એવામાં એ ગુફામાં હમેશ સૂઈ રહેનાર શિયાળ આવ્યું. તે જુએ છે તો તેણે સિંહનાં પગલાં ગુફામાં ગએલાં દીઠાં, તેની બહાર નીકળેલાં તેનાં પગલાં દીઠાં નહિ.

તે જોઈ તેણે વિચાર્યું, ખરેખર, મારૂં આવી બન્યું છે, આ ગુફામું સિંહ પેઠેલો જણાય છે. મારે શું કરવું? મારે કેમ જાણવું કે એમાં કયું પ્રાણી પેઠું છે?

આમ વિચાર કરી ગુફાના દ્વાર આગળ ઊભું રહી તે આરડવા લાગ્યું. તેણે કહ્યું, 'અરે દર', 'અરે દર'. એમ બોલી તે શાંત રહ્યું. થોડી વાર રહી ફરી તેણે એજ શબ્દો ઉચ્ચાર્યાં.



તેણે કહ્યું, હે દર, તને યાદ નથી કે મેં તારી સાથે કરાર કર્યો છે કે હું બહારથી આવું એટલે મારે આ પ્રમાણે તને બોલાવવું અને તારે મને ઉત્તર આપવો ? તું જવાબ નહિ આપે તો હું બીજા દરમાં જઈશ; પછી તું મને બોલાવીશ તો હું આવનાર નથી.

આ સાંભળી સિંહે વિચાર કર્યો. ખરેખર, આ પ્રાણી ગુફાની બહાર આવી ગુફાને બોલાવે છે એટલે તે હમેશ જવાબ દે છે. પણ આજ મારા ભયને લીધે તે કંઈ ઉત્તર દેતી નથી. ખરૂં કહ્યું છે કે

ભયભીત થએલાંનાં, હસ્તાદિ ન કહ્યા ફરે;
વાણી ન પ્રસરે, અંગો કંપ કંપ થયાં કરે.

માટે હું એનો જવાબ દઉં, એટલે એ માનશે કે મને ગુફાએ જવાબ દીધો. એમ ધારી તે ગુફામાં પેસશે કે હું તેનું તરત ભક્ષણ કરીશ.

આમ વિચારી સિંહે તેને બોલાવ્યું. સિંહની ગર્જનાનો પ્રતિશબ્દ ગુફામાં થયો, એટલે ફરી એનો એજ શબ્દ મોટેથી સંભળાયો. એ પ્રતિશબ્દ એવો તો મોટો થયો કે દૂર રહેલાં અન્ય પ્રાણી પણ તે સાંભળી ત્રાસી ગયાં.

શિયાળ છેતરાય એવું નહોતું; પરંતુ આ ભારે ગર્જનાથી તે પણ બીધું ને નાસી ગયું. નાસતાં નાસતાં તે નીચેનું પદ્ય બોલ્યું:—

વિચારિને આચરનાર શોભે,
વિના વિચારે ફરનાર ક્ષોભે;
રહેતાં મને આંહિ જરાજ આવી,
વાણી દરે કોદિ નહીં સુણાવી.

અર્થાત્, જે વિચાર કરીને વર્તે છે તે સુખમાં રહે છે અને જે વિચાર કર્યા વિના વર્તે છે તેને ક્ષોભ થાય છે; કેમકે તેની દુર્દશા થાય છે. આ ગુફામાં રહેતાં રહેતાં મને ઘડપણ આવ્યું; પણ મેં ગુફાની–મારે રહેવાના ઘરની–વાણી કદી સાંભળી નથી. મેં પગલાં જોયાં ને વાણી સાંભળી એટલે હું ચેત્યું ને હું વિચારીને વર્ત્યું તો બચ્યું.

પાઠ ૮મો

રૂ

આપણાં પહેરવાનાં લુગડાં રૂનાં, ઊનનાં, શણનાં, કે રેશમનાં થાય છે. ઘેટાં અને બીજાં જાનવરના વાળનું ઊન થાય છે તે તમે જાણો છો અને રેશમ વિષે શીખી ગયા છો. આ પાઠમાં રૂ વિષે હકીકત આપી છે.

રૂ કપાસના છોડમાંથી નીકળે છે. એ છોડ ગરમ પ્રદેશમાં ઊગે છે. તે આપણા દેશમાં, અને ચીન, જાપાન, અમેરિકા, અને ઈજિપ્ટમાં થાય છે.



કપાસના છોડ ઘણી જાતના થાય છે. કેટલાક ઘણા નાના

હોય છે, કેટલાક પાંચ ફૂટ ઊંચા થાય છે, અને કેટલાક વીસ ફૂટ જેટલા ઊંચા વધે છે. તેનાં પાંદડાં કાળાશ પડતાં લીલાં હોય છે અને તેને મોટાં પીળાં ફૂલ આવે છે. એ ફૂલ તે કપાસનાં ડીડવાં. એ ડીડવાંની અંદર કપાસ હોય છે તે એ છોડનાં બી છે. પરિપકવ થાય છે ત્યારે એ ડીડવાં ફાટે છે અને તેમાંથી રૂ નજરે પડે છે.

અમેરિકાના કપાસના છોડ બારેક ફૂટ ઊંચા હોય છે. આપણા દેશના એથી અર્ધા ઊંચા હોય છે. અમેરિકા ને ઈજિપ્ટ-નું રૂ આપણા દેશના રૂ કરતાં ઊંચા પ્રકારનું હોય છે. તેના તાર ઘણા ઝીણા ને મજબૂત નીકળી શકે છે, તેથી એ રૂનું ઝીણું ને ઉત્તમ કાપડ થાય છે.

આપણા દેશમાં હાલ રૂ કાંતવાનાં ને વણવાનાં ઘણાં કારખાનાં થયાં છે; તેમજ પરદેશમાં આપણા દેશના રૂની ઘણી માગણી થાય છે. આથી રૂની ઘણી સારી કિંમત ઉપજે છે. આ કારણથી આપણા ખેડુતો ઘણી જમીન અનાજના પાકમાંથી કાઢી તેમાં કપાસ વાવે છે.

કપાસના છોડ હારબંધ વવાય છે અને તે હારોની વચ્ચે થોડું થોડું અંતર રાખવામાં આવે છે. કપાસના છોડને બહુ વરસાદની જરૂર નથી.

ભરૂચ જિલ્લામાં ને સુરતમાં નવસારી ને તેની આસપાસના ભાગમાં ઘણું સારૂં રૂ થાય છે. કાઠીઆવાડ ને મધ્ય પ્રાંતમાં પણ રૂ થાય છે.

રૂનો પાક તૈયાર થાય છે એટલે રૂને એકઠું કરવામાં આવે છે. પછી તેને છૂટું કરી સુકવી નાખે છે અને કપાસીઆં જુદાં પાડે છે.

આ કામ પહેલાં હાથે કરવામાં આવતું, તેથી ખરચ ઘણો થતો અને વખત પણ જતો. હવે કપાસ લોઢવાના સંચા થયા છે, તેમાં કપાસીઆંમાંથી રૂ સહેલાઈથી છૂટું કરવામાં આવે છે. પછી તેની ગાંસડીઓ બાંધે છે, તે ગાંસડીઓને દાબવાના સંચામાં દાબે છે, અને પછી રૂ કાંતવાનાં ને કપડાં વણવાનાં કારખાનાંમાં મોકલી દે છે.

કપાસીઆંને પીસે છે એટલે તેમાંથી તેલ નીકળે છે, તે ઘણું ઉપયોગી છે. સાબુ, મીણબત્તી, વગેરે બનાવવામાં તે કામ આવે છે. તેલ કાઢી નાખ્યા પછી કપાસીઆંનો કચરો ઢોરના ખાવામાં આવે છે.

અસલના વખતમાં રૂ કાંતવાના ને વણવાના સંચા નહોતા ત્યારે લોકો રૂ રેંટીઆ પર કાંતતા. કેટલેક ઠેકાણે ઘણો ઝીણો સૂતરનો તાર કાઢવામાં આવતો. પછી સૂતરને શાળ પર વણીને તેનાં કપડાં વણાતાં. બંગાળામાં ઘાકાનું ને દક્ષિણમાં મદુરાનું સૂતર ઘણું વખણાતું. આથી ઘણા ગરીબ લોકોને રોજી ને ઉદ્યોગનાં સાધન મળતાં. હવે સંચા થયા છે એટલે થોડા વખતમાં ઘણું કામ થાય છે. સંચામાં પણ ઘણા માણસને રોજી મળે છે.


પાઠ ૯મો

સહરાનું રણ

સહરાનું રણ આફ્રિકાના ઉત્તર ભાગમાં આવેલું છે. એ રણ ઘણું મોટું છે. વિસ્તારમાં એ લગભગ યુરોપ જેટલું છે.

હાલના કરતાં અગાઉ એ રણ ઓછું બેસન હોવું જોઈએ; કેમકે રોમન લોકો બળદની ગાડીમાં થઈ એ રણમાંથી જતા.

વનસ્પતિ ને પાણીનો તદ્દન અભાવ હોય તો બળદના સાધનથી આવા રણમાં મુસાફરી થાય નહિ.



રણમાં ઠેકાણે ઠેકાણે ઊંચી ટેકરીઓ ને ડુંગરની હાર આવેલી છે. દિવસે રેતી તપી જવાથી અતિશય ગરમી રહે છે અને રાતે મેદાનના પવનથી રેતી ઠંડી પડી જાય છે એટલે દિવસને મુકાબલે અતિશય ઠંડક રહે છે. દહાડાની ને રાતની ગરમીની વચ્ચે એ મેદાનમાં ૧૦૦° (સો અંશ)નો મોટો તફાવત રહે છે.

ડુંગરોમાં અત્યંત ગરમી અને ઠંડકથી ફાટો પડી જાય છે અને પત્થરની ઘસાઈ ઘસાઈને રેતી થાય છે. રણ રેતીનું ભરેલું હોય છે. એ રેતીની નીચે કેટલેક સ્થળે બહુ ઊંડાણમાં પાણી રહેલું હોય છે. ફ્રેંચ ઇજનેરોએ એવાં સ્થળોમાં પાતાળ કુવા ખોદી એ પ્રદેશોને ફળદ્રુપ બનાવ્યા છે.

સહરાના મેદાનમાં દૂર દૂર એવા ફળદ્રુપ પ્રદેશો આવેલા

છે; તેમાં ઊંચાં દ્રાક્ષનાં ઝાડ ઊગે છે. એ ઝાડને આ રણપ્રદેશ માફક આવે છે; કેમકે જ્યારે મથાળે પુષ્કળ તાપ હોય છે અને મૂળમાં પાણી મળતું હોય છે ત્યારે એ ઝાડ સંપૂર્ણ રીતે ફાલે છે. આ રણમાં એને મથાળે પુષ્કળ તાપ મળે છે અને રેતીની નીચે ઊંડાણના ભાગનો લાભ એના મૂળને મળે છે. જો આવાં દ્રાક્ષનાં ઝાડ ઊગતાં ન હોત તો આ રણના કોઈ પણ ભાગમાં મનુષ્ય કે અન્ય પ્રાણી વસી શકત નહિ ને આ રણમાં થઈને કોઈથી પસાર થવાત નહિ.

આરબ લોકોનો કાફલો ઊંટની મદદથી આ રણમાંથી જઈ શકે છે. એ કાફલાને દ્રાક્ષનાં ઝાડ ઘણાં ઉપયોગી થઈ પડે છે. એ ઝાડમાંથી તેમને ખોરાક, પાણી, લાકડું, ને છાંયડો મળી શકે છે. એ ઝાડ આઠ વર્ષે ફળે છે અને વીસપચીસ વર્ષે સંપૂર્ણતાએ પહોંચે છે. એની સાથે બીજા કેટલાક છોડવા પણ ઊગે છે, તેને બહુજ થોડા ભેજની જરૂર હોય છે.

પક્ષીનાં પીંછાં, ચામડાં, હાંથીદાંત, સોનાનો ભુકો, અને દ્રાક્ષો, એ આ રણની પેદાશ છે. ઊંટોને એ પેદાશથી લાદીને આરબોના મોટા કાફલા રણમાંથી જાય છે.

તમે શીખી ગયા છો કે આવાં રેતીનાં રણોમાં લાંબી મુસાફરી કરવાને ઊંટને કુદરતે બધી રીતે લાયક બનાવ્યું છે. તે ઘણું મજબૂત પ્રાણી છે. ત્રણેક દિવસમાં ડોલતું ડોલતું તે સોએક માઈલ મુસાફરી કરી શકે છે. તેની પીઠ પર લગભગ દસ મણ ભાર લાદી શકાય છે. તેનાં પહોળાં, ફાટવાળાં, પગનાં તળીઆંને લીધે તે રેતીમાં સહેલથી ચાલી શકે છે. તે નસકોરાં બંધ કરી ઊડતી રેતી નાકમાં આવતી અટકાવી શકે છે. આવાં કારણોથી ઊંટને રેતીના પ્રદેશનું વહાણ કહ્યું છે તે વાજબી છે.

કાફલાનો આગેવાન રસ્તાથી માહીતગાર હોય છે. રણમાં ફળદ્રુપ પ્રદેશો કયાં આવેલા છે તે તે બરાબર જાણે છે. તેના જ્ઞાનને લીધે તેને આખા કાફલા તરફથી બહુ માન મળે છે. બધો કાફલો સારી પેઠે સમજે છે કે આપણી જિંદગી એના હાથમાં છે. આથી મુસાફરીની શરૂઆતમાં તેમજ તે સહીસલામ રીતે સંપૂર્ણ થાય ત્યારે આખો કાફલો તેનું બહુ સન્માન કરે છે.

કાફલો ટ્રિપોલિ, આલ્જીરિઆ, કે મોરોક્કોની સરહદે આવેલા રણના નિશ્ચિત પ્રદેશમાંથી પસાર થાય છે.

કાફલાનો આગેવાન ગમે તેટલી સાવચેતી રાખે છે, તોપણ કેટલીક વાર કાફલાને અત્યંત મુશીબત નડે છે. ખોરાક ને પાણી રસ્તામાં ખૂટી પડે છે અને ઝાંઝવાનાં જળથી માણસો આકર્ષાઈ ગાંડા બને છે, વંટોળીઆ જોરમાં છૂટવાથી તેમનાં આંખ, કાન, ને ગળાં રેતીથી પુરાઈ જાય છે, અને માર્ગમાં કુવાઓ સુકાઈ જાય છે. આવા પ્રદેશમાં કાફલો આવી અનેક તરેહની વિપત્તિનો ભોગ થઈ પડે છે.

पाठ १०मो

वर्षा

मालिनी

घडि घडि तडको ने, छांयडो फेरवाये,
गरमिथि उकळाटो, प्राणिने भारि थाये;
अहिं तहिं बहु दीसे, दोडतां अभ्र काळां,
सकळ जन कहे ए, वृष्टिना थाय चाळा। १

फड फड फफडावे, धूळमां चहि्ल पांख,
पसरिज बग बेसे, पांख पोतानि साफ;
अरणवथि किनारे, आवतां पंखि भाळ्यां,
सकळ जन कहे ए, वृष्टिना थाय चाळा. २
फर फर फर आवे, थंड वा रातदहाडो,
खरर थरर शब्दे, हालतां थाय झाडो;
रस बहु उतरे छे, यंत्रमांहे रुपाळा,
सकळ जन कहे ए, वृष्टिना थाय चाळा. ३
अधिक भिनि हवा तो, नित्य कर्तां जणाये,
पसारि फुलसुगंधी, आवती खूब थाये;
दुर थकि संभळाये, वागता घंट थाला,
सकळ जन कहे ए, वृष्टिना थाय चाळा. ४
कामि गरमि हवाए, खार ते पीगळाये,
उधइ किडि मकोडी, जोरमां ऊभराये;
तजविज करता रहे, बांधवे पंखि माळा,
सकळ जन कहे ए, वृष्टिना थाय चाळा. ५
रुडुं धनुष जणाये, पीत सूर्यास्त भास,
अति उजळुं कुंडाळुं, चंद्रनी आसपास;
विजळि घणि इशाने, नैरुता वा शिताळा,
सकळ जन कहे ए, वृष्टिना थाय चाळा. ६

नर्मद

પાઠ ૧૧મો

શાર્ક અને વ્હેલ, ભાગ ૧લો


તમે અનેક જાતનાં પ્રાણી વિષે આગળ પાઠો શીખી ગયા છો. તેમાંના કેટલાક, ગાય, ઘોડો, ઊંટ, બકરી, વગેરે પ્રાણી વિષે હતા. આ પ્રાણી પોતાનાં બચ્ચાંને સજીવ જન્મ આપે છે અને ધવડાવીને ઉછેરે છે. કેટલાક પાઠ, કૂકડો, ગરુડ, કોયલ, વગેરે પંખીઓ વિષે હતા. આ પ્રાણીને પીંછાંવાળી પાંખ હોય છે. તેઓ ઈંડાં મૂકી તેને સેવી બચ્ચાંને જન્મ આપે છે. કેટલાંક પ્રાણી પેટ ઘસડીને ચાલનારાં હોય છે. સાપ એવું પ્રાણી છે, તે તમે શીખી ગયા છો. આ બધાં પ્રાણીથી માછલાં જુદાં પડે છે. તેઓ પાણીમાંજ રહી શકે છે, ફેફસાંથી નહિ, પણ ચૂંઈથી શ્વાસ લે છે, ને તેમને શરીરે ભીંગડાં હોય છે.

માછલાંના મોંમાં બે બાજુએ દાંતા દાંતા જેવું હોય છે. તે દાંતા જાણે કાંસકીના દાંતા જેવા જણાય છે. તેનો રંગ રતાશ પડતો હોય છે. તેમાં લોહીથી ભરેલી ઝીણી નસો હોય છે. જ્યારે માછલું પાણી પીએ છે ત્યારે પાણી ચૂંઈની સાથે અથડાય છે. તે વખતે પાણીનાં ઝીણાં છિદ્રોમાં રહેલી હવાનો ચૂંઈ મારફત માછલું શ્વાસ લે છે. તે હમેશ મોં ખુલ્લું રાખે છે. તેમ કરીને તે પાણી પીયાં કરે છે એમ નથી, પણ તે શ્વાસ લે છે. આમ ચૂંઈથી શ્વાસ લે છે તેથી તે જમીન પર જીવી શકતું નથી. જેમ તે જમીન પર જીવી શકતું નથી તેમ તે ઉકળેલા પાણીમાં પણ જીવી શકતું નથી. તેનું કારણ કે પાણીને ઉકાળવામાં આવે છે ત્યારે તેમાંની હવા જતી રહે છે અને હવા વિનાનું પાણી ચૂંઈ સાથે અથડાય તો તે શ્વાસની ક્રિયા માટે માછલાંને નકામું પડે છે.

પશુપક્ષીઓનું લોહી ગરમ હોય છે; પણ માછલાંનું ઠંડું હોય છે. તેથી માછલાંને ઠંડી લાગતી નથી ને હમેશ ગમે તેવા ઠંડા પાણીમાં રહેવું તેને અનુકૂળ થાય છે.

બીજાં પ્રાણીને પગ ને પાંખ હોય છે; માછલાંને શરીરે બે બાજુએ ને પીઠ પર, પાછળ પંખા જેવા દેખાવનાં અંગ હોય છે. આ પંખા જેવાં અંગ તેને તરતી વખત સમતોલ રહેવામાં સહાયરૂપ બને છે. પૂંછડીની જગાએ પણ તેને આવું પંખાના આકારનું અંગ હોય છે. વહાણને જેમ સુકાન કામ લાગે છે, તેમ તેને આ અંગ કામ લાગે છે.

શાર્ક એ નામનું એક મોટું માછલું છે, તે દુનિયાના ઘણા-ખરા ભાગોમાં જોવામાં આવે છે. નીચેનું ચિત્ર તેના દેખાવનો ખ્યાલ આપશે.



શાર્કને પંખાની આકૃતિનાં સાત અંગ છે; બે પીઠ પર, બે

ખભા પર, બે શરીરની નીચે, ને એક પૂંછડી તરીકે, શરીરને છેડે. આ છેલ્લું અંગ મજબૂત હોય છે. એનાથી શાર્ક મછવા ઊંધા વાળી શકે છે.

શાર્ક ઘણુંજ ભુખાળ માછલું છે. જે કોઈ તેનાથી ખાઈ શકાય એવો પદાર્થ પાણીમાં પડે તે તે એકદમ ગળી જાય છે. કેટલીક વાર તે આખાં માણસોને પણ ગળી જાય છે, તેથી તે દરિયામાં ત્રાસ વર્તાવે છે.


મોટામાં મોટા કદનાં શાર્ક માછલાં ગરમમાં ગરમ પ્રદેશમાં રહે છે. મધ્ય સમુદ્રમાં તેને વિશેષ ગોઠે છે. વહાણ પરથી જે કંઈ કચરો દરિયામાં નાખી દેવામાં આવે, જે કંઈ તે ખાઈ શકે એવી વસ્તુ પાણીમાં ફેંકાય, તેની ગંધથી આકર્ષાઈ શાર્ક ઘણા દિવસ વહાણની પૂંઠ પકડે છે. વહાણના માણસને તેથી ઘણી ગભરામણ થાય છે.

પાઠ ૧૨મો

શાર્ક અને વ્હેલ, ભાગ રજો

શાર્કના જેવુંજ ભયંકર, વ્હેલ નામનું એક બીજું જળચર પ્રાણી છે. કદમાં તે એટલું બધું મોટું છે કે હાથી જેવું મોટું પ્રાણી પણ તેની આગળ નાનું છે. મોટામાં મોટું વ્હેલ સો ફૂટ લાંબું હોય છે અને તેના શરીરનો જાડો ભાગ સાઠથી સિત્તેર ફૂટ ગોળ હોય છે.

વ્હેલ જળચર પ્રાણી છે, પણ તે માછલું નથી. ગાય ને ઘોડાના લોહીની પેઠે તેનું લોહી ગરમ હોય છે; માછલાંનું લોહી ઠંડું હોય છે. વ્હેલ સજીવ બચ્ચાંને જન્મ આપે છે; માછલું ઈંડાં મૂકે છે. વ્હેલની ચામડી સુંવાળી હોય છે; માછલાંને



શરીરે ભીંગડાં હોય છે. વ્હેલ ફેફસાંથી શ્વાસ લે છે; માછલાં ચૂંઈથી લે છે. વ્હેલને શ્વાસ લેવા માટે પાણીની સપાટી પર આવવું પડે છે; માછલાં પાણીમાં રહીને શ્વાસ લઈ શકે છે.

વ્હેલની ચામડી ઘણી બરછટ હોય છે. તે ઉપલા ભાગમાં કાળા રંગની ને નીચલા ભાગમાં સફેદ હોય છે. તેના શરીરના નીચલા ભાગમાં એક કોથળી હોય છે, તે ચરબીથી ભરેલી હોય છે. તે તેને તરવામાં મદદ કરે છે ને શરીરને ગરમાટો આપે છે.

વ્હેલનું માથું ઘણું મોટું હોય છે. તેના મોંમાં દાંત હોતા નથી, તેથી તે શિકારને ગળી જાય છે. તેનું મોં એવું મોટું હોય છે કે માણસોથી ભરેલો મછવો પણ તેમાં સમાઈ શકે છે. તેના આખા શરીરના પ્રમાણમાં માથું ત્રીજા ભાગનું હોય છે. એ કદ પ્રમાણમાં ઘણું મોટું ગણી શકાય.

તેના શરીરના કદના પ્રમાણમાં આંખ ને કાન ઘણાં ઝીણાં હોય છે. તેનાં નસકોરાં તેના માથાના છેક ટોચ પરના ભાગ

પર હોય છે. તે શ્વાસ લે છે ત્યારે નસકોરાંમાંથી પાણીની ધાર ફુવારાની માફક ઊંચે સુધી ઊડે છે. ચિત્રમાં એ તમને સહજ સમજાશે.

વ્હેલની પૂંછડી ઘણી મોટી ને જબરી હોય છે. માંછલાંના પાછલા અંગની માફક તે ઊંચીનીચી હાલતી નથી પણ ચપ્પટ સીધી રહે છે. તે સુમારે વીસ ફૂટ લાંબી હોય છે ને તેનો એકજ સપાટો ભારે મછવાને ડુબાવવાને સમર્થ હોય છે. જમીન પરનાં પ્રાણીમાં જેમ સિંહ રાજા છે, તેમ દરિયાઈ પ્રાણીમાં વ્હેલ રાજા છે.

વ્હેલ ઘણુંખરૂં પાણીની સપાટી પર ઊંઘે છે. તે વખત તે દૂરથી કાળા ખડક જેવું દેખાય છે.

એ પ્રાણી ધ્રુવની નજીકના ઠંડા પ્રદેશમાં જોવામાં આવે છે. દરેક વર્ષ ઘણા લોકો વ્હેલને પકડવા ધ્રુવની નજીકના ઠંડા ામાં જાય છે. તેને પકડવાનું કામ ઘણું અઘરૂં ને ભયંકર છે. તારવાળાં ઝીણાં ભાલા જેવાં શસ્ત્રો તેના પર ફેંકી તે તારને દોરડેથી ખેંચી તેની સાથે વ્હેલને ઘસેડવામાં આવે છે.

તેનું તેલ ઘણું કીમતી ગણાય છે. તેના જડબાનું હાડકું છત્રીઓની દાંડી બનાવવાના ને બીજાં કામોમાં વપરાય છે. કેટલાક લોકો વ્હેલ પકડવાનો ધંધો કરે છે.

પાઠ ૧૩મો

કાંટાને કાંટાએ કાઢવો.

અગાઉ જોધપુરમાં ચિત્રવર્મા નામનો એક શૂરો સરદાર રહેતો હતો. તેણે પુષ્કળ પૈસો એકઠો કર્યો હતો. તે ઘણો ન્યાયી અને

સદાચરણી હતો. પત્ની પર તેને અત્યંત પ્રેમ હતો. તેનું મુખ વિકરાળ હતું, પણ હૃદય દયાળુ હતું.

તેનામાં આટલા બધા ગુણ હતા, પરંતુ બે મોટા દોષ હતા, તેનાથી એ બધા ગુણો ઢંકાઈ જતા હતા. તે અત્યંત મિજાજી હતો અને અત્યંત લોભી હતો.

સહેજ સહેજમાં તેનો મિજાજ જતો. પત્ની ઉપર તે લગાર લગારમાં ચિઢવાઈ જતો અને તેને ન કહેવાનું કહેતો. થોડો વખત ગયા પછી તે પોતાની ભુલ માટે પસ્તાતો અને પોતાની સ્ત્રીની પાસે જઈ તેનું આશ્વાસન કરતો. દરરોજ આવું પાંચસાત વાર બનતું.

તેની સ્ત્રી ઘણી ડાહી અને સહનશીલ હતી. તેનો સ્વભાવ તે જાણી ગઈ હતી; તેથી એક પણ શબ્દ બોલ્યા વિના તે બધું ગળી જતી. પણ સહનશીલતાને પણ અવધિ હોય છે. કોઈ કોઈ વાર તેને બહુ ખોટું લાગતું. તેના મનમાં એવા વિચાર આવતા કે વગર દોષે દરરોજ આવા મિજાજ સહન કરવો તેના કરતાં તો મરવું સારૂં. આવા જીવનમાં શું સુખ? પ્રભુ મારો છૂટકો કરે તો ઠીક.

એક દિવસ ચિત્રવર્માએ પોતાના મિત્ર વિષ્ણુગુપ્તના દેખતાં પોતાની સ્ત્રીને ખૂબ ધમકાવી. એકાંતમાં સ્વામી ઠપકો દે ને તેની સ્ત્રીને ખોટું લાગે તેના કરતાં કોઈના દેખતાં ખંખેરી નાખે તેથી તેને દસગણું વધારે ખોટું લાગે એ સ્વાભાવિક છે. બાપડી સ્ત્રીનું મોં ઊતરી ગયું. તેને જીવન વિષમય લાગ્યું. તે શોકમાં ગમગીન થઈ પોતાના નિવાસખંડમાં ચાલી ગઈ.

વિષ્ણુગુપ્તે ચિત્રવર્માને કહ્યું, ભાઈ, દોષ વગર સ્ત્રીને અન્યના દેખતાં હલકી કરી નાખવી એ તને છાજતું નથી. ચિત્રવર્માએ

કહ્યું, ભાઈ, તું ખરૂં કહે છે. હું મારા દોષ બરાબર સમજું છું. મારો મિજાજ જાય છે ત્યારે હું ગાંડા માણસની પેઠે ગમે તેમ લવું છું. મારૂં મગજ એવું તપી જાય છે કે મારે શું બોલવું જોઈએ ને શું ન બોલવું જોઈએ, તેનો મને વિવેક રહેતો નથી. થોડી વાર રહીને મારૂં મગજ શાંત થાય છે એટલે મારી મૂર્ખાઈનું મને પૂરેપૂરૂં ભાન થાય છે. મેં જેનું અપમાન કર્યું હોય છે તેની હું ખરા અન્તઃકરણથી ક્ષમા યાચું છું. પણ દુર્વચનના ઘા એમ રૂઝાતા નથી, એ હું સારી પેઠે સમજું છું. હવે ગુસ્સે નહિ થાઉં એવો મેં અનેક વાર નિશ્ચય કર્યો છે; પણ સ્વભાવ કોઈથી જિતાતો નથી; પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય છે. પરંતુ આ વખત મેં દૃઢ નિશ્ચય કર્યો છે કે એ દોષ મારે સુધારવોજ.

એમ કહી ચિત્રવર્મા પોતાના ખાનગી ઓરડામાં ગયો. તેનો મિત્ર તેની પાછળ ગયો અને તે શું કરે છે તે જોવા લાગ્યો. ચિત્રવર્માએ કબાટ ઉઘાડી પૈસાની પેટી ખોલી તેમાંથી એક હજાર રૂપીઆની નોટ કાઢી. પછી દીવાસળીની પેટી લાવી તે નોટ સળગાવી મૂકી.

તેના મિત્રે એકદમ તેનો હાથ પકડી કહ્યું, અરે ! અરે ! ભાઈ ! આ શું કરે છે ?

ચિત્રવર્માએ કહ્યું, ભાઈ, તું મને રોક મા.

મિત્રે કહ્યું, તું શું કરે છે ? ગાંડો થયો છે કે શું ?

ચિત્રવર્મા બોલ્યો, ના, મેં મારી જાતને યોગ્ય શિક્ષા કરી છે. જ્યારે જ્યારે મારો મિજાજ જશે ત્યારે ત્યારે હું મારા લોભને શિક્ષા કરીશ. મને પૈસાનો બહુ લોભ છે. જે પ્રમાણમાં મારો મિજાજ જશે તે પ્રમાણમાં હું મારા લોભને શિક્ષા કરીશ. આ સિવાય મારી ક્રોધી પ્રકૃતિને ઠેકાણે લાવવાનો બીજો ઉપાય નથી.

મિત્રે કહ્યું, શાબાશ ! ભાઈ, તારા સ્વાર્પણને ધન્ય છે ! તારૂં આચરણ સ્તુત્ય છે.

તે દિવસથી જ્યારે જ્યારે ચિત્રવર્મોનો મિજાજ તપી જતો અને જ્યારે જ્યારે તે પોતાની સ્ત્રીના પર તૂટી પડતો ત્યારે ત્યારે તે પોતાના ખાનગી ઓરડામાં જતો અને કબાટ ઉઘાડી પોતાના ગુનાના પ્રમાણમાં ઓછીવત્તી નોટો સળગાવી મૂકતો.

બેચાર વાર આમ કરવાથી તેની મિજાજ કરવાની કુટેવ જતી રહી, એટલુંજ નહિ પણ તેનો લોભ પણ ગયો. તે ઘણો શાંત પ્રકૃતિનો ને મોકળા મનનો થયો અને ભવિષ્યની જિંદગી સ્ત્રીપુરુષે સુખમાં નિર્ગમન કરી.

પાઠ ૧૪મો

નહુષ રાજાનું આખ્યાન

પાંડવો કૌરવો સાથે દ્યૂતમાં હાર્યા, તેથી તેમને રાજ્ય છોડી વનમાં જવું પડયું. એક દિવસ ભીમસેન શિકાર કરવા નીકળ્યો. તેણે ઘણાં પશુનો વધ કર્યો. એવામાં તેણે એક મોટો અજગર દીઠો. તે અજગરે ભીમને પકડયો. ભીમે પોતાને છોડાવવાના બહુ પ્રયત્ન કર્યા, પણ તે મિથ્યા ગયા.

સર્પનું આવું અદ્ભુત વીર્ય જોઈ ભીમ આશ્ચર્ય પામ્યો. તેણે કહ્યું, સર્પરાજ, તું કોણ છે ? મને પકડીને તું શું કરીશ ? હું ભીમસેન છું, ધર્મરાજથી નાનો, પાંચ પાંડવોમાંનો બીજો છું. મોટા મોટા રાક્ષસો પણ મારૂં વીર્ય સહન કરવા અસમર્થ છે. તને કોઈ તરફથી કોઈ વિદ્યા પ્રાપ્ત થઈ છે કે વરદાન મળ્યું છે ? તું શાથી મને નિસ્તેજ કરવા શક્તિમાન્ થયો છે ?

અજગરે કહ્યું, ભાઈ, હું નહુષ રાજા છું ને અગસ્ત્ય ઋષિના શાપથી મેં આ દશા પ્રાપ્ત કરી છે. ઋષિએ મારા પર કૃપા કરી કહ્યું છે કે જે મહાબળવાન્ પુરુષની આસપાસ તું ફેણાથી વીંટળાઈ વળીશ તે તારા મોક્ષનું સાધન થશે. જે તારા પ્રશ્નોના ઉત્તર આપશે તે તને સર્પની દશામાંથી છોડવશે.


ભીમને વનમાં ગયાને બહુ વખત થયો, પણ તે પાછો આવ્યો નહિ, તેથી યુધિષ્ઠિરને ચિંતા થઈ. તે ધૌમ્ય ઋષિની સાથે તેની શોધ કરવા નીકળ્યા. શોધ કરતાં કરતાં તેમણે અજગરના મુખમાં સપડાએલો ભીમને જોયો. તેમણે અજગરને કહ્યું, તું મારા ભાઈ ને છોડી દે; હું તને બીજો આહાર આપીશ, તેથી તું તારી ક્ષુધા મટાડજે.

અજગરે કહ્યું, આ રાજપુત્ર મારા મુખમાં આહાર તરીકે આવ્યો છે. તું તારે રસ્તે જા; અહિં રહેતો ના; નહિકર કાલ તને પણ ગળી જઈશ. મારૂં એ વ્રત છે કે જે મારી હદમાં આવે છે તે મારૂં ભક્ષ્ય થાય છે. તું પણ મારી હદમાંજ આવ્યો છે, માટે અહિંથી જા. આ તારો નાનો ભાઈ મારા આહાર તરીકે મને ચિર કાળે પ્રાપ્ત થયો છે, તેને હું છોડીશ નહિ.

યુધિષ્ઠિરે કહ્યું, તું દેવ છે, દૈત્ય છે, કે સર્પ છે? સત્ય વચન બોલ. તને યુધિષ્ઠિર પૂછે છે. તેં શા માટે ભીમને સપડાવ્યો છે? તને શો આહાર આપું? તું શી રીતે ભીમને છોડીશ?

સર્પે કહ્યું, હું નહુષ રાજા છું, તમારો પૂર્વજ છું, ને આયુનો પુત્ર છું. મેં યાગ, તપ, વિદ્યા, ને ઇંદ્રિયજયના બળથી ત્રૈલોક્યનું રાજ્ય મેળવ્યું. આથી મને ગર્વ થયો. મને ઐશ્વર્યનો મદ ચઢયો. મેં મારી પાલખી ઋષિઓ પાસે ઉંચકાવી બ્રાહ્મણોનો તિરસ્કાર કર્યો, તેથી અગસ્ત્યે મને શાપ દીધો અને

મારી આ દશા થઈ. તે ઋષિને વીનવ્યાથી તેમણે શાપનો અનુગ્રહ કર્યો, તે પ્રમાણે લાંબે સમયે તારો ભાઈ મને આહાર તરીકે પ્રાપ્ત થયો છે; માટે તું મારા પ્રશ્નોના ઉત્તર દઈશ તોજ હું એને છોડીશ.



યુધિષ્ઠિરે તેને પ્રશ્ન પૂછવા કહ્યું. સર્પે પૂછ્યું, હે મહારાજ ! બ્રાહ્મણ કોને કહેવો અને તેણે શું જાણવા યોગ્ય છે ?

યુધિષ્ઠિરે ઉત્તર દીધો કે સત્ય, દાન, ક્ષમા, શીલ, અક્રૂરતા, તપ, અને દયા, એ ગુણો જેનામાં હોય તે બ્રાહ્મણ. પર બ્રહ્મ તેને જાણવા યોગ્ય છે.

એવા અનેક પ્રશ્નના ઉત્તર યુધિષ્ઠિર તરફથી તેને મળવાથી તેની સર્પની અવસ્થામાંથી મુક્તિ થઈ.

તેણે યુધિષ્ઠિરના આગ્રહથી પોતાનું ચરિત્ર સવિસ્તર કહી સંભળાવ્યું.

મહારાજ ! મારા પુણ્યબળથી હું ત્રૈલોક્યનો અધિપતિ થયો;

પણ અધિકાર પ્રાપ્ત થવાથી મારામાં ગર્વ આવ્યો. મેં કોઈને લેખવ્યો નહિ. દેવ, દાનવ, ઋષિ, સર્વે મારે વશ હતા. મેં ઇંદ્રાણીને જોઈ. તેનું રૂપ જોઈ મારી મતિ ભ્રષ્ટ થઈ. મેં તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો. તેણે કહ્યું, તમે પાલખીમાં બેસી તે પાલખી ઋષિઓ પાસે ઉંચકાવી મારી પાસે આવો એટલે હું તમારો સ્વીકાર કરીશ. મેં ઋષિઓ પાસે પાલખી ઉંચકાવી અને ઉત્કંઠાને લીધે તેમને જલદી ચાલવા કહ્યું. સર્પ–જલદી ચાલો એમ બોલી ઋષિના માથા પર પાદપ્રહાર કર્યો. આથી અગસ્ત્ય મુનિ ક્રુદ્ધ થયા અને તેમણે મને શાપ દીધો કે તું સર્પ, સર્પ કહે છે, માટે સર્પ થા. પછી મેં ઋષિને પ્રણિપાત કરી વીનવ્યા ત્યારે તેમણે શાપનો અનુગ્રહ કર્યો કે જે તારા પ્રશ્નોના ઉત્તર આપશે તે તને સર્પની દશામાંથી મુક્ત કરશે.

पाठ १५मो

प्रभुने विषे श्रद्धा

पद

प्रभु तम साथे रे, नाथ मारे प्रीत बणी,
भाव करीने भेटो रे, मुजने रांक गणी. प्रभु० १
प्रह्लादनी तमो प्रतिज्ञा पाळवा, धरियुं नरसिंहरूप,
फाट्यो स्तंभ ने प्रगट्या मुरारी, थर थर कंपे मोटो भूप;
हिरण्यकशिपु नांख्यो रे, वहाले मारे हाथे हणी. प्रभु० २
भरी सभामां द्रौपदी आण्यां, ताणवा मांड्यां तेनां चीर,
नवसे नव्वाणुं वहाले नवनवां पूर्यां, तोय ना देखाय शरीर;
प्रतिज्ञा राखी रे, पांडवोनी नारतणी. प्रभु० ३

नरसी महेतानी वहाले हुंडी शिकारी, हेते करी आप्यो हार,
शामळशाह संतने जदापि रे विनव्या, भेट्या विश्वाधार;
रुपैया रोकडा रे, गिरिधर भटने आप्या गणी. प्रभु० ४
सुदामानां वहाले संकट काप्यां, लइने आपी रे नव नीध,
कंचनना वहाले मोहोलज कीधा, दुजी द्वारामति दीध;
दारिद्य काढी नांख्युं रे, दया जाणी रांकतणी. प्रभु० ५
आरे वेळानी प्रभु अरज अमारी, मानी लइए महाराज,
शरणे आवे तेने उगारी लेजो, बांहे ग्रह्यानी प्रभु लाज;
दास धीरो कहे छे रे, नाथ मारे तुंही धणी. प्रभु० ६

धीरोभक्त

પાઠ ૧૯મો

રાજા કૅન્યૂટના સદ્‌ગુણની વાતો

ઇંગ્લંડના શરૂઆતના રાજાઓમાં કૅન્યૂટ નામનો એક મોટો રાજા થઈ ગયો. તે ઘણો લોકપ્રિય ને ધર્મિષ્ઠ હતો. તે સાદો હતો, ન્યાયી હતો, ને વિદ્યાનો શોખીન હતો.

તેના ધર્મિષ્ઠપણાને લગતી જીવનની એક હકીકત જાણવા જેવી છે. એક વરસ એક ધાર્મિક ઉત્સવ ઉજવવા માટે તેને એક દેવળમાં જવાનું હતું. તે વખત અતિશય ઠંડીને લીધે નદીનાળાં બરફ બરફ થઈ રહ્યાં હતાં. જે દેવળમાં તેને જવાનું હતું ત્યાં પાણીમાં થઈને જવું પડે એમ હતું. આ સમયે તે પાણી બરફ થઈ ગયું હતું. તેના દરબારીઓએ તેને એવી સલાહ આપી કે આ દેવળમાં ન જતાં આપ અન્ય દેવળમાં જાઓ.



વખત છે ને બરફ ભારથી ભાગી જાય તો પાણીમાં ડૂબી જવાય; પણ કૅન્યૂટને તે દેવળના ધર્મગુરુ પર એવી પ્રીતિ ને શ્રદ્ધા હતી કે તેને અન્ય દેવળમાં જવાની સલાહ રુચી નહિ. તે પોતાના વિચારમાં મક્કમ રહ્યો અને દરબારીઓને તેણે કહ્યું કે મને એક પણ માણસ રસ્તો બતાવશે તો હું બરફ પર થઈને મોતથી ડર્યો વિના જઈશ. દરબારીઓ ને સૈનિકો આ સાંભળી એકબીજાની સામું જોવા લાગ્યા ને મોતને જોખમે રસ્તો બતાવવો કે નહિ તેની મુંઝવણમાં પડ્યા. પણ ત્યાં એક ભારે શરીરવાળો મજબૂત ખેડુત ઊભો હતો, તેણે કહ્યું, હું રાજાની આગળ ચાલીશ, હું રસ્તો બતાવીશ. કૅન્યૂટે કહ્યું, ત્યારે પરમેશ્વરનું નામ દઈને ચાલ, હું તારી પાછળ આવીશ. મને ખાત્રી છે કે તારા જેવા જાડા માણસના ભારથી બરફ નહિ ભાંગે તો મારા જેવા પાતળા માણસના ભારથી તો તે નહિજ ભાંગે. આ વચન સાંભળતાં વ.રને ખેડુત બરફ પર ચાલ્યો, મહાન્ કૅન્યૂન્ટ તેની પાછળ ચાલ્યો, ને બધા દરબારીઓ એક પછી એક તેમની પાછળ ચાલ્યા. આમ બરફ પર થઈને બધા ક્ષેમકુશળ દેવળમાં દાખલ થયા. રાજાની કેવી ધર્મનિષ્ઠા! જાડા ખેડુતની કેવી હિંમત! પ્રસન્ન થઈ રાજાએ તેને રાજ્ય તરફ દાસત્વ ધરાવનાર ખેડુતના પદમાંથી સ્વતંત્ર ખેડુત બનાવ્યો ને તેના વારસો પણ સ્વતંત્ર ખેડુત થયા.

એક વખત રાજા રોમની યાત્રાએ ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાંથી તેણે એક પત્ર પોતાના દરબારીઓને ને પોતાની પ્રજાને લખ્યો હતો, તેમાંનો થોડોક ભાગ નીચે આપ્યો છેઃ—

'તમને સહુને વિદિત થાઓ કે મારૂં રાજ્ય ન્યાયથી ચલાવવા મેં મારૂં જીવન ઈશ્વરને સમર્પિત કર્યું છે. જો ભૂત સમયમાં ને જુવાનીના જુસ્સામાં ને નાદાનીમાં મેં ન્યાયને ઊંચો

મૂકયો હોય તો ઈશ્વરની સહાયતાથી હવે તેનો પૂરેપૂરા બદલો વાળવા મારો વિચાર છે....અન્યાયથી મેળવાએલું દ્રવ્ય મારે જોઈતું નથી.'

આવા સત્યનિષ્ઠ અને ન્યાયી રાજાને ખુશામત ન ગમે એ દેખીતુંજ છે. પરંતુ દરેક રાજાની આસપાસ ખુશામત કરનારાઓની ખોટ હોતી નથી. તેવા ખુશામતીઆ દરબારીઓને તેણે વ્યાવહારિક રીતે શિખામણ દીધાનો એક દાખલો પ્રસિદ્ધ છે. તેના દરબારી તેની સત્તાની અતિસ્તુતિ રોજ કરતા હતા. એક દિવસ તેણે પોતાનું સોનાનું સિંહાસન ચઢતી ભરતીએ સમુદ્રકિનારે પાણી આગળ રેતીમાં ગોઠવાવ્યું. પછી માથા પર રાજમુકુટ પહેરી તેણે સમુદ્રને આજ્ઞા કરી કે હે સમુદ્ર! જે ભૂમિ પર હું બેઠો છું તે મારી સત્તાની છે; તું મારા રાજ્યનો એક ભાગ છે; માટે ઊંચો ન આવતો. મારા હુકમને માન આપજે ને મારા ઝભ્ભાની કોર પણ ભીની કરવાનો ગર્વ કરતો ના. આજ્ઞાભંગ નજ કરી શકાય એમ સમુદ્ર તરફ સત્તાધીશની મગરૂબ આંખે તે જોવા મંડ્યો. પણ તેને ગણકાર્યા વિના સમુદ્રનાં મોજાં ચઢતાં ગયાં તેમ તેમ તેના પગની પાસે પાસે આવતાં ગયાં ને છોળોના છાંટા તેના મોં પર આવવા લાગ્યા. છેવટે તેના પગ ભિંજાયા ને તેના ઝભ્ભાની કોર પણ ભિંજાઈ ગઈ. તરતજ તેણે ઊઠીને ખુશામતી દરબારીઓને કહ્યું,

'દરેક તત્ત્વના પર જે મહાન્ સત્તાનું સામ્રાજ્ય છે તેની સરખામણીમાં જે પાર્થિવ રાજા સમુદ્રને કહે છે કે બસ, તારે આટલે સુધીજ આવવું, આગળ નહિ, તે રાજાનું બળ કેવું ક્ષુલ્લક ને ખોટું છે, તે હવે કબૂલ કરો.'

કહે છે કે કૅન્યૂટ રાજાએ માથા પરથી મુકુટ ઉતાર્યો ને તેને વિંચેસ્ટરના દેવળમાં મૂકયો.ત્યાર પછી તેણે કદી મુકુટ પહેર્યો નહિ.

પાઠ ૧૭મો

અષ્ટાવક્રાખ્યાન

ઉદ્દાલક ઋષિને કહોલ નામનો શિષ્ય હતો. ઉદ્દાલકે તેના પર પ્રસન્ન થઈ તેને પોતાની પુત્રી પરણાવી. તેને ગર્ભ રહ્યો. તે ગર્ભે કહોલ ઋષિને ઠપકો દીધો કે હે પિતા, તમે બધો વખત વેદનું અધ્યયન કર્યાં કરો છો, એ ઠીક કરતા નથી. કહોલને આ ઠપકાથી માઠું લાગ્યું. તેણે ઉદરમાં રહેલા પુત્રને શાપ દીધો કે તું વક્ર થાય છે, તેથી જા, તું, શરીરે અષ્ટધા વક્ર થઈશ.

કહોલ ઋષિની પત્ની ગર્ભવંતી હતી. તેને દસ માસ થયા ત્યારે તેણે પતિને કહ્યું, પ્રાણનાથ ! હવે શું કરીશું ? આપણી પાસ કંઈ પણ વસ્તુ નથી ને આ પ્રસવની આપત્તિ આવીને ઊભી રહી છે. આ વચન સાંભળી કહોલ ઋષિ વિત્તોપાર્જન કરવા જનક રાજાને ત્યાં ગયા.

વરુણનો પુત્ર વંદિ પોતાના પિતાએ આરંભેલા યજ્ઞમાં બ્રાહ્મણો જોઈતા હતા માટે જનક રાજાને ત્યાં રહ્યો હતો. પણ કોઈ પણ બ્રાહ્મણ યજ્ઞ કરાવવા પાતાળમાં જઈ રહેવાને ખુશ નહોતા, તેથી બ્રાહ્મણોને ત્યાં લઈ જવા માટે વંદિએ જનક રાજાને ત્યાં રહી એક યુક્તિ રચી હતી. તે એ હતી કે જે બ્રાહ્મણો એ રાજાને ત્યાં આવે તેને વાદવિવાદમાં હરાવવા અને હારે તેમણે જળમાં જવું એવી હોડ બકવી. હારનાર બ્રાહ્મણો જળમાં પ્રવેશ કરતા કે તેમને વરુણના અનુચરો પાતાળમાં લઈ જતા. આ યુક્તિના કહોલ ઋષિ પણ ભોગ બન્યા. તેમણે વંદિ જોડે વાદમાં ઊતરવાની હોડ બકી, તેમાં તે હાર્યો કે તરત તેમને વંદિએ ડુબાડી દીધા.

પિતાને બનેલી હકીકત અષ્ટાવક્ર જાણતા નહોતા, તેથી

બાલ્યાવસ્થામાં માતામહ ઉદ્દાલકનેજ તે પિતા માનતા હતા ને તેનો પુત્ર શ્વેતકેતુ, જે પોતાનો મામો થાય, તેને ભ્રાતા માનતા હતા.

એક દિવસ, અષ્ટાવક્ર અને શ્વેતકેતુ, બંને ઉદ્દાલકના ખોળામાં બેઠા હતા, ત્યાંથી શ્વેતકેતુએ અષ્ટાવક્રને ખસેડી નાખ્યો ને કહ્યું, આ કંઈ તારા પિતાનો ખોળો નથી. આ ઉપરથી અષ્ટાવક્ર પોતાની મા પાસે ગયા ને તેને તેમણે પૂછ્યું, મારા પિતા ક્યાં છે ? માએ અત્યાર સુધી તેમના પિતાની હકીકત તેમનાથી છૂપી રાખી હતી, તે હવે તેમને વિદિત કરી.

અષ્ટાવક્રે શ્વેતકેતુને કહ્યું, ચાલો, આપણે જનક રાજાને ત્યાં યજ્ઞ થાય છે ત્યાં જઈએ. ત્યાં બ્રાહ્મણોનો વિવાદ સાંભળીશું ને અન્ન ખાઈશું. આમ કહી અષ્ટાવક્ર પિતાની ખોળમાં નીકળ્યા.

યજ્ઞમાં જતાં બંનેને દ્વારપાળે અટકાવ્યા ને કહ્યું, હે બાળકો ! આ સ્થળ તમારે માટે નથી. અહિં તો જે વૃદ્ધ દ્વિજશ્રેષ્ઠ હોય તેવાને દાખલ કરવાના છે.

અષ્ટાવક્રે કહ્યું,

અનુષ્ટુભ્

નહિ વાળ થયે ધોળે, વૃદ્ધત્વ માનવી ગ્રહે;
જ્ઞાન પ્રાપ્ત થયે નાના, મોટામાં જગમાં ખપે.

હે દ્વારપાળ ! હું વંદિને મળવા ઇચ્છું છું; માટે રાજાને રાજસભામાં મારી વરદી પહોંચાડ.

દ્વારપાળે અષ્ટાવક્ર અને શ્વેતકેતુને સભામાં જવા દીધા. ત્યાં અષ્ટાવક્રે વંદિનો તિરસ્કાર કર્યો. એવામાં વંદિ આવ્યો ને બંને વાદવિવાદમાં ઊતર્યા; તેમાં વંદિની હાર થઈ.

પછી વરુણને ત્યાં યજ્ઞ પૂરો થયો ને બધા બ્રાહ્મણો છૂટા

થયા. કહોલ પણ છૂટા થયા ને અષ્ટાવક્ર ને કહોલ બંને મળ્યા. બધા છૂટેલા બ્રાહ્મણોએ અષ્ટાવક્રની સ્તુતિ કરી. અષ્ટાવક્રે તેમની પ્રાર્થના પરથી વંદિને જીવતો છોડી મૂકયો. અષ્ટાવક્રને શાપ દીધા બદલ કહોલને પશ્ચાત્તાપ થયો. પિતાએ પુત્રને કહ્યું, જા, સમંગા નદીમાં સ્નાન કર, એટલે તારાં અંગ સીધાં થશે. તે પ્રમાણે અષ્ટાવક્ર તે નદીમાં નહાયા અને તેમની વક્રતા જતી રહી. અષ્ટાવક્રે જનકને બ્રહ્મજ્ઞાનનો બોધ કર્યો હતો.

પાઠ ૧૮મો

યુવક અને સિંહ

વજેસિંહ નામે એક સંપત્તિમાન્ રજપૂત ગરાસીઓ હતો. એને અનેક વાડીવજીફા અને ગાડીઘોડા તેમજ નોકરચાકરનું સુખ હતું. એને એક પુત્ર હતો. ને એનો એકનો એક પુત્ર હતો, તેથી તેને માટે એને અત્યંત કાળજી રહેતી હતી.

ગરાસીઓ વહેમી અને બીકણ હતો. શુકન અપશુકનમાં તેમજ સ્વપ્નોનાં ભવિષ્યદર્શક સૂચનોમાં એને શ્રદ્ધા હતી. પુત્ર યુવાવસ્થાએ આવી પહોંચ્યો હતો. તેને શિકારનો ખબ શોક હતો. તે શિકાર માટે રોજ સવારે વહેલો ઊઠી વનમાં જતો. તેના પિતાને એક રાત્રે ખરાબ સ્વપ્ન આવ્યું, તેમાં તેણે એવું જોયું કે પુત્રને વાઘે મારી નાખ્યો. તે સ્વપ્નના ચિત્રની તેના મન પર એવી અજબ અસર થઈ કે ત્યાર પછી છોકરાને શિકારે જવા દેવાની તેણે મના કરી. તેણે પુત્રને મકાનમાં ગોંધી રાખ્યો. તેને એવોજ વિચાર આવ્યા કરતો હતો કે રખેને છાનોમાનો પણ છોકરો શિકારે જાય ને મેં સ્વપ્નમાં દીઠેલું દર્શન સત્ય નીવડે.

છોકરાને તેણે ગોંધી રાખ્યો તો ખરો; પણ તેનો ઉદ્દેશ કોઈ પણ રીતે તેને દુઃખ દેવાનો નહોતો. આથી ગોંધાએલી દશામાં પણ પુત્રને જેમ બને તેમ આનંદ મળે તે હેતુથી તેણે પોતાના મકાનમાં અનેક આનંદદાયક વસ્તુઓ રાખી હતી. તેણે ત્યાં વિવિધ સુંદરમાં સુંદર ચિત્રો રાખ્યાં હતાં અને પુત્રને શિકારનો શોખ હતો માટે તે ચિત્રોમાં ઘણાં શિકારનાં પ્રાણીનાં ચિત્તાકર્ષક ચિત્ર હતાં. તેમાં ખાસ કરીને વાઘનું ચિત્ર હતું; કેમકે વાઘનો શિકાર તેને અત્યંત પ્રિય હતો.



એક દિવસ તે યુવકે વાઘના ચિત્ર તરફ ધારી ધારીને જોયું. પિતાના સ્વપ્નને લીધે મારે અહિં ગોંધાએલા રહેવું પડે છે, એ વિચારથી ઉશ્કેરાઈ તેણે ચિત્રમાંના વાઘને કહ્યું, અરે! ઓ જંગલી ક્રૂર પશુ! તારા વિકરાળ સ્વરૂપને લીધે અહિં મારે

કેદ રહેવું પડે છે. મારા હાથમાં તરવાર હોત તો હું તે તારા શરીરની આરપાર ભોંકી દેત. એમ કહી તેણે વાઘની છાતી પર પોતાનો મુક્કો જોરથી લગાવ્યો. કમનસીબે, ચિત્રના ચોખંડી ચોકડીવાળા લુગડા પાછળ ન જણાય એવો એક ખીલો હતો તે એના નખમાં વાગ્યો. એ ઈજા પાક પર ચઢી. આગળ જતાં તે યુવકને તાવ આવ્યો અને અંતે તે તેનાથી મરણ પામ્યો.

સ્વપ્નું સાચું પડતું અટકાવવા માટે પિતાએ જે સાવચેતીનો માર્ગ યોજ્યો હતો તે માર્ગેજ પુત્રનું આમ આવી બન્યું !

વાસ્તવિક રીતે વિચારતાં શુકન–અપશુકન ઉપર મનુષ્યે લક્ષ આપવું યુક્ત નથી. કાગનું બેસવું ને તાડનું પડવું એ ન્યાય, જેને કાકતાલીય ન્યાય કહે છે, એ ન્યાયે કોઈ વાર અપચિહ્નો થાય ને અનિષ્ટ બને એટલે મનુષ્ય એ બેનો સંબંધ જોડી વહેમમાં પડી જાય છે. પરંતુ શુભ માંગલિક લગ્ન જોઈ આરંભેલા કામનું પણ પરિણામ હમેશ લાભકારકજ આવતું નથી. ઈશ્વર પર શ્રદ્ધા રાખી મન દૃઢ રાખવું. ભાવીને શુભ શુકનો વડે મિથ્યા કરવા પ્રયત્ન કરવો એ મૂર્ખાઈની પરિસીમા છે.

પાઠ ૨૯મો

ખાંડ

ખાંડ આપણો હમેશનો ખોરાક છે. આપણે તેને દૂધમાં ને ચાહમાં નાખીએ છીએ. જુદી જુદી જાતનાં મિષ્ટ ભોજનો બનાવવામાં ખાંડ વપરાય છે.

બધા ગળ્યા પદાર્થોમાં ખાંડ થોડે કે ઘણે અંશે રહેલી છે. બધાં ફળમાં ખાંડ છે. અંજીરમાં અર્ધાથી વધારે ભાગ ખાંડ છે; દ્રાક્ષમાં ત્રાજો ભાગ ખાંડ છે. ફળમાત્રમાં અંશે ખાંડ રહેલી


છે. આમલી જેવા ખાટા પદાર્થમાં પણ તે રહેલી છે. અનાજ-માં, દૂધમાં, બટાટા, દૂધી, કોળું, વગેરે શાકમાં અને ઘણી જાતનાં ઘાસમાં પણ ખાંડ છે. જ્યાં મિઠાશ છે ત્યાં તે મિઠાશ તેમાં રહેલી ખાંડને લીધે છે.

ખાંડ શેરડીના રસની થાય છે, એ તો તમે જાણતા હશો. શેરડીનો છોડ ગરમ પ્રદેશમાં ઊગે છે. તે આપણા દેશમાં, અમેરિકામાં યુનાઈટેડ સ્ટેટ્સ ને બ્રાઝીલમાં, મોરિશિયસના ટાપુમાં, ને વેસ્ટ ઇંડીઝના ટાપુમાં થાય છે. તેનું થડ ઊંચું હોય છે અને તેને ડાળીઓ હોતી નથી. થડના ઉપલા ભાગમાં લાંબાં ને પહોળાં પાંદડાં હોય છે. થડ ભેલું હોય છે ને તેને આસરે ત્રણ ત્રણ ઇંચને છેટે ગાંઠા હોય છે, તેને પેરીઆં કહે છે. થડ ૬થી ૧૪ ફૂટ સુધી ઊંચું હોય છે અને પહોળાઈમાં માત્ર દોઢેક ઇંચ હોય છે. સાંઠો પીળો હોય છે અને પાંદડાં લાંબાં હોય છે. છેક ઉપર, રેશમના જેવાં સુંવાળાં ફૂલનો ગુચ્છો હોય છે.

જેમ જેમ શેરડી પાક પર ચઢે છે તેમ તેમ પાંદડાં ખરતાં જાય છે. છોડ આસરે વરસ દહાડાનો થાય છે એટલે તેને મથાળેથી એક સાંઠો ફૂટે છે, તે સાતઆઠ ફૂટ ઊંચો ને એક ઇંચ જાડો હોય છે. શેરડીની પેઠે તેને પેરીઆં હોતાં નથી, પણ તેને મથાળે ધોળાં ફૂલનો ગુચ્છો હોય છે.

વરસે વરસે શેરડીનો પાક ઓછો થતો જાય છે અને દસ-બાર વરસે જમીનને ફરી તૈયાર કરવાની ને નવો પાક કરવાની જરૂર પડે છે. મથાળેથી બેત્રણ ગાંઠા છોડીને શેરડીના સાંઠાને કાપી કકડા કરવામાં આવે છે અને એ રોપવાથી શેરડી ઊગે છે. બેચાર ફૂટને છેટે એવા સાંઠા હારબંધ રોપવામાં આવે

છે અને હારોની વચ્ચે પાંચછ ફૂટનું અંતર રાખવામાં આવે છે. ઘણી હારો થયા પછી મજુરોને કામ કરવા માટે ને શેરડીના પાકને એકઠો કરવા માટે થોડી જગા ખાલી રાખવામાં આવે છે.



શેરડીને મૂળથી કાપી નાખી, તેનાં પાંદડાં ને ફૂલ કાઢી નાખી, તેના કકડા કરી કોલામાં તેનો રસ પીસવામાં આવે છે. પાશ્ચાત્ય દેશોમાં જથાબંધ શેરડીનો રસ સંચામાં કાઢવામાં આવે છે. એ રસ ઘણો મેલો દેખાય છે. તેને એમનો એમ રહેવા દે તો ખાટો થઈ ફીણથી ઉભરાય; માટે તેને એક વાસણમાં એકઠો કરી, તેમાં થોડોક કળી ચૂનો નાખી ઉકાળવામાં આવે છે. પછી તેને મોટાં, છાછરાં વાસણોમાં ઠંડો પાડવામાં આવે છે, એટલે તેમાં પાસાવાળા, ઝીણા, ગાંગડા બંધાય છે. તેને ચારણી જેવાં વાસણમાં મૂકે છે, એટલે તેમાંથી પ્રવાહી રસ નીચેનાં વાસણોમાં પડે છે. આ પ્રમાણે ગોળ તૈયાર થાય છે.

નાકર, નાના ગાંગડા જેવો પદાર્થ રહે છે તે ખાંડ. તેને સફેદ ને શુદ્ધ કરવામાં આવે છે.

ખાંડને શુદ્ધ કરવા ઊના પાણીમાં તેની ચાસણી કરવામાં આવે છે. તે ચાસણીને કપડાની કોથળીમાં ગાળી નાખવામાં આવે છે. તેને ફરી ગાળી નાખી સુકવે છે, એટલે સફેદ સાકેરીઆ ખાંડ થાય છે. રવિકિરણના પ્રકાશના બળથી ખાંડના અતિસૂક્ષ્મ દાણા સફેદ થાય છે.

આપણે મોરસી ખાંડ કહીએ છીએ તે નામ મોરિશિયસના ટાપુ પરથી પડ્યું છે.

શેરડી સિવાય બીજા છોડોમાંથી પણ ખાંડ થાય છે. ફ્રાન્સ, જર્મનિ, નેધરલૅન્ડ્સ, રશિઆ, અને ઑસ્ટ્રિઆમાં 'બીટ' નામનો એક કંદ થાય છે, તેમાંથી તેમજ દ્રાક્ષના છોડમાંથી ખાંડ તૈયાર થાય છે.

'મેપલ' નામનાં ઝાડ કૅનેડામાં અને યુનાઇટેડ સ્ટેટ્સના પૂર્વ ભાગમાં ઊગે છે, તેમાંથી પણ ખાંડ થાય છે. એ ઝાડ ૬૦થી ૮૦ ફૂટ ઊંચાં હોય છે. થડના નીચલા ભાગમાં છિદ્ર કરવામાં આવે છે, તેમાંથી રસ નીકળે છે, તે વાસણોમાં એકઠો કરવામાં આવે છે.

કેટલાંક ખજૂરીનાં ઝાડના રસની પણ ખાંડ બને છે. એ ઝાડ આઠનવ વર્ષનાં થાય છે ત્યારે એમાંથી રસ કાઢે છે. તાડમાંથી તાડી કાઢે છે, તેવી રીતે એ રસ કાઢવામાં આવે છે. માણસ કેડે પટો બાંધી સીસાઓ લઈ ઝાડ પર ચઢે છે અને મથાળેથી કેટલાંક ફૂલ ને તેની ઉપરનું પાંદડું કાપી નાખે છે, અથવા તો તેના પાંદડામાં કાપ મૂકે છે. એ કાપમાંથી રસ નીકળે છે કે તે માણસ પોતાની પાસેનાં વાસણોમાં એકઠો

કરે છે. એ રસને ઉકાળીને ઠંડા પાડે છે એટલે જાડા લોચો થાય છે, તેની હલકી જાતની ખાંડ બને છે.

पाठ २०मो

प्राण ने प्रकृति साथे जाय.

भरथरीनो ढाळ

टेव पडी टळती नथी, कोटि करिए उपाय जी;
बोध विरोध वृथा बधा, एथी शुं फल थाय जी ?—टेव०
वात विचार कदी फरे, देशे वेशे फराय जी;
देहदशा पण पालटे, आखुं आयुष्य जाय जी;—टेव०
विद्या, कला, ने कुशलता, कोने आवे छे काम जी ?
बीज जेवां फळ नीपजे, पेखो ए परिणाम जी;—टेव०
पारसमणिना संगथी, सोनुं थाय कटार जी;
तोपण क्यां टळी जाय छे, धार, आकार, मार जी;—टेव०
दूधे धुवो तोय कोयलो, मेले काळप केम जी ?
काजळ श्वेत थतुं नथी, आवे अनुभव एम जी;—टेव०
जल शीतळ अग्नि उष्ण छे, नाग झेरतुं झाड जी;
ओसड एनुं मळे नहि, पाडी नांखो पहाड जी;—टेव०
श्वाननुं पुच्छ सुधारवा, बांधो बंध अनेक जी;
पाधरुं तोय थतुं नथी, तुटी जाय छे टेक जी;—टेव०
शोक तजी सहु अंतरे, भजो श्री भगवान जी;
केशव हरि करुणा करे, एवुं धारवुं ध्यान जी;—टेव०

केशव

પાઠ ૨૧મો

ચામાચેણુ



ચામાચેણુને તમે જોશો તો પ્રથમ દ્રષ્ટિએ તમને તે ઊડતા ઉંદર જેવી જણાશે. તેનું શરીર ઉંદરના જેવું જણાય છે. તેને પાંખ હોવાથી તે પક્ષી જેવી લાગે છે. પણ તે પક્ષી નથી.

પક્ષીઓને પીંછાં હોય છે. પણ ચામાચેણુને શરીરે એક પણ પીંછું હોતું નથી. તેને શરીરે રૂવાંટાં હોય છે. તેની પાંખો પીંછાંની નહિ પણ પાતળી ચામડીની બનેલી હોય છે. પક્ષીઓને ચાંચ હોય છે; તે ચાંચ વડે તેઓ ખોરાક કોચે છે ને ખાય છે; પણ ચામાચેણુને ચાંચ હોતી નથી. તેને ઉંદરની પેઠે મોં હોય છે ને મોંના દાંત વડે તે ખોરાક ખાય છે. પક્ષિમાત્રને કાન એવા નાના હોય છે કે તે આપણે ભાગ્યેજ જોઈ શકીએ છીએ. પણ ચામાચેણુને ઉંદરની પેઠે મોટા કાન હોય છે, તે કાનથી તે ઝીણામાં ઝીણો અવાજ પારખી શકે છે. વળી પક્ષિમાત્ર ઈંડાં મૂકે છે ને તે સેવે છે. પણ ચામાચેણુ પશુઓની પેઠે બચ્ચાંને સજીવ જન્મ આપે છે ને ધવડાવીને ઉછેરે છે.

આ ઉપરથી તમે સમજી શકશો કે ચામાચેણુ એ ઊડતું પશુ છે. ખરેખર, એ વિચિત્ર પશુ છે. પશુપક્ષીઓને પગ હોય છે ને પગ વડે તેઓ ચાલી શકે છે; પણ ચામાચેણુને પગ હોતા નથી. તેના શરીરના પાછલા અંગ તરીકે બે પંજા હોય છે, તેથી તે ઊંધે માથે લટકી શકે છે. તે જમીન પર ભાગ્યેજ ચાલી શકે છે. તે માત્ર હવામાં ઊડી શકે છે.

દિવસે ચામાચેણુ જોઈ શકતી નથી. તે વખતે તે અંધારી ને અવડ જગાએ ભરાઈ રહે છે ને ઊંઘ્યાં કરે છે. રાત પડે છે એટલે તે જોઈ શકે છે.

દક્ષિણ હિંદુસ્તાનમાં મંદિરો બહુ મોટાં હોય છે. તેમાં મધ્યના ભાગમાં દિવસે પણ એટલું બધું અંધારૂં હોય છે કે દીવો હોય તોજ બરાબર જોઈ શકાય છે. એ મંદિરોમાં ચામાચેણુ ઘણી જોવામાં આવે છે, તેનું કારણ અહિ દર્શાવેલી હકીકતથી તમે સહજ સમજી શકશો.

સાધારણ રીતે ચામાચેણુ માણસને ઈજા કરતી નથી. દક્ષિણ અમેરિકામાં એક એવી જાતની ચામાચેણુ થાય છે કે તે ઘોડા, બીજાં જાનવરો, તેમજ માણસનું લોહી ચૂસી શકે છે. માણસ ઊંઘતો હોય છે ત્યારે તે એને પોતાની લાંબી પાંખોથી પંખો નાખે છે, એટલે એ ઊંઘ્યાજ કરે છે. પછી એના શરીરના ખુલ્લા રહેલા ભાગમાં તે ઝીણું છિદ્ર પાડે છે. તે છિદ્રમાંથી તે એનું લોહી ચૂસે છે ને તે એવી નરમાશથી ચૂસે છે કે માણસ જાગી ઊઠતો નથી.

ચામાચેણુ ખેડુતને મદદગાર થાય છે; કેમકે ખેતરના પાકને નુકસાન કરનારા જંતુઓને તે ખાઈ જાય છે.

પાઠ ૨૨મો

જાત પર ભાત, ભાગ ૧લો

પ્રાચીન સમયમાં ચંદનવતી નામે એક નગરી હતી, તેમાં અમરસેન નામે બળવાન્ રાજા રાજ્ય કરતો હતો. તે રૂપનો ને ગુણનો ભંડાર હતો તે ઘણો ન્યાયી હતો. તેની પ્રજા તેના કારભારથી સર્વ પ્રકારે સંતુષ્ટ હતી. તેને દરેક પ્રકારનું સુખ હતું; માત્ર એકજ વાતની ખોટ હતી, તે એ કે તેને પુત્ર નહોતો.

પુત્ર વિનાના પુરુષની ગતિ નથી એવા શાસ્ત્રકારના વચનમાં તેને શ્રદ્ધા હોવાથી તેણે દત્તક પુત્ર કરવાનો નિશ્ચય કર્યો. પછી તેણે રાજ્યના જોષીઓને બોલાવ્યા અને પૂછ્યું કે મારે દત્તક પુત્ર કરવો છે. કોને દત્તક પુત્ર કરૂં! કયા શુભ મુહૂર્તમાં જન્મેલો પુરુષ રાજા થવા યોગ્ય છે તે કહો.

જોષીઓએ મુહૂર્ત જોઈ કહ્યું કે આજથી આઠ દિવસ પર પ્રાતઃકાળે જન્મેલો પુત્ર રાજા થવા યોગ્ય છે. રાજાએ આખા નગરમાં ખબર કઢાવી કે આઠ દિવસ પર પ્રાતઃકાળે કોનો જન્મ થયો છે? ખબર કાઢતાં એક નીચ જાતિના પુરુષને ત્યાં જોષીઓએ દર્શાવેલે શુભ મુહૂર્તે પુત્ર જન્મ્યો હતો એમ માલમ પડયું.

રાજાએ તે પુત્રના પિતાને બોલાવ્યો અને પૂછ્યું કે તું તારો પુત્ર મને આપીશ? મારે તેને દત્તક કરવો છે. પિતાએ કહ્યું, આપની આજ્ઞા માથે ચઢાવવી એ મારી ફરજ છે. આપની ઇચ્છામાં આવે તેમ કરો.

રાજાએ કહ્યું, હું તને રાજા તરીકે અધિકારના બળથી પૂછતો નથી. હું તારી સ્વતંત્ર મરજી પર કોઈ પણ પ્રકારની સત્તા વાપરવા ઇચ્છતો નથી. તારી સંપૂર્ણ ઇચ્છા હોય તો

મને તારો પુત્ર આપ. તેણે કહ્યું, મારી ખરી મરજી છે. રાજાએ તે પુત્રને લઈ યથાવિધિ દત્તક કર્યો અને તેનું નામ કનકસેન પાડ્યું.

રાજાએ કનકસેનને ઉછેરવાની અને ઊંચા પ્રકારની કેળવણી આપવાની ઉત્તમ વ્યવસ્થા કરી. કાલક્રમે તે રાજ્યતંત્ર ચલાવવા યોગ્ય ઉમરે પહોંચ્યો, એટલે રાજાએ તેને પોતાના એક નગરનો કારભાર સોંપ્યો.

કનકસેનને ઉત્તમ કેળવણી મળી હતી; પરંતુ તે નીચ જાતિમાં જન્મ્યો હતો, તેથી જન્મથી તેને મળેલા સંસ્કાર જતા રહ્યા નહોતા. તે અતિક્રૂર ને લોભી હતો, તેમજ વ્યસનમાં મશગૂલ રહી કારભાર પર કંઈ લક્ષ આપતો નહોતો. તેની રૈયત બહુ દુઃખી હતી. આ વાત અમરસેન રાજાને કાને પહોંચી હતી, પણ તે બહુ ઉદાર પ્રકૃતિનો હતો તેથી બધાને પોતાના જેવાજ વિચારતો. આ કારણથી લોકમાં ઊડતી વાતને તે લેખવતો નહિ.

એવામાં રાજાની રાણીને ગર્ભ રહ્યો અને રાજજોષીઓએ રાજારાણીના ગ્રહ જોઈ કહ્યું કે પુત્રનો પ્રસવ થશે. રાજા ઘણો આનંદ પામ્યો. તેણે કનકસેનને વધામણી મોકલી કે તું ભાગ્યશાળી છે; થોડા વખતમાં તું ભાઈનું સુખ ભોગવીશ. રાણી સગર્ભા છે અને જોષીઓએ પુત્રપ્રસવનું ભવિષ્ય ભાખ્યું છે.

આ સાંભળી કનકસેનના પેટમાં ફાળ પડી. તેણે વિચાર્યું, રાજાને પુત્ર થશે એટલે મારા જેવા નીચ જાતિમાં જન્મેલાને કોણ લેખવશે ? ખરેખર, હવે મારા સુખનો સૂર્ય અસ્ત પામ્યો છે અને દુઃખના દિવસો ઉદય થયો છે. હું નીચ જાતિમાંજ રહ્યો હોત તો મને આવા ઊંચા સુખની અભિલાષા થાત નહિ. પણ મેં એક વાર રાજ્યસુખનો સ્વાદ ચાખ્યો, પછી તે છોડી મારાથી દુઃખમાં કેમ દહાડા કઢાશે ?

તેના મનમાં આવા વિચારો ઘોળાયા કર્યા. છેવટે, તે નીચ જાતિનો હોવાથી તેના જન્મના સંસ્કાર પ્રબળ થયા. તેણે રાજાનો ને રાણીનો વધ કરવાનો નિશ્ચય કર્યો.

તેણે એકાએક પોતાની નગરી છોડી અમરસેનની નગરી તરફ કૂચ કરી. તે ત્યાં મધ્ય રાતે પહોંચ્યો. જેવો તે પહોંચ્યો તેવોજ તે રાજાના મહેલમાં રાજા સૂતો હતો ત્યાં ગયો. દત્તક પુત્ર હોવાથી તેને કોણ અટકાવે? રાજા ભર નિદ્રામાં હતો. તેણે પોતાની પાસેના ખંજરના એક ઘાથી રાજાનું માથું કાપી નાખ્યું ને તરતજ તે રાણીના ઓરડામાં ગયો. પરંતુ રાણીને આ વાતની સત્વર ખબર પહોંચવાથી તે થોડાંક વિશ્વાસુ માણસો સાથે મહેલ છોડી ચાલી ગઈ હતી.

ચાલતી ચાલતી રાણી દૂર વનમાં ગઈ. ત્યાં જઈ તેણે પોતાનાં માણસોને પાછાં મોકલી દીધાં અને મારૂં લાગ્યું મારેજ ભોગવવું જોઈએ, બીજાંને મારે શા માટે દુઃખી કરવાં, એમ વિચારીને તે એકલી વનમાં રહી.

એવામાં ત્યાં એક મોટો વેપારી આવી ચઢ્યો. તેણે રાણીને એકલી ને દુઃખી સ્થિતિમાં જોઈ કહ્યું, બેન, તમે કોઈ ખાનદાન કુળનાં જણાઓ છો ને સગર્ભા છો. મારી સાથે મારાં બેન તરીકે રહેશો તો હું આનંદ પામીશ.

રાણીએ આ વાત સ્વીકારી અને તે વેપારીને ત્યાં ગઈ.

પાઠ ૨૩ મો

જાત પર ભાત, ભાગ ૨ જો

થોડાક મહીના તે વેપારીને ઘેર રહ્યા પછી રાણીને પુત્ર

પ્રસવ્યો. તેની કાંતિથી આખું ઘર દીપી નીકળ્યું. રાણીએ તેનું નામ પ્રભાસેન પાડ્યું.

પ્રભાસેન ધીમે ધીમે મોટો થયો. તે ગામના છોકરાઓ જોડે રમવા ને ભણવા લાગ્યો. બીજા છોકરાઓ મોઈદંડા રમે ત્યારે પ્રભાસેન ઝાડની ડાળીનાં તીરકામઠાં બનાવી બાણ મારવાની રમત રમે. જન્મના સંસ્કારને લીધે તે રમત એ એની મેળે શીખ્યો અને એમાં અતિપ્રવીણ થયો.

એક દિવસ તેણે એવી વાત સાંભળી કે પાસેની નગરીમાં એક મોટો જલસો થવાનો છે અને દેશદેશના તીરંદાજો ત્યાં આવવાના છે. શહેરના રાજા કનકસેને ચાર ઇનામ જાહેર કર્યાં છે. જે અમુક નિશાન વીંધશે તેને એ ચાર ઇનામ મળશેઃ— ૧. સો મહોર રોકડી; ૨. રાજમહેલમાંથી જે પોશાક એ પસંદ કરે તે પોશાક; ૩. રાજ્યના આયુધાગારમાંથી જે આયુધ પસંદ કરે તે આયુધ; અને ૪. ઘોડારમાંથી જે ગમે તે અશ્વ.

પ્રભાસેનને એ જલસામાં જવાનું મન થયું; તેથી નિશાળેથી ઘેર જવાને બદલે તે પાસેની નગરીમાં ગયો. સાંજ પડી ને તે ઘેર ન ગયો તેથી તેની માને બહુ ચિંતા થઈ. તેણે બહુ બહુ રુદન કર્યું અને કેમે કરી શાંત થઈ નહિ. તે વેપારીએ તેને બહુ ધીરજ આપી, પણ તેને કંઈ ચહેન પડ્યું નહિ. તેણે ખાધુંએ નહિ ને પીધુંએ નહિ; માત્ર રોયાજ કર્યું.

પ્રભાસેન તીરંદાજોની ટોળીમાં ભેગો થયો. બીજા બધા તીરંદાજોએ નિશાન વીંધવાનો પ્રયત્ન કર્યો, પણ તે બધાના પ્રયત્ન નિષ્ફળ થયા. છેવટે, પ્રભાસેન ઊઠ્યો અને રમતો હોય તેમ સહેલાઈથી તેણે તે નિશાન વીંધ્યું, તે જોઈ બધા ચકિત થયા. રાજાએ જાહેર કરેલાં બધાં ઇનામ તેને મળ્યાં. તે

રાજમહેલમાં ગયો અને ત્યાંથી તેને જે પોશાક ગમ્યો તે તેણે લીધો. એજ પ્રમાણે આયુધાગારમાંથી જે આયુધ પસંદ પડ્યું તે તેણે લીધું, અને ઘોડારમાંથી જે ઘોડો રુચ્યો તે લીધો.

જન્મના સંસ્કારને લીધે પ્રભાસેને પોતાના પિતાનોજ પોશાક, પિતાનુંજ આયુધ, અને પિતાનોજ અશ્વ પસંદ કર્યાં અને એ પોશાક પહેરી, એ આયુધ ગ્રહણ કરી, એ અશ્વ પર આરૂઢ થઈ, સજ્જ થએલો જ્યારે તે મહેલમાંથી નીકળ્યો ત્યારે તે શહેરના લોકોને લાગ્યું કે શું અમરસેન રાજા જીવતા થયા કે શું! તેમણે ઉદ્ગાર કર્યો કે બહુ જીવો, મહારાજ!

આ સાંભળી કુમાર આશ્ચર્ય પામ્યો. કનકસેન ગભરાયો. તેણે પોતાનાં માણસોને હુકમ કર્યો કે 'પકડો એ કુમારને;' 'લાવો એને મારી પાસે;' 'મારો એને'. પણ કુમારનાં તેજસ્વિપણા ને સૌજન્યને લીધે તેને પકડવાની કોઈની હિંમત ચાલી નહિ. નોકરોએ આમ તેમ દોડી તેને પકડવા જવાનો દેખાવ કર્યો અને તમાશાની ધમાલમાં લોકોની મેદનીમાંથી કુમાર સહેલથી સટકી ગયો.

તે ત્રણ દહાડે પોતાને ઘેર પાછો ફર્યો ત્યારે તેને જોઈ તેની માના જીવમાં જીવ આવ્યો. તેને જોઈ તે ખડખડ હસી પડી અને તરતજ છાટીફાટ રોવા લાગી.

આ જોઈ કુમાર ઘણો વિસ્મિત થયો. તેણે માતાને હર્ષ અને શોકનું કારણ પૂછ્યું, ત્યારે તેણે કહ્યું, પ્રિય વત્સ! તને તારા પિતાના પોશાકમાં સજ્જ થએલો જોઈ મને અચંબો લાગ્યો અને આનંદ થયો, તેથી મને હસવું આવ્યું. પણ આપણી દશામાં કેવો અજબ ફેરફાર, એ વિચાર આવવાથી મને અત્યંત ખેદ થયો અને પુષ્કળ રોવું આવ્યું. તું રાજપુત્ર છે એ

વાત મેં અત્યાર સુધી તારાથી છૂપી રાખી હતી. હવે તને એ ભેદ સમજાયો હશે.

કુમાર બોલ્યો, હા. મને એ પહેરવેશમાં સજ્જ થએલો જોઈ લોકો, 'જય થાઓ, બહુ જીવો મહારાજા !' એમ શા માટે બોલી ઊઠ્યા, તે હવે મને સમજાય છે. તેમજ દુષ્ટ કનકસેને 'પકડો તે કુમારને', એમ શા માટે હુકમ કર્યો તે પણ સમજાય છે. હવે જ્યાંસુધી મારા પિતાના ખૂનનું વેર હું લઈશ નહિ, ત્યાંસુધી એ રાજ્યમાં અન્ન કે પાણી લઈશ નહિ, એવું તેણે પણ લીધું અને કુમાર અને તેની માતા તત્ક્ષણ તે ગામ છોડી ચાલતાં થયાં.

તેઓ ચાલતાં ચાલતાં અગાધ વનમાં આવી ચઢ્યાં. તેમને કકડીને ભૂખ લાગી અને પાણી વિના તેમનાં ગળાં સુકાઈ જવા લાગ્યાં. પાસે કોઈ પણ ગામ હોય એવી નિશાની જણાઈ નહિ, તેથી તેઓ અકળાયાં.

એવામાં તેમની નજર જંગલમાં આવેલી એક પર્ણકુટી પર ગઈ. તેઓ ત્યાં ગયાં તો તેમાં એક તપસ્વી પુરુષને તેમણે જોયો. તેમણે તે સાધુને અભિવંદન કર્યું અને કહ્યું કે અમે ભૂખ્યાં ને તરસ્યાં છીએ. કૃપા કરી અમને અન્ન ને જળ આપો.

પાઠ ૨૪મો

જાત પર ભાત, ભાગ ૩જો

તે સાધુ પુરુષે પૂછ્યું, તમે ક્યાં જાઓ છો ? આ ડુંગરની પેલી તરફ દરિયો છે. તેમાં અગાધ પાણી છે અને એવાં તો તોફાની મોજાં ઊછળે છે કે તેમાં થઈ ને તમારાથી જવાશે નહિ; માટે તમે અહિંથી પાછાં વળી તમારે ગામ જાઓ.

કુમારે કહ્યું, મહારાજ ! ગામમાં પાછા ન ફરવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. મારા પિતાના ખૂની પર હું વેર ન લઉં ત્યાંસુધી કદી એના રાજ્યમાં અમે પગ મૂકનાર નથી. મુનિ મહારાજ ! તમારા જેવા તપસ્વી પુરુષને સિદ્ધિના બળથી શું અસાધ્ય છે ? કૃપા કરો, મહારાજ, અમને વિપત્તિમાંથી મુકત થવાનો માર્ગ દર્શાવો.

તપસ્વીને દયા આવી. તે વનમાં જઈ બે જુદા જુદા વૃક્ષની બે મોટી ડાળી લાવ્યો. આ બે ડાળીમાંથી એક જાડી છે, તે તમને વહાણની ગરજ સારશે. એના પર બેસી તમે સહેલાઈથી દરિયાની પેલી પાર જઈ શકશો. આ બીજી ડાળી છે તેને સળગાવશો એટલે તે વડે તમે દરિયામાં જે કંઈ છે તે જોઈ શકશો. આમ કહી તેણે તેમને આશીર્વાદ દીધો અને આગળ જવાની રજા આપી.

કુમાર અને તેની માતા હાથમાં ડાળીઓ લઈ દરિયામાં પેઠાં. બંને જાડી ડાળી પર બેઠાં અને સહેલાઈથી તરવા લાગ્યાં. તેમણે બીજી ડાળી સળગાવી એટલે તેમને દરિયાની અદ્‌ભુત વસ્તુઓ જણાવા લાગી. અનેક જાતનાં દરિયાઈ પ્રાણી, શંખ, પરવાળાં, અને મોતી, તેમજ અન્ય પદાર્થો જોઈ તેઓ પ્રભુના અકલિત માહાત્મ્યની સ્તુતિ કરવા લાગ્યાં. થોડેક દૂર દરિયો ખૂબ તોફાની હતો, પણ તેઓ જે પાટીઆ પર તરતાં હતાં તેની આસપાસ તદ્દન શાંત હતું.

કેટલેક સ્થળે અત્યંત પ્રકાશિત રત્ન જોઈ કુમાર બહુ વિસ્મય પામ્યો. તેણે કહ્યું, મા, આ તો જો. આ પથરા કેવા ચળકે છે ? એવા ચકચકિત પથરા મેં કદી જોયા નથી. હું એ રમવા લઉં ? રાણીએ કહ્યું, ના, ભાઈ, તું એમાં મન ન ઘાલતો. એમાં અત્યંત પ્રેમ રાખવાથી મનુષ્યનું મન દુષ્ટ કર્મો કરવા લલચાય છે.

કુમારે અત્યાર સુધી માની આજ્ઞા લોપી નહોતી; પરંતુ રત્નો જોઈ તેનું મન ચલિત થયું. માની નજર ચોરવી તેણે એક રત્ન લઈ લીધું.

આ રીતે તેઓ દરિયો ઓળંગી નવી ભૂમિમાં આવ્યાં. ત્યાં આવી તેઓ એક ધર્મશાળામાં ઊતર્યાં. માતાએ થોડાક પૈસા આપીને કુમારને મિઠાઈ લેવા મોકલ્યો. કુમારે ધાર્યું કે પેલું રત્ન આપી મિઠાઈ લઉં તો મેં દરિયામાંથી તે ચોર્યું છે તેની ખબર માતાને પડશે નહિ. આમ ધારી કુમારે રત્ન આપી મિઠાઈ વેચાતી લીધી. મિઠાઈવાળાએ તેને જોઈતી મિઠાઈ તોળી આપી અને કેટલીક સોનાની મહોરો આપી.

મિઠાઈ લાવી કુમારે રાણીને આપી. રાણીએ સોનાની મહોરો જોઈ કહ્યું, ભાઈ, આ સોનાની મહોરો ક્યાંથી લાવ્યો ? કોઈની દુકાનમાંથી ચોરી તો નથી લાવ્યો ? કુમારે કહ્યું, મા, મેં અપરાધ કર્યો છે. મને ક્ષમા કરો. પણ એ મહોરો હું કંઈ કોઈની ચોરીને લાવ્યો નથી. તમે ના કહી, પણ મારું મન રહ્યું નહિ તેથી મેં દરિયામાંથી એક રત્ન તમારી નજર ચૂકવી ઊંચકી લીધું. એ રત્ન મેં મિઠાઈવાળાને આપ્યું અને તેણે મને આ મિઠાઈ અને સોનાની મહોરો આપી છે.

રાણી પુત્રની સાથે મિઠાઈવાળાની દુકાને ગઈ અને તેને ખૂબ સપડાવ્યો. ભાઈ, કુમાર તો બાળક છે, તેથી એને એ રત્નની કિંમત નથી. પણ તેં એને છેતર્યો એ ઠીક કર્યું ? આ નવલખી રત્ન લઈ તેં મિઠાઈની સાથે આટલીજ મહોરો આપી તે યોગ્ય છે ?

મિઠાઈવાળો શરમાયો. તેણે સાત લાખ રૂપીઆ આપી રાણીનું મન મનાવી તેને વિદાય કરી.

પછી મિઠાઈવાળાએ ફાયદો ખાઈ એ અમૂલ્ય રત્ન વજીરને વેચ્યું અને વજીરે તે રાજાને વેચ્યું. રાજાએ તે રત્ન પોતાની વહાલી પુત્રીને આપ્યું.

પુત્રી તે રત્ન પહેરી બાગમાં રોજ ફરવા જતી. ત્યાં એક દિવસ તેણે એક ઝાડ પર પોપટને ને મેનાને વાત કરતાં સાંભળ્યાં.

પાઠ ૨૫મો

જાત પર ભાત, ભાગ ૪થો

પોપટે મેનાને કહ્યું, સ્ત્રીજાતિ કેવી અવિચારી છે !

મેનાએ પૂછ્યું, કેમ ?

પોપટે ઉત્તર દીધો, એક રાજકુમારી રત્ન પહેરી મગરૂબી ધરી બધાંને તે બતાવ્યા કરે છે. તે સમજતી નથી કે એકલું રત્ન તે શોભે? એની સાથે બધો પહેરવેશ પણ બંધબેસ્તોજ જોઈએ.

રાજકુમારી સમજી ગઈ કે આ વાત મનેજ લાગુ પડે છે. તે પાછી ફરી અને મહેલમાં જઈ પોતાના ખાનગી ખંડનાં બારણાં બંધ કરી, ગમગીન થઈ સૂતી. તેણે ખાધુંએ નહિ ને પીધુંએ નહિ.

આ વાતની રાજાને ખબર પડી એટલે તેણે કુંવરીને શોકનું કારણ પૂછ્યું. કુંવરીએ કહ્યું, આવા એક રત્નથી પક્ષીઓ પણ મારી મશ્કરી કરે છે; માટે મને એવાં દસબાર રત્નો ને એને બંધબેસ્તો પોશાક મેળવી આપો.

રાજાએ વજીરને પૂછ્યું, તમે આ રત્ન ક્યાંથી લાવ્યા ? વજીરે મિઠાઈવાળાને બોલાવી હુકમ કર્યો કે જે પુરુષ પાસે તેં આ રત્ન મેળવ્યું છે તે પુરુષ મને બતાવ. મારે એવાં વધારે રત્ન જોઈએ છે. . . . .

મિઠાઈવાળો ગભરાયો. તેણે જે ધર્મશાળામાં રાજકુમાર ઊતર્યો હતો તે ધર્મશાળામાં જઈ તેની શોધ કરી, પણ તેનો કં પત્તો ખાધો નહિ. રાજાજી ગુસ્સે થશે એમ ધારી તેણે ઠેકાણે ઠેકાણે શોધ કરી. આખરે, ગામ બહાર દરિયાકિનારે તેણે એક નવું મકાન બંધાએલું દીઠું. એ મકાનનો માલીક કોણ છે તેની તે તપાસ કરતો હતો, એવામાં તેણે મિઠાઈ વેચાતી લેવા જે રાજકુમાર આવ્યો હતો તેને દીઠો. તેનો પહેરવેશ તદ્દન બદલાઈ ગયો હતો; પણ તેની મુખમુદ્રા પરથી તેણે તેને તરત ઓળખી કાઢ્યો.

તેણે કુમારને વિનતિ કરી કે આ ગામના રાજાજી આપને બોલાવે છે. કુમારે કહ્યું, મારે મળવા જવાની કંઈ જરૂર નથી. રાજાને કામ હોય તો તે મને મળવા આવે.

મિઠાઈવાળાએ આ વાતની ખબર રાજાને કરી. રાજાને ખોટું તો લાગ્યું; પણ પોતાને ગરજ હતી એટલે તે તે કુમારને મળવા ગયો.

રાજાએ કહ્યું, કુમાર, હું તમને તસ્દી આપવા આવ્યો છું. તમે મિઠાઈવાળાને જે રત્ન વેચ્યું, એવાં બીજાં રત્ન તમારી પાસે છે ?

કુમારે જવાબ દીધો, એવાં હજારો રત્ન મારી પાસે છે. તમારે એવાં કેટલાં જોઈએ છે ?

રાજા તો આ સાંભળી છકજ થઈ ગયો. તેણે વિચાર્યું, આ કુમાર પાસે કુબેરનો ભંડાર છે કે શું ? આવું એક રત્ન પણ અમૂલ્ય છે ને એ તો હજારો રત્નની વાત કરે છે. આખરે, તેણે કહ્યું, કુમાર, મારે તો છસાત એવાં રત્ન જોઈએ છે અને એ રત્ન સાથે શોભે એવો પોશાક જોઈએ છે. તેટલું મને મેળવી આપશો તો મોટી મહેરબાની થશે.

કુમારે કહ્યું, ચારપાંચ દહાડા રહીને મને મળજો, એટલે તમારે જોઈતાં રત્નો તમને હું મેળવી આપીશ. મારે તે મારા ભંડારમાંથી લાવવાં પડશે.

રાજા પ્રસન્ન થઈ મહેલમાં પાછા ફર્યા.

કુમારે આ વાત માતાને કહી અને તે તપસ્વી પુરુષે આપેલી બંને લાકડી લઈ તે દરિયાકિનારે ગયો. એ સિદ્ધિવાળી લાકડીની મદદથી તે દરિયામાંથી પુષ્કળ રત્નો લઈ બેત્રણ દિવસમાં પાછો ફર્યો.

રાજા બહુ પ્રસન્ન થયો. તેણે પોતાની કુંવરી કુમારને પરણાવી. કુમારે સસરાની મદદથી સૈન્ય એકઠું કરી કનકસેન સાથે લડાઈ કરી. તેણે કનકસેનને મારી નાખી પિતાના ખૂનનું વેર તૃપ્ત કર્યું અને રાજ્ય મેળવી બાકીના દિવસો સુખમાં નિર્ગમન કર્યા.

पाठ २६मो

छप्पा

गरजे खरने तात, भ्रात रिपुने जन केहे;
गरजे थइ दिनदास, पास रहि हूकम सेहे;
गरजे अतिश वखाणि, वाणिथी रूडुं भाखे;
गरजे ममत न ताणि, हाजि करि मरजी राखे;
वळि कहे विजय आ विश्व संधूं, गरज थकी बंधाणुं छे;
जो जगमां गरज न होय तो, भाव न को कोनो पुछे. १
गरजे रावण भोगि, जोगि थइ जानकि लाव्यो;
गरजे बिभिषण असुर, सुर सितापतिने भाव्यो;
थयो सार्थि नळराय, एम जगमांहि जणायूं;
गोविंद पाळी गाय, नाम गोपाळ गवायूं;

वळि किंकर थइ पांडव रह्या, भीमे सेव्युं रसोडुं छे;
जन गरज पडेथी कहे विजय, जे न करे ते थोडुं छे. २
होय ज्यां लगी गरज, मान मूकी बोलावे;
होय ज्यां लगी गरज, पान प्रीते खवडावे;
होय ज्यां लगी गरज, चाहि आवे नित पासे;
होय ज्यां लगी गरज, वखाणी पाय तळांसे;
पण गरज सरी के जोय नहिं, सामूंए को दी फरी;
अरि थाय वैद सरि गरज के, विजय कहे कहेवत खरी. ३
मुक्ताफळ महामूल, मळे सिंधूमां ससतां;
मळे कस्तुरि सोंघि, कस्तुरीमृग ज्यां वसतां;
सोंघूं मळे सुवर्ण, जाय जो को लंकाए;
आरस सोंघा मळे, कदी आरसगिरि जाए;
वळि सोंघां बहु मळियागरां, वनमां मळियागरतणां;
पण जन जो सोंघा जोइये, जाजो गरजवने घणां. ४

विजयाशंकर


પાઠ ૨૭મો

એસ્કિમો

ઉત્તર અમેરિકામાં અંગ્રેજ લોકોનું કૅનેડા નામનું સંસ્થાન છે, તેના ઉત્તરના ઠંડા પ્રદેશમાં એસ્કિમો નામના લોકો વસે છે. ત્યાં ટાઢ એટલી બધી સખ્ત પડે છે કે તે લોકો પોતાની છાતી, હાથ, અને પગ રૂવાંટાંવાળાં કપડાંથી ને મોજાં ને જોડાથી ઢંકાએલાં ન રાખે તો તેઓ ટાઢથી મરી જાય. તેઓ મોજાં

તરીકે હરણના ચામડાના મજબૂત જોડા છેક ઝાંઘ સુધી લાંબા હોય એવા પહેરે છે અને તેને કેડના વસ્ત્ર સાથે દોરે વતી બાંધી દે છે. એ પર બીજા જોડા એવા પહેરે છે કે તેમાં પાણી બિલકુલ પેસી શકતું નથી.


શિયાળામાં દરિયાનાં પાણી બરફથી ઠરી જાય છે અને જમીન પર જ્યાં જોઈએ ત્યાં બરફ છવાઈ વળે છે. આવા પ્રદેશ પર ફરવાને એસ્કિમો એક પ્રકારની સ્લેજ નામની ગાડી રાખે છે.



કોઈક વાર એવી ગાડી રસ્તામાં ઊંધી વળે છે, તેથી તેમાં બેઠેલાં માણસો અને તેને ખેંચનારાં પ્રાણી બરફના ચિરાડામાં ફટાઈ ને મરી જાય છે. માર્ગમાં કોઈ વાર ભયંકર તોફાન થાય છે ત્યારે પણ તેમની એવીજ દશા થાય છે.

આ પ્રદેશમાં ઉનાળો ઘણો ટૂંકો ને શિયાળો ઘણો લાંબો હોય છે. ઉનાળામાં એસ્કિમો તંબુમાં રહી શકે છે. શિયાળામાં તેઓ પત્થરના ઝુંપડાંમાં રહે છે.

કેટલાક એસ્કિમો શિયાળામાં પોતાને રહેવા માટે બરફનાં મકાન બાંધે છે. તેઓ કૃત્રિમ બરફ જેવા કઠણ બરફની બારીઓ બનાવે છે. જમીન ઉપર ઊંડો બરફ પડેલો હોય છે, તેમાંથી તેઓ છસાત ઇંચ જાડા અને બબ્બે ત્રણ ત્રણ ઇંચ લાંબા કકડા



એસ્કિમોનું ઘર

કાપી કાઢે છે અને તેની કોરોને એક એક પર બેસતી કરે છે. આ રીતે તેઓ પોતાનાં ઝુંપડાંનો પાયો ચણી તે પર એવાજ બીજા બરફના કકડા મૂકી તેની દિવાલ બનાવે છે. જુદા જુદા ખંડો બનાવી તેમાં પ્રકાશ આવવા માટે તેઓ તે દરેક ઉપર છાપરામાં બાકાં રાખે છે.

દીવો સળગાવવા માટે તેઓ અર્ધવર્તુલાકારનું એક પત્થરનું

પાત્ર તૈયાર કરે છે. સૂકી લીલને બે હાથે મસળીને તેની દીવેટ વણે છે. એ લીલ સહેલથી સળગે એવી હોય છે. દીવેટ અરાઢેક ઇંચ લાંબી હોય છે. તે સળગાવે છે એટલે પુષ્કળ પ્રકાશ પડે છે અને ધુમાડો બિલકુલ નીકળતો નથી. તેઓ માછલાં ને દરિયાઈ જાનવરોનો ઉપયોગ કરી દીવા માટે જરૂરનું તેલ મેળવે છે. તેઓ માંસાહારી છે અને પોતાનો ખોરાક આવા દીવા પર તૈયાર કરે છે.

એસ્કિમો પોતાને પહેરવાનાં વસ્ત્ર, ખોરાક, અને તેને માટે જરૂરનાં પાત્રો માટે દરિયાઈ પ્રાણીનો ઉપયોગ કરે છે. આપણા દેશમાં જેમ એક જાતનાં હરણની ડુંટીમાંથી કસ્તૂરી નીકળે છે, તેમ એ પ્રદેશમાં એક જાતનો બળદ થાય છે તેના શરીરમાંથી કસ્તૂરીની ગંધ આવે છે. એ બળદનાં શીંગડાંના જાડા મૂળ ભાગના તેઓ મોટા પ્યાલા બનાવે છે અને તેને હાડકા કે લાકડાનો હાથો જડે છે. તેનાં શીંગડાંના તેઓ ચમચા બનાવે છે.

એસ્કિમો લોકોમાં સ્ત્રીપુરુષો મોટા ચોટલા રાખે છે. તેમના વાળ સીધા, કાળા, ને ચળકતા હોય છે. સ્ત્રીઓ પોતાના કેશ માટે મગરૂબ રહે છે. તે જેમ લાંબા ને ભરાઉ હોય છે તેમ તેઓ તેમાં શોભા માને છે. સ્વામીના મંદવાડમાં તેઓ પોતાના કેશ છૂટા રાખે છે અને તે મરણ પામે છે ત્યારે શોકની નિશાની તરીકે તેઓ વાળ કાપી નાખે છે.

સ્ત્રીઓ હાથે, મોંએ, ઝાંઘે, અને કેટલીક, છાતીએ છુંદણાં છુંદાવે છે. એને તેઓ શરીરની શોભા સમજે છે. અગીઆરબાર વર્ષની ઉમરે છોકરીને છુંદણાં છૂંદવામાં આવે છે. ગ્રીનલૅંડ ટાપુની સ્ત્રીઓ તો પગે પણ છુંદણાં છુંદાવે છે.

પાઠ ૨૮મો

શણુ



શણુનાં અખોટીઆં કે શણીઆં થાય છે. શણુનાં બીજાં કપડાં પણ થાય છે. એ શણુ એક જાતના છોડમાંથી થાય છે.

શણુનો છોડ બેત્રણુ ફૂટ ઊંચો થાય છે. તેની ડાળીઓ પાતળી હોય છે અને તેની ટોચ પર સુંદર, આસમાની રંગનાં ફૂલ આવે છે. ફૂલ ખરી પડે છે ત્યારે જે ડીંડવાં રહે છે તેમાં નાનાં અને લંબગોળ બી હોય છે.

આ બીજ તે અળસીનાં બીજ છે. એને પીસવાથી તેલ નીકળે છે, તે અળસીનું તેલ કહેવાય છે. એ તેલ સાબુ બનાવવામાં તેમજ રંગની મેળવણી કરવામાં વપરાય છે. તેલ કાઢી રહ્યા પછી જે ખોળ રહે છે, તે ઢોરના ખાવામાં આવે છે.

એ છોડ વાવતાં પહેલાં જમીન બરાબર સાવચેતીથી સાફ કરવી જોઈએ. તેમાં કોઈ પણ પ્રકારનું ઘાસ રહેવું ન જોઈએ. આવી રીતે જમીન સાફ કરવાથી છોડનો વિકાસ સારો થાય છે.

એ છોડ અતિશય ગરમી કે ઠંડક સહી શકતો નથી. આ કારણથી ગરમ પ્રદેશમાં એને શિયાળામાં વાવી ઉનાળામાં કાઢી નાખવામાં આવે છે અને ઠંડા પ્રદેશમાં વસંત ઋતુ બેસતાં વાવવામાં આવે છે.

ગરમ પ્રદેશમાં શણનો છોડ મુખ્યત્વે કરીને તેનાં બીને અને તેમાંથી નીકળતા તેલને માટે વાવવામાં આવે છે. તેલને માટે વાવે છે ત્યારે છોડવાઓને જેટલા ઊંચા ઊગી શકે તેટલા ઊંચા ઊગવા દે છે ને પાકા થવા દે છે. ઠંડા પ્રદેશમાં શણનો છોડ તેના રેશાને માટે વવાય છે. એ રેશા એ છોડની અંદરની છાલમાંથી નીકળે છે. રેશા માટે વાવે છે ત્યારે છોડને પૂરેપૂરો વધવા દેતા નથી. બે તૃતીયાંશ વધી પીળો થવા માંડે છે એટલે તેને ઉખેડી નાખે છે. આયર્લંડના ઉત્તર ભાગમાં, હૉલંડ, બેલ્જિઅમ, જર્મનિ, અને રશિઆમાં, તેમજ અમેરિકામાં શણ પુષ્કળ પાકે છે. એ છોડ વર્ષે વર્ષે વવાય છે.

શણ એકઠું કરવાનો વખત થાય છે ત્યારે પાંદડાં ખરી પડે છે, થડ પીળું થાય છે, અને ડીંડવાં બદામી રંગનાં થાય છે. સુંદર આસમાની ફૂલ બેત્રણ અઠવાડીઆં સુધી છોડ પર લટકે છે, પછી તે ખરી પડે છે ને ડીંડવાં વધે છે ને સખ્ત થાય છે. આ વખતે, મરદ, બૈરાં, ને છોકરાં, બધાં કામે વળગી પડે છે. તેઓ હાથે વતી છોડ ઉખેડી નાખે છે. છોડોને એકઠા કરી તડકામાં સુકવવામાં આવે છે.

છોડ સુકાયા પછી તેનાં ડીંડવાં છૂટાં કરાય છે. એ કામને

માટે એક દાંતાવાળું, લોઢાની કાંસકી જેવું સાધન હોય છે. તેના દાંતા સાથે છોડોને ઘસડે છે, એટલે ડીંડવાં છૂટાં પડે છે.

હવે રેશા કાઢવાનું કામ રહે છે. થડની સાથે એ રેશા જોડાએલા હોય છે. તેને છૂટા પાડવા એક છાછરા પાણીના કુંડમાં તેને દસબાર દહાડા મૂળીઉં નીચે રહે એવી રીતે કહોવડાવવામાં આવે છે. શણના છોડને પાણીમાં હારબંધ મૂકી તે પર ઘાસના ભારા પાથરી પત્થરો મૂકે છે. પાણીમાં દસબાર દહાડા રહેવાથી ગુંદર જેવા ચીકણા પદાર્થથી રેશા થડ સાથે જોડાએલા હોય છે, તે ચીકણો પદાર્થ ધોવાઈ જાય છે. આમ થવાથી રેશા ઢીલા પડે છે એટલે તેને સહેલાઈથી છૂટા પાડી શકાય છે. એ છૂટા પાડેલા શણના ભારા બાંધી તેને લુગડાં વણવાનાં કારખાનાંમાં મોકલી દેવામાં આવે છે.

બધા તંતુ સરખા હોતા નથી. છોડના મૂળ આગળના તંતુ જાડા ને મજબૂત હોય છે અને મથાળા આગળના ઘણા ઝીણા હોય છે, તે ઘણા મજબૂત હોતા નથી. આ બધા તંતુઓના વર્ગ કરવામાં આવે છે કે જે કામમાં જેવા જોઈએ તેવા વપરાય.

એ તાંતણાને કાંસકા જેવા દાંતાવાળા યંત્ર વડે ખેંચીને સીધા કરવામાં આવે છે. આથી બધા તાંતણા એક એકની સાથે રહી શકે છે. પછી પંઝેટી ઉપર મૂકી જાડા શણમાંથી ઝીણું શણ જુદું પાડવામાં આવે છે. એ ઝીણું શણ ઘણું સુંવાળું ને ચીકણું હોય છે. તે રૂપાના જેવું ચળકતું દેખાય છે અને તેનાં ઊંચા પ્રકારનાં વસ્ત્ર બને છે.

ગમે તેવી ઝીણી શણની દોરી છૂટી કામમાં આવતી નથી. એવી ઘણીને એકઠી કરીને મજબૂત વણવામાં આવે છે અને એવી વણેલી દોરીનાં શાળમાં કપડાં વણાય છે.

પાઠ ૨૯મો

એલેક્ઝૅંડર ને તેના અમલદાર

રશિઆનો શહનશાહ એલેક્ઝૅંડર એક વખત લશ્કરી કવાયત જોવા જવાને આગલે દિને પોતાના લશ્કરી પોશાકમાં દૂરથી પોતાને રાજનગર પીટર્સબર્ગ પાછો આવતો હતો. તેને ચાલવાનો ખૂબ શોખ હતો. આ વખતે તે લાંબે સુધી ચાલ્યો હતો, તેથી રાજનગરમાં દાખલ થતાં તે થાકીને લોથ થઈ ગયો. આ ઉપરથી તે એક ભાડાની ગાડીમાં ચઢી બેઠો ને ગાડીવાળાને ફરમાવ્યું કે ગાડી રાજમહેલ લઈ જા.

ગાડીવાળો શહનશાહને ઓળખતો નહોતો. તેણે તો એમજ ધાર્યું હતું કે એ કોઈ લશ્કરી અમલદાર હશે. તેણે કહ્યું, રાજમહેલના દરવાજા સુધી હું તમને લઈ જઈશ; પણ અંદર તો ગાડી લઈ જવા દેવામાં આવતી નથી. તે અંદર નહિ લઈ જઈ શકું. અંદર લઈ જતાં ચોકીદારો અટકાવશે.

ગાડી દરવાજા સુધી પહોંચી એટલે ગાડીવાને કહ્યું, સાહેબ, ઊતરો, હવે આગળ નહિ જાઉં.

શહનશાહ ત્યાં ઊતરી પડ્યા ને બોલ્યા, ઊભો રહેજે, કોઈ માણસ સાથે ભાડું મોકલાવું છું.

ગાડીવાને કહ્યું, ના, ના, તે નહિ ચાલે. તમારા જેવા બીજા લશ્કરી અમલદારો હમેશાં આમ ગાડીમાં આવે છે, ભાડું મોકલી આપવાનું કહે છે, પણ અમને તે આપવાનું ભૂલી જાય છે. હું વિશ્વાસ રાખી શકું તેમ નથી. પૈસા પાસે ન હોય તો કોઈ પણ તમારી વસ્તુને ભાડાની બાંહેધરી તરીકે ગાડીમાં મૂકતા જાઓ. ભાડું મોકલાવી તે મંગાવી લેજો.

શહેનશાહ હસ્યા ને પોતાનો ઝભ્ભો કાઢી તે ગાડીમાં મૂકી મહેલમાં દાખલ થયા. મહેલમાં જઈ તેમણે ભાડા તરીકે સારી રકમ માણસ સાથે મોકલી આપી. માણસ તે આપવા ગયો ને દરવાજા આગળ પહોંચ્યો તો ત્યાં એક નહિ પણ વીસ ગાડીઓ હારબંધ ઊભી રહેલી તેણે જોઈ. શહેનશાહ કોની ગાડીમાં આવ્યા હતા એમ તેણે પૂછ્યું; પણ તેનો કોઈએ ઉત્તર આપ્યો નહિ. કોની ગાડીમાં જભ્ભો રહી ગએલો છે, એમ પૂછ્યું ત્યારે એક ગાડીવાને કહ્યું કે કોઈ લશ્કરી અમલદાર મારી ગાડીમાં ઝભ્ભો મૂકીને ગયો છે. નોકરે કહ્યું, લે, આ તારૂં ભાડું ને લાવ એ ઝભ્ભો. ભાડું લઈ, જય થાઓ શહેન-શાહનો, એવો જયનાદ ઉચ્ચારી ગાડીવાન લગામ ખેંચતો ગાડી ચલાવી ગયો.

બીજે દિવસે શહેનશાહ લશ્કરી કવાયત જોવા ગયા. ત્યાં સેનાપતિએ પોતાની સેનાની ટૂકડીઓને ઉત્તમ શાસન આપ્યું હતું, તેનો શહેનશાહને ખ્યાલ કરાવ્યો. શહેનશાહે તે જોઈ સેનાપતિને કહ્યું, હું તમારા સૈનિકોની ઉત્તમ તાલીમથી ને તેમના દબદબાભરેલા દેખાવથી અતિપ્રસન્ન થયો છું. પરંતુ મારા તરફથી તમારા અમલદારમાત્રને કહેજો કે ગઈ રાત્રે તેમણે મને નીચું જોવરાવ્યું છે. મારા પ્રામાણિકપણાની બાંહેધરી તરીકે મારો ઝભ્ભો મૂકવાની તેમણે મને ફરજ પાડી છે.

આ શબ્દો સાંભળી બધા કુતૂહલથી ટગર ટગર જોઈ રહ્યા.

શહેનશાહે ઉમેર્યું, ખરેખર, જે ગાડીમાં હું રાજમહેલ ગયો તે ગાડીના ગાડીવાને મારો ભરોસો રાખવાની ચોકખી ના પાડી અને તેનું કારણ એ બતાવ્યું કે મારા અમલદાર-બંધુઓ ગાડીમાં બેસે છે તેઓ ભાડું આપવાનું ભૂલી જાય છે.

અમલદારોને લાગ્યું કે આપણું લોપાળું ઉઘાડું થયું; આપણું હલકટપણું શહેનશાહ જાણી ગયા. આ વિચારથી તેઓ બધા શરમિંદા પડી ગયા. કહે છે કે ભવિષ્યમાં અમલદારો ગાડી-વાનોનું ભાડું આપવાનું કદી ચૂકયા નહિ.

પાઠ ૩૦મો

લોઢું

સોનું, રૂપું, લોઢું, પિત્તળ, વગેરે જાતજાતની ધાતુઓ હોય છે. જુદી જુદી ધાતુઓમાં જુદી જુદી વિશેષતા હોય છે. કેટલીક ધાતુ બીજી ધાતુ કરતાં વધારે કઠણ હોય છે; કેટલીક બીજી કરતાં વધારે ભારે હોય છે; કેટલીક બીજી કરતાં વધારે ચકચકિત હોય છે. કેટલીક રાતી હોય છે; કેટલીક પીળી હોય છે; તો કેટલીક સફેદ પણ હોય છે. આમ ધાતુઓ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. લોઢું બહુ કઠણ ધાતુ છે. તે રંગે કાળી ને ચળકાટ વિનાની હોય છે. ઘસ્યાથી તેના પર ચળકાટ આણી શકાય છે. તે બીજી બધી ધાતુઓ કરતાં ઉપયોગમાં ચઢી જાય છે.

સોનુંરૂપું એ મોંઘી ધાતુઓ છે; પણ લોઢું એ બહુજ ખપની ધાતુ છે. કેટલી બધી વસ્તુઓ લોઢાની બને છે તેનો સહેજજ ખ્યાલ કરવો હોય તો રોજના ખપની તેમજ ઘણી વાર જોવામાં ને કામમાં આવતી ચીજો પર નજર કરો. સોય, ટાંકણી, સ્ટીલ-પેન, ને ચપ્પુથી માંડી ગાડીઓની કમાન, ગાડીના પાટા, આગગાડીનાં એન્જિન, તેમજ ઘરની જાળીઓ, ઘર બાંધવામાં વપરાએલા ખીલાઓ, ખીલીઓ, પેચો, ને સુથાર ને કડીઆનાં હથિયારમાં તમે લોઢું, લોઢું, ને લોઢુંજ જોશો.

લોઢું ક્યાંથી આવે છે? એ જમીનમાં ઊંડા ખાડામાંથી આવે છે. એવા ખાડા ખાણ કહેવાય છે. જ્યારે તેને ખાણમાંથી ખોદીને બહાર કાઢવામાં આવે છે ત્યારે તે અશુદ્ધ હોય છે. તેને ખુલ્લી હવામાં એકઠું કરી કોલસા સાથે મેળવવામાં આવે છે ને પછી ભઠ્ઠીમાં શુદ્ધ કરવામાં આવે છે. આમ કર્યાથી તેની સાથે મળેલા ખાણમાંના ગંધક ને બીજા નકામા પદાર્થો બળી જાય છે.

લોઢું મુખ્યત્વે ત્રણ જાતનું થાય છેઃ કેળવેલું લોઢું, ભરતનું લોઢું, ને પોલાદ. સાધારણ કેળવેલું લોઢું ઘડતરના કામને માટે ઉત્તમ છે. એને ટીપીને એનાં પતરાં બનાવી શકાય છે, તેમજ જે ઘાટમાં ઘડવું હોય તે ઘાટમાં ઘડી શકાય છે.

ભરતનું લોઢું તપાવ્યાથી સહેલથી ઓગળે છે. એના રસને જે બીબાંમાં નાખવો હોય તેમાં નાખી શકાય છે. ગોખને ને ઝરૂખાને સુંદર દેખાવની લોઢાની જાળીઓ હોય છે, તે લોઢું અથવા કેટલાક બાગ કે બંગલાની આસપાસ જે લોખંડની જાળીઓથી બંધિયાર કરી દેવામાં આવ્યું હોય છે તે લોઢું ભરતનું લોઢું છે. એ જલદી ભાંગી જાય તેવું હોય છે. ભરતની લોખંડની જાળી ઊંચેથી પડે કે ઠોકાય તો ભાંગી જાય છે. જે આકાર જોઈએ તે રેતીમાં પાડી તેમાં લોઢાનો રસ રેડી આવી રીતની જાળી કે ભરતનું લોઢાનું કામ તૈયાર થાય છે.

પોલાદ જુદી જુદી રીતે તૈયાર કરાય છે. તેને વાળી શકાય એવું પણ બનાવી શકાય છે ને પછડાયાથી ભાંગી જાય એવું પણ બનાવાય છે. વળી પોલાદને લોહચુંબક બનાવી શકાય છે. લોહચુંબક લોઢું તાર મૂકવાના સંચાઓના ભાગોમાં તેમજ વીજળીના સંચાઓના ભાગોમાં ઘણું વપરાય છે. તેથી પોલાદ

કેટલું બધું ઉપયોગી છે તે સમજી શકાશે. સારામાં સારી, મજબૂત, ને સફાઈદાર પેટીઓ, ચપ્પુઓ, કમાન જેવા પદાર્થો માટે પણ પોલાદ વપરાય છે. 'સ્ટીલ ટ્રંક' એવા શબ્દ પેટીઓ પર જોવામાં આવે છે તે એમ દર્શાવે છે કે પેટી પોલાદની એટલે ઉત્તમ કેળવેલા લોઢાની બનાવેલી છે ને તેથી ઘણી મજબૂત ને ટકાઉ છે. તેના પર ગમે તેટલો ભાર મૂકવામાં આવે તોપણ તે પેટીનું પતરૂં વળતું નથી.

હિંદુસ્તાનમાં સાકચી આગળ લોઢાની ખાણ ને લોઢાનું મોટામાં મોટું કારખાનું છે. તે કારખાનું ટાટા નામના પ્રસિદ્ધ, સાહસિક પારસી કુટુંબના પ્રયત્નથી કાઢવામાં આવ્યું છે. ત્યાં એટલાં બધાં માણસ કામ કરે છે કે તેને અંગે એક નાનું શહેર વસ્યું છે, તેનું નામ જમશેદજી તાતાના સ્મારક તરીકે જમશેદ-પુર પાડયું છે.

ઇંગ્લંડમાં લોઢું ને કોલસો પુષ્કળ નીકળે છે. એ બેના પર તે દેશની સમૃદ્ધિનો પાયો છે.

पाठ ३१मो

अहंकार तजो.

पद

फूल्यो शुं फरे छे रे, भूल्यो भवकूपमां पड्यो;
म. ष्यदेहरूपा रे, खोयो मणि हाथे चड्यो. फूल्यो० १

डाह्यो थई दुनियामां फरे छे, तेणे शुं सर्युं तारुं काज,
तें न जाण्युं जे जावुं पलकमां, केम करी रहेशे लाज;
डहापण तारुं जाण्युं रे, ज्यारे जम हाथे चड्यो. फूल्यो० २

वांकी मूछ पर वाटज ऊठी, नरकनी वाटे संचर्यो,
मिथ्या जनुनीने भारे मारी, अल्या जन्म धर्यो न धर्यो;
माटे जोने जागी रे, अवसर आवी चड्यो. फूल्यो० ३
शुं थयुं जो संपत्ति घणी मळी, मळ्यां मोटां घरबार,
निश्चित थईने हरि नव भज्यो, धिक पड्यो रे अवतार;
धिक तारुं जीव्युं रे, हरिए तने शाने घड्यो. फुल्यो० ४
मनमां ले शिखामण मारी, ममता मूक परी,
कर स्मरण सरजनहारनुं, जनम सफल ले करी;
दास धीरो कहे छे रे, सौथी तुं सरस नीवड्यो. फूल्यो० ५

धीरोभक्त

પાઠ ૩૨મો

ચિનાઈ રાજ્યઃ શહેરો અને લોકો, ભાગ ૧લો

ચિનાઈ રાજ્ય ઘણું પ્રાચીન ને મોટું છે. આખી પૃથ્વીની વસ્તીનો ચોથો ભાગ એમાં વસે છે. રાજ્યનો મુખ્ય ભાગ ચીન દેશ છે. એ દેશની ઉત્તરે મોંગોલિઆ આવેલું છે. મોંગોલિઆનું નામ મોંગલ પ્રજા પરથી પડ્યું છે. 'મોંગલ' શબ્દનો અર્થ બહાદુર થાય છે. પ્રાચીન સમયમાં મોંગલ લોકો ઘણા બળવાન્ હતા અને આખા એશિઆમાં ઘણા લડાયક ને ક્રૂર ગણાતા. પાસેના દેશો પર તેઓ ઘણો ત્રાસ વર્તાવતા.

એ મોંગલ લોકોના હુમલાથી રક્ષણ કરવા ચીના લોકોએ ઉત્તરમાં ચીન અને મોંગોલિઆની વચ્ચે એક મોટી દિવાલ બાંધી હતી. એ દિવાલ ૧,૫૦૦ માઇલ લાંબી અને ત્રીસેક ફૂટ

ઊંચી હતી. એ એટલી બધી પહોળી હતી કે એના પર ચાર ઘોડા સાથે દોડી શકતા. થોડે થોડે અંતરે એમાં બબ્બે ત્રણ ત્રણ માળના મિનારા હતા.

ચીના લોકોમાં મુખ્ય ચાર વર્ગ છેઃ ૧. વિદ્વાનો; ૨. ખેડુતો; ૩. કારીગરો; અને ૪. વેપારીઓ. આ રીતે ચીનમાં ખેતીનો ધંધો ઘણો અગત્યનો ગણાય છે અને તેનું ગૌરવ દર્શાવવા દર વર્ષે બાદશાહ પ્રધાનની સમક્ષ જાતે હળ ચલાવતો.

હિંદુસ્તાનની પેઠે ચીન દેશમાં દરેક પ્રકારની હવા છે. કેટલાક પ્રદેશ ઘણા ઉષ્ણ છે અને કેટલાક પ્રદેશ ઉત્તર ધ્રુવ પ્રદેશના જેવા શીતલ છે. આથી ત્યાં દરેક પ્રકારની વનસ્પતિ ઊગે છે. હોઆંગ-હો અથવા પીળી નદીનો ઉત્તરનો ભાગ એટલો બધો ઉષ્ણ છે કે તેમાં ચાહ કે ચોખા થઈ શકતા નથી. માત્ર જુવાર ને બાજરી ઊગે છે. મધ્ય પ્રદેશમાં ચોખા, ઘઉં, ચાહ, વાંસ, અને શેરડી ઊગે છે. એની પૂર્વે જે પ્રદેશ છે તેમાં રેશમ ને કપાસ થાય છે. દક્ષિણ પ્રદેશમાં ચોખા એ મુખ્ય પેદાશ છે.

ચીના લોકો ખેતીના કામમાં ઘણા કુશળ છે. તેઓ ખાતરના કામમાં ઉપયોગી થઈ પડે એવાં સાહિત્ય એકઠાં કરવામાં ઘણા પ્રવીણ છે.

પેકીન અને કંતાન એ લગભગ દસ દસ લાખની વસ્તીવાળાં મોટાં શહેરો છે. પેકીન શહેરના ત્રણ ભાગ છે. વચલા ભાગમાં બાદશાહ રહેતો. એ ભાગની આસપાસ બેવડી દિવાલ છે. માંહેનાં મકાનો કરતાં એ દિવાલો ઊંચી છે. શહેરમાં દહેરાં, પેગોડા, અને ખ્રિસ્તિ દેવલો મકાનો કરતાં ઊંચાં છે. ઉત્તરના ભાગમાં તાર્તર લોકોના સંખ્યાબંધ તંબુઓ છે, તેમાંથી ચાહથી

લાદેલાં ઊંટો મોંગોલિઆ જાય છે. દક્ષિણ ભાગમાં ચીના લોકો વસે છે અને તેમની દુકાનો, ભોજનાલયો, અને નાટકશાળાઓ આવેલાં છે. પેકીન શહેરને સોળ દરવાજા છે. તે દરવાજા તેમજ એ ભાગ અને તાર્તર લોકોના ભાગની વચ્ચેના દરવાજા સાંજ પડે છે એટલે બંધ થાય છે અને ત્યાર પછી મોટા અમલદારો મહત્વના સરકારી કામ માટેજ એમાં થઈને જાઆવ કરી શકે છે.

કંતાન શહેર પણ મોટું છે. તેની આસપાસ પણ મોટી દિવાલ છે. તેની વચ્ચે થઈને નદી વહે છે, તેમાં પુષ્કળ વહાણો રહે છે. હજારો લોકો વહાણોમાંજ વસે છે અને એમાંના ઘણા કદી કિનારા પર જતા નથી. બાળક છોકરાઓની કેડે લાકડાનો કકડો બાંધેલો હોય છે કે તેઓ વહાણ પરથી પાણીમાં પડી જાય તો ડૂબે નહિ. ચીનમાં છોકરાઓ કરતાં છોકરીઓને માટે ઓછી દરકાર રખાય છે.

ચીનનાં શહેરો ઘણાં સાંકડાં, ગંદાં, ને વસ્તીથી ભરચક છે. ચોમાસામાં એટલો બધો કાદવ થાય છે કે ગાડાંનાં પૈંડાં અર્ધાં કાદવથી દટાઈ જાય છે. શહેરોમાં જાહેર ચોગાનો કે બાગો હોતા નથી. માત્ર દહેરાંની પાસે થોડી ઉઘાડી જમીન હોય છે. ઘરો એકજ માળનાં ને ખિચોખીચ હોય છે.

કેટલીક શેરીઓ એટલી બધી સાંકડી હોય છે કે તેમાં ગાડીઓ જઈ શકતી નથી. જેમને ચાલવું ન હોય તેમને માટે એક પ્રકારની ખુરસી હોય છે, તેમાં બેસાડી બે માણસો તેમને ઊંચકી લઈ જાય છે. મહોલ્લાઓ એટલા બધા સાંકડા હોય છે કે બે ખુરસીઓ મુશ્કેલાઈથી સાથે જઈ શકે છે. કાશી શહેરની જૂની ગલીઓ એવીજ સાંકડી છે.

વસ્તી ભરપૂર હોવાથી આવે રસ્તે દેખાવ જોવા જેવો

હોય છે. કોઈક અમલદાર સરકારી કામસર સુશોભિત ખુરસી પર બેસીને જતો હોય તો તેની આગળ બેત્રણ પરિચારકો ચાલતા હોય છે. તેમના હાથમાં ચાબખા હોય છે અને તેઓ શેઠને માટે માર્ગ કરે છે. વળી મહોલ્લામાં મજુરોના અવાજ હમેશ સંભળાયાજ કરે છે કે 'સંભાળજો, પીઠ સાચવજો.' છોકરાઓનું ટોળું ચિત્રિત પાટીઉં લઈ ચાલે છે તે પર લખેલું હોય છે કે 'દૂર રહો', 'મહેરબાની કરી શાંત રહો'. એક તરફ ગાંભીર્યસૂચક પહેરવેશમાં વિદ્વાનો ચાલતા હોય છે. બીજી તરફ પીળો જભ્ભો પહેરેલા મુંડિત કેશવાળા સાધુઓ ચાલતા હોય છે. ભિખારીઓ પણ પુષ્કળ હોય છે. આમ, મોટાં શહેરોના રસ્તામાં થઈને પસાર થવું ઘણું મુશ્કેલ છે.

ટિબેટ એ ચિનાઈ રાજ્યનો ભાગ છે. ત્યાં એટલી બધી ટાઢ પડે છે કે લોકોને ઘણાં કપડાં પહેરવાં પડે છે. ત્યાંના લોકો ઘણા ધર્મિષ્ઠ છે. ત્યાં બુદ્ધ ધર્મનો પ્રચાર છે. બુદ્ધ સાધુઓને ત્યાં લામા કહે છે. મુખ્ય લામાનો મઠ લાસામાં છે, ત્યાં વિદેશી લોકોને જવાની મના છે.

પાઠ ૭૩મો

ચિનાઈ રાજ્ય : શહેરો અને લોકો, ભાગ રજો

ચિનાઈ ભાષામાં લિપિના અક્ષરો નથી. ચિત્રોથી શબ્દો દર્શાવાય છે. આથી ભાષા શીખવી ઘણી અઘરી પડે છે.

સુંદર સોનેરી રંગનાં ચિત્રાત્મક શબ્દોવાળાં પાટીઆં ચીનમાં દુકાને દુકાને વ્યાપારસૂચક લટકાવેલાં હોય છે. દુકાનોમાં બધી જાતનો માલ વેચાય છે—રેશમ, ફૂલ, ચિનાઈ કાચનાં તરેહવાર વાસણો, કરિયાણું, પક્ષીઓ, અને પુસ્તકો. કેટલીક દુકાનોમાં

માત્ર સોનેરી ને રૂપેરી વરખજ વેચાય છે. ચીના લોકો એવા વરખો મિત્રોની કબર આગળ બાળે છે. તેઓ એમ માને છે કે એમ કરવાથી મિત્રોને પરલોકમાં ખરચવા પૈસા મળશે.

મહોલ્લામાં ફેરીઆઓ ઘણા ફરે છે. આપણે ત્યાંના કાવડીઆની પેઠે તેઓ ખભે વાંસ રાખે છે અને તેને બે છેડે કુંડીઆમાં વેચવાની વસ્તુ રાખે છે.

ઊંટવૈદું કરનારા, કાગળ લખનારા, અને ખુરદો વેચનારાઓ પણ સાંકડા મહોલ્લામાં ફરે છે અને તેની ભીડમાં વધારો કરે છે.

ચીનમાં છોકરાઓને પતંગ ઉરાડવાનો ઘણો શોખ છે. એ રમતમાં મોટી ઉમરના માણસો પણ ભાગ લે છે. પતંગને, માછલાં, પતંગીઆં, ને સાપનો આકાર હોય છે.

બાળકોને દડાની, ભમરડાની, અને જમીન પર લીટીઓનાં ઘરો કરી તે ઘરો કૂદવાની રમત રમવી બહુ ગમે છે.

ચીના લોકોને દારૂખાનું ફોડવું ઘણું પ્રિય છે. ફટાકા, હવાઈ, અને જેમાં અવાજ ખૂબ થાય એવું દારૂખાનું છોડવામાં તેમને ઘણી મઝા પડે છે.

ચીનમાં માબાપોને અને અધિકારને બહુ માન આપવામાં આવે છે. બાળકો માબાપને દંડવત્ પ્રણામ કરે છે. જેઓ માબાપને માન આપતાં નથી તેમનો બધા લોકો તિરસ્કાર કરે છે.

નિશાળોમાં બહુ અવાજ થાય છે. છોકરાઓ ઘાંટો પાડીને પાઠ ભણે છે. ઘાંટો ન પાડે તો તેઓ ભણતા નથી એમ માનવામાં આવે છે. પાઠ તૈયાર થાય છે એટલે છોકરો શિક્ષકની પાસે જઈ તેને પીઠ કરી પાઠ આપે છે, સામો ઉભો રહી પાઠ આપતો નથી.

ચીના લોકો મોટી ચોટલી રાખે છે. કામ કરતી વખત તે બાંધેલી રાખે છે. કોઈને માન બતાવવું હોય તો

તેઓ ચોટલી છોડી નાખે છે. તેઓ ચોટલીને માટે મગરૂબ હોય છે. કેટલીક વાર કેદીઓની ચોટલી કાપી નાખવામાં આવે છે, તેને તેઓ એક મોટું લાંછન ગણે છે અને કેદમાંથી છૂટે છે કે તેઓ કૃત્રિમ ચોટલી વેચાતી લઈ તે પહેરે છે.

સ્ત્રીઓની પગની પાટલી જેમ નાની હોય તેમ તેઓ વધારે સુંદર ગણાતી. આથી પાંચ વર્ષની છોકરી હોય ત્યારથી તેના પગને સખ્ત પાટાથી બાંધી લેવામાં આવતા અને દરેક અઠવાડીએ એ પાટો વધારે સખ્ત કરવામાં આવતો. આથી પગનો સ્વાભાવિક વિકાસ અટકતો અને છોકરીઓને બહુ દુઃખ થતું. તેઓ કોઈને ટેકો દીધા વગર ચાલી શકતી નહોતી.

હાલમાં કેળવણીના પ્રચારથી આ રિવાજ ઘણે ભાગે નાબૂદ થયો છે.

ચીના લોકો મિતાહારી, ઉદ્યોગી, અને આનંદી સ્વભાવના હોય છે. તેઓ શાંત પ્રકૃતિના હોય છે અને ભાગ્યેજ ગુસ્સે થાય છે. પણ જ્યારે તેમનો મિજાજ જાય છે ત્યારે તેઓ ઘણા ક્રૂર બને છે અને વર્ષોનાં વર્ષો સુધી વેર વાળવાનું ભૂલતા નથી.

ચીના લોકો જૂના આચારને દૃઢતાથી વળગી રહે છે. સૈંકડો વર્ષ થયાં તેમના પોશાકમાં ફેરફાર થયો નથી.

તેઓ પૂર્વજોને પૂજે છે અને તેમના સ્મરણને માટે દહેરામાં લાકડાની તખતી રાખે છે. તેની પૂજા કરવામાં આવે છે અને તેની પાસે બેસી પ્રાર્થના ભણાય છે.

ચીન દેશમાં ચાર ધર્મ ચાલે છે:–૧. કૉન્ફ્યૂશીઅસનો; ૨. ટેઓનો; ૩. બુદ્ધનો; અને ૪. મુસલમાની.

કૉન્ફ્યૂશીઅસ નામનો મહાન્ ફિલસુફ ઇ. સ.ની પૂર્વે પાંચસેં વર્ષ પર થઈ ગયો. તેના ઉપદેશ પર ચીના લોકોના ધર્મવિચારોનું બંધારણ છે. એક મહાન્ પરમેશ્વર છે, તેની

પૂજા રાજાએજ કરવાની છે; પ્રજાએ પૂર્વજોની પૂજા કરવી, એવું એ ધર્મનું તત્ત્વ છે. કૉન્ફ્યૂશીઅસના શિક્ષણથી સારા શહેરીઓ અને સારા પાડોશીઓ કેવી રીતે થવાય તેનો ઉપદેશ મળે છે.

ટેઓ નામનો ફિલસુફ કૉન્ફ્યૂશીઅસની પછી સોએક વર્ષે રહીને થયો. તેણે ચિત્તશુદ્ધિને અર્થે ધ્યાન ધરવાનો ઉપદેશ કર્યો.

સમયની સત્તા બળવાન્ છે. ચીના જેવી રૂઢિને વળગી રહેનારી પ્રજા પર પણ તેની અસર થયા વિના રહી નથી. હાલ તેમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું છે; પણ જોઈએ તેવી સ્થિરતા નથી.

પાઠ ૩૪મો

આનંદી સ્વભાવ રાખો.

મનુષ્યમાત્ર સુખ મેળવવા ઇચ્છે છે. તે સુખ કયાં છે? જૉન્સન નામના એક વિદ્વાન્ લેખકે ઍબિસિનિઆના રાજપુત્ર રૅસેલસની એક રમુજી વાત લખી છે. રાજપુત્ર સુખ શોધવા દુનિયામાં ભમે છે, બધી સ્થિતિનું અવલોકન કરે છે, પણ કોઈ પણ સ્થિતિમાં તેને સુખ જડતું નથી.

એક કવિ પોતાના કાવ્યમાં કહે છે કે અરે સુખ! મનુષ્ય જીવનનું સર્વસ્વ! તું કયાં છે? સદ્ગુણ, આરામ, વૈભવ, સંતોષ, શેમાં સુખ છે? જે હમેશ પાસે હોય એમ લાગે છે, પણ શોધવા જઈએ છીએ કે જે દૂર જતું રહે છે! તું એક દિવ્ય બીજનો છોડ છે, પણ કઈ માનવી ભૂમિમાં તું ઊગે છે? સુખ શોધવામાં આપણો પરિશ્રમ વ્યર્થ જાય છે તો તેમાં આપણોજ દોષ છે. સુખનો છોડ અમુકજ ભૂમિમાં ઊગે છે, એમ નથી. તે દરેક જાતની ભૂમિમાં ઊગે છે, અથવા તો કોઈ પણ ભૂમિમાં ઊગતો નથી.

અર્થાત્, માણુસનું મનજ સુખદુઃખનું કારણ છે. રાજાને જે સુખ અપરિમિત વૈભવથી મળતું નથી તે સુખ ગરીબને પોતાની ઝુંપડીમાં ગણીગાંઠી વસ્તુથી મળે છે. સુખદુઃખ માનીજ લીધેલાં હોય છે. જે જેમાં સુખ માને છે તેને તેમાં સુખ મળે છે. જેમ કામના ઓછી અને સંતોષ વિશેષ તેમ સુખ વધારે.

પરંતુ સર્વ કામનાનો ત્યાગ સંસારીથી થતો નથી. એ તો યોગીજ કરી શકે છે. ત્યારે સંસારીએ શું કરવું? એને માટે સુખ શું નીર્મ્યુંજ નથી? યોગીનેજ માટે સુખ છે? ના, એમ નથી. જેને સુખ મળે છે તેને તેના મનથીજ તે મળે છે.

હમેશ, સદુદ્યોગમાં મચ્યા રહેવું, જે ફળ મળે તેથી તૃપ્ત થવું ને આનંદમાં રહેવું એ, સુખ મેળવવાનો સહેલો ઉપાય છે. હમેશ આનંદમાં રહો. કેટલાક માણુસને ગમે તેવી સંપત્તિમાં પણુ સુખ મળતું નથી; કેટલાકને ગમે તેવા દુઃખમાં પણુ સુખ મળે છે. આનું કારણુ શું? આનંદી સ્વભાવવાળા દુઃખમાં પણુ આનંદી રહે છે, તેથી તેમનું દુઃખ તેમને સહ્ય થાય છે. કેટલાકની પ્રકૃતિ એવી હોય છે કે તેઓ દરેક વસ્તુનું નઠારૂં સ્વરૂપ જુએ છે. આથી તેઓ હમેશ દુણાયાજ કરે છે. દિલગીરીમાં ને દિલગીરીમાંજ તેમનું મન ઘુંટાયા કરે છે. દરેક વસ્તુને બે બાજુ હોય છેઃ સારી ને નઠારી. આનંદી થવું હોય તો વસ્તુની સારી બાજુજ જુઓ, નઠારી નહિ; આશાવાદી થાઓ, નિરાશાવાદી નહિ.

ઘણા તંદુરસ્ત પુરુષો આનંદી સ્વભાવના હોય છે. આનંદી થવું હોય તો તંદુરસ્ત થવાનો પ્રયત્ન કરો. બધા તંદુરસ્ત પુરુષો આનંદી હોતા નથી; પરંતુ તંદુરસ્તી એ આનંદી પ્રકૃતિને પોષનારી છે, એ નિર્વિવાદ છે.

આનંદી સ્વભાવથી ધૈર્ય પોષાય છે અને ધૈર્યથી મોટાં મોટાં કાર્યો ઉકેલી શકાય છે. આનંદી સ્વભાવથી આત્મબળ વધે છે;

સંકટો નાસી જાય છે, નિરાશા મનમાં પ્રવેશ કરી શકતી નથી, અને આશાના તેજથી મનુષ્ય આગળ વધ્યોજ જાય છે અને આખરે વિજયી થાય છે. એક વિદ્વાન્ પુરુષ કહેતો કે એક આનંદી સ્વભાવ, વસ્તુમાત્રની સારી બાજુજ જોવી તે, અને બીજી, અઢળક સંપત્તિ અને શોકમાંજ ગમગીન રહેવું ને ઘોળાયા કરવું તે, એવી બે વસ્તુ કોઈ મારા મોં આગળ મૂકી મને તેમાંથી એક વસ્તુ પસંદ કરવાનું કહે તો હું આનંદી પ્રકૃતિજ પસંદ કરૂં. અર્થાત્, ઈશ્વર પર શ્રદ્ધા રાખી, તે જે કરે છે તે સારાને માટે એમ ગણી હમેશ આનંદમાં રહેવું, દુઃખમાં અહર્નિશ લીન ને દટાએલા ન રહેવું.

કોઈ કહેશે કે વિપત્તિમાં માણસ આનંદમાં શી રીતે રહે? ખરી વાત છે. દુનિયામાં સુખદુઃખ બંને છે, એકલું સુખ નથી. સુખની પછી દુઃખ ન દુઃખની પછી સુખ, એમ સુખદુઃખ ચક્રની પેઠે ફરતાં આવે છે. સુખ આવે ફુલાઈ ન જવું, ને દુઃખ પડે તો ધૈર્ય રાખી સહેવું. દુઃખમાં ડૂબ્યાજ ન રહેવું. આનંદી પુરુષ સ્વલ્પ કાળમાં દુઃખમાંથી મન કાઢી નાખી સદુદ્યોગમાં પ્રવૃત્ત થાય છે.

આનંદી પ્રકૃતિ તંદુરસ્તીને પોષે છે ને તંદુરસ્તી આનંદને પોષે છે. બંનેની અસર એક બીજા પર થાય છે; માટે બંનેને પોષો.

ક્રોધ પર વિજય મેળવો. ક્રોધી પુરુષ આનંદી થઈ શકતો નથી. ક્રોધ દૂર કરો; મિજાજને અંકુશમાં રાખો; એટલે આનંદી પ્રકૃતિ કેળવાશે.

દિલગીરીમાં મચ્યા ન રહો. ઘણા માણસોને નઠારાં પરિણામ માની લેવાનીજ ટેવ હોય છે. તેવા પુરુષો દુઃખ આવતા પહેલાં દુઃખ આવેલુંજ માની લે છે. એવો સ્વભાવ કાઢી નાખો. વસ્તુની સારી બાજુ તપાસો. આશાજનક પરિણામ જોવાની ટેવ પાડો, એટલે આનંદી પ્રકૃતિ કેળવાશે ને પોષાશે.

પાઠ ૩૫મો

બુંદ



તમે જાણતા હશો કે કેટલાક લોકો ચાહને બદલે બુંદ (કૉફિ) પીએ છે.

બુંદનો છોડ અરબસ્તાન, સીલોન, બ્રાઝીલ, આફ્રિકાના કેટલાક ભાગમાં, ને વેસ્ટ ઈંડીઝના ટાપુમાં ઊગે છે.

કહે છે કે અરબસ્તાનમાં એક દિવસ એક મુસાફરે કેટલાંક બકરાંને ખૂબ આનંદમાં કૂદકા મારતાં જોયાં. તેના આનંદનું શું કારણ છે તે શોધી કાઢવા તેણે તેમના પર થોડાક દિવસ બારીક નજર રાખી. નિરીક્ષણ કરવાથી તેને માલૂમ પડ્યું કે

એ દેશમાં કેટલાક છોડ ઊગે છે, તેનાં પાંદડાં ખાવાથી બકરાં આનંદમાં મહાલે છે. મુસાફરે વિચાર્યું કે બકરાં આ છોડનાં પાંદડાં ખાઈ આનંદથી કુદાકુદ કરે છે તો આપણે પણ એનું પાન કરીશું તો આપણામાં સ્ફૂર્તિ ને શક્તિ આવશે. આ રીતે બુંદ પીવાનો રિવાજ આરબ લોકોમાં દાખલ થયો.

બુંદના છોડનો મૂળ વાસ આફ્રિકામાં ઍબિસિનિઆમાં હતો. ત્યાંના લોકો ઘણા જૂના વખતમાં તેના ગુણ જાણતા હતા. ત્યાંથી તે ઇ. સ. ૧૪૫૪માં અરબસ્તાનમાં દાખલ થયો. મુસલમાન લોકોએ બુંદપાનનો પ્રચાર ફેલાવ્યો.

કુદરતી રીતે બુંદનો છોડ વીસેક ફૂટ ઊંચો ઊગે છે; પણ ચાહના છોડની પેઠે એને કાપી પાંચછ ફૂટ રહેવા દેવામાં આવે છે. એનું થડ પાતળું હોય છે. પાંદડાં લીલાં, ચળકતાં, અણીદાર હોય છે અને તેનાં ફૂલ ધોળાં ને ગુલાબી છાંટવાળાં હોય છે.

ફૂલ ઘણાં જલદી ઊગે છે અને સુગંધીદાર હોય છે. તેની સુગંધ ઘણે દૂર સુધી જાય છે. બુંદનો છોડ જ્યારે ફૂલોથી છવાઈ ગએલો હોય છે ત્યારે જાણે તે બરફથી ઢંકાઈ ગએલો હોય એવો દેખાય છે.

વસંતમાં ફૂલ આવે છે ને ધીમે ધીમે ફૂલમાંથી ફળ થાય છે. શરૂઆતમાં ફળ લાલ થાય છે, તે પાક પર ચઢે છે એટલે જાંબુડું થાય છે. ફળમાં બે શીંગ હોય છે. તે એક તરફથી ચપટી ને બીજી તરફથી ગોળ હોય છે. ફળ પરિપક્વ થાય છે એટલે ઝાડને હલાવી તેને જમીન પર મૂકેલી સાદડી પર એકઠાં કરે છે. પછી તેને હવામાં રાખી સુકવે છે.

તે સુકાય છે એટલે તેને વેલણ જેવા આકારના બે લાકડાના ગોળ કકડા વચ્ચે દબાવી છોતરાં જુદાં પાડવામાં આવે છે. આમ કરવાથી લીલા દાણા નીકળે છે.

લીલા દાણામાં સુગંધ કે સ્વાદ હોતાં નથી. એ દાણાને સેકવામાં આવે છે એટલે તેમાં રહેલું સુગંધી તેલ નીકળી આવે છે. આ દાણા બદામી રંગના હોય છે. સેકતી વખતે કાળજી રાખવી પડે છે. બહુ સેકાય તો તે બગડી જાય છે. પછી તેને સંચામાં મૂકી તેનો ભુકો કરવામાં આવે છે. સેકતા પહેલાં દાણા ઝાંખા લીલા રંગના હોય છે. સેકાયા પછી તે કાળા ને બદામી રંગના થાય છે. ત્યાર પછી તેને સંચામાં મૂકી તેનો ભુકો કરવામાં આવે છે, એટલે બુંદ તૈયાર થાય છે. ભુકો તરત વાપરવામાં આવે તો બુંદ સ્વાદિષ્ઠ લાગે છે.

બુંદનું પાન ચાહની પેઠેજ તૈયાર કરવામાં આવે છે. પાણી ઉકાળવામાં આવે છે ને તે ઊકળે છે એટલે તેમાં બુંદ નાખી ત્રણચાર મિનિટ ચૂલા પર રહેવા દેવામાં આવે છે. પછી તેને ચૂલા પરથી ઉતારી નાખે છે ને તેમાં દૂધ ને ખાંડ નાખી પીવામાં આવે છે.

એક અંગ્રેજ વેપારીએ તુર્ક લોકોને કૉફિ પીતા જોયા હતા. તેણે કૉફિનું પાન આશરે ત્રણસેં વર્ષ પર ઇંગ્લંડમાં દાખલ કર્યું. ધીમે ધીમે એ પાન પ્રસર્યું અને બુંદખાના સ્થપાયાં, ત્યાં લોકો બુંદ પીવા દાખલ થતા અને વિવિધ વિષય પર ચર્ચા કરી આનંદમાં સમય નિર્ગમન કરતા.

થોડા પ્રમાણમાં બુંદ પીવી એ પુષ્ટિકારક ગણાય છે. કોઈ વાર જાગવાની જરૂર હોય તો બુંદ પીવાથી ઊંઘ અટકાવી શકાય છે.

હાલ હિંદુસ્તાનમાં બુંદનો છોડ માઇસોર, ત્રાવણકોર, કુર્ગ, અને નીલગિરિની ટેકરી પર ઊગે છે. ૭૦થી ૮૦ ઇંચ વરસાદ પડતો હોય એવો પ્રદેશ એને માફક આવે છે.

पाठ ३६मो

मीरां भजन

पद—राग परज

गोविंदो प्राण अमारो रे, मने जग लाग्यो खारो रे;
मने मारो रामजी भावे रे, बीजो मारी नजरे न आवे रे. टेक०
मीरांबाइना महेलमां रे, हरि संतननो वास;
कपटीथी हरि दूर वसे, मारा संतन केरी पास. गो०१
राणोजी कागळ मोकले रे, दो राणी मीरांने हाथ;
साधुनी संगत छोडी द्यो, तमो वसोने अमारे साथ. गो०२
मीरांबाइ कागळ मोकले रे, देजो राणाजीने हाथ;
राजपाट तमे छोडी राणाजी, वसो साधुने साथ. गो०३
विषनो प्यालो राणे मोकल्यो रे, देजो मीरांने हाथ;
अमृत जाणी मिरां पी गयां जेने, सहाय श्री विश्वनो नाथ. गो०४
सांढवाळा सांढ शणगारजे रे, जावुं सो सो रे कोश;
राणाजीना देशमां मारे, जळ रे पीवानो दोष. गो०५
डाबो मेल्यो मेवाड रे, मिरां गइ पश्चिममांय;
सरव छोडी मिरां नीसर्यां जेनुं, मायामां मनडुं न कांय. गो०६
सासु अमारी सुषुमणा रे, ससरो प्रेम संतोष;
जेठ जगजीवन जगतमां मारो, नावलियो निर्दोष. गो०७
चुंदडी ओढुं त्यारे रंग चुवे रे, रंग बेरंगी होय;
ओढुं हुं काळो कांबळो, दुजो डाग न लागे काय. गो०

मीरां हरिनी लाडणी रे, रहेती संत हजूर;
साधु संघाते स्नेह घणो पेला, कपटीथी दिल दूर. गो०९

मीरांबाई


પાઠ ૩૭મો

સુએઝની નહેર

ઇ. સ. ૧૮૫૪માં ફર્ડિનૅન્ડ ડીલૅસેપ્સ નામના એક ફ્રેંચ ઇજનેરે ઈજિપ્ટ અને અરબસ્તાનની વચ્ચે સુએઝ આગળ સંયોગી ભૂમિ હતી તેને ખોદી ત્યાં નહેર બનાવવાની ઈજિપ્ટની સરકાર પાસેથી પરવાનગી મેળવી. આ મોટી નહેર ઇ. સ. ૧૮૫૯માં બંધાવવાની શરૂ થઈ ને ઇ. સ. ૧૮૬૯ની ૧૭મી નવેંબરે ખોદાઈ તૈયાર થઈ વહાણોની આવજા માટે ખુલ્લી મુકાઈ. તેને બાંધતાં આસરે દોઢ કરોડ પાઉંડનો ખરચ થયો હતો.

આ નહેર થવાથી પશ્ચિમ તરફથી હિંદુસ્તાન, ઑસ્ટ્રેલિઆ, ને પૂર્વના બીજા બધા દેશો તરફ જવાનો દરિયાઈ માર્ગ ટૂંકો થઈ ગયો. તેથી મોટી મોટી બધી આગબોટો એ માર્ગેથીજ આવે છે. પૂર્વ ને પશ્ચિમની વચ્ચે દરિયામાં એ રાજમાર્ગ ગણાય છે. એ નહેરના સંબંધમાં યૂરોપની બધી પ્રજાની પરસ્પર એવી કબૂલાત છે કે એને કોઈએ પણ ઘેરી લેવી નહિ. લડાઈના તેમજ સુલેહશાંતિના વખતમાં સરખી રીતે એ નહેર સર્વે પ્રજાનાં વહાણોની આવજા માટે સદા ખુલ્લી ગણાય છે. કોઈ પણ એક પ્રજાની એના પર માલીકી નથી. પણ એના ખરચના શેરોના સેંકડે ૩૫ ટકા બ્રિટિશ એકત્રિત સલતનતના છે.

એ નહેર ૧૦૦ માઈલ લાંબી છે ને ૨૮ ફૂટ ઊંડી છે. તે થોડામાં થોડી ૮૦ વાર ને વધારેમાં વધારે ૧૨૦ વાર પહોળી છે. ભારેમાં ભારે આગબોટો પણ તેમાંથી જઈ શકે છે. તે માટે વાંધો આવે તેમ નથી, પણ નહેરના કિનારાને નુકસાન ન થાય માટે નહેરમાંથી કોઈ પણ આગબોટ કલાકના ચારથી વધુ માઇલની ઝડપે હંકારવા દેવામાં આવતી નથી. નહેરને બંને કિનારે રેતાળ પ્રદેશ છે. આગબોટો જલદી આવજા કરે તો કિનારા ધોવાય ને તૂટી પડી નહેરને નુકસાન પહોંચાડે. નહેરની અંદર જ્યાં મોટી આગબોટોને બાજુ પર ઊભી રાખવાની સગવડવાળી પહોળી જગા છે તે અપવાદરૂપ જગા સિવાય આખી નહેરમાં એકી વખત એક સ્થળ આગળથી એકજ આગબોટને જવા દેવામાં આવે છે.



સુએઝની નહેર

નહેરની બાજુ તરફ રેતીનો ઉજ્જડ પ્રદેશ છે. જતી આવતી આગબોટોમાંથી તેનો દેખાવ એક સરખો, કંટાળો આપે એવો જણાય છે. અજવાળી રાતે તે લાંબે સુધી સફેદ ને રમ્ય લાગે છે.

હિંદુસ્તાનથી ઇંગ્લંડ તરફ જતી આગબોટને એડનથી પોર્ટ સૈદ સુધીનો રસ્તો એ નહેરમાં કાઢવો પડે છે. સો માઇલના તેના લંબાણમાં સુમારે ૨૪ માઇલના તેના રસ્તામાં તિમ્સા, બલ્લા, ને મેન્ઝલેનાં તળાવોનાં પાણી સમાયાં છે.

પાઠ ૩૮મો

વીર બાળા ગ્રેસ ડાર્લિંગ



ઇંગ્લંડમાં નૉર્થંબરલૅંડ નામનું પરગણું છે, તેના કિનારાથી થોડેક દૂર ફાર્ન નામના દ્વીપો છે. એ દ્વીપસમૂહમાં એક લૉંગ-સ્ટોન નામનો દ્વીપ છે, તેમાં એક દીવાદાંડી છે. એ દીવાદાંડીમાં ગ્રેસ ડાર્લિંગ નામની કુમારિકા પોતાનાં માબાપ સાથે રહેતી હતી.

એ સ્થળ ઘણું એકાંત હતું. ત્રણ માણસના આ નાના કુટુંબને દરિયાઈ પક્ષીઓ સિવાય ત્યાં બીજું કોઈ સોબતી ન હોતું. આવા એકાંત સ્થળમાં રહેવાને તેઓ ટેવાઈ ગયાં હતાં.

અને પોતપોતાનાં કામમાં ગુંથાઈ સુખી જીવન નિર્ગમન કરતાં હતાં.

ઈ. સ. ૧૮૩૮ના સપ્ટેંબર મહીનાની એક રાતે તેમણે ફાર્ન ટાપુઓ અને કિનારાની વચ્ચે એક આગબોટને સપડાએલી જોઈ. દરિયો તોફાની હતો અને આગબોટમાં એક બાકું પડયું હતું તેમાંથી પાણી અંદર દાખલ થતું હતું. બધાં માણસો બંબા વડે પાણી ઉલેચી નાખવામાં રોકાયાં હતાં; પણ તેઓ જેટલું ઉલેચી શકતાં હતાં તેથી ઘણું વધારે પાણી ધસારાબંધ માંહે પેસતું હતું.

તોફાનનું જોર વધતું ગયું. પવન વધારે જોસમાં વાવા લાગ્યો. બાકું વધારે મોટું થતું ગયું. એન્જિનનો અગ્નિ છંટાઈ ગયો. મોજાં પહાડ જેટલાં ઊંચાં ઊછળવા લાગ્યાં. ક્ષણે ક્ષણે પવનનું બળ વધવા લાગ્યું. આસપાસ ધુમ્મસ ફેલાએલી હતી. આગબોટ ડોલંડોલા થવા લાગી. મોજાં તેને જેમ ઘસડી લઈ જાય તેમ તે ઘસડાવા લાગી. આગબોટનાં માણસોને એમ લાગ્યું કે જે પળ જાય છે તે પળમાં બાકામાંથી પાણી આવ્યા કરતું હતું તેથી તે ડૂબી જશે અથવા તો મોજાં તેને એકાદ ખડક સાથે અથડાવશે, તેથી તે ભાંગી જશે.

એટલામાં તે આગબોટ ખડક સાથે અથડાઈ અને તેના ચૂરેચૂરા થઈ ગયા. કપતાન અને ઘણાખરા ઉતારૂઓ મરણ પામ્યા. માત્ર નવ માણસ નાશ પામેલી આગબોટના એક કકડાને વળગી રહ્યાં હતાં. તેમની સ્થિતિ ઘણી ભયંકર હતી. તેમને જીવવાની આશા નહોતી અને પ્રતિક્ષણે ડૂબી જવાની બીક હતી.

આવી સ્થિતિમાં ડાર્લિંગે ને તેની પુત્રી ગ્રેસે તેમને જોયાં. ડાર્લિંગ બહાદુર હતો; પરંતુ આવા તોફાનમાં મછવો હાંકી જીવતાં માણસોના રક્ષણને અર્થે ઝંપલાવાની તેની હિંમત

ચાલી નહિ. તેને ખાતરી હતી કે આવા સખ્ત તોફાનમાં મછવો જઈ શકવાનો નથી.

જે જગાએ આગબોટ ડૂબી હતી તે દીવાદાંડીથી માત્ર અર્ધો માઈલ દૂર હતી. ડૂબતાં ને બચેલાં માણસોની હૃદયવેધક કીકીઆરી દીવાદાંડીમાંથી સંભળાતી હતી.

ગ્રેસ માત્ર બાવીસ વર્ષની હતી. તે ઘણી દયાળુ અને બહાદુર હતી. તેણે પિતાને આગ્રહપૂર્વક વીનવ્યા કે તમે મછવો ઉતારો. હું તમારી સાથે આવીશ અને એક હલેસું લઈ હું કામ કરીશ.

પુત્રીના આગ્રહથી પિતાએ મછવો ઉતાર્યો. તેણે કહ્યું, આપણે મોતના મોંમાં મોત શોધતા જઈએ છીએ; પણ તે વીરબાળાએ કહ્યું કે ગમે તે થાય તોપણ આપણે મછવો ઉતારવોજ જોઈએ અને બચેલા પુરુષોને અહિં લાવી જીવાડવાજ જોઈએ.

પિતાને મછવો ઉતારવો પડ્યો અને વીરબાળા તેમાં પહેલી ઊતરી. વૃદ્ધ પિતા તેની પછી તેમાં ઊતર્યો. વીરબાળાએ એક હલેસું ચલાવ્યું. તેના હૃદયના બળે તેના હાથમાં બળ મૂક્યું. પિતાએ ઘણી સંભાળ ને સાવચેતીથી મછવો તોફાનમાં હંકાર્યો. અને અતિપ્રયાસે તેઓ જ્યાં આગબોટ ડૂબી હતી ત્યાં પહોંચ્યાં.

બચેલાં નવ માણસમાંથી તેમણે મછવામાં પ્રથમ ચાર મરદ ને એક સ્ત્રીને બેસાડ્યાં અને મછવો દીવાદાંડી આગળ લઈ ગયાં. ત્યાર પછી એ બચેલાં માણસોમાંનાં બેને લઈ વીરબાળાએ તે મછવો પાછો હંકાર્યો અને બાકીનાં ચાર માણસને તેઓ દીવાદાંડીમાં લઈ આવ્યા. દીવાદાંડીમાં તે વીરબાળાની માએ બચેલાં માણસોની માવજત કરી અને ત્રણ દિવસ રહી

તોફાન શમ્યું ત્યારે તેઓ પોતાને ગામ ગયાં.

ધન્ય છે આ વીર બાળાને! તેની કીર્તિ ચારે તરફ પ્રસરી. દરેક જણ તેનાં વખાણ કરવા લાગ્યું. ઉદાર પુરુષોએ ઉઘરાણું કરી તેને ૬૦૦ પાઉંડ ભેટ મોકલ્યા. દેશના પ્રસિદ્ધ પુરુષો તરફથી તેને પ્રશંસાપત્રો મળ્યા. ચિત્રકારોએ આ એકાંત સ્થળે આવી તેની છબી લીધી. વર્ડ્ઝવર્થ જેવા પ્રસિદ્ધ અંગ્રેજી કવિએ કાવ્ય રચી તેની કીર્તિ ગાઈ. તે વીરબાળા એવી તો વિનીત હતી કે તેને કંઈ એમ લાગતું નહોતું કે મેં ભારે પરાક્રમ કર્યું છે.

જે પરાક્રમથી દુઃખી માણસો દુઃખમાંથી ઊગરે છે, જે પરાક્રમથી મરતાં માણસોના જાન બચે છે, અને જે પરાક્રમથી કંઈ પણ અનિષ્ટ થતું અટકે છે, તેજ ખરૂં પરાક્રમ છે. આવી નાની ઉમરમાં અને આવા ભારે જોખમમાં આ વીર બાળાએ જે દયા, પરોપકારવૃત્તિ, અને શૌર્ય દર્શાવ્યાં, તે સર્વથા પ્રશંસાને પાત્ર છે.

તે બાળા પોતાનાં માબાપ સાથે એ દીવાદાંડીમાં રહી; પરંતુ તેને ક્ષયરોગ થવાથી ત્યાંથી નીકળવું પડ્યું. તેણે નવ માણસના જીવ બચાવ્યા ત્યાર પછી ત્રણ વર્ષ રહીને તે ક્ષય-રોગનો ભોગ થઈ પડી. તે મરણ પામી; પણ તેની કીર્તિ અમર રહી છે. તેણે પોતાનું ટૂંકું જીવન દયા અને પરાક્રમથી નવ માણસના જીવ બચાવી સાર્થક કર્યું છે.

પાઠ ૩૯મો

હરામનું આવ્યું હરામમાં જાય, ભાગ ૧લો

બકબક નામે એક આંધળો માણસ હતો. દુર્દૈવને લીધે એને ભીખ માગી જીવનનો નિભાવ કરવો પડતો હતો. લોકોનાં

ઘર આગળ જઈ બારણાં ઠોકવાની એને ટેવ હતી; જ્યાંસુધી કોઈ ઘરમાંથી બોલે નહિ ત્યાંસુધી એ બારણાં ઠોકતો.

એક દિવસ એણે એક ઘરનું બારણું ઠોકયું. અંદરથી અવાજ નીકળ્યો, કોણ છે એ? બકબકે જવાબ ન દીધો, એટલે ઘર-ધણી નીચે આવ્યો. એણે બારણું ઉઘાડયું ને પૂછયું, તું કોણ છે? તારે શું જોઈએ છે?

બકબકે કહ્યું, ભાઈ, પ્રભુ તારૂં ભલું કરશે. મને કંઈક આપ.

ઘરધણીએ પૂછયું, તું આંધળો છે?

બકબકે કહ્યું, હા, ભાઈ.

ઘરધણીએ કહ્યું, ત્યારે તારો હાથ લંબાવ.

બકબકને લાગ્યું કે એ ભિક્ષા આપશે. એમ ધારી એણે હાથ ધર્યો; પણ ઘરધણી એ હાથ પકડી બકબકને માળ પર લઈ ગયો. ત્યાં બેસાડી તેને તેણે પૂછયું, ભાઈ, તારે શું જોઈએ છે?

બકબકે કહ્યું, મેં તને કહ્યુંજ છે. પ્રભુ તારૂં ભલું કરશે; મને કંઈક આપ.

ઘરધણીએ ઉત્તર વાળ્યો, હું તારે માટે આટલુંજ કરી શકું એમ છું. હુ ઇચ્છું છું કે ઈશ્વર તેને દેખતો કરે.

બકબકે કહ્યું, એવું હતું તો બારણા આગળજ એમ કહેલું હતું. મને ઉપર આણ્યો તેમ હવે મને નીચે મૂકી જા.

ઘરધણીએ કહ્યું, બારણાં ઉઘાડાં છે. ઇચ્છા હોય તો એકલો જા.

આંધળો હોવાથી બકબક એક પગથીઉં ચૂકયો ને ગબડતો ગબડતો નીચે આવ્યો. એ નીચે પડ્યો તે વખત ત્યાં બે આંધળા માણુસ હતા. તે એને ઓળખતા હતા. તેમણે એનો અવાજ પારખ્યો ને એને પડવાનું કારણ પૂછયું. એણે તે

જણાવ્યું ને બે આંધળાઓ, જે એના ગોઠીઆ હતા, તેમને કહ્યું, આજે કંઈ મળ્યું નથી; હું ભૂખ્યો છું; ચાલો, આપણે ઘેર જઈએ ને આપણા ત્રણેનાં નાણાં છે તેમાંથી કંઈ ખાવાનું આણીએ. ત્રણે જણને એ વાત રુચી ને તેઓ ઘેર ગયા.

જે ઘરધણી બકબક સાથે ખરાબ રીતે વર્ત્યો હતો તે લુટારો હતો. બે આંધળા સાથે બકબકે વાત કરી તે તેણે સાંભળી લીધી ને તેમની પાસે નાણાં છે એમ જાણી તેમની પાછળ પાછળ ગયો.

ત્રણે આંધળા ને તેમની પાછળ છુપો છુપો ચાલતો પેલો ઘરધણી લુટારૂ ઘરમાં પેઠા. બકબકે પોતાના બે આંધળા મિત્રોને કહ્યું, જુઓ, ભાઈ, દસ હજાર સોનામહોર આપણે એકઠી કરી હતી તે મેં સાચવીને મૂકી છે. ત્યાંથી હવે તે કાઢું છું. જુઓ, તેને હું અત્યાર સુધી અડકયોએ નથી; તે હતી તેમની તેમ છે. આપણે દરેક જણ તેમાંથી થોડુંક સરખું નાણું કાઢીએ.

બેમાંના એક આંધળા મિત્રે તેને કહ્યું, તેમ કરવાની જરૂર નથી. મેં ભીખ માગી ફળ, મેવો, ને ઘણો ખોરાક આણ્યો છે, તેમાંથી આપણે ખાઈ એ. એકઠું કરેલું નાણું એમનું એમ છો રહ્યું.

ત્રણે મિત્રો ખાવા મંડયા. પેલો લુટારૂ પણ ધીમેથી અંદરથી ખાવા મંડ્યો. આંધળાઓને તે વાતની ખબર તો ન પડત; પણ એ ખાતો હતો તેના બચકારા બોલતા હતા, તે બકબકે સાંભળ્યા, એટલે તે બૂમ પાડી ઊઠ્યો, ચોર! ચોર! ત્રણે જણ બોલી ઊઠયા, મારો, ઝાલો. બકબકે લુટારૂનો હાથ ઝાલી રાખ્યો હતો, તેથી બધા તેને મારવા મંડયા. લુટારૂ પણ બૂમ પાડવા મંડ્યો, ચોરો છે, ઝાલો, કોઈ આવો. એટલામાં પાડોશીઓ આવી ચઢયા. આંધળાઓએ કહ્યું કે આ ચોર છે,

અમારા પૈસા ચોરવા આવ્યો છે. લુટારૂએ આંખો બંધ કરી



દીધી ને કહ્યું, એ જૂઠા છે. હું તો એમનો સોબતી છું. મિલકત-માંનો મારો હિસ્સો એ આપતા નથી. મને અન્યાય કરે છે.

પાડોશીએ વિચાર્યું કે આપણે શા માટે માથાફોડમાં પડવું, કાજીને ત્યાં છો ન્યાય થતો. એમ ધારી એ બધાને તેઓ કાજીને ત્યાં લઈ ગયા.

પાઠ ૪૦મો

હરામનું આવ્યું હરામમાં જાય, ભાગ ૨જો

એ બધા કાજીને ત્યાં ગયા કે તરત પેલા લુટારૂએ કાજીને કહ્યું, કાજી સાહેબ, અમે બધા સરખા ગુનેગાર છીએ: મારા ત્રણ સોબતીઓ ને હું; પણ અમે સોગન પર એક બીજા સાથે બંધાયા છીએ કે ખૂબ માર ખાઈએ નહિ ત્યાં-સુધી કંઈજ કબૂલ કરવું નહિ. મને પહેલો મારો. આંખ બંધ રાખી આંધળો હોય તેમ વેષ કરીને લુટારૂ એ પ્રમાણે બોલ્યો.

કાજી સાહેબે લુટારૂને સપાટા મરાવવાનું શરૂ કર્યું. વીસ-પચીસ સપાટા તો એ ખાઈ શક્યો, પણ જ્યાં વધુ સપાટા થયા કે દુઃખથી ગભરાઈ ગયો હોય એવો એણે દેખાવ કર્યો ને ધીમેથી પહેલી એક ને પછી બીજી આંખ ઉઘાડી. પછી એણે કાજીના સામું જોઈ દયાની આજીજી કરી. એને દેખતો જોઈ કાજીને ઘણું કૌતુક લાગ્યું. કાજીએ પૂછ્યું, અલ્યા શઠ! આ કૌતુક કેવી રીતે થયું? આનો ભેદ શો છે?

લુટારૂએ કહ્યું, કાજી સાહેબ, આપ માફ કરો તો અમારો ગુનો હું કહું ને આ ભેદ સમજાવું.

કાજીએ અભયવચન આપ્યું, એટલે લુટારૂ બોલ્યો, કાજી સાહેબ! મારે આપને ખરેખરૂં કહેવુંજ જોઈએ કે હું ને મારા ત્રણે સોબતીઓ સારી રીતે જોઈ શકીએ છીએ. અમે અંધાપો ખોટો ધારણ કરેલો છે. એમાં અમારી એવી બુરી દાનત હતી કે અમારા પર કોઈને શક આવે નહિ ને અમે મરજી મુજબ લોકોના ઘરમાં દાખલ થઈ શકીએ. મારે વળી કબૂલ કરવું જોઈએ કે આ પ્રકારની લુચ્ચાઈથી

અમે દસ હજાર સોનામહોર એકઠી કરી છે. મારા ભાગની અઢી હજાર મહોર મેં મારા સોબતીઓ પાસે આજ માગી, પણ મને તે આપવાને બદલે તેઓ મને મારવા મંડયા. તે વખત આ બધા પાડોશીઓ આવી ચઢયા ને મેં બધાને આ વાત જાહેર કરી દીધી. હું આપને વીનવું છું કે મારા ભાગની અઢી હજાર મહોર મને અપાવો. મારા સોબતીઓ પાસે આપને સત્ય વાત કબૂલ કરાવવી હોય તો મને સપાટા પડયા એટલા એમને મરાવો, એટલે જેમ મેં આંખ ઉઘાડી તેમ એ ત્રણ જણા પણ ઉઘાડશે.

કાજીએ એ ત્રણેને ખૂબ સપાટા લગાવરાવ્યા, પણ કોઈએ આંખ ઉઘાડી નહિ કે કંઈ કબૂલ્યું નહિ. લુટારાએ એક પાસથી આંધળાઓને કહ્યું કે માર ખાઓ છો તેના કરતાં આંખ ઉઘાડો ને કબૂલી દો, ને બીજી પાસથી કાજીને કહ્યું, સાહેબ, એઓ ઇરાદાપૂર્વક હઠીલાઈ કરે છે. ગમે એટલો માર ખાશે પણ એ કદી આંખ નહિ ઉઘાડે. એમને આપ શિક્ષા કરો તેથી બીજાઓ સમક્ષ અપયશ જોવા એ આંખ ઉઘાડતાં શરમાય છે. સાહેબ, બહેતર છે કે એ બધાને માફી આપી છોડી મૂકો ને એમણે છુપાવેલી છે તે દસ હજાર સોનામહોર માટે કોઈને મારી સાથે મોકલો.

કાજીએ તે પ્રમાણે કર્યું ને મહોરો આવી તેમાંથી અઢી હજાર મહોર લુટારૂને આપી ને બાકીની જપ્ત કરી. આંધળાઓ પર દયા લાવી તેમને કાજીએ દેશનિકાલનીજ સજા કરી. હરામનું આવેલું નાણું આમ હરામમાં ગયું.

પાઠ ૪૧મો

આજ્ઞાધીનતા

છોકરાંએ માબાપની આજ્ઞા માનવી, એ તેમનો મુખ્ય ધર્મ છે. માબાપ તેમને પાળીપોષીને મોટાં કરે છે, તેમને માટે અનેક દુ:ખ સહન કરે છે, તેમને પૈસા ખરચી કેળવે છે, અને તેમને સુખી કરવા અત્યંત કાળજી રાખે છે. તેમનું હિત જેવું તેમના હૃદયમાં છે તેવું બીજા કોઈના હૃદયમાં નથી. તેઓ કહે તે પ્રમાણે કરવું અને જે માર્ગ દર્શાવે તે માર્ગે જવું, એ બાળકોનો ધર્મ છે. તેમની આજ્ઞાને હમેશ અધીન રહેવું, કદી પણ આજ્ઞા લોપી તેમને ખોટું લગાડવું નહિ, એ તેમની ફરજ છે.

રામચંદ્રે દશરથની આજ્ઞા માથે ચઢાવી વનવાસ સેવ્યો હતો. શ્રવણે અંધ માતાપિતાની આજ્ઞાને અનુસરી તેમને કાવડમાં બેસાડી યાત્રા કરાવી હતી. ઉપનિષદ્‌માં માતા અને પિતાને દેવ ગણવા એવી આજ્ઞા છે. જે છોકરાં માબાપની આજ્ઞા હમેશ માન્ય કરે છે, તેમનું જીવન સુખી થાય છે. જેઓ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરી તેમને દુભવે છે ને તેમની આંતરડી કકળાવે છે, તેઓ કદી સુખી થતાં નથી.

કુટુંબનાં વડીલોને પણ માબાપ જેવાં ગણવાં. મોટા ભાઈ ને મોટી બેન કહે તેમ કરવું. તેમની આજ્ઞાને માબાપની આજ્ઞા જેવી માનવી.

શિષ્યે ગુરુને પિતા જેવા ગણવા. 'શિષ્ય' એ શબ્દનો અર્થ તમે જાણો છો ? 'શિષ્ય' એટલે શાસન કરવા યોગ્ય. જે કબજામાં રહી શકે, કહ્યા પ્રમાણે વર્તે તે શિષ્ય કહેવાય; આજ્ઞાને તિરસ્કારે તે શિષ્ય કહેવાય નહિ. જેનું ચિત્ત ભણવામાં

છે અને જે ગુરુના શિક્ષણ પર લક્ષ આપે છે તેનેજ વિદ્યાદાન કરવું, અન્યને નહિ, એમ ગુરુને શાસ્ત્રની આજ્ઞા છે.

પ્રાચીન સમયમાં અધિકાર વગર કોઈ પણ પ્રકારનું જ્ઞાન ને દીક્ષા આપવામાં આવતાં નહોતાં. અધિકાર એટલે યોગ્યતા. જ્યાંસુધી તમે શિષ્ય, એટલે શાસન કરવા યોગ્ય, વિનીત, શ્રદ્ધાળુ, ધ્યાનપર થયા નથી, ત્યાંસુધી તમારો જ્ઞાન સંપાદન કરવાનો અધિકાર થયો નથી.

તમારે બીજાને આજ્ઞાધીન કરવા હોય તો તમારે પોતે આજ્ઞાધીન થવું. જેઓ અન્યને ઉપદેશ કરે છે પણ પોતે તે ઉપદેશ પાળતા નથી તેમનો ઉપદેશ નિરર્થક જાય છે એટલુંજ નહિ, પણ તેઓ આડંબરી, મિથ્યાભાષી ગણાય છે અને લોકોની હાંસી પામે છે. તેમના પર કોઈ ભરોસો રાખતું નથી.

ગુરુ શિષ્યને વખતસર નિશાળે આવવાનું કહે ને પોતે મોડા આવે, સભ્યતાથી બોલવાનું કહે ને પોતે બોલવામાં તોછડાઈ બતાવે, સાચું બોલવાનું કહે ને પોતે જૂઠું બોલતા માલમ પડે, તો તેમનો ઉપદેશ નિષ્ફળ થાય અને તેમને માટે શિષ્યને માન રહે નહિ.

તેજ પ્રમાણે બીજાં તમારી આમન્યા પાળે એમ તમે ઇચ્છતા હો તો તમારે જાતે આજ્ઞાધીન થઈ સારો દાખલો દેખાડવો જોઈએ. ઉપદેશ કરતાં દાખલો ઘણો બલવત્તર છે, એ હમેશ યાદ રાખવું.

દેશના કાયદાને માન આપવું, એ દરેક પુરુષની ફરજ છે. કોઈ કાયદો પાળે નહિ ને સ્વચ્છંદી થાય તો દેશમાં સર્વત્ર અવ્યવસ્થા થઈ રહે. આપણા જાનમાલ સહીસલામત રહે નહિ. દેશમાં ચોર, દગલબાજ, અને વગર ઉદ્યોગે પારકાનું લૂટી પોતાનું પેટ ભરનાર એવા પુરુષોનું બળ વધે. કોઈને પોતાના

પ્રામાણિક ઉદ્યોગનું ફળ મેળવવાની કે ભોગવવાની ખાતરી ન રહે, તો તેવો ઉદ્યોગ કોણ કરે ? સર્વત્ર અરાજકતા થઈ ત્રાસ વર્તે; માટે કાયદાને માન આપવાને સર્વ બંધાએલા છે.

કાયદાની દૃષ્ટિએ સર્વ સમાન છે, એજ એનું ગૌરવ છે. રાજા તેમજ રંક, નાનામોટા, સર્વને કાયદો સરખી રીતે લાગુ પડે છે.

કાયદાનો અમલ કરનારા અધિકારીઓએ સર્વ તરફ સમાન દૃષ્ટિ રાખવી જોઈએ અને ઇન્સાફની સાથે દયાભાવ દર્શાવવો જોઈએ. એવા અમલમાં પ્રજા હરેક રીતે સુખી ને આબાદ થાય છે.

આજ્ઞાનો અમલ સહેલથી કરાવવા માટે માબાપની, ગુરુની, વડીલોની, તેમજ કાયદા રચનારની ફરજ છે કે તેમણે પાળી શકાય એવીજ આજ્ઞા કરવી જોઈએ. તે આજ્ઞા પળાવવામાં ભય કરતાં પ્રેમનો વિશેષ ઉપયોગ કરવો જોઈએ.

पाठ ४२मो

प्रभातियुं

रात रहे ज्यारे पाछली खट घडी,
साधु पूरूषने सुइ न रहेवुं;
निद्राने परहरी समरवा श्रीहरी,
एक तुं एक तुं एम् कहेवुं. टेक०
जोगिया होय तेणे जोग संभाळवा,
भोगिया होय तेणे भोग तजवा;
वेदिया होय तेणे वेद विचारवा,
वैष्णव होय तेणे कृष्ण भजवा. रात०

सुकवि होय तेणे सद्‌ग्रंथ बांधवा,
दातार होय तेणे दान करवुं;
पतिव्रता नारिए कंथने पूछवुं,
कंथ कहे ते तो चित्त धरवुं. रात०
आपणे आपणा धर्म संभाळवा,
कर्मनो मर्म लेवो विचारी;
नरसैना स्वामिने स्नेहथी समरतां,
फरी नव अवतरे नर ने नारी. रात०

नरसिंह महेतो

પાઠ ૪૩મો

ભલો ન્યાયાધીશ, ભલો રાજકુમાર, અને ભલો રાજા

ચૌદમા સૈકાને અંતે ઇંગ્લંડમાં ૪થા હેન્રિ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને હેન્રિ નામે પુત્ર હતો, તે પાછળથી ૫મા હેન્રિ તરીકે રાજ્યગાદી પર બેઠો.

રાજકુમાર નાહાન અને કૂર હતો. તેના મિત્રો દુરાચારી હતા અને કુમાર્ગે પ્રવર્તી કાયદાનો ભંગ કરતા હતા. તેના સેવકો પણ એવાજ હતા. એક વખત તેના એક અતિપ્રિય સેવકે રાજદ્રોહનો ઘોર અપરાધ કર્યો, તેથી તેનું કામ રાજ્યના મુખ્ય ન્યાયાધીશની કચેરીમાં ચલાવવામાં આવ્યું. રાજકુમારને તેના મિત્રોએ ઉશ્કેર્યો કે તમારા સેવકની સામા ન્યાય કરનાર ન્યાયાધીશ કેવો ધૃષ્ટ છે!

રાજકુમાર આવી ઉશ્કેરણીથી ખૂબ ઉશ્કેરાયો. તે ક્રોધથી



લાલચોળ થઈ ગયો અને પોતાના સેવકને જે કેદીના પાંજરામાં ઊભો રાખ્યો હતો તે પાંજરાની નજીક તે ગયો અને ક્રોધના આવેશમાં તેને છૂટો કરવાનો ન્યાયાધીશને તેણે હુકમ કર્યો.

રાજકુમારનું આ આચરણ જોઈ, કચેરીના બધા માણસો સ્તબ્ધ થઈ ગયા. પરંતુ ન્યાયાધીશે ગાંભીર્ય જાળવી કચેરીનો દબદબો સચવાય એવી રીતે નમ્રતાપૂર્વક રાજકુમારને સમજાવ્યો. કુમાર ! તમારે કાયદાની સત્તાની આડે આવવું ન જોઈએ. કાયદા પ્રમાણે તમારા સેવકને જે શિક્ષા થાય તે તમારે થવા દેવી જોઈએ. પછી તમારે તમારા પિતાને અરજ કરી એ શિક્ષા કમી કરાવવા પ્રયત્ન કરવો. આથી કાયદાનું માન ને મરતબો સચવાશે અને તમારા પિતા પોતાની ખાસ સત્તાથી તમારા પ્રિય સેવકને માફી આપી શકશે કે તેની શિક્ષામાં ન્યૂનતા કરી શકશે; તેમને જેમ યોગ્ય લાગશે તેમ કરશે. તમારા સેવક પર તમે રાજાની કૃપાદૃષ્ટિ મેળવી શકશો.

ન્યાયાધીશે રાજકુમારને આ પ્રમાણે શાંત પાડવા યોગ્ય પ્રયત્ન કર્યો; પણ દુર્વ્યસની મિત્રોની સોબતથી કુચ્છંદી બનેલો કુમાર શાંત થવાને બદલે વધારે ક્રોધી બન્યો. આવેશમાં તેણે સેવકને છૂટો કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

ન્યાયાધીશે જોયું કે આ પ્રમાણે રાજકુમાર પોતાના સેવકને છૂટો કરી કચેરીમાંથી લઈ જશે તો ન્યાયના કામમાં ખલલ પહોંચશે અને ન્યાયની પવિત્રતા ને પ્રતિષ્ઠાને મોટું કલંક લાગશે. આથી તેણે રાજકુમારને કચેરીમાંથી ચાલ્યા જવાનો હુકમ કર્યો.

પરંતુ રાજકુમાર તો તે હુકમ સાંભળી લાલપીળો થઈ ગયો. ક્રોધમાં ને ક્રોધમાં તે ભયંકર ચહેરો કરી ન્યાયાધીશના

આસન પાસે ગયો. કચેરીના બધા માણસોને ભય લાગ્યો કે તે ન્યાયાધીશને મારી નાખશે કે તેને ભયંકર ઈજા કરશે. પરંતુ ન્યાયાધીશ શાંત રહ્યો; પોતાની બેઠક પરથી લગાર પણ પણ ડગ્યો નહિ; અને ગંભીરતાપૂર્વક મક્કમ, ને બહાદુર દેખાવથી તેણે કુમારને નીચે પ્રમાણે કહ્યું:—

કુમાર, યાદ રાખો. હું ન્યાયસભામાં રાજાનો પ્રતિનિધિ છું. રાજા તરફ તમે બે પ્રકારની ભક્તિ દર્શાવવા બંધાએલા છો. એ તમારા પિતા ને દેશના રાજા છે. પિતા ને રાજા તરીકે તમે બે રીતે એમની આજ્ઞા પાળવા બંધાએલા છો. એ રાજાનો હું પ્રતિનિધિ છું એટલે મારો હુકમ માનવો એ તમારી ફરજ છે. હું રાજાને નામે તમને હુકમ કરૂં છું કે તમારૂં દુર્વિનયથી ભરેલું, ઉદ્ધત આચરણ છોડી દો અને પ્રજાને સારો દાખલો બેસાડો. હવે તમે કચેરીનું અપમાન કર્યું, આજ્ઞાભંગ કર્યો, તેને માટે હું તમને કેદમાં મોકલું છું અને રાજા સાહેબની મરજી થાય ત્યાંસુધી ત્યાં રહેવાનો હુકમ કરૂં છું.

આ શબ્દો સાંભળી અને ન્યાયાધીશની ગંભીર મુદ્રા નિહાળી રાજકુમાર શર્મિંદો પડી ગયો. તેણે હાથમાંનું શસ્ત્ર છોડી દીધું અને તે ન્યાયાધીશને નમીને તેના હુકમ પ્રમાણે ખુશીથી કેદમાં ગયો.

આ બધું જોઈ રાજકુમારના સેવકોને ખોટું લાગ્યું. તેઓ રાજા પાસે ગયા અને તેમને આ બધી હકીકત નિવેદન કરી. રાજાએ આ સાંભળી ઊંચે જોઈ પ્રભુનો ઉપકાર માન્યો કે તમે મને એવો ભલો ન્યાયાધીશ આપ્યો છે કે તે ન્યાય કરતાં લેશ પણ બીતો નથી અને એવો ભલો કુમાર આપ્યો છે કે તે તે ન્યાયાધીશની આજ્ઞા માથે ચઢાવે છે. ધન્ય છે એ

ભલા રાજાને, ભલા ન્યાયાધીશને, અને ભલા રાજકુમારને! ન્યાયની દૃષ્ટિમાં રાજા ને રંક, ધનિક ને દરિદ્ર, મોટો ને નાનો, સર્વ સમાન છે, એ ભલા રાજાએ અને ભલા ન્યાયાધીશે પોતાના નમુનાદાર આચરણથી દર્શાવ્યું અને ભલા રાજકુમારે પણ કાયદાને માન આપી તેની પવિત્રતા ને પ્રતિષ્ઠા જાળવી.

પાઠ ૪૪મો

શકુંતલાનું આખ્યાન, ભાગ ૧લો

દુષ્યંત નામે એક ચંદ્રવંશી યયાતિ રાજાનો વંશજ હતો. તે બહુ પ્રતાપી હતો.

એક દિવસ તે સેના સાથે શિકાર કરવા વનમાં ગયો. ત્યાં તેણે ઘણા મૃગો ને અન્ય પશુઓનો શિકાર કર્યો. ત્યાંથી તે બીજા વનમાં ગયો, તે વન ઘણુંજ રમણીય હતું. તેમાં અનેક જાતનાં વૃક્ષો ને પુષ્પો હતાં. કોઈ પણ વૃક્ષ પુષ્પ વિનાનું નહોતું. કોઈ પણ વૃક્ષ કંટકવાળું નહોતું. બધાં વૃક્ષો પર ભ્રમરો ગુંજન કરતા હતા.

એ વનનું સૌંદર્ય નિહાળતો નિહાળતો રાજા જતો હતો, એવામાં તેણે એક ઋષિનો આશ્રમ દીઠો. તેમાં અનેક જાતનાં મનોહર વૃક્ષો હતાં, અનેક મુનિઓ અગ્નિકાર્ય કરતા હતા, અને તેની પાસે થઈ માલિની નદી વહેતી હતી.

આ સુંદર તપોવન જોઈ રાજાએ પોતાનું લશ્કર દૂર રાખ્યું અને પોતે એકલો તે તપોવનમાં પેઠો. તેણે લશ્કરનાં માણસોને કહ્યું, હું આશ્રમના અધિપતિને મળીને આવું ત્યાંસુધી તમે બધા અહીં થોભજો.

રાજા આશ્રમમાં પેઠો; પણ તેમાં તેણે ઋષિને જોયા નહિ. અહિં કોણ છે?—એમ તેણે મોટેથી કહ્યું એટલે તાપસીનો વેષ જેણે ધારણ કર્યો છે એવી એક મનોહર કન્યા તેમાંથી બહાર આવી અને તેણે રાજાનું સ્વાગત કર્યું; તેને આસન આપી, તેનો સત્કાર કરી, પૂછ્યું, આપને આ આશ્રમમાં પધારવાનું શું પ્રયોજન છે? આપ કોણ છો?

તે રૂપવતી ને ગુણવતી કન્યાને જોઈ રાજાએ ઉત્તર આપ્યો કે હું ઇલિનનો પુત્ર છું; મારૂં નામ દુષ્યંત છે; હું મહાત્મા કણ્વ ઋષિની ઉપાસના કરવા આવ્યો છું.

તે કન્યાએ કહ્યું, મહારાજ! ઋષિ ફળ આણવા આશ્રમમાંથી બહાર ગયા છે, તેઓ થોડી વારમાં આવશે. તમે થોડી વાર થોભો.

રાજા એ કન્યાનું રૂપ અને ગુણ જોઈ મોહિત થયો. તેણે કહ્યું, હે કલ્યાણિ! તું કોણ છે? તું આ વનમાં શી રીતે આવી છે? હું તારો વૃત્તાંત જાણવા ઈચ્છું છું. હું તારા પર આસક્ત થયો છું. ક્ષત્રિય કન્યા સિવાય બીજી કન્યામાં, અર્થાત્, બ્રાહ્મણી કન્યામાં મારૂં મન આસક્ત થતું નથી. હું તને વરૂં છું; તું મને વર.

કન્યાએ કહ્યું, હું તપસ્વી અને ધર્મજ્ઞ કણ્વ ઋષિની પુત્રી છું: તેમની પાસે તમે મારી માગણી કરો. હું સ્વતંત્ર નથી.

રાજાએ કહ્યું, મુનિ સંસારથી વિરક્ત છે; તું મુનિની પુત્રી શી રીતે થઈ? કૃપા કરી મને સત્ય વાત કહે.

કન્યાએ કહ્યું, મહારાજ! સાંભળો. જૂઠું બોલનાર પાપી ને આત્મઘાતી થાય છે. હું જૂઠું નહિ કહું. પૂર્વે એક ઋષિ આ આશ્રમમાં આવ્યા હતા. તેમણે મારા પિતા કણ્વને પૂછ્યું હતું કે હે કાશ્યપ મુનિ! તમે સંસાર તજ્યો છે. આ શકુંતલા તમારી પુત્રી શી રીતે? તે પરથી મારા પિતાએ તેમને કહ્યું

વૃત્તાંત કહ્યો હતો, તે હું તમને કહી સંભળાવું છું.

અગાઉ વિશ્વામિત્ર ઋષિ તીવ્ર તપ કરતા હતા. તેમના તપથી ઇંદ્રને ફીકર થઈ કે એ મને ઇંદ્રાસન પરથી ઉઠાડી મૂકશે. આ કારણથી તપમાં વિઘ્ન નાખવા તેણે મેનકા નામની અપ્સરા મોકલી. તેણે અનેક કલા અને યુક્તિથી ઋષિનું મન આકર્ષ્યું. ઋષિનું મન ચલિત થયું અને મેનકા સાથે તેમના સંગમથી મેનકાને એક કન્યા અવતરી. કન્યાને વનમાં છોડી દઈ મેનકા સ્વર્ગ ગઈ. તે કન્યાને પક્ષીઓએ પોષી. હું સ્નાન કરવા ગયો હતો તે મેં એને દીઠી. પક્ષીઓએ એને પોષી માટે એનું નામ મેં શકુંતલા પાડયું. 'શકુન્ત' એટલે પક્ષી અને 'લા' એટલે ગ્રહણ કરવું. પક્ષીઓએ ગ્રહણ કરી, પોષી, માટે એ શકુંતલા કહેવાઈ. મેં એને ઉછેરી.

આ પ્રમાણે કાશ્યપ મુનિએ મારી કથા તે ઋષિને કહી હતી.



રાજાએ શકુંતલાને કહ્યું, તું ગાંધર્વ લગ્નથી મારો સ્વીકાર કર.

શકુંતલાએ કહ્યું, મહારાજ! તમે થોડી વાર રાહ જુઓ. હમણા કણ્વ ઋષિ આવશે. એઓ મારા પિતા છે, એ મારા પરમ દેવ છે; એઓ મને જેમને આપશે તે મારા ભર્તા થશે.

રાજાએ કહ્યું, સર્વ વિવાહોમાં ગાંધર્વ વિવાહ શ્રેષ્ઠ છે. આત્માજ આત્માનો બંધુ છે; માટે તું તારી મેળેજ તારૂં દાન કરવા યોગ્ય છે.

શકુંતલાએ કહ્યું, જો ધર્મમાર્ગ એજ હોય તો આપની સાથે એક શરત કરવા ઇચ્છું છું, તે એ કે મારાથી આપને જે પુત્ર થાય તે આપની પછી રાજા થાય.

રાજાએ એ શરત કબૂલ કરી.

પછી લોકનિંદા ન થાય માટે પુરોહિતને બોલાવી રાજાએ શકુંતલા સાથે વિધિપુરઃસર ગાંધર્વ લગ્ન કર્યું અને થોડો સમય તે તેની સાથે રહ્યો. તેણે શકુંતલાને ખાતરી આપી કે હું થોડા વખતમાં તારી પદવીને છાજે એવી રીતે દબદબાથી મારી રાજધાનીમાં તને બોલાવીશ. એમ કહી રાજા પોતાને નગર ગયો.

થોડી વારમાં ઋષિ આશ્રમમાં આવ્યા. શકુંતલા શરમની મારી તેમની સામું જોઈ શકી નહિ. ઋષિએ કહ્યું, તું બીતી મા. શકુંતલાએ બધો બનેલો વૃત્તાંત કહ્યો. ઋષિએ તેને અભિનંદન આપી આશીર્વાદ દીધો.

પાઠ ૪૫મો

શકુંતલાનું આખ્યાન, ભાગ ૨જો

દહાડા, પખવાડીઆં, માસો, ને વર્ષો વહી ગયાં, પણ દુષ્યંત રાજાએ શકુંતલાને તેડવા કોઈને મોકલ્યું નહિ.

શકુંતલાને ગર્ભ રહ્યો હતો. તેને પુત્ર સાંપડ્યો. તે છ વર્ષનો થયો. તે ઘણો બળવાન્ ને તેજસ્વી થયો. વનના વાઘ અને સિંહો સાથે તે ક્રીડા કરતો, વનના રાક્ષસોને મુષ્ટિપ્રહાર કરતો, ને



બધાં પ્રાણીઓને તે વશ કરતો. આ ઉપરથી મુનિઓએ તેનું નામ સર્વદમન પાડ્યું.

ઘણો વખત ગયો છતાં રાજા તરફથી તેડું આવ્યું નહિ, તેથી શકુંતલા દિવસે દિવસે લેવાતી ગઈ. આ અવસ્થા જોઈ મુનિએ તેને કહ્યું, વત્સે! સાંભળ. મન, વાણી, અને કર્મથી

પતિની સેવા કરવી એ પત્નીનો ધર્મ છે. તું જાતે રાજાની પાસે જા. તારો પુત્ર યુવરાજ થશે અને તું તેને જોઈ આનંદ પામીશ. તારે સામો ઉત્તર ન દેવો.

ઋષિએ પૌત્રને કહ્યું, વત્સ ! તારી માતા ચંદ્રવંશમાં ઉત્પન્ન થએલા, પ્રસિદ્ધ દુષ્યંત રાજાની પટ્ટરાણી છે. તે તારી સાથે સ્વામી પાસે જવા ઇચ્છે છે. તું જા, યુવરાજ થઈશ.

મુનિને નમન કરી સર્વદમને કહ્યું, ભગવાન્ ! તમેજ મારા પિતા છો; તમેજ મારી માતા છો; હું બીજાને પિતા માનતો નથી. શકુંતલાને સ્વામી પાસે જવાની ઇચ્છા હોય તો ભલે તે જાય. હું તો આપનીજ પાસે રહી આપની સેવા કરીશ.

સર્વદમનનું આ વચન સાંભળીને શકુંતલાને રોવું આવ્યું. માને રોતી જોઈ પુત્રે કહ્યું, મુનિનું વચન સાંભળી તું રૂએ છે શાની ? તારા પર સ્વામીની પ્રીતિ હોય તો તારે કાલે સવારે જવું.

શકુંતલાએ કહ્યું, હું અટકાવું છું તોપણ તું રોજ તોફાન કરે છે. વનનાં પ્રાણીને હાથમાં લઈ ચક્કર ચક્કર ફેરવે છે. તારાં અડપલાંથી ઋષિ આપણાથી કંટાળ્યા છે ને આપણને દેશવટો દે છે. હું દુષ્યંતની પાસે જવાની નથી. હું ઋષિના પાદ સેવીશ. એમ કહી તે ઋષિને પગે પડી.

ઋષિએ કહ્યું, શકુંતલા, સાંભળ, હું તને હિતકારક વચન કહું છું. તું પતિવ્રતા છે. પતિવ્રતાનું દેવો કલ્યાણ કરે છે ને તેને આપત્તિમાંથી છોડવે છે; માટે જા ને રાજાનું આરાધન કર.

પછી તેમણે સર્વદમનને કહ્યું, વત્સ ! તારી માતાનું મન સ્વામી પાસે જવાનું છે, પણ તે વાણી ઉલટી બોલે છે; માટે તું એને મુનિઓ સાથે તેડી જા.

એમ કહી ઋષિએ મુનિઓને આજ્ઞા કરી કે તમે એને પુત્ર સાથે રાજા પાસે લઈ જાઓ. નારીએ બાંધવોમાં ચિર કાળ રહેવું યુક્ત નથી; એને સ્વામી પાસે મૂકી આવો.

કાશ્યપ ઋષિની અનુજ્ઞા મળી તેથી શકુંતલા રાજી થઈ. પુત્રે કહ્યું, માતા ! વિલંબ કેમ કરો છો ? પિતાએ અનેક વાર કહ્યું, છતાં વિલંબ કરવો ઠીક નથી. ચાલો, રાજા પાસે જઈએ.

શકુંતલાએ પિતાની પ્રદક્ષિણા કરી, નમસ્કાર કરી કહ્યું, અજ્ઞાનથી મેં કંઈ અનિષ્ટ કર્યું હોય, કે હું કંઈ અસત્ય વદી હોઉં, કે મેં કંઈ ન કહેવાનું કહ્યું હોય, તો તે બધું ક્ષમા કરજો.

આ સાંભળી કણ્વ મુનિનું પણ હૃદય પીગળ્યું અને તેમની આંખમાંથી આંસું સર્યાં. તેમણે મુનિઓને બોલાવીને કહ્યું, મેં આ મારી પુત્રીને નિત્ય લડાવી છે; એ વનમાં જન્મી છે, વનમાં ઊછરી છે; એ કંઈજ જાણતી નથી. તમે બધા ગંગા-યમુનાના સંગમ પર આવેલા પ્રતિષ્ઠાન નગર સુધી સાથે જાઓ. ત્યાંથી પાછા ફરજો.

મુનિઓએ ઋષિની આજ્ઞા પ્રમાણે કર્યું. પ્રતિષ્ઠાન નગર પહોંચ્યા પછી મુનિઓ પાછા ફર્યા. શકુંતલા ને કુમાર એકલાં ચાલતાં ચાલતાં રાજધાની પહોંચ્યાં. રસ્તામાં લોકો કુમારને જોઈને બોલ્યા, રૂપ, તેજ, ને આકારમાં કુમાર દુષ્યંત રાજાના સરખો છે. એ કોનો પુત્ર હશે ?

તેઓ રાજમહેલ પહોંચ્યાં એટલે શકુંતલાને હર્ષ થયો. તેણે પુત્રને કહ્યું, આ તારા પિતા. એમને નમસ્કાર કર. એમ કહી પોતે શરમને લીધે નીચું ઘાલી થાંભલાને અઢીંગીને ઊભી રહી. પુત્રે પણ નમસ્કાર કરી તેમની તરફ નજર કર્યા કીધી.

દુષ્યંત બોલ્યો, હે સુંદર સ્ત્રી, તારે અહિં આવવાનું શું કારણ છે તે કહે.

શકુંતલાએ જવાબ દીધો, રાજાજી, પ્રસન્ન થાઓ. આ પુત્ર તમારો છે. એને યૌવરાજ્યનો અભિષેક કરો. આપે મુનિના આશ્રમમાં વચન આપ્યું હતું તે પ્રમાણે વર્તો.

રાજા અન્ય રાણીઓના સમાગમમાં લાંબો વખત સુખમાં રહ્યો હતો એટલે શકુંતલાની વાત તેના મનમાંથી જતી રહી હતી. તેથી તેણે કહ્યું, મને તારી સાથે સમાગમ થએલો યાદ આવતો નથી. તારે રહેવું હોય તો રહે ને જવું હોય તો જા.

શકુંતલા બોલી, મહારાજ! જાણો છો છતાં નથી જાણતો એમ કેમ કહો છો? મનુષ્ય એમ જાણે છે કે હું અહિં એકલો છું, મારૂં પાપ કોણ જાણે છે? પરંતુ ઈશ્વર અને તેનું હૃદય તો તે જાણે છેજ. માટે હે રાજા, સત્યનું પ્રતિપાલન કરો; સત્યસમાન બીજો ધર્મ નથી ને અસત્ય કરતાં બીજું અધિક પાપ નથી. તમને મારે વિષે વિશ્વાસ આવતો નથી તો હું આશ્રમે પાછી જઈશ. આ પુત્ર આકાર, શીલ, વિદ્યા, વગેરેમાં તમારા જેવોજ છે; એનું તો ગ્રહણ કરો.

પરંતુ રાજાએ તેનો પણ સ્વીકાર ન કર્યો, એટલે શકુંતલા કુમારને લઈ આશ્રમ તરફ જવા નીકળી; એટલામાં આકાશવાણી થઈ કે રાજા, શકુંતલા સત્ય બોલે છે; એનો સ્વીકાર કર.

આ ઉપરથી રાજાએ શકુંતલાનો ને કુમારનો સ્વીકાર કર્યો. તેણે પુત્રનું નામ ભરત પાડ્યું. થોડાં વર્ષ રહી તેણે ભરતને ગાદી આપી વનવાસ કર્યો

મહાભારતમાં આ પ્રમાણે આખ્યાન છે. એમાં ઘટિત ફેરફાર કરી કાલિદાસે 'અભિજ્ઞાનશકુંતલા' એ નામનું નાટક રચ્યું છે, તે સુપ્રસિદ્ધ છે.

पाठ ४६मो

ओद्धव गोकुळमां

राग धोळ

चाल्या ओद्धव ग्रहिने संदेश रे, शोभे हरिसम सुंदर वेश रे;
बेठा रथ पर दइ हरिनाम रे, चाल्या उद्धव गोकुळ गाम रे. १
रवि अस्त थयो ज्यारे रे, आव्या उद्धव वनमां त्यारे रे;
नंदरायनुं व्रज घणुं शोभे रे, देखी मुनिवरनां मन लोभे रे. २
उडे गोरज डमरी भारी रे, तेणे शोभे छे व्रज सुखकारी रे;
धोळां वाछडां धेनु अपार रे, ए छे व्रजकेरो शणगार रे. ३
गाजे गोकुलियुं गोनादे रे, गोपीगोपतणे संवादे रे;
गाय गोपीओ हरिगुणसार रे, वाय वांसळी गोप अपार रे. ४
तेणे शोभे छे गोकुळ गाम रे, एने मध्य छे नंदनुं धाम रे;
अग्नि, अर्क, अतिथि, ने देव रे, तेनी गोप करे बहु सेव रे. ५
धुप, दीप, ने मंगल साज रे, शोभे शोभे घर घर श्रेष्ठ समाज रे;
मुक्तानंद कहे गोकुळ जोई रे, रह्युं ओधवनुं मन मोही रे. ६
शोभा जोतां ओधव हरिदास रे, आव्या नंदना मंदिर पास रे;
नंदरायनुं मंदिर सार रे, पासे पुष्पनां वृक्ष अपार रे. ७
तेमां पंखी करे बहु नाद रे, जाणे ओधवने देशे साद रे;
एवी शोभा ते जोता अपार रे, आव्या ओधवजी नंदद्वार रे. ८
निरख्या ओधवने नंदराय रे, जाणी हरिजन हरखं न माय रे;
भेटया नंद कही शुभ वाणी रे, पूज्या पुरुषोत्तमसम जाणी रे. ९

मनवांछित अन्न जमाडी रे, पछे पलंग उपर पधरावी रे;
आपी पानबीडी मुखवास रे, बेठा नंद ओधवजीनी पास रे. १०
सुखे बेठा ते ओधव ज्यारे रे, बोल्या नंदराय हसी त्यारे रे;
वासुदेव सखा मम जेह रे, कहोने ओधव सुखीया छे तेह रे. ११
एनो कुशळ छे सौ परिवार रे, कहोने ओधव परम उदार रे;
मुवो पापे पोताने ए कंस रे, गयो सेजे अधर्मीनो वंश रे. १२
पीड्या जादव सर्वेने एणे रे, गयो कंसनो वंश तेणे रे;
कहोने सुखिया छे कृष्ण ने राम रे, ए छे मुक्तानंदना श्याम रे. १३

मुक्तानंद

પાઠ ૪૭મો

બગદાદનો વેપારી, અલિ કોગીઆ, ભાગ ૧લો

હરૂન-અલ-રશીદના રાજ્યમાં બગદાદમાં અલિ કોગીઆ નામનો એક વેપારી રહેતો હતો. તે સાધારણ વેપારી હતો; અતિસંપત્તિમાન્ નહોતો કે અતિદ્રવ્યહીન પણ નહોતો. તે પરણ્યા વિના એકલો પોતાનું જીવન ગુજારતો હતો. તે સમજતો હતો કે મુસલમાન તરીકે મારે મક્કે હજ્જ કરવા જવું જોઈએ. પણ તેમ કરૂં તો મારૂં ઘર, મારો રાચરચીલો, ને મારી દુકાન કોણ સાચવે, એમ ધારી તે હજ્જ કરવાનો વિચાર માંડી વાળતો અને તેને બદલે ઘેર બેઠો યથાશક્તિ ધર્મ કરતો.

એક વખત એને ત્રણ રાત ઉપરા ઉપરિ સ્વપ્નાં આવ્યાં. તેમાં એક વૃદ્ધ પુરુષે એને રોજ દર્શન દઈ મક્કે ન જવા માટે ઠપકો દીધો. આથી એને મુંઝવણ થઈ અને છેવટે એણે મક્કે

જવાનો નિશ્ચય કર્યો. એણે પોતાનો તમામ માલ વેચી નાખ્યો ને જોઈતું નાણું પોતાની સાથે લીધું. તેમ કરતાં એક હજાર સોનામહોર વધી. તે જોડે લઈ જવી એ સહીસલામત નથી એમ માની તે માઈ રહે એટલા માપના ઘડામાં તેને ભરી, તેના પર ઓલિવ નામના વૃક્ષનાં પાંદડાં ઢાંકી દીધાં. એ ઘડો એણે પોતાના એક મિત્રને સોંપ્યો. તેને કહ્યું, ભાઈ, મારે મક્કે હજ્જ જવું છે. હું પાછો આવું ત્યાંસુધી આ ઓલિવનો ઘડો સંઘરશે ?

મિત્રે કહ્યું, હા, હું ખુશીથી સંઘરીશ. લે મારી કુંચી. તું જાતે તારો ઘડો મારા માલની કોઠીમાં મૂક ને તાળું માર. હું વચન આપું છું કે તું જ્યાં એને મૂકશે ત્યાંજ, તું પાછો આવીશ ત્યારે એને જોઈશ.

અલિ કોગીઆ ઘણો ખુશ થયો ને તેનો ઉપકાર માની પોતાના ઊંટ પર જોઈતો માલ લાદી હજ્જ પર જતા કાફલાની સાથે મક્કે જવા ઊપડી ગયો. તે આનંદમાં મક્કે પહોંચ્યો ને ત્યાં મુસલમાન તરીકે પોતાની ધાર્મિક ફરજ સંપૂર્ણ રીતે તેણે અદા કરી.

તે પોતાની દુકાનનો થોડોક માલ સાથે લઈ ગયો હતો. તેણે તે માલ મક્કામાં લોકોની નજર પડે એમ ખુલ્લો વેચવા મૂક્યો. તે જોઈ બે વેપારીઓએ આંહોમાંહ્ય વાત કરી કે આ માલ કેરોમાં વેચાય તો એના પુષ્કળ પૈસા ઊપજે. આ વાત અલિ કોગીઆએ સાંભળી ને કેરો જતા કાફલાની સાથે તે કેરો ગયો. ત્યાં તેનો માલ સારી કિંમતે વેચાયો. તેણે તે માલ વેચ્યા પછી કેરો શહેર ને ઈજિપ્ટના પ્રખ્યાત મિનારા જોયા. ઉત્પન્ન થએલાં નાણાંનો તેણે નવો માલ ખરીદ્યો ને ડમાસ્કસ શહેરમાં તે વેચવાનો વિચાર કર્યો.

આ પ્રમાણે તે નવો માલ લઈ દમાસ્કસ ગયો. દમાસ્કસ-થી તે અલેપ્પો ગયો ને ત્યાં થઈ તે બગદાદ પાછા ફરવાનું ધારતો હતો; પણ કાફલામાંના તેના ઇરાની મિત્રોએ તેને શિરાઝ જવા આગ્રહ કર્યો, તેથી તે ત્યાં ગયો. ત્યાંથી તેના મિત્રો તેને ઠેઠ હિંદુસ્તાન સુધી ખેંચી ગયા. આમ તેણે ઘણાં સ્થળો જોયાં ને છેવટે શિરાઝથી તે બગદાદ પાછો ફર્યો ત્યારે તેને પ્રવાસે નીકળ્યાને સાત વર્ષનો લાંબો સમય થઈ ગયો.

પાઠ ૪૮મો

બગદાદનો વેપારી, અલિ કોગીઆ, ભાગ ૨જો

અલિ કોગીઆ જુદે જુદે સ્થળે ફર્યો તે લાંબા સમય દરમિયાન તેના મિત્રને તેનો કે તેણે સુપરત કરેલા ઘડાનો, બેમાંથી એકેનો વિચાર સુદ્ધાં આવ્યો નહોતો. પણ તે બગદાદના રસ્તા પર બગદાદની નજીક આવી પહોંચ્યો હશે તે વખતે એક સાંજે તેનો મિત્ર પોતાની સ્ત્રી ને છોકરાં સાથે ગપાટા મારતો હતો ને આનંદમાં વાણી કરતો હતો, તેવામાં વાતમાં વાત તેની સ્ત્રીએ તેને ઓલિવ પત્ર ખાવાની ઇચ્છા દર્શાવી. તેણે કહ્યું, સુમારે સાત વર્ષ પહેલાં અલિ કોગીઆએ મને એક ઘડો સોંપ્યો હતો, તેમાં ઓલિવ પત્ર છે. મક્કાનો કાફલો પાછો આવ્યો ત્યારે તેમાંના લોકો એમ કહેતા હતા કે અલિ કોગીઆ ઇજિપ્ટ ગયો છે ને હજીએ તે પાછો આવ્યો નથી. હું તો ધારૂં છું કે તે મરી ગયો હશે; માટે લાવ એક દીવો ને રકાબી. કોઠારમાં જઈને હું ઓલિવ પત્ર લઈ આવું.

સ્ત્રીએ કહ્યું, એવું પાપી કામ ન કરશો. કોઈએ આપણને કંઈ સોંપ્યું હોય તે સાચવી રાખવું, એ આપણી પવિત્ર ફરજ છે. હે નાથ ! તમે કહો છો કે અલિ કોગીઆ મક્કાથી પાછો આવ્યો નથી, પણ એ ઈજિપ્ટ ગયો છે એમ લોકો તરફથી આપણે સાંભળ્યું છે. એ ત્યાંથી પણ આગળ નહિ ગયો હોય એની શી ખબર ?

એ કદાચ કાલેજ આવીને ઊભો રહે ને તેમ થાય તો તમે એને એનો ઘડો પાછો આપો તે વખત તમારે શરમાવવું પડે. મારે ઓલિવ પત્ર ખાવાં નથી. મેં તો સહજ વાત કરી હતી. વળી સાત વર્ષ સુધી તે ઓલિવ પત્ર બગડ્યા વિના રહ્યાં હશે એમ કેમ બને ? તમે એને અડકયા છો એમ તમારા મિત્રને માલમ પડશે તો તમને સારૂં દેખાશે ? માટે એને અડકશો નહિ.

પતિ સ્ત્રીને ગાંઠે એવો નહોતો. તે પોતાની હઠમાં ઊઠ્યો ને કોઠારમાં ગયો. ત્યાં જઈ તેણે પેલા ઘડા પરનાં ઓલિવ પત્ર જોયાં તો બધાં બગડેલાં દીઠાં. કદાચ ઉપર ઉપરનાં ઓલિવ પત્ર બગડેલાં હશે, અંદરનાં એવાં ન પણ હોય; લાવ અંદરનાં જોઉં— એમ વિચાર કરી તેણે બધાં ઓલિવ પત્ર બહાર કાઢ્યાં ને અંદર જોયું ત્યાં તો તેણે ખૂબ મહોરો દીઠી.

તે લોભી હતો. ઘડો એમનો એમ રહેવા દઈ તે પોતાની સ્ત્રી પાસે ગયો ને તેને કહ્યું, ઓલિવ પત્ર બગડેલાં છે, તેથી મેં ઘડો એમનો એમ પાછો મૂક્યો છે. તેણે તે રાત્રે મહોરો કાઢી લેવી એવો નિશ્ચય કર્યો ને બીજે દિવસે કોઈ ન જાણે એમ મહોરો કાઢી લઈ, તે ઘડો નવાં ખરીદેલાં ઓલિવ પત્રથી ભરી દીધો ને હતો તેમ મૂકી દીધો.

આ અપ્રામાણિક ને નીચ કામ કર્યાને સુમાર એક માસ ગયો હશે, એટલે અલિ કોગીઆ બગદાદ પાછો આવ્યો. આવતાં

વારને તે એક મુસાફરખાનામાં ઊતર્યો; કારણ કે તે હજ્જ કરવા ગયો ત્યારે તેણે પોતાનું ઘર ભાડે આપ્યું હતું. બીજે દિવસે તે પોતાના મિત્રને મળવા ગયો.

તે અલિ કોગીઆને મળ્યો ત્યારે તેના મિત્રે પોતે ખૂબ ખુશ થયો હોય એવો ડોળ કર્યો. તેણે કહ્યું, આટલે વર્ષે તને જોઈ હું હર્ષઘેલો થયો છું, મને શંકા હતી કે આપણે ફરી મળીશું ખરા! અલ્લાનો ઉપકાર માનવો જોઈએ કે આપણે મળ્યા.

અલિ કોગીઆએ કહ્યું, પ્રિય મિત્ર, મારો ઘડો સાચવવાનું કામ સોંપી મેં તને બહુ તસ્દી આપી છે, તે માફ કરજે. હવે મને તે પાછો આપ.

મિત્રે કહ્યું, ભાઈ, એ શું બોલ્યો? એમાં તસ્દી શેની? એમાં કંઈ મને અવઘડ થોડીજ પડી છે. લે આ કુંચી. કોઠારનું તાળું ખોલી જો. જ્યાં તેં એ ઘડો મૂક્યો છે ત્યાં તે તેની તે સ્થિતિમાં છે. ત્યાંથી તે લઈ લે.

અલિ કોગીઆએ ઘડો કાઢ્યો, મિત્રનો ઉપકાર માન્યો, ને પોતે ઊતર્યો હતો તે મુસાફરખાનામાં ઘડો લઈને તે પાછો ફર્યો.

પાઠ ૪૯મો

બગદાદનો વેપારી, અલિ કોગીઆ, ભાગ ૩જો

અલિ કોગીઆએ ઘડો ઊંધો વાળ્યો કે એને અચંબો ઉત્પન્ન થયો. ઘડામાં એણે એક પણ મહોર જોઈ નહિ. એ બિચારો તો સ્તબ્ધજ બની ગયો. એ ઊંડો નિસાસો મૂકી રહ્યો. એ બોલ્યો, હે દેવ! જેને મેં મારો પરમ મિત્ર માન્યો તે મને આમ ઠગે એમ સ્વપ્નમાં પણ કોના ખ્યાલમાં આવે!

તે મિત્રને ત્યાં પાછો ગયો ને તેને કહ્યું, ભાઈ, ઘડો તો તેં મને આપ્યો; પણ મારા ઘડામાં એક હજાર સોનામહોર હતી તે કયાં ગઈ? તેં કદાચ તારા વેપારમાં તે વાપરી હોય તો તે મને જણાવ અને મારી અનુકૂળતાએ હું તે તને પાછી આપીશ, એટલું મને વચન આપ એટલે મને ટાઢક વળે.

મિત્રે કહ્યું, ભાઈ, અલિ કોગીઆ, તેં ઘડો આણ્યો ને મને સોંપ્યો ત્યારે હું તેને અડકયો પણ હતો? મેં તને કોઠારની કુંચીજ સોંપી નહોતી દીધી? તેં જાતેજ ત્યાં ઘડો મૂકયો નહોતો? જ્યાં તેં મૂકયો હતો ત્યાંજ તેં કાઢયો ત્યારે તે શું નહોતો? જે સ્થિતિમાં ઓલિવ પત્ર ઢાંકેલો તેં મૂકયો હતો તેજ સ્થિતિમાં શું તે નહોતો? જો તેં ઘડામાં સોનામહોર મૂકી હશે તો તે ત્યાં હોવીજ જોઈએ. તેં મને કહ્યું હતું કે ઘડામાં ઓલિવ પત્ર છે ને મેં તે માન્યું હતું. આ બાબતમાં હું આટલુંજ જાણું છું. પછી મને માનવો કે ન માનવો એ તારી મરજી. હું તો તારા ઘડાને અડકયોએ નથી.

અલિ કોગીઆએ મીઠી વાણીથી ઘણીએ યુક્તિપ્રયુક્તિ વાપરી; પણ તેનો મિત્ર એકનો બે થયો નહિ. તેં વિશ્વાસઘાત કર્યો છે; કાજી પાસે આ વાત જશે તો તારી ફજેતી થશે, તારી શાખ જશે, ને વેપારમાં તને ધક્કો લાગશે; માટે મારી થાપણ આપી દે; નહિ તો મારે કાજી પાસે ફરિયાદ કરવીજ પડશે; એમ અલિ કોગીઆએ તેને ખુલ્લેખુલ્લું કહી દીધું. પરંતુ તેના મિત્રે કોઈ પણ પ્રકારે ખરી વાત કબૂલી નહિ.

મુકદ્દમો કાજી પાસે ગયો. કાજીએ અલિ કોગીઆને પૂછ્યું કે તારી વાતનો કોઈ સાક્ષી છે? અલિ કોગીઆએ ઉત્તર આપ્યો કે મેં સાક્ષી રાખીને મહોરો સોંપવાની સાવચેતી રાખી નહોતી.

એ મારો મિત્ર હતો; એને હું પ્રામાણિક માનતો હતો; એના પર મારો પૂર્ણ વિશ્વાસ હતો.

પછી કાજીએ અલિ કોગીઆના મિત્રને પૂછ્યું, બોલ, તારે શો બચાવ કરવાનો છે? તેણે કહ્યું, એ ઘડામાં સોનામહોરો છે એવું હું જાણતો નહોતો ને અલિ કોગીઆએ એ વાત મને જણાવી પણ નહોતી. આ સાંભળી કાજીએ તેને સોગન ખવરાવ્યા. તેણે સોગન પર એજ હકીકત કહી, એટલે કાજીએ તે ખરી વાત માની એને તેને બિનગુનેગાર ઠેરવી છોડી મૂક્યો.

પાઠ ૫૦મો

બગદાદનો વેપારી, અલિ કોગીઆ, ભાગ ૪થો

કાજીના ન્યાયથી અલિ કોગીઆ ઘણો ગુસ્સે થયો ને બબડ્યો કે ખલીફા હરૂન-અલ-રશીદ પાસે હું ન્યાય મેળવીશ. કાજીને લાગ્યું કે જે ફરિયાદી હારે તે સાધારણ રીતે ગુસ્સે થાય એ સ્વાભાવિક છે ને અલિ કોગીઆનો ગુસ્સો એવોજ હોવો જોઈએ; કારણ કે ચુકાદો આપવામાં મેં કંઈ કસુર કરી હોય એવું મને લાગતું નથી. કોઈ પણ માણસ બીજા પર સાક્ષી વિના તહોમત લાવે તો તેને કેમ માની શકાય?

અલિ કોગીઆએ ખલીફાને અરજી કરી. ખલીફાના અમલદારે તેને કહ્યું કે ખલીફા સાહેબ કાલે ન્યાય ચુકવશે. તારા મિત્રને ખબર આપજે ને તેને તેડીને કાલે તું આવજે.

તે રાત્રે ખલીફા, પોતાના વજીરને, ને એક વ્યંઢળને સાથે રાખી નગરચર્યા કરવા માટે નીકળ્યા. ફરતાં ફરતાં તે ત્રણ જણ એક દરવાજા આગળ આવ્યા. તે દરવાજામાંથી એક ખુલ્લા આંગણામાં

જવાતું હતું. તે આંગણું ભીંતના એક છિદ્રમાંથી જોઈ શકાતું હતું. તે આંગણામાં ચંદનીમાં દસબાર છોકરાં રમતાં હતાં, તે શી રમત હશે તે જાણવાનું ખલીફાને મન થયું. તેથી ભીંતના છિદ્ર આગળ એક પત્થર પડયો હતો તે પર ખલીફા બેઠા ને અંદર જે થતું હતું તે બેઠાં બેઠાં જોયું.

છોકરાંમાંના એક ચંચળ છોકરાએ કહ્યું, ચાલો, આપણે કાજીની રમત રમીએ. હું કાજી થઈશ; અલિ કોગીઆને ને એના ઠગનાર મિત્રને મારી સમક્ષ રજુ કરો.

આ શબ્દ સાંભળી ખલીફાની આતુરતા વધી. તેમણે જાણ્યું કે મારી સમક્ષ કાલે જે અરજી આવવાની છે તેને લગતી આ બાબત હોવી જોઈએ.

અલિ કોગીઆની બાબત બગદાદમાં ખૂબ ચર્ચાતી હતી; તેથી છોકરાંઓને એ રમત રમવાનો વિચાર સૂઝયો ને ગમ્યો. વેષધારી કાજીની સમક્ષ વેષધારી અલિ કોગીઆને ને એક વેષધારી છોકરાને તેના મિત્ર તરીકે આણવામાં આવ્યા.

વેષધારી અલિ કોગીઆએ ધીમે સ્વરે વેષધારી કાજી સમક્ષ કહ્યું, સાહેબ, આપની સત્તાનો ઉપયોગ કરી મને નુકસાન ન થાય તેમ ન્યાય આપો. જે વાત ખરા કાજી ને અલિ કોગીઆ વચ્ચે થઈ હતી તે વાત આ બે વચ્ચે થઈ.

વેષધારી કાજીએ વેષધારી મિત્રને પૂછયું, તારો શો બચાવ છે? તેણે આગળ કચેરીમાં બન્યા પ્રમાણે કહ્યું કે હું કંઈ જાણતો નથી; હવે મને સોગન આપો એટલે સોગન પર એ બધું કહું.

વેષધારી કાજીએ કહ્યું, ઉતાવળ ન કર. હજી તેને વાર છે. સોગન આપતાં પહેલાં જે ઘડામાં તે મહોરો હતી તે ઘડો

મારે જોવો છે. વેષધારી અલિ કોગીઆએ તે ઘડો રજુ કર્યો. કાજીએ મિત્રને પૂછ્યું, કેમ આજ તે ઘડો કેની? મિત્રે કહ્યું, હા. પછી કાજીએ ઓલિવ પત્ર કઢાવ્યાં ને તે ઓલિવ જ છે એમ ખાત્રી કરવા પોતે ચાખ્યાં. કાજીએ કહ્યું, સ્વાદ ઘણો સારો છે. પણ ઓલિવ સાત વર્ષ બગડ્યા વિના રહે એ હું માનતો નથી. ઓલિવ પત્ર વેચનારા બે વેપારીઓને મારી પાસે બોલાવો.

બે વેષધારી વેપારીઓને ખડા કરવામાં આવ્યા. તેમણે કહ્યું, ઓલિવ પત્ર બેથી વધારે વર્ષ બગડ્યા વિના રહે નહિ. સાત વર્ષને અંતે તો તેનો રંગ પણ ન ટકે ને સ્વાદ પણ ન ટકે.

આ સાક્ષી અપાઈ કે વેષધારી કાજીએ શિક્ષા ફરમાવી કે જાઓ, લઈ જાઓ આ ઠગારા વેપારીને. એને હું ફાંસીની શિક્ષા ફરમાવું છું

આ શિક્ષા જાહેર થઈ કે બધાં છોકરાં ખૂબ રાજી થયાં ને રમત પૂરી થઈ.

ખલીફા વેષધારી કાજીની ચાલાકીથી ખૂબ ખુશ થયા. તેમણે વજીરને કહ્યું, કાલે મારે આવોજ એક મુકદ્દમો ચુકવવાનો છે. હું નથી ધારતો કે આ વેષધારી કાજી કરતાં હું વધારે હોશિયારી બતાવી શકું. ખરા કાજીને વેષધારી કાજી તરફથી એની ફરજ શિખવવી છે. માટે અલિ કોગીઆને, એના મિત્રને, ઓલિવ પત્ર વેચનારા બે વેપારીને, ને આજના આ વેષધારી કાજીને—એ બધાને કચેરીમાં કાલે મારી સમક્ષ ખડા કરજો.

બીજે દહાડે આગલી રાતની પેઠે ન્યાય અપાયો. ઓલિવ પત્રનો ઘડો બે વેપારીઓ આગળ મૂકવામાં આવતાં તેમણે જુબાની આપી કે આ ઓલિવ પત્ર સાત વર્ષ પહેલાંનાં નથી. ખલીફાને ખાત્રી થઈ કે અલિ કોગીઆનો મિત્ર ઘડાને

અડકેલો હોવો જોઈએ, તેથી તેમણે તેને ગુનેગાર ગણી મોતની શિક્ષા ફરમાવી. તેમ કરતાં પહેલાં તેમણે સોનામહોરો ક્યાં મૂકી છે તે તેની પાસે કબૂલ કરાવી તથા તે મેળવી અલિ કોગીઆને તે પાછી આપી.

ખલીફાએ કાજીને કહ્યું, તમારી ફરજ ચોકસાઈથી બજાવવાનું આ છોકરા પાસેથી શીખો. તે છોકરાની અક્કલથી ખુશ થઈ ખલીફાએ તેને હર્ષથી ભેટી, ઉદારતાથી સો મહોર બખ્શીશ કરી.

पाठ ५१मो

संतनुं स्वरूप

पद

शांति पमाडे तेने तो संत कहिये;
एना दासना दास थइने रहिये रे. भाइ रे शांति० टेक १
कल्पवृक्ष सेव्ये दाळिद्र रह्युं ऊभुं;
त्यारे तेना तो गुण शीद गाइए रे. भाइ रे शांति० २
राजानी चाकरी नित्य रही ऊभी;
त्यारे पारकी तो वेठ शीद वहिये रे. भाइ रे शांति० ३
विद्यानुं मूळ ज्यारे पूरुं ना भणाव्युं;
त्यारे पंड्यानो मार शीद खाइए रे. भाइ रे शांति० ४
कीधो वळावो ने लूंटवा रे लाग्यो;
त्यारे तेनी संघाते शीद जइए रे. भाइ रे शांति० ५
वैद्यनो संग करे रोग रह्यो ऊभो;
त्यारे वैद्यनी ते गोळी शीद खाइए रे. भाइ रे शांति० ६

कीधी बांधणी ने माथुं वढाये;
त्यारे तेने ते घेर शीद जइए रे. भाइ रे शांति० ७
नाम अनाम सद्गुरु बताव्युं;
ते नाम चोंटयुं छे मारे हइए रे. भाइ रे शांति० ८
बापु तेनी काया तो नरवो स्नेह छे;
अमे एवा स्वामीने लेइने रहिये रे. भाइ रे शांति० ९

बापुसाहेब गायकवाड

પાઠ ૫૨મો

પરોપકારી હાવર્ડ, ભાગ ૧લો



એક વિદ્વાને કહ્યું છે કે સજ્જનોની વિભૂતિઓ પરોપકારને અર્થેજ છે. દુર્જનો સમજે છે કે શારીરિક બળ નિર્બળને

પીડવાને માટે ને સ્વાર્થ સાધવાને માટે છે; બુદ્ધિબળ અન્યને છેતરી પોતાની મતલબ હાંસલ કરવા માટે છે; અને દ્રવ્યસંપત્તિ એશઆરામ ભોગવવા અને અન્યને તુચ્છકારવા માટે છે. એથી ઉલટું, સજ્જનો માને છે કે શારીરિક બળ નિર્બળને પીડામાંથી મુક્ત કરવાને માટે છે; બુદ્ધિબળ અન્યને કેળવવાને અને સુમાર્ગે ચઢાવવાને માટે છે; અને દ્રવ્યસંપત્તિ જનસમુદાયના કલ્યાણને માટે છે. ખરેખર, માત્ર સ્વાર્થ સાધવો એ પશુવૃત્તિ છે. ઈશ્વરે કોઈ પણ પ્રકારની સંપત્તિ આપી હોય તો તે પારમાર્થિક કામમાં પ્રયોજવી, એ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે.

મનુષ્ય ગુનો કરી કેદી બન્યો એટલે કંઈ મનુષ્ય ટળી પશુ બનતો નથી. કેદખાનાની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની હોવી જોઈએ. તેનો રક્ષક દયાળુ ને ન્યાયી હોવો જોઈએ. કેદખાનામાં હવા ને અજવાળાની છૂટ જોઈએ; કેદીને સ્વચ્છ કપડાં મળવાં જોઈએ; તેનું આરોગ્ય સચવાય એવો ખોરાક તેને આપવો જોઈએ; તેની શક્તિ પ્રમાણેજ તેને કામ સોંપવું જોઈએ. ગુનેગારોને ગુનાના દરજ્જા ને પ્રકાર પ્રમાણે જુદા જુદા રાખવા જોઈએ. નાની વયના ગુનેગારને મોટા ગુના કરનારા સાથે એકઠા રાખવા ન જોઈએ. ટૂંકામાં, ગુનેગાર પણ માણસ છે એ વાત કદી ભૂલવી ન જોઈએ; અને બંદીખાનાની વ્યવસ્થા એવી હોવી જોઈએ કે કીધેલા ગુના માટે ગુનેગારને પસ્તાવો થાય અને બંદીખાનામાંથી છૂટો થયે તે કોઈ પ્રામાણિક ધંધામાં ગુંથાય.

આજથી સવાસો વર્ષ પર ઈંગ્લંડના તેમજ યુરોપના બીજા દેશોનાં બંદીખાનાંમાં અનેક પ્રકારનું દુઃખ હતું. આ પર એક ધનાઢ્ય ગૃહસ્થ જૉન હાવર્ડનું લક્ષ ગયું. તેણે પરોપકારવૃત્તિથી દેશે દેશ ફરી એ સ્થિતિમાં ઘણો સુધારો કરાવ્યો.

પોતાની તબિયતમાં સુધારો કરવા માટે તેને યુરોપમાં પ્રવાસ કરવાની જરૂર પડી. એવા એક પ્રવાસમાં તે પોર્ટુગલની રાજધાની લિસ્બન જતો હતો. માર્ગમાં તેના વહાણને એક ફ્રેંચ વહાણે કેદ પકડયું. તેને પકડી કેદ કર્યો અને તેના પર બહુ નિર્દયતા દર્શાવવામાં આવી. તેને બે દિવસ કંઈ ખાવાપીવાનું આપ્યું નહિ. તેને એક ગંદા કેદખાનામાં પૂર્યો. તેને ભોંય પર સૂવાની જરૂર પડી. આખરે, તે મુકત થયો અને ઈંગ્લંડ પાછો ફર્યો. ત્યાર પછી કેદીઓની સ્થિતિ સુધારવાના ભગીરથ કામમાં તેણે પોતાનું જીવન અર્પણ કર્યું.

તે બેડ્ફર્ડ પરગણાનો શેરિફ નિમાયો. શેરિફ એ પરગણાનો મોટામાં મોટો અમલદાર છે. સાધારણ રીતે એ પદવી માન ભોગવવાની ને ભભકો મારવાની ગણાય છે. પરંતુ હાવર્ડે એ પદવીને લગતી બધી ફરજો બરાબર બજાવી. તે ન્યાયસભામાં બેસી તેમાં ચાલતાં કામો ધ્યાન દઈ સાંભળતો, જે કેદખાનાંમાં કેદીઓને ગોંધ્યા હોય તે કેદખાનાંની મુલાકાત લેતો, અને કેદીઓની કેવી દશા છે તે જાતે જોતો. કેદી ને કેદખાનાંની સ્થિતિ જોઈ તેણે પોતાનું ભવિષ્યનું કર્તવ્ય નક્કી કર્યું.

શેરિફ તરીકે હાવર્ડનું જીવન કેવું નમુનાદાર હતું! આપણે જોઈએ છીએ કે કેટલાક અધિકારીઓ માત્ર અવિષ્ઠ બનવાનુંજ જાણે છે. પોતાનું કર્તવ્ય ન્યાયથી બજાવી અધિકારને શોભાવવો એ તેમનો ધર્મ છે એમ સમજવાની દરકાર તેઓ લેશમાત્ર પણ કરતા નથી. અધિકારના મદથી તેમનું મગજ ફરી જાય છે અને તેઓ પૃથ્વીથી અધર ચાલતા જણાય છે. પરંતુ જેઓ ઉદ્યોગ અને કર્તવ્યનિષ્ઠાથી પોતાનું કામ નિયમિત રીતે કરે છે ને સંબંધમાં આવે છે તેમની સાથે સહૃદયતાથી વર્તે છે

તેઓજ અધિકારને શોભાવે છે, બીજાઓ નહિ, એ ઉચ્ચ બોધ આપણને હાવર્ડના શેરિફ તરીકેના જીવન પરથી મળે છે.

હાવર્ડે ઇંગ્લંડનાં તેમજ બેલ્જિયમ, હૅાલંડ, જર્મનિ, સ્વિટ્ઝર્લૅંડ, ફ્રાન્સ, અને અન્ય દેશોનાં કેદખાનાંની મુલાકાત લીધી. જોએલી હકીકત પ્રસિદ્ધ કરી તેણે લોકોને એ દિશા તરફ જાગ્રત કર્યા. તેણે બીજી વાર પ્રવાસ કર્યો ત્યારે તેને માલમ પડયું કે અગાઉ કરતાં કેદખાનાં વધારે સ્વચ્છ થયાં છે, અગાઉ કરતાં તેમાં સારી વ્યવસ્થા થઈ છે, અને અગાઉ કરતાં કેદીના આરોગ્ય પર તેમાં વધારે લક્ષ આપવામાં આવે છે.

તે વખત કેદખાનાના ઉપરિ અધિકારીને–દારોગાને પગાર આપવામાં આવતો નહોતો, એટલુંજ નહિ પણ તેને પોતાની પદવી ભોગવવા માટે નાજરને અમુક રકમ આપવી પડતી. પગારને બદલે તેને કેદીઓ તરફથી ફી મળતી હતી. હાવર્ડે આ કાયદો રદ કરાવી દારોગાનો પગાર નક્કી કરાવ્યો.

તેને આ પરોપકારના કામમાં મચ્યા રહેતાં પંદરથી વધારે વર્ષ થયાં. તેણે કેદીઓની સ્થિતિ સુધારવા ૪૨,૦૦૦ માઇલથી વધારે લાંબી મુસાફરી કરી, અને ૩૦,૦૦૦થી વધારે પાઉંડ ખરચ્યા. તેણે કેદખાનાના ઊંડામાં ઊંડા ભાગમાં પ્રવેશ કર્યો, ઇસ્પિતાલના ચેપી રોગોમાં પોતાનો આત્મા ઝંપલાવ્યો, અને શોક ને દુઃખનાં નિવાસસ્થાન તપાસ્યાં. મરતી વખત તેની પાસે એક પુરુષ હતો તેને તેણે એવી ઇચ્છા દર્શાવી કે 'મને શાંત રીતે જમીનમાં દાટજો ને મને લોકો ભૂલી જાય એમ કરજો'. કેવું અનુકરણીય નિરભિમાન ! ઉત્તમ પુરુષો નમ્રતાથીજ ઊંચે સ્થાને ચઢે છે.

તરૂ નમે છે ફળભારને બળે,
નવાં જળે મેઘ નમી નમી પડે,
નમે વળી સત્પુરુષો સમૃદ્ધિથી,
સ્વભાવ એવોજ પરોપકારિનો.

પાઠ ૫૩મો

પરોપકારી હાવર્ડ, ભાગ ૨જો

મહાન્ પુરુષોના જીવનના નાના નાના પ્રસંગોમાંથી ઘણો બોધ મેળવી શકાય છે. હાવર્ડના એવા કેટલાક પ્રસંગ નીચે આપ્યા છે.

બાલ્યાવસ્થામાં હાવર્ડને ખોટી નિશાળે મૂકવામાં આવ્યો, તેથી તેમાં તે સાત વર્ષ રહ્યો તોપણ એક પણ વિષયનું તે સારૂં જ્ઞાન મેળવી શક્યો નહિ. આને માટે તેણે મોટી વયે દિલગીરી બતાવી છે.

બાળપણ શિક્ષણનો યોગ્ય સમય છે. બાળકના મન પર જલદી સંસ્કાર પાડી શકાય છે. તેની વૃત્તિ જેમ વાળવી હોય તેમ વાળી શકાય છે. આવો યોગ્ય સમય નિરર્થક જાય તો તેનો ખેદ મોટપણે થયા વિના રહેતો નથી.

બાળપણથીજ તે દયાળુ હતો. તેની મિલ્કત પર સમારકામ ચાલતું હતું ત્યારે તે તેના પર દેખરેખ રાખવા રોજ જતો. તેના પિતાના વખતનો એક જૂનો માળી હતો તેને માટે તે એક રોટલો ખરીદતો અને દિવાલ ઉપરથી તે ઝાડોમાં નાખતો. પછી તે માળીને કહેતો કે ભાઈ, જા તો, ઝાડમાં જો. ત્યાં તારે માટે ને તારી સ્રીને માટે તને એક રોટલો માલમ પડશે.

એક વખત તે માંદગીમાં સપડાયો હતો ત્યારે એક વૃદ્ધ વિધવાએ તેની સારી બરદાસ કરી હતી. તે સ્ત્રી ઘણી દરિદ્ર અવસ્થામાં હતી અને પોતાની ને તેની વચ્ચે વયનું મોટું અંતર હતું—કેમકે તેની વય ૨૫ વર્ષની હતી ત્યારે તે સ્ત્રીની વય ૫૩ વર્ષની હતી—તોપણ તેણે તે સ્ત્રી સાથે લગ્ન કર્યું. આ લગ્ન કરવામાં તેનો બિલકુલ સ્વાર્થ નહોતો. માત્ર તે વૃદ્ધ સ્ત્રીએ માંદગીમાં તેની જે બરદાસ ઉઠાવી હતી તેનો બદલો યત્કિંચિત્ પણ વાળવો એજ તેનો આશય હતો.

તે જે કામ માથે લેતો તેમાં તે પોતાનું સમગ્ર મનોબળ વાપરતો. તે કામ સિવાય બીજી કોઈ પણ દિશામાં તે પોતાનું મન જવા દેતો નહિ. જ્યારે તે યુરોપને પ્રવાસે બંદીખાનાં તપાસવા નીકળ્યો હતો ત્યારે તે જમવા જવાનું કોઈનું પણ નિમંત્રણ સ્વીકારતો નહિ; પ્રવાસમાં ગમે તેવી જોવા જેવી વસ્તુ હોય તે જોવામાં તે પોતાનો વખત ગુમાવતો નહિ; કે વર્તમાનપત્ર સુદ્ધાં વાંચતો નહિ. ઇટાલિમાં એકજ વાર એક મિત્રના આગ્રહથી તેને આ નિયમ તોડવો પડયો. તે પ્રસંગ એક સ્થળે મધુર ગાયનનો જલસો હતો તે ગાયન સાંભળવાનો હતો; પરંતુ તેથી તેનું મન તેમાં એટલું બધું આસક્ત થયું કે તેણે પોતાનો નિયમ તોડયો તેને માટે બહુ પસ્તાવો કર્યો અને ત્યાર પછી બીજે કોઈ પણ પ્રસંગે તેણે પોતાનો નિયમ તોડયો નહિ.

પ્રિય શિષ્યો ! તમારા કામમાં તમે એકાગ્ર ચિત્ત રાખશો તો થોડા વખતમાં તમે ઘણું કામ કરી શકશો ને તે સારી રીતે કરી શકશો.

હાવર્ડ પોતાનો વખત બહુજ કીમતી ગણતો. વાત કરતાં તે પોતાની ઘડીઆળ પોતાના ઘુંટણ પર રાખતો અને નક્કી

કરેલો વખત પૂરો થતો કે એક મિનિટ પણ થોભતો નહિ. તે એકદમ ચાલતો થતો.

દરેક કામની ઝીણામાં ઝીણી વિગત પર લક્ષ આપવું એ તેની ખાસિયત હતી. તે ઘણોજ વિનીત હતો. કોઈ તેનાં વખાણ કરે તે તેને ગમતું નહોતું. ઈંગ્લંડમાં તેનું સ્મારક કરવાની દરખાસ્ત, તે પોતે તેની સામો થયો તેથી, પડતી મૂકવી પડી. એક ગૃહસ્થે તેની દેશસેવાનાં બહુ વખાણ કર્યાં, તેને વચ્ચેથી અટકાવી તેણે કહ્યું, એમાં તમે મારાં વખાણ શા માટે કરો છો? મને એની ધૂન લાગી હતી. એ તો મારો લાકડીનો ઘોડો હતો. મને એના પર રમવાની લત લાગી હતી.

કુટુંબના મુખ્ય માણસની આજ્ઞા બીજાં બધાં માણસોએ બરાબર પાળવી એ તેનો સિદ્ધાંત હતો. બાળકોને કેળવવામાં આજ્ઞાધીનતા પર તે ખાસ લક્ષ આપતો. કેટલાક લોકો આ કારણથી તેને સખ્ત કહેતા. પરંતુ ડાહ્યા માણસો એ તેનો અનુભવસિદ્ધ વિવેક ગણતા.

તેણે છોકરાઓ અને છોકરીઓ માટે નિશાળો સ્થાપી હતી, તેમાં સાધારણ બાબતો શિખવવામાં આવતી. તેણે તેમાં એક સખ્ત નિયમ કર્યો હતો કે બધાં છોકરાંએ રવિવારે કોઈ પણ દેવળમાં પ્રભુપ્રાર્થના માટે નિયમિત રીતે જવું જોઈએ. આ તેનો નિયમ ડાહ્યો ને દૂર અંદેશીનો ભરેલો હતો. ખરેખર, ધાર્મિક કેળવણી વિનાની કેળવણી લંગડી ને અપૂર્ણ છે. ધર્મમાં નીતિ સમાએલી છે અને નીતિ વિનાની કેળવણી હૃદયને કેળવવાને ને માણસને ખરો સંસ્કારી બનાવવાને જોઈએ તેવી સમર્થ નથી નીવડતી એમ ઘણા વિદ્વાનોનું માનવું છે.

પાઠ ૫૪મો

કબીરના જીવનના કેટલાક પ્રસંગો

સિકંદર લોદીના વખતમાં રામ અને રહીમને એક માનનાર એક પ્રખ્યાત ભક્તરાજ થઈ ગયો, તેનું નામ કબીર હતું. તેના જીવનને વિષે એટલું ચોક્કસ જાણવામાં છે કે તેનો જન્મ એક વણકરને ત્યાં થયો હતો, તેને કમાલ કરીને પુત્ર હતો ને તે મોટો આત્મજ્ઞાની હતો.

જિંદગી અસાર છે; તે કમળપત્ર પર રહેલા પાણીના જેવી ક્ષણિક છે. આ સંસારમાં મારો કોણ ગુરુ થશે? આવી ફીકરથી તેણે કેટલાક સાધુ વૈષ્ણવોને પૂછ્યું કે મારે કોને ગુરુ કરવો? વૈષ્ણવોએ કહ્યું, તું હલકી વર્ણનો છે; તારો ગુરુ કોણ થશે? ગુરુ મેળવવાની કામનામાં નિરાશ થઈ કબીર કાશીમાં આમ તેમ ગુરુની શોધમાં અસ્થિર ચિત્તે ફરવા લાગ્યો. જેને તેને તે પૂછવા લાગ્યો કે ગુરુ રામાનંદ ક્યાં રહે છે? કોઈએ તેને કહ્યું કે એ ફલાણી જગાએ રહે છે ને સવારે રોજ વહેલા ગંગાસ્નાન કરવા જાય છે; તારે એમને ગુરુ કરવા હોય તો તું એમના દરવાજા આગળ સૂઈ રહેજે, એટલે એ ઘરની બહાર નીકળશે તેજ વખતે તારી કામના સિદ્ધ થશે.

કબીરે તે પ્રમાણે કર્યું. રામાનંદ સ્વામી પરોઢીએ જેવા ઘરની બહાર નીકળવા ગયા કે કબીરને તેમનો પાદસ્પર્શ થયો ને તેણે તેમના પાદને શિષ્યભાવે ચુંબન કર્યું. એક અધમ વર્ણના માણસના શરીરને પોતાનો પગ અડક્યો તેથી રામાનંદ સ્વામી ભડક્યા. તે બોલ્યા, રામ! રામ! તું કોણ છે? આ રામ શબ્દને ગુરુમંત્ર માની લઈ કબીરે રામાનંદને પ્રણામ કર્યો ને એ મનમાં ખુશ થયા કે મને ગુરુ પ્રાપ્ત થયા.

ત્યાર પછી કબીર કીર્તન કરતા ત્યારે કીર્તનને અંતે રામાનંદ ગુરુની સ્તુતિ કરતા અને મારૂં જ્ઞાન રામાનંદની કૃપાનું ફળ છે એમ સર્વત્ર વિદિત કરતા. રામાનંદને કાને આ વાત જવાથી તેમને ઘણું વિચિત્ર લાગ્યું કે મેં કબીરને શિષ્ય તરીકે સ્વીકાર્યો નથી ને મને ગુરુપદ કેમ આપે છે ? આ અધમ જાતિનો પુરુષ મારો શિષ્ય હોવાનો દાવો કરી મને શા માટે નિંદાનું પાત્ર બનાવે છે, એ વિચારથી ગુરુ ક્રુદ્ધ થયા.

એક વાર કબીરનું કીર્તન થતું હતું ત્યાં રામાનંદ ગયા ને જેવી કીર્તનના આરંભમાં કબીરે તેમની ગુરુ તરીકે સ્તુતિ કરી કે તરત તેમણે કબીરને ઠપકો દીધો. કબીરે કહ્યું, હે સ્વામિન્, આપ ભૂલી જાઓ છો કે એક પરોઢીએ આપ નહાવા જતા હતા ત્યારે મેં આપના ચરણોને ચુંબન કરી નમ્રતાથી આપનું ગુરુપદ સ્વીકાર્યું હતું. તેજ દિવસથી હું રામનું નામ જપું છું. મહારાજ, એમાં મારો અપરાધ હોય તો ક્ષમા કરો. કબીરની સાત્વિક વૃત્તિથી રામાનંદ સ્વામી પ્રસન્ન થયા ને એમને આશીર્વાદ દીધો.

કબીર માનતા હતા કે હિંદુનો પરમેશ્વર તેજ મુસલમાનોનો અલ્લાહ છે. અંતર્યામી એકજ છે. હિંદુનું પવિત્ર નગર પૂર્વમાં છે; મુસલમાનોનું પશ્ચિમમાં છે; પરંતુ ઈશ્વર તો પૂર્વમાં તેમજ પશ્ચિમમાં જ્યાં જુઓ ત્યાં એકજ છે. દુનિયાનો જે માલીક છે તેજ અલિને પૂજનારાનો તેમજ રામને પૂજનારાનો પિતા છે. તેજ મારો માર્ગદર્શક છે. તેજ મારો ગુરુ છે.

ધર્મને વિષે ઉપદેશ કરનાર માણસના મનમાં સામાને જલદી સમજ પડે ને માન્ય થાય એવી રીતે બોધ કરવાની આવડત હોવી જોઈએ. કબીરનામાં તે ઘણી સારી હતી. તેનો એક દાખલો નીચે પ્રમાણે છે.

એક વાર એક જણે કબીરને પૂછ્યું કે આ સંસારની માયામાં રહીને માણુસથી પરમાર્થ સધાતો નથી એમ કહેવાય છે તે ખરૂં છે ? કબીરે કહ્યું, કાલે જવાબ આપીશ; જવાબ મળે ત્યાંસુધી તમે મારે ઘેર રહો. બીજે દિવસે તેમણે તેમના ઘર બહારના મેદાનમાં સૂતરના તાણામાંહેના તાંતણા જુદા કરવાનું કામ કરવા માંડયું. તેમણે પોતાની પત્નીને તે સ્થળે તે વખત દીવો લાવવાનું ફરમાવ્યું. વખત બપોરનો હતો, છતાં પતિની આજ્ઞા પ્રમાણે પત્ની ત્યાં દીવો લઈ ગઈ. તેને અજવાળે કબીરે તાંતણા જુદા કરવાનું કામ પૂરૂં કર્યું.

પેલા માણુસને આ વિચિત્ર લાગ્યું. પોતાના પ્રશ્નનો ઉત્તર હજી ન મળ્યો હોવાથી તેણે આકળા થઈ કબીરને પૂછ્યું, હવે મને ઉત્તર દેશો ?

કબીરે કહ્યું, ઉત્તર દેવાઈ ગયો. તમે ન સમજ્યા ? ખરે બપોરે મેં મારી સ્ત્રીને દીવો લાવવાનું કહ્યું. તેણે બિલકુલ તકરાર કર્યા વિના તે આણ્યો, તે તમે જોયું. આજ તમને ઉત્તર છે. તાત્પર્ય એ છે કે જેને આવી આજ્ઞાધીન સ્ત્રી હોય તેને સંસારમાં માયામાં અનેક રીતે લપટાયા છતાં પરમાર્થ સાધવો સહેલો પડે છે. આ ખુલાસાથી તે જિજ્ઞાસુ સંતોષ પામી ઘેર ગયો.

કબીરનો પુત્ર કમાલ પણ તેના પિતાના જેવોજ ભક્ત ને વિરક્ત હતો. તે એક વાર એકલો યાત્રા કરવા ગયો હતો. ચિત્રકૂટમાં તેની ભક્તિથી પ્રસન્ન થઈ એક શાહુકારે તેને હીરો આપવા માંડયો. કમાલ વિરક્ત હતો. તેને તે હીરો કોયલા બરાબર હતો. આગ્રહ કર્યા છતાં તેણે તે ન સ્વીકાર્યો ત્યારે પેલા શાહુકારે તે ન જાણે તેમ તે હીરો તેની પોટલીમાં બાંધી

દીધો. કમાલ ઘેર ગયો ને તેણે પોટલી છોડી. તેમાં હીરો જોઈ તેના પિતા તેના પર બહુ ગુસ્સે થયા ને બોલ્યા, હે કમાલ ! તું મારો પુત્ર નહિ. નહિ તો તું આ લાલચમાં ન લપટાય. કમાલ ઘણો ખિન્ન થયો. તેણે કહ્યું, મેં ઘણી ના કહી, છતાં ચિત્રકૂટમાં તે શાહુકારે છાનોમાનો તેને મારી પોટલીમાં બાંધ્યો હશે. મારે તે હરામ છે. હું હમણાંજ તે પાછો આપી આવું છું. એમ કહી તે તરતજ ચિત્રકૂટ ગયો ને અજાણી વળગેલી આ દ્રવ્યની ઉપાધિમાંથી મુક્ત થયો. આ પ્રમાણે કબીર તેમજ કમાલ બંને ભક્ત હતા; બંને જ્ઞાની હતા; બંને માયાથી વિરક્ત હતા.

ઈશ્વર એક છે ને તે ભક્તિથી મેળવાય છે એવો માર્ગ કબીરે સ્થાપ્યો હતો. તે ભક્તિમાર્ગને માનનારા લોકો કબીરપંથી તરીકે પ્રસિદ્ધ થયા છે.

पाठ ५५मो

ईश्वर आगळ सहु समान

पद


न जाणशो के अमे मोटा;
विचारी जुओ, न जाणशो के अमे मोटा. टेक १
काची काया तारी धूळ मळी जाशे,
जेम ऊडे दारूतणा टोटा;
एक माटीनां सर्वे बनाव्यां,
एम घडा, गागेर, ने लोटा. विचारी जुओ० २
गजिआणी, झुमनी, ने दोटियो पेहेरो,
झीणा ओढो ने शालजोटा;

टका ते गजनी स्वार्थी ते पहेरो,
अंते धुमाडाना गोटा. विचारी जुओ० ३
ते हरिनी भक्ति विना काळनी छे फांसी,
जम मारशे घणा सोटा;
उंच ने नीच ए तो मायाना खेल छे,
ए तो पाणीतणा परपोटा. विचारी जुओ० ४
राजा ने रंक सहु भूमिमां जाशे,
पछी उपर चणाशे ओटा;
सत् नाम बापु ते तो सहुथी मोटा,
हरिनि भक्ति विना सहु खोटा. विचारी जुओ० ५

बापुसाहेब गायकवाड

પાઠ ૫૬મો

ગેંડો



ઉપરનું ચિત્ર જોશો તો તમને જણાશે કે ગેંડો એ કેવું

બેડોળ પ્રાણી છે! એ શાથી કદ્રૂપું દેખાય છે? એના નાક પર એક મોટું શીંગડું છે તેથી.

કુદરતે પોતાની બખ્શિશ વહેંચવામાં સમતોલપણું ઉત્તમ રીતે જાળવ્યું છે. જો અમુક ઇંદ્રિયમાં ન્યૂનતા હોય તો તેની ખોટ અન્ય ઇંદ્રિયોને વિશેષ પ્રબળ કરી પૂરી પાડવામાં આવી છે. ગરુડની ગંધ પારખવાની શક્તિ ઘણી નબળી છે, તો તેની નજર ઘણી તીવ્ર છે. ગેંડીની નજર ટૂંકી છે, તો તેની નાકની ઇંદ્રિય ઘણી જબરી છે. નાક પર શીંગડું ઘણું જોરાવર ને તીક્ષ્ણ છે, માથાનાં હાડકાં જબરાં છે, ને તેના સ્નાયુ ભયંકર છે.

ગેંડી લગભગ હાથી જેટલું મોટું જાનવર છે અને તેના નાક પરનું તીણું શીંગડું બે ફૂટ લાંબું હોય છે. એ શીંગડાં વડે તે ઝાડો ઉખેડી નાખે છે ને તેનાં મૂળીઆં ખાય છે. વળી એ શીંગડાંથી તે શત્રુની સામા પોતાનું રક્ષણ કરે છે.

ગેંડીના પગ ઘણા ટૂંકા ને બેડોળ દેખાય છે; તોપણ તે દોડવામાં ઘોડા કરતાં પણ વધારે વેગવાળું પ્રાણી છે. ગુસ્સે થાય છે ત્યારે તે ખૂબ વેગે દોડે છે ને માર્ગમાં જે ઝાડ આવે તે બધાંને ઉખેડી નાખી તેની ડાળીઓથી અને થડથી રસ્તો ઢાંકી દે છે.

અસલના વખતમાં યોદ્ધાઓ લડવા જતા ત્યારે ખરા લોઢાનાં બકતર પહેરતા, એટલે શત્રુની તલવાર, બાણ, કે ભાલા તેમનાં શરીરને ઈજા કરી શકતાં નહિ. ગેંડીની ચામડી એ બકતર જેવી સખ્ત છે. તે ઘણી જાડી, ઘણી ભારે, ને ઘણી જબરી છે. કેટલેક ઠેકાણે તે બે ઇંચ કે તેથી વધારે જાડી હોય છે. તે એવી તો ચીકણી ને મજબૂત હોય છે કે સિંહના જોરાવર પંજા કે વાઘનાં ભયંકર જડબાં પણ તે ચામડીને ફાડી શકતાં નથી. બંદૂક

પણ દૂરથી ફોડી હોય તો તેના પર ભાગ્યેજ અસર કરે છે. જ્યારે તે પાસેથી ફોડવામાં આવે છે ને જ્યારે તેમાં હમેશ કરતાં વધારે ગોળીઓ ભરવામાં આવે છે ત્યારેજ તે તેને ભેદી શકે છે.

આ પ્રમાણે મોટું ગોળ શરીર, ટૂંકા પણ જબરા પગ, ભયંકર, જાડી ચામડી, અને તીક્ષ્ણમાં તીક્ષ્ણ નાક પર ભયંકર શીંગડું, આ ગેંડીનાં પ્રબળ હથિયાર છે અને તેની નજર નબળી છે તેની ખોટ સંપૂર્ણ રીતે પૂરી પાડે છે.

સિંહ ને ગેંડીની એક રમુજી વાત છે. એક તળાવમાં બંને પાણી પીતાં હતાં. ગેંડી ઉપલાણે પાણી પીતી હતી. તેથી તેનું ગંદું પાણી સિંહ તરફ આવતું હતું. આથી સિંહને ક્રોધ ચઢ્યો. સિંહે કહ્યું, હું વનનો રાજા છું તે તું જાણતી નથી કે મારી નજીકમાંજ ઊભી રહી પાણી પીએ છે? દૂર જા. ગેંડીએ સિંહને પત ન કર્યો એટલે સિંહે તેને પોતાના ભયંકર પંજા વડે પ્રહાર કર્યો. પણ તેની ચામડી પર કંઈ લાગ્યું નહિ, એટલુંજ નહિ, પણ ગેંડીએ પોતાના પ્રબળ શીંગડા વડે સિંહ પર એવો જબરો પ્રહાર કર્યો કે તે દૂર જઈ કાદવમાં પડ્યો ને ત્યાંથી મહામુશીબતે નાસી ગયો.

ગેંડીની ચામડી આવી જબરી છે તોપણ તેમાં વીટા હોય છે અને તેની અંદરની ચામડી ઘણી સુકુમાર હોય છે. તેની ચામડીમાં એક જાતની બગાઈ ને બીજા નાના જંતુ ભરાય છે અને તેને એટલો બધો ત્રાસ આપે છે કે તેમાંથી મુક્ત થવા તેને કાદવમાં આળોટવું પડે છે. આથી કાદવનું જાડું પડ તેને શરીરે વળગે છે.

કુદરતની ખૂબી ન્યારી છે. એક જાતના પંખીઓ તેના શરીર પર બેસી આ જંતુઓ ખાઈ જાય છે અને વાઘ ને સિંહ જેવાં શિકારી પ્રાણી પાસે આવે તો તેની તેને ચેતવણી આપે છે.

પાઠ ૫૭મો

ચંદ્રહાસ–આખ્યાન, ભાગ ૧લો

કેરલ દેશમાં સુધાર્મિક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સંતાન નહોતું. ઈશ્વરની કૃપાથી તેને એક પુત્ર થયો. તે પુત્ર છ મહીનાનો હતો ને એક દિવસ તેના પિતાના રાજ્ય પર દુશ્મનોએ હુમલો કર્યો, રાત્રે તેનું ખૂન કર્યું, ને નગર લૂટી લીધું. રાજપુત્રની ધાવે તેને સંતાડ્યો ને ત્યાંથી તેને લઈ કુન્તલ રાજાના રાજ્યમાં ગઈ. તે રાજાને ધૃષ્ટબુદ્ધિ નામે પ્રધાન હતો.

દાસી ઘરકામ કરી પોતાનું પૂરું કરતી ને કુમારને સાચવતી. એક વાર રસ્તામાં સર્પ ડંસવાથી તે મરણ પામી. મારા પુત્રને કોણ પાળશે એવી ચિંતામાં તેને નિરાધાર સ્થિતિમાં મૂકી તે બિચારી મરણ પામી.

તેના પાડોશીઓએ કુમારનું રક્ષણ કર્યું. દિવસે દિવસે તે મોટો થતો ગયો. તેનું મન હરિમાં અજબ રીતે ચોંટયું. ઊઠતાં, બેસતાં, ચાલતાં, જે કામ કરતો તેમાં તે હરિનું નામ લેતો. એક દિવસ તેને વાટમાં શાલિગ્રામ જડયા, તેને તે પ્રાણથી પણ વધુ સાચવવા મંડયો.

એક વાર ધૃષ્ટબુદ્ધિ પ્રધાને ઋષિઓને જમાડયા અને રંક જાણીને કુમારને પણ તેમની સાથે બોલાવ્યો. તેણે સર્વે મુનિઓનો યોગ્ય સત્કાર કર્યો; પેલા રાજપુત્રનો કંઈ સત્કાર કર્યો નહિ. ગાલવ ઋષિએ તે જોઈને કહ્યું, હે ભાઈ! તું આને પૂજામાંથી કેમ ટાળે છે? હેતથી એને પૂજ. વિધિએ એમ નિર્મિત કર્યું છે કે એની સાથે વિષયા નામની તારી પુત્રીની સગાઈ થશે ને એ તારો જમાઈ થશે. આ સાંભળી પ્રધાન ધૃષ્ટબુદ્ધિને ઝાળ ચઢી ને મુનિમાત્રને ત્યાંથી હાંકી કહાડ્યા.

પછી ધૃષ્ટબુદ્ધિએ સુધાર્મિકના કુંવરને હણવાનું કામ ચાંડાલોને સોંપ્યું. ચાંડાલો તેને વગડામાં લઈ ગયા. પણ ત્યાં તેમને કુંવર પર દયાભાવ પ્રગટ્યો. તેમણે તે બાળકને જમણે પગે છટ્ઠી આંગળી હતી તે એંધાણી તરીકે કાપી લીધી ને તેને જીવતો મૂકી ગામ તરફ ચાલતા થયા. ગામમાં જઈ તેમણે ધૃષ્ટબુદ્ધિને પેલી આંગળી ને વાટમાં પડેલાં મૃત મૃગનાં કાઢી લીધેલાં નેત્ર એંધાણી તરીકે આપ્યાં ને એ રીતે ખાત્રી કરી આપી કે તે બાળકને અમે હણ્યો છે. ધૃષ્ટબુદ્ધિનો જીવ શાંત થયો. તે રાજી થયો કે પેલા ઋષિએ જે ભવિષ્ય ભાખ્યું હતું તે ખોટું થયું છે.

હવે કુલિંદ નામે રાજા શિકારે નીકળ્યો હતો, તે પેલા રાજપુત્રને જ્યાં જીવતો નિરાધાર મૂકવામાં આવ્યો હતો ત્યાં જઈ ચઢ્યો. તેની દૃષ્ટિ તે કુંવર પર પડી અને પોતાને છોકરો નહોતો તેથી તેને પોતાને મેહેલ લઈ ગયો. રાણી પ્રસન્ન થઈ કે મારાં ‘વાંઝિયાં બાર ઉઘડ્યાં.” જોશીઓને તેડાવી રાજાએ કુંવરની જન્મોતરી કરાવી ને તેનું વદન ચંદ્ર સરખું સુંદર હતું ને હાસ્ય કરતું દીપતું હતું, તેથી તેનું નામ ચંદ્રહાસ પાડ્યું.

“એનું વદન ચારુ સોમ સરખું, જાણે સોમ કળા પ્રકાશ;
હસી રહ્યું, માટે નામ એનું, ધર્યું છે ચંદ્રહાસ”!

પાઠ ૫૮મો

ચંદ્રહાસ–આખ્યાન, ભાગ ૨જો

ચંદ્રહાસ નિશાળે જતો થયો ને જલદીથી ભણીગણી કુશળ થયો. ધૃષ્ટબુદ્ધિ એમજ જાણતો હતો કે કુલિંદરાજને પુત્ર નથી. એને હવે એવો વિચાર સૂઝ્યો કે મેં દેશ દેશના રાજાને જીતી

વશ કર્યો છે ને આ કુલિંદે છેલ્લાં કેટલાંક વર્ષ થયાં કંઈજ દ્રવ્ય મારા રાજ્યને પરખાવ્યું નથી; માટે એને મારૂં જોર બતાવું. એ વાંઝિયો છે, તેથી એનું નગર લૂટી લઈ એને ભીખ માગતો કરૂં. એવું ધારી એણે સૈન્ય તૈયાર કર્યું. એ યુદ્ધ માટે જવાની તૈયારીમાં હતો તેવામાં બંદીજનોએ એને કહ્યું કે તમે લડવા જાઓ છો પણ કુલિંદને ચંદ્રહાસ નામનો વીર પુત્ર છે, તેની સામે તમારે કામ લેવાનું છે. કુલિંદને પુત્ર નહોતો ને ચંદ્રહાસ આવ્યો કયાંથી, એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે એના મનમાં ઉપસ્થિત થયો ને તે એણે બંદી જનને પૂછ્યો. કુલિંદ શિકાર કરવા ગયો હતો ત્યારે તેને ચંદ્રહાસ જડયો હતો તે વાત બંદીએ તેને વર્ણવી બતાવી. આ સાંભળી ધૃષ્ટબુદ્ધિને સંદેહ પડયો કે જે દાસીસુતને મેં મારી નંખાવ્યો હતો તે તો શું જીવતો નહિ રહ્યો હોય; ખરે તેજ આ પુત્ર હોવો જોઈએ. પેલા ગાલવ ઋષિનું ભવિષ્ય ખરૂં પડશે કે શું? ઠીક, જોઈ લઈશ.

આ પ્રમાણે વિચાર કરી ધૃષ્ટબુદ્ધિ કુલિંદના રાજ્ય પર ચઢાઈ લઈ ગયો. કુલિંદને ફીકર થઈ કે મેં વર્ષો થયાં કંઈ પણ નાણું ધૃષ્ટબુદ્ધિને આપ્યું નથી, તેથી મારૂં નક્કી આવી બનશે. એ વિચારથી એણે ધૃષ્ટબુદ્ધિનો યોગ્ય સત્કાર કર્યો.

ધૃષ્ટબુદ્ધિએ એના મેળાપથી ખૂબ આનંદ દર્શાવ્યો. પછી એણે કહ્યું કે મારે તમારી સાથે વાતચીત કર્યાની ઘણી હોંસ હતી, પણ મારે ઉતાવળનું કામ છે તેથી તરત પાછા જવું પડશે. મારે મારા પુત્ર મદનની સાથે જરૂરી, ખાનગી વાત કરવાની છે, એટલે ગયા વિના ચાલે તેમ નથી; પત્ર લખું તો ચાલે, પણ એ પત્ર મદનને આપી આવે એવો ભરોસાદાર માણસ મારી પાસે નથી.

કુલિંદે કહ્યું, શા માટે મુંઝાઓ છો ? મારો પુત્ર ચંદ્રહાસ તમારા મદનનો મિત્ર છે, એને તમારો પત્ર આપો. એ જાતે આપી આવશે. ધૃષ્ટબુદ્ધિને એટલુંજ જોઈતું હતું.

"એવે પત્ર લખ્યું પાપીએ, કૌંતલપુર નિજ ગામ;
સકલ શિરોમણિ, સુત મદન એવું નામ.
અહીં ચંદ્રહાસ મોકલ્યો છે, માન ઘણેરૂં દેજો;
અમો તમારા કિંકર છું, એમ કાલા થઈ ને કહેજો.



રૂપ ના જોશો, રંગ ના જોશો, ન પૂછજો ઘરસૂત્ર;
મુહૂર્તમાત્રમાં વિષ દેજો, ઘણું શું લખિયે, પુત્ર".

ચંદ્રહાસ પત્ર લઈને કુંદનપુર તરફ ગયો. થાકી જવાથી તે કુંદનપુરની બહાર એક વાડીમાં પોતાનો ઘોડો બાંધી તેની પાસે આરામ લેતો સૂઈ ગયો. તે ઊંઘતો હતો એવામાં ત્યાં પ્રધાનપુત્રી વિષયા આવી ચઢી. તેની કાંતિ જોઈ તે તેના પર મોહિત થઈ. પાસે જઈ તેણે તેને જોયો તો તેના અંગરખાની કસે એક પત્ર બાંધેલો દીઠો. પત્ર જોઉં તો ખરી, એમ વિચાર આવવાથી તેણે તે પત્ર ઉઘાડયો, તો વિષયાને પોતાના પિતાના હસ્તાક્ષર માલમ પડયા ને પત્રમાં ચંદ્રહાસને મારી નાખવાનું કામ મદનને સોંપાએલું જણાયું.

વિષયા ઘણી ખિન્ન થઈ; પણ તે નિરાશ ન થઈ. તેને એક યુક્તિ સૂઝી. તેણે 'વિષ' શબ્દને 'યા' અક્ષર ઉમેરી 'વિષયા' શબ્દ બનાવ્યો, એટલે ચંદ્રહાસને મદન વિષ ન દેતાં વિષયા દે એ પ્રમાણે પત્ર થયો. પછી તે ઘેર ગઈ.

પાઠ ૫૯મો

ચંદ્રહાસ–આખ્યાન, ભાગ ૩જો

ચંદ્રહાસે મદનને પત્ર આપ્યો ને તેમાં લખ્યા પ્રમાણે મદને ચંદ્રહાસ સાથે વિષયાનું લગ્ન કર્યું.

હવે કુલિંદની પાછળ શી વલે થઈ? ચંદ્રહાસના ગયા પછી ધૃષ્ટબુદ્ધિએ તેનું રાજ્યભવન લૂટી લીધું ને રાજારાણીને કેદી બનાવી તે પોતાને નગર પાછો ફર્યો.

તેને નગર બહાર ભાટ લોકો મળ્યા. તેમણે તેને ચંદ્રહાસ ને વિષયાનાં લગ્નની વધામણી ને ખુશાલીની ખબર આપી. ખુશાલી! હા તેમને મન તો ખુશાલીજ. પરંતુ ધૃષ્ટબુદ્ધિને તો તે સાંભળતાંજ મૂર્છા આવી ગઈ. ભાટોએ જણાવેલી હકીકત ને ગાંધર્વોએ કરેલાં ચંદ્રહાસનાં ગુણગાનથી ધૃષ્ટબુદ્ધિ તો એટલો બધો ઉશ્કેરાઈ ગયો કે તેમના શબ્દે શબ્દ એને બાળવા મંડયા. ઇનામની આશાએ આવેલાઓને સોટાના માર પડ્યા. કવિ પ્રેમાનંદે એનું ઘણું સારૂં વર્ણન કર્યું છે.

"સેવકને કીધી સાન રે, આપો પાટુ મુષ્ટિદાન રે,
ગાંધર્વનાં મૃદંગ ફોડયાં રે, આંતરડાં તાણીને ત્રોડયાં રે.
ભાંગી ભેર ને નફેરી રે, તાલ કાંસી નાખ્યા વેરી રે,
ભાટને દીધી શિક્ષા રે, ભટ્ટોને મંગાવી ભિક્ષા રે.
વેદ પુસ્તક તરભાણી રે, તેનાં ઝોળીયાં લીધાં તાણી રે;
ઋષિ વેદિયા બહુ મોટા રે, તેના માથામાં માર્યા સોટા રે.
ભાટ બ્રાહ્મણ નાઠા જાય રે, અથડાઈ પડે ને બેઠા થાય રે,
ઋષિ કહે દુષ્ટ થયો તુષ્ટમાન રે, વધામણીમાં બુધાનાં દાન રે."

ધૃષ્ટબુદ્ધિએ ખેલ કથળ્યો જાણ્યો. એણે કુલિંદને ને તેની રાણીને છોડી મૂકયાં ને કહ્યુ કે તમે તો મારાં પૂજ્ય થયાં છો; તમારા પુત્ર સાથે મારી પુત્રી પરણી છે; થોડા દિવસ પછી હું તેને લઈ ને તમારા રાજ્યમાં આવીશ. આમ તે બેને પાછાં કાઢી ધૃષ્ટબુદ્ધિ પોતાના નગરમાં પેઠો. મદનની પાસે પોતાનો લખેલો પત્ર મંગાવી જોતાં તેને માલમ પડયું કે મદનનો દોષ નથી. પત્રમાંજ વિષયા આપવાનું હતું, તેથી તેણે વિષયાને પરણાવી હશે.

ખારીલા લોકોનો ખાર શાંત થતોજ નથી. ધૃષ્ટબુદ્ધિએ વિચાર કીધો કે થનારી થઈ ગઈ, પણ હજી ત્રીજી વાર પ્રયત્ન કરી ચંદ્રહાસને મારૂં ત્યારેજ ખરો; જમાઈને મરાવું ને પુત્રીને વિધવા બનાવું ત્યારેજ હું સંતોષ પામું. દુષ્ટ માનવી! તારી દુષ્ટતા ક્યાંસુધી જાય છે!

ધૃષ્ટબુદ્ધિએ ચંદ્રહાસનો બહારથી સત્કાર કર્યો. પછી તેને કહ્યું કે અમારા કુળમાં એવી રીત છે કે જે અમારો નવો જમાઈ થાય તેણે હથિયાર વિના એકલા પુનેમની મધ્ય રાત્રે અમારી કુળદેવી કાળિકાની પૂજા કરવી. તે પ્રમાણે તમારે પણ એ પૂજા કરવાની છે. તેને એમ કરવાનું સોંપી ધૃષ્ટબુદ્ધિએ ચાર મારાઓ સાથે નક્કી કર્યું કે જેવો એ પૂજા કરીને કાળિકાના મંદિરમાંથી નીકળવા જાય કે તરત એનાં કકડે કકડા કરી નાખવા.

જે મધ્ય રાત્રે આ ભયંકર કૃત્ય થવાનું હતું તે મધ્ય રાત્રે એક બીજો બનાવ બન્યો. કુંતલ રાજાને નઠારૂં સ્વપ્ન આવ્યું, તેથી પોતે ધાર્યું કે હવે મારૂં મરણ સમીપ છે. તેને ચંપકમાલિની નામે પુત્રી હતી. તે પુત્રીનું શું થશે, તેને કોણ પરણાવશે, એવી ફીકર થવાથી તેણે પ્રધાનસુત મદનને રાતોરાત પોતાની પાસ બોલાવી મનની વાત કહી. મદને કહ્યું, તમે શીદ મુંઝાઓ છો? મારી બેનને મેં જેની સાથે પરણાવી છે તે લાયક યુવક છે; આજ્ઞા હોય તો અત્યારેજ તેને બોલાવી લાવું. રાજાએ રજા આપી એટલે મદન ચંદ્રહાસને તેડવા ગયો તો તે તેને રસ્તામાંજ એકલો શસ્ત્ર વિના મળ્યો. આમ શસ્ત્ર વિના મધ્ય રાત્રે એકલા ક્યાં જાઓ છો, એમ મદને તેને પૂછ્યું. ત્યારે તેણે કહ્યું, તમારા પિતાએ મને આજ્ઞા કરી છે તે પ્રમાણે

કાળિકાના પૂજન માટે જાઉં છું. મદને કહ્યું, તમને રાજા બોલાવે છે, તમે અત્યારેજ રાજમહેલમાં જાઓ; તમારૂં કામ હું કરી આવીશ.

અફસોસ ! ખારીલા પિતાના ખારનો ભોગ તેનોજ નિર્દોષ પુત્ર થઈ પડ્યો. મદન જ્યાં પૂજા કરીને મંદિરની બહાર નીકળે છે કે ચાંડાલોએ એના કટકા કરી નાખ્યા.

બીજી પાસ ચંદ્રહાસની સાથે રાજાએ પોતાની પુત્રી ચંપકમાલિનીનું રાત્રે ને રાત્રે લગ્ન કર્યું ને તેને રાજ સોંપી પોતે વનમાં ગયો.

વહાણું વાયું એટલે ચંદ્રહાસને રાજ્ય મળ્યાની ને મદનના પ્રાણ ગયાની હકીકત ધૃષ્ટબુદ્ધિએ જાણી. આ અત્યંત હૃદયવેધક વૃત્તાંતથી તેને તીવ્ર આઘાત થયો ને તેથી તે પણ મૃત્યુને વશ થયો.

ખરેખર, જે અરક્ષિત જેવું દેખાય છે, છતાં દૈવથી સુરક્ષિત છે, તેને કોણ ઇજા કરી શકે છે ? ખાડો ખોદે તેજ પડે.

જિવે બચાવ્યા વિણ દૈવતાર્યું,
મરે બચાવ્યું પણ દૈવમાર્યું;
અનાથ છોડ્યો વનમાં જિવે છે,
શ્રમે બચેલો ઘરમાં મરે છે.

पाठ ६०मो

उत्तरानुं स्वप्नुं

राग सोरठी माड

कहे स्वपन मुने लाध्युं रे हो, के हृदय मारुं दाझ्युं रे;
तेणे काळज खाधुं रे हो, के स्वपन तो मुने लाध्युं रे;
थरथर ध्रुजे उतरा. टेक. १

सांभळो सुदेष्णा मावडी रे, में दीठी कौतुक वात रे;
स्वपनमांहे एवुं दीठुं जे, थाशे महा उत्पात. स्वपन.
शुं करूं मारी मावडी रे, मुने हइडे लाग्यो चोको रे;
जन्म तो मारो एळे गयो रे, कांइ नव पोहोतो सोहेलो. स्वपन.
धिक धिक मारां कर्मडां रे, जे निपुणुं नठोर रे;
जोबन मारूं एळ गयुं, जेवुं वगडामांनुं बोर. स्वपन.
अति आदर उछेरे माळी, पाणी सींची वेली रे;
ज्यारे कळी प्रगटी पुष्पनी रे, त्यारे भोगी आव्यो मेली. स्वपन.
(जाणे) मारी काजळवोणी आंखडी रे, केश विना कांइ माथ रे;
नलवट नहीं मारे चांदलो, मारा चुडला वोहोणा हाथ. स्वपन.
जाणे ऊंट पर बे जण बेठां, हुं ने मारो कंथ रे;
एकेकुं श्याम वस्त्र ओढीने, पूर्वथी चाल्या दक्षिण पंथ. स्वपन.
कोढानुं वासण, खीरनुं भोजन, मांहे तेलनी धार रे;
सुभद्रानो जायो जमतो दीठो में, कोटे करेणनो हार. स्वपन.
(जाणे) पृथ्वी पड्यो मारो चांदलो रे, में खांडो दीठो सूर रे;
सरोवर तो लोहीए भर्यां रे, कांइ सूको सागरपूर. स्वपन.
ते शुं हशे मारी मावडी रे, एवां कौतुक दीठां क्रोड रे;
त्यारे सुदेष्णाजी बोल्यां, कांइ जमाइने खोड. स्वपन. १
एवी वात करे छे जेटले, एवे आणुं आव्युं छे बहार रे;
रायको कहे छे राणीजीने, हवे मोकलो राजकुमार. स्वपन. १
चक्रावो ते रची रह्या, कौरव प्राणीमात्र रे;
अर्जुन पधारशे संसप्तकमां, लडशे तम जामात्र. स्वपन. १

प्रेमानंद

પાઠ ૬૧મો

શારીરિક રચના અને ક્રિયાઃ હાડકાં, સાંધા, સ્નાયુબંધ, ભાગ ૧લો

આપણું શરીર હાડકાં, માંસ, ને લોહીનું બનેલું છે. હાડકાંના ખોખામાં મગજ, ધડ, અને અવયવોનાં હાડકાં છે ને તે ખોખું હાડપિંજર કહેવાય છે. હાડપિંજરનું ચિત્ર પુસ્તક ચોથાના ૨૭મા પાઠમાં આપેલું છે. હાડપિંજરમાં જુદા જુદા આકારનાં ને કદનાં બસેંથી વધારે હાડકાં આવેલાં છે. હાડકાંથી શરીરને મજબૂતી મળે છે અને પોચા માંસના ભાગને ટેકો મળે છે.

ધડનો ઉપલો ભાગ ખોપરી ને મોંનો બનેલો છે. ખોપરી પોલી પેટી જેવી છે ને તેમાં મગજ સમાએલું છે. ખોપરીમાં આઠ હાડકાં આવેલાં છે ને તે એક બીજા સાથે મજબૂત જોડાએલાં છે. કેમકે તેને હિલચાલની જરૂર નથી. બાળપણમાં ખોપરીનાં હાડકાં જોડાએલાં હોતાં નથી અને તેથી માથાના ઉપલા ભાગ પર આપણને મગજ ધબકતું લાગે છે. બાળકના મગજને જોરથી દાબવાથી નુકસાન થવાનો સંભવ છે. બાળક મોટું થાય છે અને મગજ પૂરા કદમાં વિકાસ પામે છે ત્યારે ખોપરીનાં હાડકાં જોડાઈ જાય છે. બાળકના માથા પર કે કાન આગળ મારવાથી નુકસાન થાય છે, તે હવે સમજાશે.

ખોપરી સિવાયના મોંના ભાગમાં ૧૪ હાડકાં આવેલાં છે. એ એવી યુક્તિથી ગોઠવાએલાં છે કે તેથી આંખનું સારૂં રક્ષણ થાય છે. હાડકાંમાં પોલાણ છે ને તેમાં આંખો આવેલી છે. એની ઉપર કપાળનું વિશાળ આગલું હાડકું છે, વચ્ચે નાકનું હાડકું, અને નીચે ગાલનાં હાડકાં આવેલાં છે. એ રીતે

નેત્રો સુરક્ષિત થયાં છે. બે જડબાંનાં હાડકાં છે, તેમાં નીચલા જડબાનું હાડકું હાલતું છે, તેથી આપણે આપણું મોં ઉઘાડી શકીએ છીએ અને બંધ કરી શકીએ છીએ.

છ મહીના ને નવ મહિનાની ઉમરની વચ્ચે બાળકને દાંત આવે છે ને તે વીસ હોય છે. એ વીસ દાંત દૂધીઆ દાંત કહેવાય છે. છસાત વર્ષનું બાળક થાય છે ત્યારે એ દાંત પડી જાય છે ને હમેશના ૩૨ દાંત આવે છે. એમાં ચાર ડહાપણની ડાઢ તે ૨૧ વર્ષનું થાય છે ત્યારે આવે છે.

પાચન કરવાની ક્રિયામાં સારા દાંત ઘણા ઉપયોગી છે. એ કારણથી તે આપણું આરોગ્ય સાચવવા જરૂરના છે. તે વદનની શોભા છે; માટે આપણે તે દરેક રીતે સાચવવા. દર રોજ સારી પેઠે દાંત ઘસવા; તેમાં ખોભણ પડવા દેવી નહિ. સોપારી જેવું કઠણ ચાવવાથી દાંતને નુકસાન થાય છે. દાંતમાં સળી ખોસી તેમાં ખોભણ વધારવી નહિ. તેમ થવાથી પોલાણ થાય છે ને દાંતમાં અસહ્ય દુખાવો થાય છે, તે કાન ને મગજ સુધી પહોંચી અત્યંત ત્રાસ આપે છે.

ધડ એ માથાને ટેકવે છે ને એની સાથે હાથપગ જોડાએલા છે. એમાં બે ખંડ છે, ઉપલો ખંડ છાતી ને નીચલો ખંડ પેટ છે. બરડાની કરોડ એ ગરદનથી ધડના છેડા સુધી આવેલી છે. એ શરીરના સ્તંભ જેવી છે. એ એક હાડકું નથી, પણ હાડકાંની હાર છે. એમાં ૫૩ હાડકાં છે, તે એક બીજા સાથે જાડા, સુંવાળા પદાર્થથી જોડાએલાં છે. એ પદાર્થ ગાદી જેવો નરમ ને સ્થિતિસ્થાપક છે. એ હાડકાંમાંનાં નાનાંમાં નાનાં ૭ હાડકાંની ગરદન બનેલી છે. નીચે ૧૨ હાડકાં છે, તે બંને બાજુનાં પાંસળાંને ટેકવે છે. એ પાંસળાંમાં ૨૪ હાડકાં છે.

પાંસળાં એ છાતીનું હાડપિંજર છે. એની સાથે છાતીનું હાડકું જોડાએલું છે. પેટના ભાગમાં ૯ હાડકાં છે.

પાઠ ૬૨મો

શારીરિક રચના અને ક્રિયાઃ હાડકાં, સાંધા, સ્નાયુબંધ, ભાગ ૨જો

હવે હાથપગનાં હાડકાં તપાસીએ. હાથના ને પગના, દરેકના ત્રણ ભાગ છે. ખભાથી કોણી સુધીનો એક ભાગ, એ ઉપલો બાહુ છે; કોણીથી પોંચા–કાંડા સુધીનો બીજો ભાગ, એ નીચલો બાહુ છે; અને કાંડાની નીચેનો ત્રીજો ભાગ તે હાથ છે.

હાથના જેવા પગના પણ ત્રણ ભાગ છે. કમરથી ઘુંટણ સુધીનો એક ભાગ, જે ઝાંઘ કહેવાય છે; ઘુંટણથી ઘુંટી સુધીનો બીજો ભાગ, પગ; અને ઘુંટીની નીચલો ત્રીજો ભાગ, પગની પાનીવાળો.

ઉપલા બાહુમાં ને ઝાંઘમાં એક લાંબું હાડકું છે. નીચલા બાહુમાં બે હાડકાં છે, એક નાનું ને એક મોટું, ને તે કોણી આગળ ઉપલા બાહુના હાડકા સાથે સંધાએલાં છે. એજ પ્રમાણે પગમાં પણ બે હાડકાં છે; એક નાનું ને એક મોટું ને તે ઘુંટણ આગળ ઝાંઘના હાડકા સાથે સંધાએલાં છે. ઘુંટણના પર જેવું હાડકું છે, તેવું કોણી પર નથી. હાથની રચના ને પગની ઘુંટીથી નીચેના ભાગની રચના પણ સરખી છે. કાંડામાં ૮ ને ઘુંટીમાં ૭ હાડકાં છે. હાથેલીનો ભાગ પગના તળીઆને મળતો આવે છે. દરેકમાં ૫ હાડકાં છે. તે આંગળીઓ ને અંગૂઠાના છેડા સુધી ફેલાએલાં છે. દરેક આંગળીમાં ૩ ને અંગૂઠામાં ૨ હાડકાં છે.

હાથમાં જલદી હલાવવાની શક્તિની જરૂર છે, તેથી કાંડા આગળનાં હાડકાં નાનાં ને આંગળાંનાં મોટાં હોય છે. પગમાં જોરની જરૂર છે, તેથી પગનાં હાડકાં જાડાં, ભારે, ને ટૂંકાં હોય છે.

ઉપલા બાહુનું હાડકું ખભા આગળ ખભાના ચપટા હાડકા સાથે જોડાએલું છે. એ ખભાના ચપટા હાડકાને ગળાનું હાડકું—હાંસડીનું હાડકું ટેકવે છે.

હાથપગનાં હાડકાંને લીધે તેને ધારીએ તેમ હલાવી શકીએ છીએ. એ હીલચાલનાં બે કારણ છેઃ એક હાડકાંની મોટી સંખ્યા, ને બીજું, હાડકાંના સાંધા. એક હાડકું બીજા હાડકા પર હીલચાલ કરી શકે એવી રીતે હાડકાં ગોઠવ્યાં હોય છે ત્યાં સાંધા હોય છે. બારણું મજાગરાં પર ફરે છે તેમ હાડકાં સાંધા પર ફરે છે. એવા સાંધા કોણી, ઘુંટણ, કાંડું, ઘુંટી આગળ, અને આંગળાંમાં ને અંગૂઠામાં આવેલા છે.

હાડકાં જેમ હલાવવાં હોય તેમ હલાવાય છે; પરંતુ તે તેનાં સ્થાનથી છટકી જતાં નથી; કેમકે સાંધા આગળ સ્નાયુબંધોથી તે જોડાએલાં છે. શરીર પરની ધોળી ચામડી કાઢી લઈએ તો તેની નીચે લાલ માંસ નજરે પડશે. એ લાલ માંસ તે સ્નાયુ. એ સ્નાયુબંધોને લીધે શરીરને ધારીએ તેવી હીલચાલ કરાવી શકાય છે.

લુહારને આખો દહાડો હથોડો હલાવવાનો છે; તેથી તેના હાથના સ્નાયુ કસાય છે. શારીરિક ઉદ્યોગ કરનારના સ્નાયુઓ મગજના કામ કરનારના સ્નાયુ કરતાં વધારે દૃઢ થાય છે. જેમ આપણે આપણા સ્નાયુને વધારે કામ આપીએ તેમ તે વધારે મજબૂત થાય છે ને વિકાસ પામે છે. હવે તમે સમજશો કે અંગકસરત સ્નાયુને વિકસાવી શરીરને મજબૂત કરે છે.

પાઠ ૬૩મો

સ્વદેશરક્ષક લિઓનિડાસ, ભાગ ૧લો

યુરોપ ખંડમાં ગ્રીસ દેશની કુદરતી સ્થિતિ વ્યાપારને માટે અનુકૂળ છે. સમુદ્રના નાના નાના ફાંટા દેશમાં અનેક સ્થળે જવાથી દેશના ઘણા ભાગને સમુદ્રનો લાભ ને તે મારફતે બીજા દેશો સાથે સમાગમનો લાભ મળે છે. આ કારણથી યુરોપના બીજા દેશો કરતાં ગ્રીસમાં વહેલો સુધારો થયો. જ્યારે યુરોપના બીજા દેશો જંગલી સ્થિતિમાં હતા, ત્યારે ગ્રીસ ઘણો સુધરેલો દેશ હતો.

ગ્રીસમાં ડુંગરો ને ખીણો ઘણાં હોવાથી તેમજ નાના નાના દ્વીપો ને દ્વીપકલ્પ ઘણા હોવાથી દરેક મોટું શહેર તેની આસપાસના મુલક સાથે એક સ્વતંત્ર રાજ્ય બન્યું. આ કારણથી ગ્રીક લોકોમાં સ્વતંત્રતા પર અત્યંત પ્રેમ રહ્યો અને સ્વતંત્રતા અનુભવવાની ટેવ તેમનામાં પ્રબળ રહી.

ગ્રીક લોકો આર્ય પ્રજા હોવાથી તેમનો ધર્મ બધી આર્ય પ્રજાના ધર્મ જેવો હતો. તેઓ કુદરતનાં ભિન્ન ભિન્ન સ્વરૂપને ને તેની અદૃશ્ય શક્તિને તેમજ કુલદેવતાને અને દેશના વીર પુરુષો અને સ્ત્રીઓને દેવદેવી તરીકે પૂજતા. 'ઝીઅસ' એટલે દિવસ્પતિને તેઓ મુખ્ય દેવ માનતા. તેનું સ્થાન ઓલિંપિઅસ પર્વત પર હતું.

ગ્રીક લોકોનાં કળા, સાહિત્ય, રાજ્યતંત્ર, અને સમગ્ર જીવનમાં ધર્મના વિચારો ઓતપ્રોત થયા હતા. કવિઓ દેવોનાં આખ્યાનો વિષે કવિતા રચતા. કલા જાણનારાઓ દેવદેવીની મૂર્તિઓ બનાવતા. કોઈ પણ મોટું કામ આરંભતાં

પહેલાં ગ્રીક લોકો પોતાનાં દેવદેવીની આજ્ઞા લેતા અને દેવવાણી થાય તે પ્રમાણે વર્તતા. આ દેવવાણીઓમાં ડેલ્ફિ શહેરની દેવવાણી સુપ્રસિદ્ધ થઈ છે. એમાં એપૉલો દેવની મૂર્તિ હતી. દેવાલયના મધ્ય ભાગમાં એક બાંયરૂં હતું, તેમાં એક સ્ત્રી બેસતી અને દેવને જે પ્રશ્નો પૂછવામાં આવતા તેના ઉત્તર તે બહુ ચતુરાઈથી આપતી. તે એવા દ્વયર્થી ને સંદિગ્ધ શબ્દો વાપરતી કે ગમે તે પરિણામ આવતું તોપણ પ્રશ્ન પૂછનાર રાજી થતો ને એમ માનતો કે ઉત્તર પ્રમાણેજ પરિણામ આવ્યું છે. આથી લોકોની એ દેવવાણી પર શ્રદ્ધા દૃઢ થતી.

ગ્રીસમાં ઍથન્સ, સ્પાર્ટા, ને થીબ્સ, એ ત્રણ રાજ્યો અનુક્રમે સર્વોપરિ થયાં. 'ઍથન્સ' એ નામ 'ઍથેના' દેવીના નામ પરથી પડ્યું છે. તે સમયે ઍથન્સ મોટું શહેર હતું. તેમાં વિદ્યાસંપત્તિ ઘણી હતી. ગ્રીક લોકોએ ન્યાય, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, ખગોળ, ગણિત, સંગીત, આયુર્વેદ, અને કાવ્ય, વગેરેનું સાહિત્ય સારી રીતે ખેડ્યું હતું. વિદ્યાવૃદ્ધિમાં ઍથન્સ સર્વોપરિ હતું. ગ્રીક લોકોમાં હોમર નામે મોટો કવિ હતો. 'ઇલિયડ' અને 'ઓડિસિ' નામનાં તેનાં વીરરસ કાવ્યો 'રામાયણ' જેવાં મોટાં છે અને તે એટલાં બધાં લોકપ્રિય થયાં છે કે તેનું ભાષાંતર યુરોપની ઘણી ભાષાઓમાં થયું છે. કાવ્યશાસ્ત્રમાં જેવું હોમરનું નામ પ્રસિદ્ધ છે તેવું ઇતિહાસમાં હીરૉડોટસનું છે. એ પ્રાચીનમાં પ્રાચીન યુરોપનો ઇતિહાસકર્તા છે ને ઇતિહાસના પિતા તરીકે પ્રખ્યાત છે.

ઍથન્સમાં રસજ્ઞતા, કલાકૌશલ્ય, અને વિદ્યાવૃદ્ધિ પરિસીમાએ પહોંચ્યાં હતાં; ત્યારે સ્પાર્ટા એ બાબતોમાં ઘણું પાછળ હતું. તે અંગબળની ખિલવણીમાં ઘણું આગળ વધ્યું હતું. સ્પાર્ટાની

પ્રજા વ્યાપારમાં કુશળ હતી. સ્પાર્ટન લોકોને વ્યાયામ અને સહનશીલતાની ખાસ કેળવણી આપવામાં આવતી. તેમને દોડવાની, કૂદવાની, અસ્ત્ર ફેંકવાની, કુસ્તીની, મુક્કાબાજીની, અને શિકારની કસરત કરવી પડતી હતી.

બાળક જન્મે ત્યારે નબળું માલમ પડે તો તેને ટેગિટસની ટેકરી પરથી નીચે ખીણમાં ફેંકી દેતા. ઉત્સવોને દિવસે છોકરાઓને સહનશીલતાની કેળવણી આપવા માટે ફટકા મારવાનો રિવાજ હતો. ફટકા ખાતાં જેઓ ડગતા નહિ તેમનાં વખાણ થતાં ને જેઓ બૂમ પાડતા તેમની હાંસી થતી.

જેમ બીજા ગ્રીક છોકરાઓ કરતાં સ્પાર્ટન છોકરાઓની કેળવણી ઘણા જુદા પ્રકારની હતી તેમ સ્પાર્ટન છોકરીઓની કેળવણી પણ જુદી હતી. ઍથન્સમાં સ્ત્રીઓને ઘરમાં રહી કાંતવાની કેળવણી આપવામાં આવતી ત્યારે સ્પાર્ટામાં તેમને જાહેરમાં નૃત્ય કરવાની, દોડવાની, અસ્ત્ર ફેંકવાની, કુસ્તી કરવાની, અને એવી બીજી શારીરિક કસરત શિખવવામાં આવતી.

પાઠ ૬૪મો

સ્વદેશરક્ષક લિઓનિડાસ, ભાગ ૨જો

આજથી લગભગ ૨,૪૦૦ વર્ષ પર ગ્રીસ અને ઇરાનની વચ્ચે લડાઈ ચાલતી હતી. ઝરકસીઝ નામે ઇરાનનો બાદશાહ મોટું લશ્કર લઈને ગ્રીસ પર ચઢી આવ્યો હતો.

ગ્રીસમાં થર્મોપિલી નામની સાંકડી નેળ છે. તેની બંને બાજુએ ઊંચા ને ઊભા પહાડો આવેલા છે. નેળ માત્ર એક માઇલ લાંબી છે. આવી સાંકડી નેળને મોખરે લશ્કર રાખી

ઇરાનના મોટા લશ્કરની સાથે બાથ ભીડવાનો ગ્રીક લોકોએ ઠરાવ કર્યો. સ્પાર્ટાના રાજા લિઓનિડાસને ગ્રીક લશ્કરનો સેનાધિપતિ બનાવવામાં આવ્યો.

ઇરાનનું જંગી લશ્કર ગ્રીસ પર ચઢી આવ્યું ત્યારે ગ્રીક લોકો દેવોનો ઉત્સવ ઉજવતા હતા અને ઓલિંપિઆ આગળ પવિત્ર રમતો રમતા હતા. એ ઉત્સવ પૂરો કર્યા પછીજ તેમણે લડાઈમાં ચિત્ત રોકયું.

થર્મોપિલીની સાંકડી નેળમાં આવ્યા વિના દક્ષિણ ગ્રીસમાં દાખલ થવાનો એક છૂપો ડુંગરી રસ્તો હતો. લિઓનિડાસને આ છૂપા રસ્તાની ખબર ફોશિઅન લોકોએ કરી. તે પહેલાં તેને એ માર્ગની ખબર નહોતી. ફોશિઅન લોકોની ઇચ્છા પ્રમાણે તેણે તેમને એ છૂપા માર્ગનું રક્ષણ કરવા પર્વતની ટોચ પર ગોઠવ્યા.

નેળની ઉત્તર બાજુએ લિઓનિડાસે એક દિવાલ બાંધી. આ પ્રમાણે બધી તૈયારી કરી વીર લિઓનિડાસ શાંત રીતે શત્રુની વાટ જોતો ઊભો. પણ એના યોદ્ધાઓ એવા શાંત નહોતા. ઘણાખરાની મરજી આને બદલે બીજે સ્થળે લડવાની હતી. પરંતુ વીર લિઓનિડાસની ઇચ્છાથી વિરુદ્ધ કોઈથી થઈ શકાયું નહિ.

એટલામાં ઝરકસીઝને ખબર થઈ કે મુઠીભર સ્પાર્ટન લોકો તેને ગ્રીસમાં દાખલ થતો અટકાવવા થર્મોપિલીની સાંકડી નેળ આગળ ઊભા છે. આ વાત તેના માનવામાં ન આવી, તેથી તેણે એની ખાત્રી કરવા દુશ્મનના લશ્કરની સ્થિતિ તપાસવા માણસો મોકલ્યા. તેમણે તે જોઈ આવીને બાદશાહને કહ્યું કે સ્પાર્ટન લોકો શારીરિક કસરત કરે છે અને પોતાના લાંબા વાળ ઓળે છે.

ઝરકસીઝે ગ્રીક લોકોને કહાવ્યું કે તમે તમારા હથિયાર આપી દો. લિઓનિડાસે જવાબ કહાવ્યો કે તમે આવીને લઈ જાઓ. એક સ્પાર્ટને કહ્યું કે ઝરકસીઝનું લશ્કર એટલું મોટું છે કે તેમનાં તીરો સૂર્યને ઢાંકી નાખશે. લિઓનિડાસે કહ્યું, વધારે સારૂં; તેમ થશે તો આપણે છાયામાં ઊભા રહી લડીશું.

ઝરકસીઝે ધાર્યું હતું કે આવું નાનું લશ્કર મારા જંગી લશ્કરની સામા બાથ ભીડવાની હિંમત નહિ કરે. તેથી તેણે હુમલા કરવાની ચાર દિવસ રાહ જોઈ હતી. પરંતુ લિઓનિડાસના જવાબો સાંભળી પાંચમે દિવસે તેણે પોતાના લશ્કરની બહાદુર મીડ લોકોની ટૂકડીને ધસારો કરવાનો હુકમ કર્યો. તેમણે અગાઉ ઘણું શુરાતન દર્શાવ્યું હતું, તેથી તેમણે ધાર્યું કે આપણા ધસારા આગળ સ્પાર્ટન લોકો ટકી શકનાર નથી. પણ તેમની ધારણા ખોટી પડી. સાંકડી નેળમાં તેમના લશ્કરને સંખ્યાનો લાભ મળ્યો નહિ. તેઓ ઘણા કલાક લડ્યા ને તેમનાં ઘણાં માણસો મરણ પામ્યાં.

પછી ઝરકસીઝે પોતાના ૧૦,૦૦૦ અમર સૈનિકોને ધસારો કરવા હુકમ કર્યો. પણ તેમની દશા પણ મીડ લોકોના જેવીજ થઈ. ઝરકસીઝ ઊંચી જગાએ તખ્ત ગોઠવાવી તે પર બેસી આ બધું જોયા કરતો હતો. બંને ટૂકડીનો પરાભવ જોઈ તે તખ્ત ઉપરથી ત્રણ વાર ગુસ્સામાં ઊછળ્યો.

બીજે દિવસે હુમલો ફરી શરૂ કરવામાં આવ્યો; પણ તે પણ સફળ નીવડ્યો નહિ. ઝરકસીઝ આ સાંકડી નેળમાંથી દેશમાં પ્રવેશ કરવાની આશા છોડતો હતો, એટલામાં એક દેશદ્રોહી ગ્રીકે તેને પહાડ ઉપરના છૂપા માર્ગની વાત કહી. ઝરકસીઝે રાત્રે તેની સાથે એક ટકડી મોકલી, તે સવાર થતાં

પહેલાં તે છૂપે માર્ગે જઈ પર્વતના શિખર પર પહોંચી. ફોશિઅન લોકોએ ધાર્યું કે આપણું સ્થાન બચાવવા જતાં જીવ જશે, તેથી તેમણે સ્થાન છોડી પર્વતને ઊંચામાં ઊંચે શિખરે મથક કર્યું.

લિઓનિડાસને આ બધી હકીકતની ખબર પડી. તેણે લશ્કરનાં માણસોને એકઠાં કરી તેમની સલાહ લીધી. ઘણા-ખરાનો એવો વિચાર થયો કે આ સાંકડી નેળનો બચાવ થઈ શકવાનો નથી; માટે બહેતર છે કે દેશના રક્ષણને અર્થે આપણે બીજે સ્થળે જઈને લડવું. અહિં રહી પ્રાણ ખોવા નકામા છે.

લિઓનિડાસને આ સલાહ રુચી નહિ. જે સ્થળે ઊભા રહી લડવાનું નક્કી થયું હતું તે સ્થળ તજવું એ સ્પાર્ટનને ઘટતું નહોતું. ત્યાંજ રહી લડીને મરવું કે જીતવું એ તેની ફરજ હતી. વળી એક દેવવાણી એવી થઈ હતી કે ઇરાની લોકોને હાથે સ્પાર્ટાનો કે સ્પાર્ટાના રાજાનો નાશ થશે.

લિઓનિડાસનાં ખાસ ૩૦૦ માણસ હતાં, તેમનામાં રાજાના જેટલીજ હિંમત હતી. બીજાં ૭૦૦ માણસો પણ પ્રાણ અર્પવા તૈયાર થયાં. બાકીનાં માણસોને તેણે જવા દીધાં.

ઝરકસીઝનો વિચાર બપોરે હુમલો કરવાનો હતો. પરંતુ લિઓનિડાસે તેમની વાટ જોઈ નહિ. તેનાં માણસો રણયજ્ઞમાં પ્રાણની આહુતિ આપવા તૈયાર હતાં. તેઓ ઘણી બહાદુરીથી લડયાં. સંખ્યાબંધ ઇરાનીઓ નાશ પામ્યા. ગ્રીક લોકોના ભાલા ટકયા ત્યાંસુધી તેમણે ઇરાની લોકોને થોભાવ્યા. છેવટે, તેમના ભાલા ભાંગી જવાથી ઇરાની લોકો તેમની આસપાસ ફરી વળ્યા. લિઓનિડાસ સર્વેથી પહેલો પડયો; તોપણ ગ્રીક લોકો હઠયા નહિ. તેમણે ચાર વાર ઇરાનીઓને હઠાવ્યા. આખરે તેમનો નાશ થયો.

મરણસ્થળે લિઓનિડાસના સ્મારક તરીકે એક આરસનો સિંહ ઊભો કરવામાં આવ્યો અને ત્યાં એવો લેખ લખ્યો કે "અહિં ૪,૦૦૦ સ્પાર્ટનોએ ૩૦ લાખ શત્રુઓ સામા બાથ ભીડી હતી." ધન્ય છે સ્વદેશરક્ષક લિઓનિડાસને ને તેના વીર અનુયાયીઓને !

પાઠ ૬૫મો

પૃથ્વીઃ આકૃતિ

શિક્ષક—પૃથ્વી ગોળ છે કે ચપટી? પ્રિય શિષ્યો, તમને તે કેવી લાગે છે?

છોકરાં—સાહેબ, અમને તો તે ચપટી દેખાય છે.

શિક્ષક—શા ઉપરથી એમ કહો છો?

છોકરાં—સાહેબ, જ્યાં જોઈએ છીએ ત્યાં મેદાન માલમ પડે છે. કોઈ ઠેકાણે તે ગોળ જેવી દેખાતી નથી.

શિક્ષક—તમે છેક દૂરથી આવતો માણસ જુઓ છો, તો તેના માથાનો ભાગ તમને દેખાય છે કે પગનો?

છોકરાં—સાહેબ, માથાનો. તે પાસે આવતો જાય છે તેમ તેમ પગનો ભાગ જણાતો જાય છે.

શિક્ષક—એનું શું કારણ?

છોકરાં—સાહેબ, તે અમે સમજી શકતાં નથી.

શિક્ષક—નીચલો ભાગ કેમ જોઈ શકતાં નથી? તમારી નજર અને તે ભાગની વચ્ચે કંઈ રોકાણ છે?

છોકરાં—સાહેબ, કંઈ રોકાણ જણાતું નથી.

શિક્ષક—જુઓ, આ દડો મારી પાસે છે. પૃથ્વીનો આકાર એવો હોય તો દૂરથી આવતા માણસનો નીચલો ભાગ તમે જોઈ શકો?

છોકરાં—ના, સાહેબ.

શિક્ષક—શા માટે ?

નવનીત—સાહેબ, છેક દૂરથી આવતા માણસના પગ ને પ્રેક્ષકની નજર વચ્ચે પૃથ્વીનો ગોળ ભાગ આવે છે.

શિક્ષક—શાબાશ ! તેં બરાબર કહ્યું. વિચાર કરશો તો બધું સમજાશે. જુઓ, બીજા દાખલા આપું છું. તમે કિનારા પર ઊભા રહીને આગબોટો જતી જોશો તો દૂર જતાં જતાં પ્રથમ તેનું તળીઉં દેખાતું બંધ થાય છે, પછી સઢનો નીચલો ભાગ દેખાતો બંધ થાય છે. એથી ઉલટું, આપણે દૂરથી આવતી આગબોટો જોઈએ છીએ, તે વખત આપણાથી તેનું તળીઉં જોઈ શકાતું નથી. જેમ જેમ તે આગબોટ પાસે આવે છે તેમ તેમ તેનું તળીઉં જણાતું થાય છે. વળી આપણે કિનારા પરથી જોવાને બદલે ઊંચી જગાએથી–કોઈ ટેકરી પરથી કે અન્ય એવે ઊંચે સ્થળેથી–દરિયા તરફ નજર કરીએ તો આગબોટનું જે તળીઉં કિનારેથી જણાતું નહોતું તે હવે જણાશે. પૃથ્વી ગોળ હોવાને લીધેજ આમ થાય છે. તેનો ગોળ ભાગ આપણી નજર અને તે પદાર્થના નીચલા ભાગની વચ્ચે આવી આપણને તે ભાગ જોતાં અટકાવે છે. વળી બીજાં કારણોથી પણ પૃથ્વી ગોળ છે એવું સાબીત થયું છે. જુઓ, આ કાગળ જેવી ચપટી વસ્તુને છેડો હોય કે નારંગી જેવી ગોળ વસ્તુને ?

છોકરાં—સાહેબ, ચપટી વસ્તુને.

શિક્ષક—બરાબર. ઘણા નાવિકોએ પૃથ્વીની આસપાસ સફર કરી છે; એટલે એક સ્થળેથી નીકળી એકજ દિશાએ વહાણ

હુંકારી જે સ્થળેથી નીકળ્યા તેજ સ્થળે તેઓ ઉલટી દિશાએથી પાછા આવ્યા છે. આવું ક્યારે બની શકે? પૃથ્વી ગોળ હોય તો કે ચપટી હોય તો?

છોકરાં—સાહેબ, પૃથ્વી ગોળ હોય તોજ એમ બને.

શિક્ષક—ત્યારે, જુઓ. એ અનુભવસિદ્ધ પુરાવો થયો. વળી બોલો, ગોળ વસ્તુની છાયા ગોળ પડે કે કે ચપટી વસ્તુની?

છોકરાં—સાહેબ, ગોળ વસ્તુની.

શિક્ષક—ખરૂં છે. ચંદ્રગ્રહણમાં ચંદ્ર પર પૃથ્વીની છાયા હોય છે ને તે ગોળજ હોય છે. એથી શું સિદ્ધ થાય છે?

છોકરાં—સાહેબ, પૃથ્વી ગોળ છે તે.

શિક્ષક—બરાબર. વળી બધા તારા તેમજ ગ્રહો ગોળ હોય છે. પૃથ્વી પણ એક ગ્રહ છે. સમાનતાના નિયમથી પણ પૃથ્વી ગોળ છે. એ લીંબુ જેવી ગોળ નથી; પણ નારંગી જેવી છે. ટોચ પર ને નીચે ચપટી છે.

પાઠ ૬૬મો

સત્ય ભાષણ અને સત્ય વર્તન, ભાગ ૧લો

આપણે હમેશ સાચું બોલવું. કદી પણ જૂઠું બોલવું નહિ. તેમજ સરળ, પ્રામાણિક રીતે વર્તવું, વાંકી રીતે કે કપટથી કદી વર્તવું નહિ.

દુનિયાનું બંધારણ સત્ય ને પ્રામાણિકતા પર છે. આપણે કેટલાંક માણસોને જૂઠું બોલતાં ને અપ્રામાણિક રીતે વર્તતાં જોઈએ છીએ; પરંતુ એવાં મનુષ્યો કરતાં સાચું બોલનારાં ને સીધે રસ્તે ચાલનારાંની સંખ્યા ઘણી વધારે હોય છે. એ

સંખ્યા ઓછી હોય તો દુનિયાના વ્યવહારમાં ખલેલ પડ્યા વિના રહે નહિ.

જે સાચું બોલે છે તેના પર સર્વ વિશ્વાસ રાખે છે. ઈશ્વર તેના પર પ્રસન્ન રહે છે. તે લોકોમાં કીર્તિ પામે છે. એથી ઉલટું, જે જૂઠું બોલે છે તેનો કોઈ ભરોસો કરતું નથી અને લોકોમાં તેની નિંદા થાય છે.

મહાભારતમાં એક સ્થળે કહ્યું છે કે તું એમ જાણે છે કે હું એકલો છું. મને કોઈ દેખતું નથી, એમ ધારી તું અસત્ય બોલે છે. પણ એ તારી મોટી ભૂલ છે. તારા હૃદયમાં ઈશ્વરે સાક્ષિભૂત અંતરાત્મા મૂક્યો છે તેને તું ભૂલી જાય છે. તું જે કરે છે તે તારો અંતરાત્મા જાણે છે તેમજ ઈશ્વર પણ જાણે છે. માટે કોઈ દેખતું નથી, કોઈ જાણતું નથી, એમ માની મનુષ્યે અસત્ય બોલવું નહિ કે આચરવું નહિ. ઈશ્વર સર્વવ્યાપક છે; તેનાથી કંઈ અજાણ્યું નથી. તે એ પ્રમાણે છેતરાવાનો નથી.

સત્ય પાળવા હરિશ્ચંદ્રે કેટલું બધું દુઃખ સહન કર્યું? સત્ય માટે બલિરાજાએ પૃથ્વીનું રાજ્ય ખોયું. સત્ય માટે રામચંદ્રે અને પાંડવોએ વનવાસ સેવ્યો અને ત્યાં તેમને અનેક દુઃખ નડયાં.

સત્યનો આટલો બધો પ્રભાવ છે; છતાં મનુષ્ય ઘણી વાર અસત્ય બોલતાં કેમ જણાય છે?

ઘણે ભાગે છોકરાં કીધેલો ગુનો છુપાવવા જૂઠું બોલે છે. તેઓ ધારે છે કે ગુનો પકડાશે તો શિક્ષા થશે; માટે શિક્ષામાંથી બચવા તેઓ જૂઠું બોલે છે. માબાપનો તેમજ ગુરુનો ધર્મ છે કે તેમણે સાચું બોલનારાં છોકરાંનો ગુનો માફ કરવો જોઈએ; એટલુંજ નહિ, પણ સાચું બોલવાની હિંમત બતાવવા

માટે તેમણે તેમનાં વખાણ કરવાં જોઈએ, ઇનામ આપવું જોઈએ, ને બીજાંને તેમનો દાખલો આપવો જોઈએ. આમ ઉત્તેજન મળવાથી તેમને હમેશ સાચું બોલવાની ટેવ પડશે.

સાચું બોલવું બહુ સહેલું છે; જૂઠું બોલવું બહુ અઘરૂં છે. સાચું બોલનારને કંઈ મહેનત પડતી નથી; જૂઠું બોલનારને જૂઠું બોલવામાં પરિશ્રમ પડે છે. સાચું બોલનાર જેવું બન્યું હોય તેવું કહી દે છે; તેનો માર્ગ સરળ ને સીધો છે. જૂઠું બોલનારને જૂઠું બોલવા માટે અનેક યુક્તિપ્રયુક્તિ કરવી પડે છે; તેનો માર્ગ વિકટ ને વાંકોચુકો છે. જૂઠું બોલનારને જૂઠું પકડાય નહિ માટે ગલીકુંચી શોધવી પડે છે; એકમાંથી બીજીમાં પેસવું પડે છે; છેવટે તેમાંથી નીકળવાનો માર્ગ રહેતો નથી ને તે પકડાઈ જાય છે.

એક વખત હરિ અને માધવ નામના બે ભાઈઓ ઘરમાં નીચેના ભાગમાં રમતા હતા ને સગડી પર દૂધ ઊનું થતું હતું. રમવાની ધમાચકડીમાં સગડીની અડફટમાં આવવાથી દૂધ ઢોળાઈ ગયું. ભાઈઓ ચિંતામાં પડ્યા કે હવે શું કરવું? હરિ કહે, ચાલો, જઈને માને કહી આવીએ કે અમારો ગુનો થયો છે; દૂધ ઢોળાઈ ગયું છે. માધવ કહે, ઊભો રહે, હું આવું છું. હરિએ થોડી વાટ જોઈ, પણ તે ન આવ્યો એટલે તે એકલો ઉપર જવા નીકળ્યો. માધવે વિચાર્યું કે ઘરમાં પાળેલો કુતરો છે, તેને માથે ગુનો ઓરાડી દેવો. એવામાં ઉપર હરિ ગયો હતો તેનાથી બીજે રસ્તે તેમની મા નીચે આવી. તેણે દૂધ ઢળેલું જોઈ માધવને પૂછ્યું, દૂધ કોણે ઢોળ્યું છે? તેં ઢોળ્યું છે? માધવ કહે, ના. ત્યારે હરિએ ઢોળ્યું છે? ના. તેં કેમ જાણ્યું કે હરિએ ઢોળ્યું

નથી ? માધવ ખંચાતો ખંચાતો કહે કે એ....મ કે હું બધો વખત ઓરડામાં હતો ને મેં એને ઢાળતાં જોયો નથી. ત્યારે કોણે ઢોળ્યું? કદાચ આપણા કુતરાએ ઢોળ્યું હશે. મા સોટી ઉગામી કુતરાને મારવા જતી હતી, એટલામાં ત્યાં હરિ આવી પહોંચ્યો. તેણે કહ્યું, મા, કુતરાનો વાંક નથી. દૂધ તો એણે ઢોળ્યું છે. માએ કુતરાને મારવાને બદલે તે સોટી માધવને એવી તો સડાસડ લગાવી દીધી કે ફરી તે જૂઠું બોલવાની ખો ભૂલી ગયો.

જૂઠું બોલનારને કેવી રીતે એક જુઠાણામાંથી બીજામાં પેસવું પડે છે અને છેવટે તે કેવી રીતે પકડાઈ જાય છે ને તેને યોગ્ય શિક્ષા થાય છે, તે ઉપલી વાત પરથી સહજ સમજવામાં આવશે.

પાઠ ૬૭મો

સત્યભાષણ ને સત્યવર્તન, ભાગ રજો

મહાભારતમાં ધૃતરાષ્ટ્રને શિખામણ દેતાં વિદુરે સત્ય-સંભાષણ માટે એક ઇતિહાસ કહ્યો છે. એ ઇતિહાસમાં કેશિનીને માટે વિરોચન અને સુધન્વાની વચ્ચે થએલો સંવાદ વર્ણવ્યો છે.

પૂર્વે કેશિની નામની એક અતિરૂપવંતી સ્ત્રી હતી. તેણે સ્વયંવર કર્યો હતો, તેમાં વિરોચન નામે એક દૈત્ય તેને વરવા માટે આવ્યો હતો.

કેશિનીએ વિરોચનને પૂછ્યું, બ્રાહ્મણો શ્રેષ્ઠ કે દૈત્ય, તે તમે મને કહો. મને તો બ્રાહ્મણો શ્રેષ્ઠ લાગે છે; તો હું સુધન્વાને કેમ ના વરૂં ?

વિરોચને કહ્યું, અમારી આગળ દેવ ને બ્રાહ્મણ તે કોણમાત્ર ?

કેશિનીએ કહ્યું, હું આ ઠેકાણે રાહ જોઈશ. પ્રાતઃકાળે સુધન્વા આવનાર છે ને તમે પણ આવજો.

વિરોચને કહ્યું, સારૂં; તમારા કહ્યા પ્રમાણે હું કરીશ.

બીજે દહાડે સવારે તે ઠેકાણે સુધન્વા ગયો ત્યારે તેણે ત્યાં વિરોચન ને કેશિનીને બેઠેલાં જોયાં.

કેશિનીએ સુધન્વાને પાદ્ય, અર્ધ્ય, અને આસન આપ્યાં. સુધન્વાને વિરોચને કહ્યું, મારી પાસે આવી આ સુવર્ણપર્યંક પર બેસો.

સુધન્વાએ કહ્યું, હે પ્રહ્લાદપુત્ર ! હું તમારા પર્યંકને સ્પર્શ કરીશ, પણ તે પર બેસીશ નહિ; કેમકે હું તમારો બરોબરીઓ નથી.

એ સાંભળી વિરોચને કહ્યું, હે સુધન્વન્ ! તું તો પાટલા પર કે દર્ભાસન પર બેસવા યોગ્ય છે, સિંહાસન પર બેસવા યોગ્ય નથી.

સુધન્વા બોલ્યો, બે સરખા સાથે બેસે; તારાથી મારી સાથે બેસાય નહિ.

આ ઉપરથી 'બ્રાહ્મણ શ્રેષ્ઠ કે દૈત્ય', એ પ્રશ્નનો નિકાલ કરાવવાનું વિરોચનને મન થયું. તેણે સુધન્વા સાથે શરત કરી ને હોડમાં પોતાનું સર્વસ્વ આપી દેવાનું કહ્યું. સુધન્વાએ કહ્યું કે તારી પાસે છે તેવું દ્રવ્ય મારી પાસે નથી, માટે આપણે આપણા પ્રાણની હોડ બકો. વિરોચને તે કબૂલ કર્યું, પણ તે બોલ્યો, આપણે કોની પાસે નિર્ણય કરાવવા જઈશું ? સુધન્વાએ કહ્યું, આપણે તારા પિતા પ્રહ્લાદ પાસે જઈશું. તે પુત્ર માટે પણ જૂઠું બોલે એમ નથી. તેણે તે કબૂલ્યું. બંને પ્રહ્લાદ પાસે જવા નીકળ્યા.

દૂરથી ક્રોધાયમાન થએલા બેને આવતા જોઈ પ્રહ્લાદે કહ્યું, વિરોચન ! તારે સુધન્વા સાથે મૈત્રી થઈ છે ? મેં તને કોઈ દહાડો એની સાથે જોયો નથી. તેણે કહ્યું, ના. અમે બેએ શરત કરી છે ને અમારા પ્રાણ હોડમાં મૂકયા છે. તેનો નિકાલ તમારી પાસે કરાવવા આવ્યા છીએ. તમે કહો, બ્રાહ્મણ શ્રેષ્ઠ કે દૈત્ય ? સત્ય બોલજો.

પ્રહ્લાદે કહ્યું, વિરોચન ! મારા કરતાં સુધન્વાનો પિતા અંગિરસ્ શ્રેષ્ઠ ને તારા કરતાં સુધન્વા શ્રેષ્ઠ; માટે સુધન્વાએ તને જીત્યો ને એ તારા પ્રાણનો ધણી થયો.

પછી પ્રહ્લાદે સુધન્વાને કહ્યું, હે સુધન્વન્ ! હું તારી પાસે પુત્રના પ્રાણની યાચના કરૂં છું.

સુધન્વાએ કહ્યું, તમે સત્ય બોલ્યા, માટે તમને તમારો દુર્લભ પુત્ર હું પાછો આપું છું.

પ્રહ્લાદે સત્ય વચન કહ્યું. પુત્રના પ્રાણ બચાવવા અસત્ય કહ્યું નહિ; એમ આ ઇતિહાસમાં સત્યની સ્તુતિ ગાઈ છે.

શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે વિવાદ થયો ત્યારે તેનો નિર્ણય કરવાનું પદ મંડનમિશ્રની સ્ત્રી ભારતીને સોંપ્યું હતું ને ભારતીએ સ્વામીની વિરુદ્ધ, શંકરાચાર્યના પક્ષમાં નિર્ણય કર્યો હતો.

આ પ્રમાણે સત્યશીલ પુરુષો ને સ્ત્રીઓ પોતાના પુત્ર કે સ્વામીનો પણ પક્ષ કરતાં નથી; સત્યનોજ પક્ષ કરે છે.

કેટલાક એમ સમજે છે કે અસત્ય ભાષણ વગર વ્યવહાર ચાલે નહિ. એમ સમજી તેઓ સહજ સહજમાં જૂઠું બોલે છે. કોઈ મળવા આવે તો શેઠ કહાવે છે કે 'ઘરમાં નથી'. વેપારી ખોટી કિંમત કહી, એક વસ્તુ બતાવી તેને બદલે બીજી આપી, તોલમાં ને માપમાં દગો કરી, અસત્ય આચરણ આચરે છે.

કારીગરો ખોટા વાયદા કરે છે. આમ વ્યવહારમાં ઘણે ઠેકાણે અસત્ય ભાષણ ને વર્તન જોવામાં આવે છે. થોડાક વધારે લાભ લેવા વેપારીઓ અપ્રામાણિક રીતે વર્તે છે; પરંતુ તેમની લુચ્ચાઈ ઉઘાડી થાય છે એટલે તેમની ઘરાકી ઓછી થાય છે અને અપ્રામાણિકતાનું ફળ તેમને પૂરેપૂરૂં મળે છે. સત્યનો હમેશ જય થાય છે, એ કદી ભૂલવું નહિ.

ઘણા લોકો પોતાનો દ્વેષ અને ઈર્ષ્યાભાવ તૃપ્ત કરવા પોતાના શત્રુઓને હેરાન કરવા જૂઠું બોલે છે. કચેરીમાં સોગન પર જૂઠું બોલનારાઓમાં કેટલાક એવા હોય છે. એવા માણસોની વાત ઉઘાડી પડે સર્વત્ર તેમનો તિરસ્કાર થાય છે.

કેટલાક પુરુષો દ્વયર્થી કે સંદિગ્ધ વચન ઉચરી પોતાના જૂઠાણને સત્યનું સ્વરૂપ આપે છે. પરંતુ સત્યનું સર્વદા એકજ સ્વરૂપ હોય છે. તે કદી બદલાતું નથી, કદી સંદિગ્ધ હોતું નથી.

पाठ ६८मो

गुणनी वडाई

छप्पा

गुणनी आगळ भूप, सरीखा रहे कर जोडी;
गुणनी आगळ रूप, जुवे नित आघुं ओढी;
गुणनी आगळ गर्थ, घणेरो फेरा खाये;
गुण आगळ दातार, मान मागवा जाये;
गुणनां मान घणां करे, जे मान नहीं भूपने;
शामळ कहे गुणे राचजो, रखे राचो कोइ रूपने. १


इंद्रवारणां होय, कोइ खांते नव खाये;
आवळकेरां फूल, तेथि शिव नव पूजाये;
झाकळकेरां नीर, तरस तेणे नव भागे;
बगलां उज्ज्वळ होय, जुए पण हंस न लागे;
करांए मोतीनां सारखां, नव आभुषण ओपे अशो;
शामळ कहे शोधी जुओ, गुण विना रूप नव कशो. २

शामळ

પાઠ ૬૯મો

શારીરિક રચના અને ક્રિયાઃ હૃદય, ફેફસાં, શ્વાસોચ્છ્વાસ, લોહીનું ફરી વળવું

શરીર એ અદ્ભુત યંત્ર છે. યંત્રના જુદા જુદા ભાગને કામ



કરવાથી ઘસારો પહોંચે છે તેમ શરીરના જુદા જુદા ભાગને કામ કરવાથી ઘસારો પહોંચે છે. એ ઘસારો શરીરના તમામ ભાગોમાં લોહીના ફરી વળવાથી પુરાય છે.

આપણે અન્ન ખાઈએ છીએ તેનું પચીને લોહી થાય છે અને તે લોહી શરીરમાં ફરી વળે છે. એ રુધિરપરિસરણ કેવી રીતે થાય છે?

લોહીને શરીરમાં ફેરવવાનું કામ હૃદય કરે છે. એ એક પોલો, સ્નાયુનો બનેલો અવયવ છે. એનો આકાર જામફળના જેવો છે. એનું કદ આપણી બંધ

કરેલી મૂઠી જેટલું છે. એ છાતીના મધ્ય ભાગમાં, બે ફેફસાંની વચ્ચે આવેલું છે.


હૃદયમાં ચાર ખંડ છે; બે ઉપલા ને બે નીચલા. ઉપલા ખંડના પણ બે ભાગ છે; ઉપલો જમણો ને ઉપલો ડાબો. એવાજ બે ભાગ નીચલા ખંડના છે; નીચલો જમણો ને નીચલો ડાબો. ઉપલા ખંડના દરેક ભાગને નીચલા ખંડના દરેક ભાગ સાથે એક છિદ્રદ્વારા સંબંધ છે. પણ જમણા ભાગોને ડાબા ભાગો સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી.

શરીરમાં શિરાઓ અથવા નસો અને મોટી ધમનીઓ આવેલી છે, તેમાં થઈને લોહી હૃદયમાં આવે છે. એ નાની મોટી નદીઓ જેવી છે.

હૃદયના ઉપલા ખંડ ને નીચલા ખંડ સાથે કામ કરતા નથી. એક પછી એક કામ કરે છે. જ્યારે ઉપલા ખંડો સંકોચાય છે, ત્યારે નીચલા ખંડો વિસ્તાર પામે છે; અને જ્યારે નીચલા ખંડો સંકોચાય છે ત્યારે ઉપલા ખંડો વિસ્તાર પામે છે.

બંને ધોરી નસોમાંથી લોહી ઉપલા ખંડોમાં વહે છે અને ઉપલા ખંડો ભરાઈને સંકોચાય છે. તેમાંનું લોહી ઉપર જઈ શકતું નથી; કેમકે ઉપરથી લોહીનો ધસારો નીચે આવે છે. આથી તેને નીચલા ખંડમાં જવું પડે છે અને તે ખંડો વિસ્તાર પામી લોહી લેવા તૈયારજ હોય છે.

હૃદયની બે બાજુએ બે ફેફસાં આવેલાં છે. આપણા ગળામાંથી શ્વાસ લેવાની નળી જાય છે તે શ્વાસનળીની છાતીમાં પેસતાં, બે નળી થઈ જાય છે અને તે બે નળી બે ફેફસાંમાં પડે છે. ફેફસાંમાં એ નળીઓની નાની નાની નળીઓ થઈ જાય છે અને તે હવાની નળીઓ કહેવાય છે. ખરું જોતાં, એ હવાની નળીઓનાંજ ફેફસાં બનેલાં છે.



એ હવાની નળીઓને આપણી આસપાસની હવા સાથે પ્રત્યક્ષ સંબંધ છે. આપણે શ્વાસ લઈએ છીએ ત્યારે શ્વાસ-નળીમાંથી હવા આખરે એ હવાની નળીઓમાં જાય છે.



ફેફસાંનું કામ લોહી સ્વચ્છ કરવાનું છે. શરીરના ઘસારાથી લોહી અસ્વચ્છ થાય છે. એ અસ્વચ્છ લોહી ધોરી નસની મારફત હૃદયના જમણા નીચલા ખંડમાં જાય છે, ત્યાંથી તે ફેફસાંમાં જાય છે. ત્યાં તેમાંનો અસ્વચ્છ ભાગ હવાની નળીઓ લઈ લે છે અને તેને બદલે સ્વચ્છ હવા એટલે પ્રાણવાયુ મૂકે છે. આથી લોહી સ્વચ્છ થાય છે. સ્વચ્છ થઈ તે ડાબા ઉપલા ભાગમાં આવે છે; ત્યાંથી ડાબા નીચલા ભાગમાં થઈ તે શરીરમાં બધે ફરી વળે છે.

આવી રુધિરપરિસરણની ક્રિયા ચોવીસે કલાક ચાલ્યાં કરે છે. ઊંઘતાં, જાગતાં, ગમે તે કામ કરતાં નિરંતર એ ક્રિયા ચાલે છે. એ બંધ પડે છે એટલે શરીર મરણ પામે છે.

આ પ્રમાણે હૃદયના ડાબા ખંડમાં લોહી લાલ હોય છે ને જમણા ખંડમાં મેલા, કાળા રંગનું હોય છે અને એ મેલું લોહી સ્વચ્છ કરવાની ક્રિયા હમેશ ફેફસાં કર્યાંજ કરે છે.

ડાબા ખંડમાંથી લોહી મોટી ધમનીમાં કે ધોરી નસમાં જાય છે. એટલે તે ધમની પહોળી થાય છે, અને તેનો ધક્કો છેક ધમનીના છેડા સુધી પહોંચે છે. એ ધક્કો એજ નાડી. એ ધક્કો તમને કાંડે, ઘુંટણે, ગરદને, અને લમણે હાથ મૂકવાથી સમજાશે.

બાળપણમાં હૃદયના ધબકારા એક મિનિટના ૧૦૦થી ૧૪૦ હોય છે અને પુખ્ત ઉમરમાં ૬૦થી ૭૫ હોય છે. ઘડપણમાં એથી ઓછા હોય છે. તાવમાં દર મિનિટે હૃદયના ધબકારા ૧૨૦ કે તેથી વધારે હોય છે.

પાઠ ૭૦મો

પૃથ્વીની દૈનિક ગતિ

શિક્ષક—ભાઈઓ, દહાડો ને રાત શાથી થાય છે તે તમે જાણો છો ?

છોકરાં—સાહેબ, સૂર્ય ઊગે છે એટલે દહાડો થાય છે અને આથમે છે એટલે રાત પડે છે.

શિક્ષક—ખરી વાત. સૂર્યનો ગોળો, ચંદ્રનો ગોળો, ને પૃથ્વીનો ગોળો, એ ત્રણ ગોળામાં માત્ર સૂર્યનો ગોળોજ પ્રકાશવાળો છે. સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર ને ચંદ્ર પર પડે છે. ચંદ્ર પર પડેલો પ્રકાશ પૃથ્વી પર પ્રતિફલિત થાય છે. સૂર્યને આપણે દર રોજ બાર કલાક પૂર્વથી પશ્ચિમ સુધી આકાશમાં મુસાફરી કરતો જોઈએ છીએ. પૃથ્વી આપણને સ્થિર લાગે છે. ત્યારે તમે જુઓ છો તેમ પૃથ્વી સ્થિર છે ને સૂર્ય દરરોજ પૂર્વથી પશ્ચિમ તરફ ફરે છે કે પૃથ્વી ફરે છે ને સૂર્ય સ્થિર છે ?

છોકરાં—સાહેબ, સૂર્ય ફરતો દેખાય છે. પૃથ્વી ફરતી હોય તો તે આપણને લાગવું જોઈએ. આપણે તો ફરતા જણાતા નથી.


શિક્ષક—તમે ગાડીમાં કે આગગાડીમાં મુસાફરી કરી હશે. તમને કોઈ વાર તમારી બાજુ તરફનાં ઝાડ તમારી સામા આવતાં જણાયાં છે ?

છોકરાં—સાહેબ, એવું તો અમે ઘણી વાર જોયું છે.

તૈયબજી—સાહેબ, અમે આગબોટમાં બેસીને જતા હતા, ત્યારે પણ કિનારાનાં મકાન અમારી સામી દિશાથી અમારી સામાં આવતાં અમે ઘણી વાર જોયાં છે અને

અમે સ્થિર હોઈએ તેમ અમને લાગ્યું છે. ઘણી વાર ઊંઘમાંથી ઊઠ્યા પછી અમે છેતરાયા છીએ. અમને લાગ્યું છે કે અમારી આગબોટ ચાલતી નથી ને કિનારા પરનાં મકાન અમારી સામાં દોડતાં આવે છે.

શિક્ષક—ખરૂં છે. સૂર્યની પૂર્વથી પશ્ચિમ તરફની ગતિ પણ એવીજ ખોટી છે. ખરૂં જોતાં, પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ પોતાની ધરી પર ફરે છે, તેથી પૃથ્વી પરના માણસોને સૂર્ય પૂર્વથી પશ્ચિમ તરફ ફરતો જણાય છે. પૃથ્વી પોતાની ધરીની આસપાસ ફરે છે, તેથી દહાડો ને રાત થાય છે એમ વિદ્વાનોએ બીજી રીતે પણ સિદ્ધ કર્યું છે, તે તમે એ વિષય શીખશો ત્યારે તમને સમજાશે.




જુઓ, મારા હાથમાં પૃથ્વીનો ગોળો છે, તેને હું ધરી પર ફેરવું છું. સામો દીવો રાખ્યો છે તેને સૂર્ય સમજશો. હું ગોળો દીવા સામો ધરૂં છું અજવાળું ગોળાના કેટલા ભાગ પર પડે છે?

છોકરાં—સાહેબ, અર્ધા ભાગ પર.

શિક્ષક—ખરી વાત. હવે હું ગોળો ફેરવું છું ત્યારે અજવાળું અગાઉ હતું ત્યાંજ રહ્યું છે ?

છોકરાં—ના, સાહેબ. થોડો અંધારાવાળો ભાગ અજવાળામાં ને અજવાળાવાળો ભાગ અંધારામાં જાય છે.

શિક્ષક—બરાબર, જેમ જેમ હું ગોળો પશ્ચિમથી પૂર્વ તરફ ફેરવતો જાઉં છું તેમ તેમ પશ્ચિમ તરફના ભાગો પ્રકાશમાં આવતા જાય છે ને પૂર્વ તરફના ભાગ પ્રકાશમાંથી બહાર જતા જાય છે. પરંતુ, હમેશ અર્ધા ભાગ પરજ પ્રકાશ રહે છે, પ્રકાશનું વર્તુલ પૃથ્વીના બે સરખા ભાગજ કરે છે, તે તમે જોશો. હવે બોલો, પૂર્વ તરફના પ્રદેશને વહાણું વહેલું વાય છે કે પશ્ચિમ તરફના પ્રદેશને ?



નવનીત—સાહેબ, પૂર્વ તરફના પ્રદેશને; કેમકે પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે.

શિક્ષક—ખરૂં છે. કલકત્તા આપણી પૂર્વ તરફ છે એટલે ત્યાં સૂર્ય વહેલો ઊગતો જણાય છે. કલકત્તાના ને મુંબઈના વખતમાં કેટલો ફેરફાર છે તે જાણો છો ?

નવીન—સાહેબ, એક કલાકનો ફેરફાર છે.

શિક્ષક—શાબાશ, તેં કેમ જાણ્યું ?

નવીન—સાહેબ, મારા મામા કલકત્તામાં છે, તેઓ અહિં આવ્યા ત્યારે તેમના કહેવાથી મને ખબર થઈ.

શિક્ષક—ઠીક. જુઓ, દરેક વર્તુલના ૩૬૦ ભાગ કરવામાં આવે છે, તેને અંશ કહે છે. પૃથ્વી ગોળ છે ને પોતાની ધરીની આસપાસ આશરે ૨૪ કલાકમાં ફરી રહે છે, તો એક કલાકમાં તે કેટલા અંશ ફરે છે?

છોકરાં—સાહેબ, ૧૫ અંશ.

શિક્ષક—બરાબર. ત્યારે આપણા શહેરથી પૂર્વ તરફ ૧૫° દૂર આવેલા દરેક સ્થાન પર સૂર્યોદય એક કલાક વહેલો થાય છે. હવે તમે દહાડા ને રાતનું કારણ સમજ્યા હશો. તે બેમાંથી એક રીતે થઈ શકે. આપણે દેખીએ છીએ તેમ સૂર્ય ફરતો હોય ને પૃથ્વી સ્થિર રહેતી હોય તો કે સૂર્ય સ્થિર હોય ને પૃથ્વી ફરતી હોય તો. બંને રીતે પરિણામ તો એકજ આવે. પણ બે પદ્ધતિમાં વધારે સરળ કઈ છે? સૂર્ય અને અસંખ્ય તારાઓ ૨૪ કલાકમાં પૃથ્વીની આસપાસ ફરતા દેખાય છે તેમ ખરેખરા ફરે છે એમ ધારવું સરળ છે કે પૃથ્વી ૨૪ કલાકમાં પોતાની ધરી પર ફરે છે એમ ધારવું? પહેલી પદ્ધતિમાં પૃથ્વીથી ૯ કરોડથી વધારે દૂર આવેલા સૂર્યને અને તેથી પણ ઘણે વધારે દૂર આવેલા તારાઓને કરોડો માઇલ પરિઘ થાય એવાં વર્તુલો ૨૪ કલાકમાં કરવાં પડે. સૃષ્ટિની યોજનામાં બધે સરળતા જણાય છે; આવું વિકટ કંઈ જણાતું નથી. પરિણામ તો બંને રીતે સરખુંજ આવે છે, તો પૃથ્વી પોતાની ધરી પર ૨૪ કલાકમાં ફરી રહે છે એ પદ્ધતિ સરળ છે અને વિદ્વાનોને સંશોધન કરતાં એજ ખરી લાગી છે.

છોકરાં—પણ, સાહેબ, હવે એકજ શંકા રહી છે. પૃથ્વી ફરે છે, પણ આપણને કેમ તે લાગતું નથી ?

શિક્ષક—શાબાશ ! એ શંકા તમે અગાઉ ઉઠાવી હતી, તેનો ખુલાસો તમને કરવામાં આવ્યો નહિ, તેથી તમે તે વિષે ફરી પૂછ્યું, એ સારૂં કર્યું. જુઓ, આ નારંગી પર કીડી બેઠી છે. હું નારંગી ફેરવું છું. કીડીને એ લાગશે ? નહિજ લાગે; કારણ કે નારંગીના પ્રમાણમાં એ બહુજ નાની છે. નારંગી ને કીડીની વચ્ચે જેટલું અંતર છે તેના કરતાં પૃથ્વી ને આપણી વચ્ચે બહુ મોટું અંતર છે, તો પૃથ્વી ફરતી આપણને શી રીતે લાગે ?


પાઠ ૭૧મો

બગલું ને કાચબો

અનેક મસ્ત્યને ભક્ષી, નાનાં, મોટાં, વિચિત્રને,
બગલું લોભથી મૂઉં, કાચબે સપડાવિયું.

કોઈ એક વનમાં એક મોટું સરોવર હતું, તેમાં અનેક તરેહનાં માછલાં અને અન્ય જળચર પ્રાણી રહેતાં હતાં. ત્યાં એક બગલું રહેતું હતું. તે ઘરડું થયું હતું તેથી માછલાં મારવાની શક્તિ તેનામાં રહી નહોતી. તેથી તેનું ગળું ક્ષુધાથી શુષ્ક થઈ ગયું હતું અને તે સરોવરને તીરે બેઠું બેઠું રોતું હતું. તેની આંખમાંથી મોતીના દાણા જેવાં આંસુ દડ દડ પડતાં હતાં અને તેથી જમીન તરબોળ થતી હતી.

એટલામાં ઘણાં જળચરોની સાથે ત્યાં એક કાચબો આવ્યો. કાચબાએ બગલાને રોતું જોયું અને તેના દુઃખથી તે પણ



દુઃખી થયો. તેણે તેને વીનવીને પૂછ્યું, ભાઈ! તું આજ કેમ કંઈ આહાર કરતું નથી ને રુદનજ કર્યાં કરે છે?

બગલું બોલ્યું, ભાઈ! તેં બરાબર જોયું છે. મને માછલાંના ભક્ષણ તરફ તિરસ્કાર છૂટયો છે, તેથી મેં ઉપવાસ કરવાનું વ્રત આદર્યું છે ને માછલાં પાસે છે તોપણ તેનું ભક્ષણ હું કરતો નથી.

કાચબાએ કહ્યું, ભાઈ! એ તિરસ્કાર છૂટવાનું શું કારણ?

બગલાએ કહ્યું, ભાઈ! હું આ સરોવરમાં ઘણાં વર્ષ થયાં રહું છું. એમાંજ હું મોટું થયું છું. મેં સાંભળ્યું છે કે બાર વર્ષ સુધી દુકાળ પડવાનો છે. આથી આ બધાં જળચરોનું શું થશે એ વિચારથી ખિન્ન થઈ મેં ઉપવાસનું વ્રત આચર્યું છે.

કાચબાએ પૂછ્યું, તેં કેમ જાણ્યું કે બાર વર્ષ સુધી દુકાળ પડવાનો છે?

બગલાએ કહ્યું, મેં એક જોષીના મુખથી સાંભળ્યું છે. આ સરોવરમાં થોડુંજ પાણી છે. તે જલદી શોષાઈ જશે અને તેમ

થશે એટલે જે પ્રાણીઓ સાથે હું રમ્યું છું ને મોટું થયું છું તે બધાં મરણ પામશે. તેનો વિયોગ મારાથી ખમી શકાશે નહિ, તેથી મેં ઉપવાસ કરવા માંડ્યો છે. બીજાં થોડા પાણી-વાળાં તળાવોમાંથી તો જળચરોને પોતપોતાના બાંધવો બીજાં સરોવરોમાં લઈ જાય છે. કેટલાંક મોટાં જળચરો પોતાની મેળે ચાલ્યાં જાય છે. પણ આ તળાવમાંનાં જળચરો તો નિશ્ચિંત થઈને બેઠાં છે, તેથી મને વધારે રોવું આવે છે.

કાચબાએ બગલાનું આ વચન સાંભળી તળાવમાંનાં બધાં જળચરોને તે કહ્યું. આથી તળાવમાંનાં પ્રાણી અત્યંત બેબાકળાં બન્યાં અને બગલાની પાસે આવી તેમણે તેને પૂછ્યું, ભાઈ! કંઈ બચવાનો ઉપાય છે ?

બગલાએ કહ્યું, હા, થોડેક દૂર એક મોટું સરોવર છે, તેમાં એટલું બધું પાણી છે કે ચોવીસ વર્ષ અનાવૃષ્ટિ થાય તોપણ તે સુકાય એમ નથી. તમે જો મારી પીઠ પર બેસશો તો હું તમને એક પછી એક ત્યાં મૂકી આવીશ.

બધાં જળચર પ્રાણીને બગલાના વચન પર વિશ્વાસ બેઠો. 'મને પહેલું લઈ જા,' 'મને પહેલું લઈ જા,' એમ કહેતાં સર્વ પ્રાણી તેની આસપાસ ફરી વળ્યાં.

લુચ્ચું બગલું દરરોજ એકેક પ્રાણીને પીઠ પર બેસાડી થોડે દૂર લઈ જઈ શિલા સાથે પછાડી તેના પ્રાણ લેતું અને તેનો આહાર કરતું. તળાવમાં જઈ જૂઠી જૂઠી વાતો કરી અન્ય જળચરોને તે છેતરતું.

થોડા દહાડા થયા એટલે તે કાચબાએ બગલાને કહ્યું, ભાઈ! મારી સાથે તારે પહેલો સ્નેહ બંધાયો છે; માટે તારે મારું પણ રક્ષણ કરવું જોઈએ.

બગલે વિચાર્યું, ઘણા દહાડા થયાં હું માછલાં ખાઈ ખાઈને ધરાયું છું; માટે હવે મારા આહારમાં ફેરફાર થશે તો ઠીક પડશે. એમ ધારી તેણે તે કાચબાને પીઠ પર લીધો ને થોડે દૂર શિલા હતી ત્યાં જવા તે નીકળ્યું.

કાચબાએ દૂરથી હાડકાંનો ઢગલો દીઠો અને એ હાડકાં માછલાંનાં છે એમ તેણે જાણ્યું. આથી કાચબાએ બગલાને પૂછ્યું, ભાઈ! સરોવર કેટલું દૂર છે? મારા ભારથી તું થાકી ગયું હઈશ.

બગલાએ મૂર્ખાઈથી ધાર્યું કે આ પણ જળચરજ હશે, જમીન પર એનું શું ફાવવાનું છે? એમ ધારી તેણે કહ્યું, ભાઈ, બીજું તળાવ કેવું? એ તો મારો પેટ ભરવાનો ખેલ; માટે તું પણ ઇષ્ટ દેવનું સ્મરણ કરી લે. તને પણ આ શિલા પર પછાડી મારી નાખીશ.

બગલું આમ બોલ્યું કે તરતજ કાચબાએ બે દાંત વડે તેની ડોક ઝાલીને તેને તરત મારી નાખ્યું. પછી તેની ડોક લઈ ધીમે ધીમે કાચબો તે તળાવ આગળ ગયો. બધાં જળચરોએ તેને પૂછ્યું કે બગલું કયાં છે? કાચબાએ તે લુચ્ચા બગલાની લુચ્ચાઈ બધાંને કહી સંભળાવી. પછી બાકીનાં જળચરો ત્યાં સુખે રહ્યાં; માટે ખરૂંજ કહ્યું છે કે

અનેક મસ્ત્યને ભક્ષી, નાનાં, મોટાં, વિચિત્રને,
બગલું લોભથી મૂઉં, કાચબે સપડાવિયું.

पाठ ७२मो

हिंमत राखो.

पद

रड्यां करे शूं वळशे, भाई, रड्यां करे शूं वळशे—टेक०
भूततणो बहु शोक करंतां, भविष्यमां शूं मळशे ?—भाई० १
शरमाईने बेसी रहेतां, दळदर ते शूं टळशे ?—भाई० २
नहिं नहिं एम कंइ नहि सुधरे, उलटो जीवडो बळशे—भाई० ३
कमर कसी तजवीजो करतां, उद्यम झाझो फळशे—भाई० ४
डहापण चानक हिंमत धरतां, विघनो सघळां गळशे—भाई० ५
भणे गणे दलगीरी कहाडे, नर्मद भाग्य भळशे—भाई० ६

नर्मद

પાઠ ૭૩મો

દેવું ન કરશો.

દેવાદાર માણુસ પ્રામાણિક રહી શકતો નથી. દેવું કરનાર માણુસ ઘણુંખરૂં છળભેદો વાપરવા ને અસત્ય બોલવા પણ લલચાય છે ને ઘણે ભાગે દુનિયામાં લોકો તેમજ કરે છે. વળી એક વાર માણુસે દેવું કર્યું તો તેમાંથી મુક્ત થવું એ અત્યંત વિકટ કામ છે. જેમ એક જુઠાણું બોલનાર માણુસ તેને છાવરવાને માટે બીજાં જુઠાણાં બોલવા લલચાય છે, રે, લલચાય છે, એટલુંજ નહિ, પણ તેમ કરવાની તેને જાણે આવશ્યકતા થઈ પડે છે; તેમજ દેવાને વિષે પણ બને છે.

દેવું કરનાર માણસને દેવું પતાવવા માટે બીજું દેવું કરવાનું મન થાય છે. આ પ્રમાણે એનું દેવું વધતું જાય છે.

ડૉ. જૉન્સન કહેતા કે દેવું કર્યાથી માણસની પાયમાલી થાય છે. દેવાના સંબંધમાં એના વિચારો મનનીય છે ને તેમાંથી દરેક જણને બોધ લેવો ઘટે છે. એ નીચે મુજબ લખે છે:—

"દેવાથી તમને માત્ર અગવડ થાય છે એમ વિચારવાની ટેવ પાડશો નહિ. દેવું તો એક જાતની આપત્તિ છે. એ આપત્તિથી, ભલું કરવાનાં એટલાં બધાં સાધનો નાશ પામે છે ને કુદરતી તેમજ નૈતિક દુઃખ ને અનર્થની સામે ટકવાને માટે તે આપણને એવા અશક્ત કરે છે કે દરેક સત્પ્રયત્નથી તે વર્જવા યોગ્ય છે. માટે સહુથી પહેલી સાવચેતી તમે એ રાખજો કે કોઈના પણ દેવામાં પડશો નહિ."

એક અંગ્રેજ ચિત્રકાર હેડન કહે છે કે જે દિવસે મેં દેવું કર્યું તે દિવસથી મારી પડતીની શરૂઆત થઈ. દેવાથી માણસનું મન ગુંચવણમાં આવી જાય છે, તેથી તે કામ કરવા તદ્દન અશક્ત થાય છે ને તેને ઉપરાઉપાર અપમાન સહન કરવાનો વખત આવે છે. દેવું કરનાર માણસ કદાપિ શાંતિ ને સ્વમાન જાળવી શકતો નથી.

પોતાની સ્થિતિ સાચવીને કરકસરથી રહેનાર માણસને દેવું કરવાની જરૂર પડતી નથી. દેવું કરનારાઓનો મોટો ભાગ પૈસાના મોહને ખાતર કે દુનિયાના દમામમાં રહેવાની ખાતર તેમ કરવામાં સંડોવાઈ જાય છે. ફલાણાએ આવાં કપડાં પહેર્યાં કે આવી વસ્તુઓ વસાવી તો હું કંઈ ઊતરૂં એમ છું ? મારો પાડોશી અમુક ઢબમાં રહે છે કે મારો ન્યાતીલો ફલાણો માણસ અમુક દમામમાં રહે છે, તો હું કંઈ કમ છું ? મારે

પણ તેમ રહેવુંજ; હું તેમ ન રહું તો મને નાનમ લાગે. આ પ્રકારની વૃત્તિથી માણસ જલદી દેવું કરવા તરફ દોરવાય છે.

હિંદુ સંસારમાં કેટલાં બધાં કુટુંબો લગ્ન ને મરણના ખોટા ખરચની ધમાલને લીધે દેવામાં સપડાય છે ! તે બિચારાં ભૂલી જાય છે કે એક દિવસના દેખાવ ખાતર વર્ષો સુધી ને કદાચ પરંપરા સુધી પુત્રને ને તેના પુત્રને પણ ખમવું પડશે. ખોટા દેખાવો રાખવાની વૃત્તિને જડમૂળથી નાબૂદ કરી દો. યાદ રાખો કે જે સારાં કામ કરે છે તે સારો છે, નહિ કે જે સારા હોવાનો **દેખાવ** કરે તે.


હિંદની સેવાને પોતાનો છેલ્લો સંદેશો સર ચાર્લ્સ નેપીઅરે ઘણો બોધક આપ્યો હતો, તે જાણવા જેવો છે. તેણે જણાવ્યું કે વારંવાર દેવું કરવાની જેને ટેવ પડે છે તે માણસ સદ્‌ગૃહસ્થ તરીકે પોતાની ફરજો વિષે નઠોર બને છે. સૈનિકો, યાદ રાખજો કે અમલદારનામાં યુદ્ધ કરવાની આવડત હોય એટલુંજ માત્ર બસ નથી; તે કામ તો ગમે તે કરી શકશે. પણ તમે તમારો બોલ હમેશ પાળો છો, તમારૂં દેવું હમેશ વાળો છો,તે તપાસો. વચન પાળવું ને દેવું પતાવવું, એ ગુણોજ ખરા સદ્‌ગૃહસ્થના ને સૈનિકના જીવનને અલંકૃત કરનારા સદ્‌ગુણોમાંના સદ્‌ગુણો છે.

‘ ખિસ્સાં ખાલી ને દમામ ભારી, ’ એ વૃત્તિથી બહુજ ચેતતા રહેજો. ઘણુંખરૂં જે કોઈ હમેશ સાદું ને સરળ જીવન જીવે છે તેને કોઈ પણ જાતનું દેવું કરવું પડતું નથી. અંગ્રેજીમાં એક કહેવત છે કે દેવાદાર થઈને સવારે ઊઠવું પડે તેના કરતાં આગલી રાત્રે વાળુ વિના સૂવું એ વધારે સારૂં છે. આ કહેવત જિંદગીમાં હમેશ યાદ રાખવા જેવી છે. કોઈનું કંઈ પણ ઉછીનું લઈને કોઈ પણ આનંદ કે મોજશોખ ભોગવવો

શક્ય હોય તો તેવાને તિલાંજલિ આપવી. તમને તે વિના અવશ્ય ચાલી શકશે. તેથી તરત તમને સહજ અગવડ પડતી હોય તેવું તમને લાગશે; પણ ભવિષ્યમાં અનહદ શાંતિ ને સુખનાં દ્વાર બંધ થતાં અટકશે. દીન થવું પણ દેવાદાર ન થવું. જેને ઋણ નાહ તે રાજા.

પાઠ ૭૪મો

શારીરિક રચના અને ક્રિયાઃ હોજરી, કલેજું; પાચનક્રિયા



તમે જાણો છો કે જેમ જેમ આપણે આપણા શરીરને વધારે કસીએ છીએ, તેમ તેમ તે વધારે કામ આપી શકે છે અને વધારે મજબૂત થાય છે. પણ આપણે જે હરેક કામ કરીએ છીએ તેથી શરીરને ઘસારો પહોંચે છે; આપણા શરીરનો કેટલોક ભાગ ક્ષીણ થાય છે ને નાશ પામે છે. એ ક્ષીણ પામેલો, સડી ગએલો ભાગ શરીરને કંઈ કામનો નથી; એ શરીરમાંથી નીકળવોજ જોઈએ. શરીરમાં રહે તો તેથી રોગ થાય અને તે રોગ વિનાશકારક નીવડે. ત્યારે આપણે એ ક્ષીણ પામેલા, ઘસાએલા ભાગ કાઢીજ નાખવા જોઈએ. તેમજ શરીરને નવું નવું પોષણ આપતાજ રહેવું જોઈએ.

આપણા શારીરિક અવયવો જે પદાર્થોના બનેલા છે તેમાં કાર્બન, હાઇડ્રોજન, ને નાઇટ્રોજન રહેલા છે. લોહી શરીરમાં ફરી વળી તેમાં ઑક્સિજન એટલે પ્રાણવાયુ પૂરો પાડે છે.

પ્રાણવાયુ ને હાઇડ્રોજન અમુક પ્રમાણમાં એકઠાં થાય છે એટલે રાસાયણિક ક્રિયાથી તેનો પાણીરૂપ, જુદો પદાર્થ થાય છે. પ્રાણવાયુ કાર્બનને બાળે છે અને એ બે મળીને કાર્બોનિક ઍસિડ ગૅસ નામનો નવો પદાર્થ થાય છે. વળી યુરીઆ નામનો એક ઘસારાનો પદાર્થ થાય છે તે કાર્બન, હાઇડ્રોજન, નાઇટ્રોજન, અને પ્રાણવાયુ, એ ચારે તત્ત્વોનો બનેલો છે. શરીરનો આ બધો બગાડ ફેફસાં, ચામડી, અને મળમૂત્રને માર્ગે બહાર નીકળી જાય છે.

શરીરમાં બળવાની ક્રિયા કેવી રીતે થાય છે? ધારો કે માળીએ બાગમાં નકામાં પાંદડાંનો ઢગલો કર્યો છે. ધીમે ધીમે પાંદડાં ક્ષીણ થશે. હવામાંનો પ્રાણવાયુ એને બાળશે. એમાં ગરમી રહેશે, પણ તે ખુલ્લી જણાશે નહિ. તમે એ ઢગલામાં

હાથ ખોસશો તો તમને ગરમી લાગશે. વળી ધારો કે તમે તેલમાં બોળેલા કકડાનો ઢગલો ખુલ્લામાં મૂકો છો. હવામાંના પ્રાણવાયુથી તેમાં ગરમી ઉત્પન્ન થશે. ચીથરાંના ઢગલામાં હાથ ખોસતાં એ ગરમી જણાઈ આવશે. ઘણો લાંબો વખત એ ઢગલો રહેવા દેશો તો એ સળગી ઊઠશે ને માંહેથી ધુમાડો નીકળશે ને અગ્નિ ખુલ્લો જણાશે.

પ્રાણવાયુની શરીરમાં એવી બળવાની ક્રિયા થયાં કરે છે. એથી ફેફસાં, ચામડી, ને મળમૂત્રદ્વારમાંથી દર રોજ ૯ આંઉસ કાર્બન કાર્બોનિક ઍસિડ ગૅસના રૂપમાં નીકળે છે અને ૨૫૦ ગ્રેન નાઇટ્રોજન યુરીઆના રૂપમાં નીકળે છે. હાઇડ્રોજનનું પ્રમાણ સ્થિતિપરત્વે ભિન્ન છે.

આ રીતે શરીર પ્રતિક્ષણ ઘસાઈ જાય છે, માટે તેને ખોરાકથી પુષ્ટ કરવું જોઈએ. એ ખોરાકમાં કાર્બન, હાઇડ્રોજન, ને નાઇટ્રોજનનાં તત્ત્વ જે શરીરમાંથી જતાં રહે છે, તે હોવાં જોઈએ. ખોરાકનું લોહી થઈ તે શિરાઓ ને ધમનીને માર્ગે આખા શરીરમાં ફરી વળે છે ને તેને પોષણ પૂરું પાડે છે.

આપણે ખોરાક ખાઈએ છીએ તેના બે હેતુ છેઃ— ૧. શરીરમાં ઉષ્ણુતા ઉત્પન્ન કરવી; એ ઉષ્ણુતા ન હોય તો શરીરનો વ્યાપાર એકદમ બંધ થઈ જાય; ૨. શરીરમાં પ્રતિપળે થતો ઘસારો પૂરવો. ઉષ્ણુતા ઉત્પન્ન કરવા સારૂ જે ખોરાકમાં નાઇટ્રોજન હોતો નથી, પણ કાર્બન હોય છે, એવા ખોરાકની જરૂર છે; અને ક્ષીણુતા પૂરી કરવા જે ખોરાકમાં નાઇટ્રોજન હોય છે એવા ખોરાકની જરૂર છે. કાર્બન પ્રાણવાયુ સાથે મળી જાય છે અને તેથી દહનક્રિયા ઉત્પન્ન થવાથી શરીરમાં ઉષ્ણુતા આવે છે. નાઇટ્રોજનને પ્રાણવાયુ સાથે સ્નેહાકર્ષણ નથી,

તેથી દહનક્રિયા ઉત્પન્ન થઈ તે બળી જતું નથી. આ પ્રમાણે નાઈટ્રોજન સંરક્ષિત રહેવાથી જીવનના અહર્નિશ વ્યાપારથી જે સતત ક્ષય થાય છે તેના બદલામાં તે જોઈતી પૂરણી કરે છે.

દરેક જાતનાં શાકમાં ઓછુંવધતું નાઈટ્રોજન આવેલું છે. એથી શરીરમાં માંસનો ભાગ બંધાય છે. ઘઉં, જવ, વટાણા, ને અન્ય કઠોળ, એ એવાં પોષક અનાજ છે.

ગરમી ઉત્પન્ન કરનાર ખોરાકમાં ઘણું કાર્બન હોય છે; તેમાં હાઈડ્રોજન પણ હોય છે; પણ નાઈટ્રોજન હોતું નથી. આવા ખોરાકથી ઘસારો પુરાતો નથી, પરંતુ બાળવાનો પદાર્થ પ્રાણવાયુને પૂરો પડે છે; શરીરમાં જરૂરની ગરમી મળે છે, ને તેમાં કામકાજ કરવાની સ્ફૂર્તિ રહે છે. ખાંડમાં કાર્બન રહેલું છે.

આપણે જે ખાઈએ છીએ કે પીએ છીએ તે મોંમાં થઈને હોજરીમાં આંતરડાંના છેક નીચેના ભાગમાં જાય છે. મોંથી તે આંતરડાંના છેક નીચલા છેડા સુધીનો માર્ગ તે અન્નમાર્ગ કહેવાય છે. અન્નમાર્ગની નળીનો ઉપલો ભાગ મોંની પાછળ આવેલો છે; તેની નીચેનો, ગળામાં થઈને જતો ભાગ તે અન્નનળી છે.

પ્રથમ, ખોરાકને મોંમાં ચાવીએ છીએ. મોંમાં થૂંકરૂપી પ્રવાહી પદાર્થ રહેલો છે તે ખોરાકના મેદાની ખાંડ બનાવે છે. ખાંડ એ ગળાઉ પદાર્થ છે અને તે સહેલથી લોહીમાં મળી જાય છે.

મોંમાં ચવાયા પછી ગળામાં અન્નનળીમાં થઈને ખોરાક હોજરીમાં જાય છે; ત્યાં તેનું મંથન થાય છે અને હોજરીમાંથી નીકળતો જઠરરસ તેને પિગળાવે છે ને એકરસ કરે છે.

હોજરી જમણી તરફના છેડા આગળ એક સાંકડી નળી થાય છે અને આંતરડારૂપી લાંબી નળીનું એ મંડાણ છે. એ આંતરડાં માણસની ઊંચાઈના માપથી પાંચછ ગણાં મોટાં

હોય છે. તેને લાંબાં ફેલાવીએ તો એટલાં મોટાં થાય; પરંતુ તેનો વીંટો થઈને ગુચ્છો થોડા ભાગમાં હોજરીની નીચે રહેલો છે.

હોજરીના જમણા છેડાથી નાનાં આંતરડાં શરૂ થાય છે. તે આશરે ૨૦ ફુટ લાંબાં ને ૧½ ઇંચ પહોળાં હોય છે. મોટાં આંતરડાં નાનાં આંતરડાંના નીચલા છેડાથી શરૂ થાય છે. એ આશરે ૬ ફુટ લાંબાં ને ૨થી ૩ ઇંચ સુધી પહોળાં હોય છે.

આંતરડાં ઉપર શરીરનો એક મોટો અવયવ આવેલો છે, તેને કલેજું કહે છે. એ ભાગ હમેશ પિત્ત ઉત્પન્ન કરે છે ને એ પિત્ત હોજરીમાંના ખોરાકને પચાવવામાં મદદ કરે છે.

આ પ્રમાણે ખાધેલું અન્ન રૂપાંતર થઈ લોહી બની શરીરને પોષણ આપે છે ને નકામો ભાગ મળમૂત્રમાર્ગે બહાર નીકળી જાય છે.

આપણે અન્ન ચાવીએ છીએ ત્યારે તે અન્નનળીમાંથી એકદમ નીચે ગગડી જતું નથી; પરંતુ ધીમે ધીમે, સ્નાયુઓના સંકોચથી તે નીચે ઊતરે છે.

પાઠ ૭૫મો

રાજા કનકસેનની જમણી આંખ

કનકાવતી નગરીમાં ભૂધરશા નામે નગરશેઠ હતો. તેને ત્રણ પુત્રી હતી, તેમાં સહુથી નાની ચપળ ને સુંદર હતી. તે ગરીબોની દાઝ જાણતી હતી ને ગરીબોને અન્યાય ખમવો પડતો તે તેને હમેશ ઘણોજ સાલતો હતો. કનકાવતીના રાજા કનકસેનના રાજ્યમાં ગરીબના હક છુંદાતા ને તવંગર અદાલતમાં ફાવી જતા. કનકસેનને આ સ્થિતિ જણાવવાની કોઈની હિંમત

ચાલતી નહિ. બધાંને એમ લાગતું કે રાજાને સત્ય કહીશું તો તેને રુચશે નહિ ને આપણને નુકસાન થશે. સત્ય વાત જેમ કહેનાર થોડા હોય છે તેમ તે સાંભળનાર પણ થોડા હોય છે.

એક દિવસ ભૂધરશાની વર્ષગાંઠ હતી. આગલે વર્ષે શેઠ ખૂબ કમાયા હતા, તેથી તે ખૂબ હર્ષમાં હતા. તેણે પુત્રીઓને કહ્યું, આજ મારે તમને ત્રણેને મનગમતી ભેટ આપવી છે. દરેક માગે; જે જે માગશે તે તેને આપીશ.

ચપળા બોલી, એવું અનિશ્ચિત ન બોલો. જે હું માગીશ તે તમે નહિ આપી શકો. તમારી પાસે પૈસા ઘણાજ છે, પણ દુનિયામાં બધુંજ કંઈ પૈસાથી મળતું નથી.

શેઠે કહ્યું, તેની તું શું કરવા ફીકર કરે છે? વિના સંકોચે માગ; જે માગીશ તે આપીશજ.

ચપળા—બાપુજી, મારૂં માગવું એવું થશે કે તમારી જિંદગી જોખમમાં આવશે; માટે મારે તો માગવું નથી.

શેઠે કહ્યું, હવે તો હું કયારે ખરો કે તું માગે તે આપું ત્યારેજ. નહિ માગે તો હું ત્યાંસુધી ખાઈશ પણ નહિ ને પીશ પણ નહિ. પરિણામે, એક છોકરીએ ભૂધરશા પાસે નવ હજાર રૂપીઆની મોતીની માળા માગી; બીજીએ એક બંગલો માંગ્યો, ને ત્રીજી, ચપળાએ માગ્યું, બાપુજી, રાજા કનકસેનની જમણી આંખ આપો.

બાપુજી તો આ સાંભળી બેભાન થઈને ભૂમિ પર પડયા. પાણી છાંટયું ત્યારે થોડી વારે તેમને ભાન આવ્યું. તેમણે કહ્યું, ચપળા, તું શું બકી? વિચાર કર ને ફરી માગ.

ચપળા—નહિ આપો તો મને રોષ નથી; પણ આપો તો તો માગું છું તેજ આપશો.

શેઠે પૂછ્યું, આ કેમ બને?

ચપળાએ રસ્તો બતાવ્યો કે આપણી નગરીમાં શુક્રવારનો બજાર ભરાય છે, ત્યાં આપણા નોકરને ઘરની જૂની સીસીઓ વેચવા મોકલજો ને તેની કિંમત તરીકે તે રાજાની જમણી આંખ માગે એમ કહેજો. એમ થશે એટલે રાજાનાં માણસ એને તરત પકડશે ને એને પકડે એટલે એણે માત્ર એટલુંજ કહેવું કે ચપળાએ કહ્યા પ્રમાણે હું કિંમત માગું છું. આમ થશે એટલે રાજા મને તરત પકડાવશે ને મને તેની પાસે બોલાવવામાં આવશે એટલે જે કહેવું ઘટશે તે હુ કહીશ. તે વિષે ફીકર મારે રાખવાની છે.

શુક્રવારનો દિવસ આવી પહોંચ્યો. નગરશેઠનો નોકર જૂની સીસીઓ લઈને બજારમાં ગયો. બજારમાં જાતજાતની વસ્તુઓ વેચાતી હતી. એક ઠેકાણે ઢોર વેચાતાં હતાં; એક ઠેકાણે ટેબલ, ખુરસી, કબાટ, ને કોચ વેચાતાં હતાં; એક ઠેકાણે ખીલા, ખીલી, ડોલ, વગેરે લોખંડનો માલ વેચાતો હતો; એક ઠેકાણે કાપડના કકડા, જૂના ડગલા, તૈયાર ખમીસો, વગેરે વેચાતું હતું; એમ તરેહ તરેહની જૂની ને નવી વસ્તુઓ વેચાતી હતી. એક ખૂણે જૂના સીસા વેચાતા હતા. તે સ્થળે નગરશેઠના માણસે થોડાક સીસા ગોઠવ્યા હતા. એક સૈદુ નામે મુસલમાનની તે પર નજર પડી. નોકરે પૂછ્યું, લેવા છે, હોય તો જો; કિંમત મારે છે. સૈદુએ કહ્યું, શી કિંમત છે? લેવા છે. નોકરે કહ્યું, એ સીસાની કિંમત કનકસેન રાજાની જમણી આંખ.

સૈદુ છૂપી પોલીસનો માણસ હતો. તેણે એ વાત તરત પોતાના અધિકારીઓને વિદિત કરી ને વાત ઠેઠ રાજાને કાને પહોંચી.

રાજાને કોપની સીમા રહી નહિ. જોતજોતામાં શેઠના નોકરને પકડીને રાજાની સમક્ષ ખડો કરવામાં આવ્યો. રાજાએ પૂછ્યું, અલ્યા, મૂર્ખ! તું ગાંડો છે કે સાનવાળો?

નોકરે કહ્યું, હું સાનવાળો છું, પણ બિનગુનેગાર છું. ગુનેગાર ચપળા, નગરશેઠની છોકરી છે. તેના કહેવાથી મારે તમારી આંખ માગવી પડે છે.

ચપળાને તરત પકડી લઈ જવામાં આવી. રાજા સમક્ષ નોકરે કહેલી વાત ખરી છે એમ તેણે કબૂલ કર્યું.

રાજાએ કહ્યું, શું કરૂં કે તું નગરશેઠની છોકરી છે; કોઈ ગરીબની છોકરી હોત તો ઘાંચીની ઘાણીમાં તને પિલાવી મારી નંખાવત. છતાં, તને ગુનેગાર તરીકે હું દેશનિકાલ તો કરીશજ.

ચપળા—ગુનેગાર હોઉં તો બેલાશક તેમ કરજોજ. જો ગુનેગારનો ગુનો બતાવવા સત્ય બોલવું એ ગુનો હોય તો હું ગુનેગાર છું. બાકી તો આ રાજ્યમાં મોટામાં મોટા ગુનેગાર તમે છો.

રાજા—તું શું બોલે છે ? હું ગુનેગાર ? કેવી રીતે ?

ચપળા—જુઓ, રાજાજી. રાજા એ પ્રજાના પિતાતુલ્ય છે. પિતા જેમ બધાં બાળકને સરખાં ગણે તેમ રાજાએ રાયને ને રંકને સરખાં ગણવાં જોઈએ. જે રાજાના રાજ્યમાં ગરીબ ને પૈસાદાર તરફ સમ દૃષ્ટિ ન હોય તે રાજ્યમાં ન્યાયનું અંધેર છે એમ નક્કી છે. રાજાને એ વાતની ખબર હોય છતાં તે એ પ્રમાણે ચાલવા દે તો તે રાજા દેખતી આંખે આંધળો છે. તમે હમણાજ બોલ્યા કે નગરશેઠની છોકરીને બદલે હું ગરીબની છોકરી હોત તો તમે મને ક્રૂર રીતે મોતની સજા કરત. નગરશેઠની છોકરી છું, માટે ઓછી સજા કરો છો. શેઠની છોકરી હોવાથી શું ગુનો ઓછો ઠરે છે ?

આ શબ્દો સાંભળી રાજાની બુદ્ધિ જાગ્રત થઈ. તેને લાગ્યું કે છોકરી સત્ય બોલે છે. કડવું પણ સાચું નીડરતાથી બોલનાર

વિરલજ હોય છે. છોકરીના શબ્દોથી રાજા પ્રસન્ન થયો અને પોતાનાં ન્યાયચક્ષુ ખુલ્લાં કરનારી આ છોકરીને તેણે છોડી મૂકી. એટલેથીજ ન અટકતાં તેણે તે કુંવરીનાં લગ્ન પોતાના રાજકુમાર સાથે કર્યાં. નગરમાં સર્વત્ર લોકો ચપળાની ચપળતાની સ્તુતિ કરવા મંડયા.

પાઠ ૭૬મો

શારીરિક ઉદ્યોગમાં નાનમ નથી.

હાલ આપણા દેશમાં અપાતી કેળવણી ઘણે ભાગે એકદેશી છે. તે માત્ર બુદ્ધિને કેળવે છે. શરીરની કેળવણીની તેમજ ઔદ્યોગિક અને યાંત્રિક કેળવણીની દેશને વધારે જરૂર છે.

કેટલાક કેળવાએલા પુરુષોને બાપદાદાના ધંધાનાં કામ કરવાં ગમતાં નથી. ખેડુતના છોકરાએ કેળવણી લીધી હોય તો તેને પોતાના ખેતરમાં કામ કરતાં નાનમ લાગે છે. મેં સારી કેળવણી લીધી છે, એવું મજુરીનું કામ તે મારાથી કરાય, આવા ભૂલભરેલા વિચાર તેના મગજમાં ઘર ઘાલીને બેઠા હોય છે. એજ પ્રમાણે વેપારીના છોકરાએ પણ કેળવણી લીધી હોય તો તેને પણ વેપારને લગતાં કામ કરતાં લાજ લાગે છે. કેળવાએલા પુરુષને શારીરિક કામ કરતાં શરમ આવે છે.

આ વિચાર ઘણો ભૂલભરેલો છે. જેમને બુદ્ધિનાં કામ કરી નિર્વાહ કરવાનો છે, તેમને તો શારીરિક કામની બીજાં કરતાં વધારે જરૂર છે. ઘરનું, ખેતરનું, કે વાડીનું કામ કરવાથી અવયવો કસાય છે અને એકલા બુદ્ધિના કામથી કંટાળેલા મનને વિશ્રામ મળે છે.

પાશ્ચાત્ય દેશોમાં શારીરિક કામ કરવામાં કોઈ પણ, પુરુષ કે સ્ત્રી, લાજ ગણતું નથી. વિલિઅમ એવર્ટ ગ્લૅડ્સ્ટન ઈંગ્લંડનો મુખ્ય પ્રધાન હતો. તે ઇ. સ. ૧૮૦૯માં જન્મ્યો હતો ને ઇ. સ. ૧૮૯૮માં મરણ પામ્યો હતો. તે મહાપુરુષને લાકડાં કાપવાનો બહુ પ્રેમ હતો. એક દિવસ તે પોતાના ખેતરમાં લાકડાં કાપતો હતો અને તેનું આખું શરીર પરસેવાથી નવાઈ ગયું હતું, તેને જોઈને એક ખેડુતે તેને ધીમે ધીમે કામ કરવા કહ્યું. ગ્લૅડ્સ્ટને તેને જવાબ દીધો, જ્યાંસુધી હું એ ઝાડ કાપી નાખીશ ત્યાંસુધી હું આરામ લેવાનો નથી. તે એવો સાદો હતો કે એક દિવસ એક માણસથી પોતાનું ગાડું ઢોળાવ પર ચઢાવાતું નહોતું, તેને તેણે મદદ કરી ગાડું ચઢાવી આપ્યું.

આ મહાપુરુષ કુટુંબ સાથે વેલ્સમાં દરિયાકિનારે રહેતો હતો ત્યારે તે સ્થળે રોટલા વેચનારની પાસે ગાડી ન હોવાથી ત ઘેરે ઘેર ફરી રોટલા વેચી શકતો નહોતો, તેથી એ મહાપુરુષ પોતાના કુટુંબને માટે જોઈતા રોટલા જાતે લેવા જતો.

'ઇંગ્લંડનો વૃદ્ધ મહાપુરુષ' એવી ખ્યાતિ પામેલા પ્રધાનની આ કેવી સાદાઈ! તે ઘરનું કે ખેતરનું કામ કરવામાં નાનમ માનતો નહિ, એટલુંજ નહિ, પણ તેમાં તે મોટું ગૌરવ સમજતો.

જે કામ કરવાથી અંગને કસરત મળે છે, જે કામ જાતે કરવાથી આપણે પારકા પર આશ્રય રાખવાની જરૂર ઓછી થાય છે, અને જે કામ કરવાથી આપણને સગવડ મળે કે લાભ થાય, તે કામ કરવામાં લાજ શી? એવી ખોટી મોટાઈ તિરસ્કારનેજ પાત્ર થાય છે. હમેશ યાદ રાખવું કે કોઈ પણ ધંધો કે કામ કરવાથી મનુષ્યને હીણપત લાગતી નથી. હીણપત તો મનુષ્યને પોતાનાં નિંદ્ય આચરણથી લાગે છે. એથી આમાણિકતા સમજાય, તે કામ મનનું હોય કે શરીરનું હોય,

તે કરવાથી મનુષ્ય હલકો થતો નથી કે તેનો દરજ્જો ને પ્રતિષ્ઠા ઘટતાં નથી. શારીરિક કામ કરવાથી આંગળાં મેલાં થાય, મન મેલું થતું નથી. મન તો અપ્રામાણિક, કપટી, અવિનયી, નિર્દય, અને એવાં મેલાં કામ કરવાથીજ મેલું થાય છે.

મહાન્ પુરુષો ગમે તે પ્રામાણિક ધંધો કરવામાં હલકાઈ સમજ્યા નથી. ગ્રીસના સાત મહાવિદ્વાનોમાંનો એક થેલ્સ, ઍથન્સ શહેરને આબાદ કરનાર સોલન, એ બંને વિદ્વાનો વેપારી હતા. પ્લેટો, જેને તેના ડહાપણ ને બુદ્ધિના ચમત્કાર માટે 'દિવ્ય પુરુષ' કહેતા હતા, તેણે ઈજિપ્ટમાં મુસાફરી કરી તે મુસાફરીનો ખરચ મુસાફરી દરમિયાન તેલ વેચીને કાઢ્યો હતો. તત્ત્વજ્ઞાની સ્પિનોઝા જ્યારે તત્ત્વજ્ઞાનની શોધમાં મશગૂલ રહેતો હતો ત્યારે તે પોતાનું ગુજરાન કાચ સાફ કરીને ચલાવતો હતો. ઔરંગઝેબ ટોપી ભરતો ને કુરાનની નકલ કરતો.

કોઈ પણ જાતના પ્રામાણિક ઉદ્યોગ કરવામાં કોઈ પણ પ્રકારની નાનમ નથી. પ્રામાણિક ઉદ્યોગમાં હમેશ ગૌરવજ રહેલું છે. તેથી શરીર કસાય છે ને સ્વાશ્રયી થવાય છે.

પાઠ ૭૭મો

દયાની દેવી: 'પ્રોત્સાહક પરી', કુમારિકા ફ્લૉરેન્સ નાઇટિંગેલ

ફ્લૉરેન્સ નાઇટિંગેલ એ નામની એક અંગ્રેજ સ્ત્રી હતી. તે ફ્લૉરેન્સ નગરમાં જન્મી હતી, માટે તેનું નામ ફ્લૉરેન્સ નાઇટિંગેલ હતું.

નાનપણથી તે પ્રાણી પ્રતિ દયાભાવ દર્શાવતી. પૂતળીઓ જાણે માંદી પડી હોય એમ માની લઈ તેની સારવાર કરવી



ને તેને પાટા બાંધવા, એ જાતની રમતમાં તેને ખાસ આનંદ પડતો. દુઃખમાત્ર જોઈ તેને અત્યંત લાગણી થતી. સહુથી પહેલા જે માંદા પ્રાણીની તેણે સારવાર કરી હતી તે એક ભરવાડનો કુતરો હતો. જાનવરોની જેને આવી લાગણી હોય તેને માણસ માટે લાગણી હોય તેમાં નવાઈ શી?

આગળ જતાં તેને માંદાં માણસની માવજત કરવાની લગની લાગી. દરદીને દેખી તેનું વહાલસોયું દિલ દયાથી કંપી જતું. નાનપણથીજ તેની ઉત્કંઠા માણસનું ભલું કરવાના ઉપાયો યોજવાની હતી.

તેણે બાલ્યાવસ્થામાં દેશ દેશની ઇસ્પિતાલોમાં ફરી ઇંગ્લંડની ઇસ્પિતાલોમાં માંદાની માવજત માટે શા શા સુધારા કરવા જરૂરના છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. સુવ્યવસ્થિત ઇસ્પિતાલોમાં જઈ તેણે માંદાની માવજત કરવાની ખાસ તાલીમ મેળવી ને તે કામમાં તે ઘણી પ્રવીણ બની.

ઇ. સ. ૧૮૫૪માં ઇંગ્લંડ ક્રિમિઆ સાથે લડાઈમાં સપડાયું હતું. રણક્ષેત્રમાં ઘાએલ થએલા ને માંદા પડતા અંગ્રેજ સૈનિકોનો મંદવાડ બરાબર સચવાતો નથી, એવી જોસભેર વાત ઇંગ્લંડ પહોંચી. રાજ્ય તરફથી તે બાબતની તપાસ કરવામાં આવી તો માલમ પડ્યું કે ઊડતી વાતમાં સત્ય છે. આ ઉપરથી દેશદાઝ જાણનારા અનેક પુરુષોએ માંદાંની માવજત માટે મોટી રકમ એકઠી કરી. પણ આવે સમયે નાણાં કરતાં કામ કરનાર માણસ વધારે ઉપયોગી થઈ પડે છે. કુમારી નાઇટિંગેલ તરફ સર્વની નજર ગઈ.

પણ આ લાગણીવાળી સ્ત્રી કંઈ માગણીની રાહ જુએ એવી નહોતી. એણે જોયું કે અત્યારે હું દેશને મદદ કરી શકું એમ છે; એમ ધારી એણે તે વખતના યુદ્ધખાતાના મંત્રીને લખ્યું કે યુદ્ધક્ષેત્ર પર માંદાંની માવજતનું સંપૂર્ણ કામ મારે સ્વાધીન કરો; હું તે કરવા માટે સ્વયંસેવિકા થવા માગું છું. એજ સમયે મંત્રીએ પણ એને સેવા કરવા વિનતિનો પત્ર લખ્યો હતો. એકી વખત બંનેએ સામસામા કાગળો લખ્યા હતા.

કુમારીએ સ્વયંસેવિકાનું કામ માથે લીધું. ૩૭ પરિચારિકાને સાથે લઈ તે રણક્ષેત્ર પર જવા ઉપડી ગઈ. ત્યાં તેણે રાત-દિવસ તનતોડ મહેનત કરી ને ઘાએલ તથા માંદા થએલા સૈનિકોને તે પોતાની માતાના કરતાં પણ વધારે વહાલી થઈ પડી. કોઈને વાઢકાપ કરવું પડતું ત્યારે તે તેની પાસે ઊભી રહી, 'ભાઈ, કંઈ નહિ, મટી જશે,' ઇત્યાદિ વચનોથી હિંમત આપી પોતાના દયાભાવનો સ્નેહાળ હાથ ફેરવતી ત્યારે દરદીનું અર્ધું દરદ ઓછું થતું. અનેક પથારીઓ પથરાઈ હતી તેવી રોગિશાળામાંથી રાત્રિના અંધકારમાં હાથમાં ફાનસ લઈ એ

જ્યારે પોતાનો રોજિંદો ફેરો ફરી, કોઈના પર હાથ ફેરવી, કોઈ સાથે મીઠાં, આશાજનક વેણ બોલી, કોઈને દવા પાતી, આગળ ચાલતી, ત્યારે જાણે મૂર્તિમતી દયા, દયાની દેવીજ તે જાણે ન હોય, તેવો દેખાવ થતો. તેના અથાક પરિશ્રમની અસર મરણની સંખ્યાના પ્રમાણ પર થયા વિના રહી નહિ. તેના જતાં પહેલાં માંદા માણસનું પ્રમાણ સેંકડે ૪૨ હતું, તે તેના ગયા પછી ઘટીને સેંકડે ૨ થયું. આ પ્રકારની ઉમદા સેવા કોની સ્તુતિપાત્ર ન બને !

ઇંગ્લંડની પ્રજાએ આ હકીકત જાણી. યુદ્ધ પૂરું થયે તેને ઇંગ્લંડ પાછા જવાનો સમય થયો ત્યારે ત્યાંના સત્તાધિકારીઓએ તેની મુસાફરી માટે એક અલાહેદી લશ્કરી આગબોટ મોકલી. પરંતુ કુમારી નાઇટિંગેલે જે સેવા બજાવી હતી તે માન માટે નહોતી. તેણે તો લાગણીથી તે સેવા બજાવી હતી. તે માનને ચહાતી નહોતી. કોઈને પણ ખબર ન પડે એવી રીતે તે એક ફ્રેંચ આગબોટમાં ઇંગ્લંડ ગઈ ને તેને બંદરથી ઊતરતાં માન આપવાની તૈયારીઓ એમને એમ રહી. તે આડંબર વિના શાંતિથી પોતાને રહેવાને સ્થળે ગઈ.

લોકોએ તેની સેવાના ઉપકારમાં તેને ૫૦,૦૦૦ પાઉંડ બક્ષીશ કર્યા. તે નાણાની મદદથી તેણે નાઇટિંગેલ–આશ્રમ એ નામનું એક આશ્રમ સ્થાપ્યું ને તેમાં માવજત કરવાના ધંધામાં જોડાનારી સ્ત્રીઓને તેણે તાલીમ આપી. લોકો તેને વિષે 'પ્રોત્સાહક પરી' એ શબ્દો વાપરતા, તે તેના જીવનની હકીકત જોતાં ખરા સાર્થક છે. તે ભલી કુમારિકા ઇ. સ. ૧૯૧૦માં ગુજરી ગઈ ને આદર્શભૂત પરિચારિકા–માવજત કરનારી સ્ત્રી તરીકે પોતાનું નામ જગતમાં અમર કરતી ગઈ.

पाठ ७८मो

रंतिदेव–आख्यान

धोळ

कहुं वात रंतीदेवनी, करे निज नगरनुं राज;
पोते पोतानी प्रजा पासे, रखावे बहु अनाज. १
एम करतां आवी पड्यो, बार वरसनो वळी काळ;
एकादश वर्ष अन्न पहोंच्युं, द्वादशनो थयो जंजाळ. २
त्यारे राये अन्न आपियुं, ते पहोंच्युं दश मास;
पछी लाग्या छे पडवा, उपरा उपरी अपवास. ३
कळकळे जन अन्न विना, बहु बहु पाडे छे बकोर;
ते सुणी राय चालीआ, संगे राणी सुत, वधु भोर. ४
उपवास चोक्खा चारेने पड्या, एके ओछा पुरा पचाश;
त्यां अण इच्छाय अन्न मळ्युं, बेठां जमवा पासो पास. ५
पाशेर पाशेर पाणीमां वळी, आव्युं हतुं जे अन्न;
उपवास ओगणपचासमे, करवा बेठां भोजन. ६
अभ्यागत अन्यारथी, तेहनी वाट जुए छे वळी;
आपीए एने आमांथी, एम विचारे छे चारे मळी. ७
त्यां अघोरी एक आवीओ, संग लईने वळी श्वान;
भूख्यो भूख्यो एम बोलतो, कोई आपो भोजन पान. ८
त्यारे आप्युं अन्न जळ एहने,राय,राणी,राणीसुत,सुतभाम;
निष्कुलानंद पाणी पी अघोरीए, ठेस दइ फोड्युं जळठाम. ९
फुट्युं जळठाम कूप उंडो अपार जी,
प्यासां रह्यां एह राजा सहित चार जी;

पड्युं दुःख एवुं तोय पाम्यां नहीं हार जी,
वळतो राये एम कर्यो विचार जी. १०
विचार करीने बोलीआं, मळ्युं अन्न केटले दीन;
भले आव्युं अर्थ अभ्यागतने, एम कही थयां प्रसन्न. ११
त्यारे टळी अघोरी थया, धर्मदेव मूर्तिमान;
माग माग राजा मुज थकी, आपुं तुंने ते वरदान. १२
त्यारे राय कहे धन्य धन्य धर्म, मागुं राजी थया जाणी तमने;
सुखी रहो सौ प्राणधारी, एनी आवे पीडा अमने. १३
त्यारे धर्म कहे परनी पीडा ले, तेने अंगे पीडा आवे नहीं;
एह विना वण मागे आपुं छुं, अविनाशधाम वसशो सही. १४
निष्कुलानंद

પાઠ ૭૯મો

સ્ત્રીસંમાન

શંકરાચાર્ય ને મંડનમિશ્ર વચ્ચે વાદવિવાદ થયો, તેમાં તેમણે મધ્યસ્થ તરીકે ભારતીને બેસાડ્યાં. આ કૃત્ય જેમ આ સ્ત્રીની ન્યાયવૃત્તિમાં તેમની શ્રદ્ધાની સાક્ષી પૂરે છે તેમ તેમનું સ્ત્રીસંમાન પણ દર્શાવવા સમર્થ છે.

'ગુણો પૂજાયે છે ગુણિજન વિષે, લિંગ, વય, ના '—એ કવિવાણી સત્ય છે. સદ્‌ગુણ ગમે તેનામાં હોય તેનામાં તે પૂજ્યજ છે; ભલે તે વૃદ્ધમાં હો, વા તરુણમાં હો, પુરુષમાં હો, વા સ્ત્રીમાં હો. સ્ત્રીનું આમ સરખાપણું સ્વીકાર્ય છે.

જ્યાંસુધી સ્ત્રી કોઈ પણ રીતે મનુષ્યજાતિનું હલકું પ્રાણી નથી એ પ્રકારનું વિચારનું વલણ થતું નથી, ત્યાંસુધી તેના તરફ

સંમાનની ભાવના મનમાં પણ ઘણાને આવી શકતી નથી, તો પછી તે ભાવના વર્તનમાં ઊતરે એ તો સંભવેજ કેમ ? સ્ત્રી કોઈ પણ રીતે પુરુષનાથી ઊતરતી નથી. સ્ત્રીઓ વિદ્વાન્ થયાના, સ્ત્રીઓ કવિ થયાના, સ્ત્રીઓ યોદ્ધાઓ થયાના, અનેક દાખલાઓ મોજૂદ છે. તેથી સાબીત થાય છે કે જે કામોમાં પુરુષ પોતાની મોટાઈ સમજે છે તે કામો સ્ત્રીઓ પણ કરી શકે છે. આથી ઉલટું, ઉત્તમ ધૈર્ય, સ્વાર્થત્યાગ, ને ઉત્તમ વિશુદ્ધિના દાખલા જેટલી સહેલાઈથી ને જેટલા મોટા પ્રમાણમાં પુરુષોમાંથી મળી આવશે તેના કરતાં સ્ત્રીઓમાંથી વધારે મળી આવશે. છતાં, કુદરતે સ્ત્રીને પુરુષના કરતાં ઓછા બળવાળી, વિશેષ વિનયશીલ, ને તેટલા માટે આગળ પડવા માટે જાણે ઓછી લાયક બનાવી હોય તેમ કર્યું છે. આ વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખી પુરુષે તે સ્થિતિનો ગેરલાભ ન લેતાં સ્ત્રીને દરેક બાબતમાં વિશેષ અનુકૂળતા કરી આપવાનું વલણ રાખવું જોઈએ. જે ખરો સદ્‌ગૃહસ્થ હોય છે તે સ્ત્રીઓ, બાળકો, માંદાં, ને સામાન્ય રીતે ઓછાં શક્તિવાળાં માણસોને દરેક રીતે, બનતી, વિશેષ અનુકૂળતા કરી આપે છે.

કેટલીક વાર આપણે કંટાળો ઉત્પન્ન થાય એવા દેખાવો જોઈએ છીએ. આગગાડીના સ્ટેશન પર ટિકિટ આપવાની બારી આગળ ધક્કા મારી ધસી પોતાનું કામ કાઢી લેતા ને સ્ત્રીઓને છેવટ સુધી રખડાવતા પુરુષોને જોઇ કોને તિરસ્કાર નહિ ઉત્પન્ન થયો હોય ? શેરીઓમાં કે હવા ખાવાની જગાએ છૂટથી ફરતી સ્ત્રીઓ તરફ નિર્લજ્જતાથી ધારી ધારીને જોનારા પુરુષો તરફ કોને તિરસ્કાર નહિ ઉત્પન્ન થયો હોય ? આ દેખાવો સ્ત્રીસંમાનની ખામી દર્શાવે છે. ખરો સદ્‌ગૃહસ્થ હમેશ સ્ત્રી તરફ માનની દૃષ્ટિએ જુએ છે.

બર્કનહેડ નામની એક અંગ્રેજ આગબોટ એક વાર આફ્રિકા

જતી હતી. ત્યાં જતાં એ દરિયામાં ડૂબી ગઈ. એમાં ૪૭૨ પુરુષો ને ૧૬૬ સ્ત્રીઓ હતી. પુરુષોમાં મુખ્યત્વે લશ્કરમાં જોડાએલા તરુણ પુરુષો હતા. આગબોટ મધ્ય દરિયે હતી. રાત્રે બે વાગે બધાં નિદ્રાવશ હતાં ત્યારે એક અજાણ્યા ખડક સાથે તે અથડાઈ. તેના તળીઆને એવું ભારે નુકસાન થયું કે તે ડૂબ્યા વિના રહે એમ નહોતું. ભયસૂચક નગારૂં વગાડવામાં આવ્યું ને તરત બધા લશ્કરી માણસો તૂતક પર દોડી આવ્યા. તેમને આજ્ઞા કરવામાં આવી કે તમામ સ્ત્રીઓ ને બાળકોને બચવા દો. આગબોટના નીચલા ભાગમાંથી અર્ધનિદ્રિત, અર્ધવસ્ત્રિત સ્થિતિમાં તમામ સ્ત્રીઓને ને બાળકોને તૂતક પર આણવામાં આવ્યાં. તેમને નાનાં હોડકાંમાં ઉતારવામાં આવ્યાં. એ બધાં આમ નાવમાં ગોઠવાયાં ને આગબોટથી છૂટા પડ્યાં એટલે આગબોટના ઉપરિએ ઘાંટો પાડીને કહ્યું કે જે જે તરી શકે એમ હોય તેણે તૂતક પરથી પડતું નાખવું ને નાવોમાં કૂદી પડવું. આ સાંભળી લશ્કરી અમલદાર કૅપ્ટન રાઇટે કહ્યું, નહિ, જો તેમ કરશો તો સ્ત્રીઓ સાથે નાવો પાણીમાં ડૂબી જશે. નાવો જવા દેવામાં આવી. તે બહાદુર પુરુષો આગબોટમાંજ રહ્યા. હવે બીજું એક પણ નાવ નહોતું ને બચવાની આશા પણ નહોતી. છતાં કોઈએ પણ બડબડાટ ન કર્યો; કોઈ પણ ડગ્યો નહિ. બર્કનહેડ તે શૂર માણસો સાથે પાણીમાં સમાઈ ગઈ! ધન્ય છે તેમાંના પુરુષોએ દર્શાવેલા સ્ત્રીસંમાનને તેમજ બાલસંમાનને ! તે બધા તરત મૃત્યુને શરણ થયા. પણ તેમનું જ્વલંત ને પ્રશસ્ય કૃત્ય દુનિયાને દૃષ્ટાન્તરૂપ થઈ પડ્યું ને તે ઉમદા સ્વાર્થત્યાગનો તેમજ સ્ત્રીસંમાનનો હમેશ બોધ આપ્યા કરશે.

ભાઈઓ ! સ્ત્રીસંમાન હમેશ કેળવજો ને દર્શાવજો.

પાઠ ૮૦મો

ગર્વખંડન

શ્રીહર્ષ નામે સુપ્રસિદ્ધ કવિ થઈ ગયો છે, તેના વંશમાં હરિહર પંડિત નામે એક વિદ્વાન્ પુરુષ થયો હતો. તેને વિષે નીચેની દંતકથા પ્રચલિત છે.

એક વાર હરિહર પંડિત પોતાની વિદ્યાને બળે વિદ્વાનો પર જય મેળવતો, મેળવતો, દિગ્વજય કરતો ગુજરાત તરફ આવ્યો. તે વખત ગુજરાતમાં વીરધવલ રાજા રાજ્ય કરતો હતો. તે વિદ્યાવિલાસી હતો ને વિદ્વાનોને ઉત્તેજન આપતો હતો. તેણે હરિહરનો પોતાની સભામાં યોગ્ય સત્કાર કર્યો.

વીરધવલની સભામાં સોમેશ્વર કરીને કવિ હતો. તે ગર્વને લીધે હરિહરથી અતડો રહ્યો. વિદ્વાન્ પુરુષોમાં કેટલાકજ ગર્વ ને ઈર્ષ્યાથી વિમુક્ત હોય છે. વસ્તુતઃ, આવું હોવું જોઈએ નહિ.

સોમનાથ એટલો બધો અતડો રહ્યો કે હરિહર પંડિતને મળવા સુદ્ધાં ગયો નહિ. આથી હરિહરનું સ્વમાન ખંડિત થયું. તેને વિચાર આવ્યો કે ગમે તેમ કરીને સોમેશ્વરના ગર્વનું ખંડન કરાવાય તો ઠીક. આ વિચાર તેના મનમાં ઘૂમતો હતો, એવામાં થોડા દિવસમાં તે સફળ કરવાની તેને તક મળી આવી.

એક દિવસ વીરધવલે હરિહર પંડિતને કહ્યું કે મેં વીર-નારાયણ નામનો મહેલ બંધાવ્યો છે. તેની પ્રશસ્તિમાં સોમેશ્વર કવિએ ૧૦૮ પદ્ય રચ્યાં છે, તેની તમે પરીક્ષા કરો.

હવે સોમેશ્વરના ગર્વનું ખંડન કરવાનો પ્રસંગ આવ્યો. હરિહર પંડિતે સોમેશ્વરનાં પદ્યની પરીક્ષા કરવા તેની પાસે તે મંગાવી સાંભળી જોયાં. તેની સ્મરણશક્તિ એવી તીવ્ર હતી કે તેણે એક વાર સાંભળ્યાં કે તે બધાં તેને યાદ રહ્યાં.

હરિહર પંડિતે બીજે દિવસે તે બધાં પદ્યો વીરધવલ આગળ ગાઈ બતાવ્યાં ને કહ્યું કે એ બધાં તો પારકાં કાવ્ય છે ને તે સોમેશ્વરે પોતાનાં તરીકે ખપાવ્યાં છે. એ પદ્યો તો મેં ઉજ્જયિની નગરીમાં એક મહેલમાં શ્રીભોજવર્ણન નામનાં પદ્ય વાંચ્યાં છે તેજ છે.

હરિહર પંડિતના આ વચનથી તેમજ તેના પુરાવા તરીકે તે બધાં પદ્યો તે બોલી ગયો તેથી વીરધવલ ચકિત થયો ને સભાજનની સમક્ષ સોમેશ્વર કવિ ઝંખવાણો પડી ગયો. કોઈ પણ કવિની શક્તિના પર મોટામાં મોટો આક્ષેપ કરી શકાય તો તે એ છે કે તેનાં કાવ્ય તેની પોતાની પ્રતિભાનાં ફળ નથી, પણ અન્યનાં કાવ્યોના અનુકરણરૂપ છે; તો આ તો હરિહરના કહ્યા પ્રમાણે આખાં ને આખાં ચોરેલાંજ ઠર્યાં, આથી વિશેષ લજ્જાસ્પદ સોમેશ્વરને બીજું શું હોય? વળી તે પણ હરિહરે એવી યુક્તિથી કહ્યું કે એનું કહેવું બધાને સત્ય લાગ્યું.

સોમેશ્વર હરિહર આગળ નિસ્તેજ બની વીલે મોંએ પાછો ગયો. તેનો ગર્વ ક્યાંએ જતો રહ્યો. તેને લાગ્યું, ખરે, હરિહર પંડિત મારાથી ચઢી જાય એવાજ છે. એવા વિચારથી તે બીજે દિવસે મળવા ગયો.

હરિહર પંડિત પ્રસન્ન થયા. તેને જે જોઈતું હતું તે મળ્યું એટલે તેણે સત્ય હકીકત સોમેશ્વરને જાહેર કરી ને પછી બંનેએ સભાને પણ તે વિદિત કરી. બંને મિત્ર થયા ને ખોટું અભિમાન કરવાની ટેવ સોમેશ્વર કવિએ તે દિવસથી હમેશને માટે છોડી દીધી.

પાઠ ૮૧મો

યોગ્ય વિચાર વિનાનું કામ

એક ધનિક બૈરાંછોકરાં વિનાનો હતો. તે જેમ કમાતો ઘણું તેમ ખરચતો પણ ઘણું. પરંતુ દ્રવ્ય ઉપાર્જન કરવા તેને વારંવાર પોતાની હવેલી છોડી બબ્બે ત્રણ ત્રણ દિવસ દૂર જવું પડતું. પોતાનું દ્રવ્ય ને પોતાના અમૂલ્ય કાગળો તે હવેલીમાં એક તિજોરીમાં રાખતો. તે જ્યારે બહાર ગામ જતો ત્યારે તિજોરી પોતાના મુખ્ય મુનીમને સોંપી જતો ને હવેલીના અનેક નોકરોની મદદથી તે મુનીમ હવેલી સાચવતો.

શેઠ વહેમી હતો, તેથી આટલી સાવચેતીથી પણ તે ધરાતો નહોતો. મુનીમ ને નોકરો બધાં સંપથી ધારે તો હવેલીમાં પોતાની ગેરહાજરીમાં જે કંઈ બને તે છુપાવી શકે એમ તે સમજતો હતો. તેથી તે બધાના પર પણ તેણે યુક્તિથી એક અંકુશ રાખ્યો હતો. તેણે એક પોપટ ખરીદ્યો હતો. તે પોપટ એવો તો ચંચળ હતો કે માત્ર શિખવેલુંજ ન બોલતાં જે કંઈ પોતાની સમક્ષ વાતચીત થાય તેનું પણ તે અનુકરણ કરતો. શેઠે તેને તિજોરીવાળા ઓરડામાં રાખ્યો હતો.

એક વખત બહારગામ જઇ આવ્યા પછી શેઠે પોપટને પૂછ્યું, મારી ગેરહાજરીમાં મુનીમે ને બધા નોકરોએ શું કર્યું? પોપટે ગાનતાન ને નાચનું અનુકરણ કરી બતાવ્યું.

શેઠને લાગ્યું કે મારો મુનીમ મારી ગેરહાજરીમાં મોજમઝા કરે છે. ગાનતાન કરવાવાળા માણસો આવજા કરે તેથી કોઈની દાનત બગડે તો મારી તિજોરી તૂટે. એમ ધારી તેણે મુનીમની ધૂળ ખંખેરી નાખી.

મુનીમે ધાર્યું કે હવેલીમાંના કોઈ નોકરચાકરે શેઠને

ચાડી ખાધી હશે. બધા નોકરોને પૂછીને તેણે ખાત્રી કરી ત્યારે તેને માલમ પડયું કે તે કોઈએ શેઠને કંઈજ કહ્યું નથી. અંતે તેને લાગ્યું કે પોપટે શેઠને ખબર કરેલી હોવી જોઈએ.

શેઠને ફરી ગામ જવાનો પ્રસંગ આવ્યો. મુનીમે વિચાર્યું કે આ વખત એવી યુક્તિ શોધવી કે પોપટ જૂઠો પડે ને આગલી વખતનું તેની સામેનું વેર વળે.

ફરી મુનીમે રાત્રે ગાનતાન કરાવ્યાં. પોપટના પાંજરા આગળ એવી જોગવાઈ કરવામાં આવી કે પાંજરાની નીચે એક જણ પાસે ઘંટી ચલાવરાવી, પાંજરાની ઉપરથી એક જણ પાસે વરસાદ પડતો હોય તેમ પોપટના શરીર પર પાણી છંટાવરાવ્યા કર્યું, ને પાંજરાની ડાબીજમણી બાજુએ વારાફરતી એક ચળકતો કાચ એવી રીતે ફેરવ્યા કરાવ્યો કે તેનો પ્રકાશ તે પક્ષીની આંખ પર પડે.

શેઠે આવીને પોપટને રાતની બીના પૂછી. પોપટે વરસાદ આવ્યાનું વર્ણન કર્યું. શેઠને લાગ્યું કે વરસાદના આ દિવસ નથી તો વરસાદ કયાંથી આવ્યો હોય? પોપટ નક્કી અસત્ય બોલે છે. તેને એમ પણ લાગ્યું કે પહેલી વાર પણ પોપટે અસત્યજ કહેલું હોવું જોઈએ. આવેશમાં ને આવેશમાં તેણે પોપટને પાંજરામાંથી બહાર કાઢી ફટ દઈને ભોંય પર પછાડયો. તેજ ક્ષણે તે નિમકહલાલ પક્ષીના પ્રાણ ચાલ્યા ગયા. થોડા દિવસ પછી બધી બનેલી વાતની શેઠને ખબર પડી ને તેને અત્યંત દિલગીરી થઈ. પણ તે દિલગીરીથી કંઈ મરી ગએલો પોપટ જીવતો થાય ! તે પક્ષિરત્ન તો ગયું તે ગયુંજ. કહ્યું છે કે ઉતાવળું કોઈ પણ કામ કરવું નહિ. 'ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર' એ કહેવત એજ ઉપદેશ કરે છે. અવિવેક બધી આપત્તિનું સ્થાન છે.

વિચાર કર્યો વિના કામ કરવાથી બધી જાતની વિપત્તિ નડે છે. જેઓ વિચારીને કામ કરે છે તેમને સંપત્તિ જાતે શોધતી આવે છે.

સહસા કરવૂં ન કર્મ કૈં, અવિવેકે બહુ આપદા નડે;
વિચરે નર જે વિચારિને, ગુણથી લક્ષ્મિ વરેજ તેહને.

પાઠ ૮૨મો

પૃથ્વી ને ચંદ્ર, ભાગ ૧લો

શિક્ષક—શિષ્યો, સાંભળો. આજ હું તમને પૃથ્વી અને ચંદ્ર વિષે થોડુંક શિખવું છું. એમાં તમને બહુ રમુજ પડશે. આકાશ તો તમે રોજ જુઓ છો. અંધારી રાતે ને અજવાળી રાતે સરખોજ દેખાવ માલમ પડે છે કે જુદો ?

છોકરાં—સાહેબ, અજવાળી રાતે ચંદ્રના પ્રકાશને લીધે બધા તારા દેખાતા નથી. અંધારી રાતે આકાશ તારાથી ભરપૂર દેખાય છે.

શિક્ષક—ખરી વાત. એ તારા સ્થિર છે કે ચંદ્રની માફક ફરતા છે ?

છોકરાં—તારા તો સ્થિર છે.

શિક્ષક—હા. તારાઓ સ્થિર છે. તેમની વચ્ચેનું અંતર સરખુંજ માલમ પડે છે. વસ્તુતઃ, સૃષ્ટિમાં કંઈ સ્થિર નથી. આખું તારામંડળ પણ ગતિમાન્ છે. બધા તારા સરખાજ દેખાય છે કે તેમાં કંઈ ફેરફાર છે ?

છોકરાં—કેટલાક તારા ઓછા ચળકતા હોય છે ને કેટલાક વધારે.

શિક્ષક—અરૂં. બધા તારાઓનું તેજ સરખું હોતું નથી. તમે તારા સિવાય બીજું કંઈ આકાશમાં જુઓ છો ?

નવીન—હા, જી. કેટલાક તારા ખૂબ ચળકતા હોય છે, તે બીજા તારાની પેઠે ઝબકતા નથી; તે બીજા તારાથી જુદા દેખાય છે.

શિક્ષક—ખરૂં. તારાઓ ઝબકે છે ને સ્થિર છે. કેટલાક જ્યોતિ ઝબકતા નથી ને સ્થિર નથી, પણ ફરતા છે. એ ફરતા જ્યોતિઓ ગ્રહ કહેવાય છે. દૂર્બીનમાંથી જોતાં માલમ પડશે કે ગ્રહો તારાના કરતાં મોટા હોય છે. તારા ટપકાં જેવા દેખાય છે ત્યારે ગ્રહો નાના, પ્રકાશિત ગોળવા છે. ચંદ્ર પણ ગ્રહ છે. ભૌમ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, એ બધા ગ્રહો છે. પૃથ્વી પણ ગ્રહ છે. હવે તારા અને ગ્રહ વચ્ચે ફેર સમજ્યાં ?

છોકરાં—હા, સાહેબ. તારા સ્થિર છે; ગ્રહો ફરતા છે. તારા ઝબકે છે; ગ્રહો ઝબકતા નથી.

શિક્ષક—બરાબર. હવે આપણે ચંદ્રનો વિચાર કરીએ. ચંદ્રના પ્રકાશમાં વૃદ્ધિ અને ક્ષય થાય છે, એનું કારણ તમે જાણો છો ?

છોકરાં—ના, સાહેબ.

શિક્ષક—જુઓ, ત્યારે હું તે સમજાવું છું. તમે ચંદ્રમાં જે તેજ જુઓ છો તે તેનું પોતાનું નથી, તે તો સૂર્યનું તેમાં પડેલું તેજ છે.

છોકરાં—સાહેબ, સૂર્યનો પ્રકાશ ચંદ્રમાં કેવી રીતે પડે છે તે કૃપા કરીને સમજાવો.

શિક્ષક—જુઓ, આ મારા હાથમાં નારંગી છે. તેનો આકાર ગોળા જેવો છે. મેં 'ગોળા જેવો' કેમ કહ્યો ?

હરિલાલ—સાહેબ, એ મથાળે ને નીચે ચપટી છે. લીંબુ જેવી તદ્દન ગોળ નથી, તેથી.

શિક્ષક—ખરી વાત. આપણી પૃથ્વીનો આકાર નારંગી જેવો છે. જુઓ, નારંગીની વચમાં થઈને, ઉપરથી નીચે સુધી મેં એક સળી ખોસેલી છે, તેની આસપાસ હું નારંગી ફેરવું છું. એવી રીતે પૃથ્વી તેની વચ્ચે થઈને ઉત્તરથી દક્ષિણ તરફ જતી એક કાલ્પનિક રેખાની આસપાસ ફરે છે. એ રેખા ધરી કહેવાય છે. જુઓ, હું નારંગીને સળીની આસપાસ કેવી રીતે ફેરવું છું. બરાબર લક્ષ રાખજો. જુઓ સળીનું માથું એક તરફજ રહેલું છે એમ હું સળીની આસપાસ નારંગી ફેરવું છું. પૃથ્વીની ધરીનું માથું ઉત્તર ધ્રુવના તારા તરફ હમેશ રહે એવી રીતે પૃથ્વી ધરીની આસપાસ ફરે છે.

હવે, જુઓ, આ નારંગી મીણબત્તીના દીવા પાસે ધરૂં છું તેના કેટલા ભાગ પર પ્રકાશ પડે છે ?

છોકરાં—સાહેબ, અર્ધો ભાગ પર.

શિક્ષક—બરાબર. ગોળ પદાર્થને પ્રકાશ આગળ ધરીએ તો તે પ્રકાશ તરફના અર્ધો ભાગ પરજ અજવાળું પડશે. હવે થોડાં છોકરાં મીણબત્તીની બાજુ તરફ આવો ને થોડાં સામી બાજુએ બેસો. જેઓ મીણબત્તીની બાજુએ બેઠાં છે તેમને પોતાની તરફના નારંગીના અર્ધા ભાગ પર અજવાળું દેખાશે અને જેઓ મીણબત્તીની સામી બાજુએ બેઠાં છે તેમને પોતાની તરફના અર્ધા ભાગ પર અંધારૂં માલમ પડશે. બોલો, શું જોયું ?

છોકરાં—સાહેબ, જે તરફ મીણબત્તી છે તે તરફના નારંગીના અર્ધો ભાગ પર અજવાળું છે ને બીજી તરફના અર્ધો ભાગ પર અંધારૂં છે.

શિક્ષક—બરાબર. કોઈ પણ ગોળ પદાર્થને દીવાની સામે ધરીએ તો તે ગોળ પદાર્થના અધો ભાગ પર તેનો પ્રકાશ પડે છે. જે અર્ધ ભાગ તે દીવા તરફ હોય છે તે પર પ્રકાશ પડે છે; બાકીનો અર્ધ ભાગ અંધારામાં રહે છે.

પાઠ ૮૩મો

પૃથ્વી ને ચંદ્ર, ભાગ ૨જો


શિક્ષક—તમને ગઈ કાલે શિખવ્યું તે યાદ હશે. કોઈ પણ ગોળ પદાર્થ દીવાની સામા ધરીએ તો તેના કેટલા ભાગ પર દીવાનું અજવાળું પડશે? અજવાળાવાળો ભાગ તમે ક્યારે જોઈ શકશો? સોરાબજી, તું બોલ.

સોરાબજી—સાહેબ, દીવાનું અજવાળું ગોળાના અર્ધ ભાગ પર પડશે. દીવાની બાજુ તરફ બેઠેલા અજવાળાવાળો ભાગ જોઈ શકશે.

શિક્ષક—બરાબર. જુઓ, ત્યારે નીચેની આકૃતિ તપાસો. એમાં સૂર્ય ને પૃથ્વી દર્શાવેલાં છે, તેમજ પૃથ્વીની આસપાસ ફરતો ચંદ્ર દર્શાવ્યો છે. ચંદ્રનો પરિક્રમણમાર્ગ પણ બતાવ્યો છે. ચંદ્ર અને પૃથ્વી બંને ગોળ છે; તેથી બંનેનો જે અધો ભાગ સૂર્ય તરફ છે તે અધો ભાગ ધોળો દેખાડયો છે; કેમકે તે અધા ભાગ પર સૂર્યનો પ્રકાશ પડે છે. બાકીનો અધો ભાગ કાળો દર્શાવ્યો છે; કેમકે તે અર્ધ ભાગ સૂર્યની તરફનો નથી; સૂર્યથી બીજી તરફનો છે. આખી આકૃતિ સમજ્યા? બોલો, પરિક્રમણવર્તુળની બહાર બીજાં વર્તુલો શા માટે આપ્યાં છે?

નવીન—સાહેબ, પૃથ્વી પરનો જોનાર ચંદ્રનો અધો ભાગ, જે પોતાની તરફ હોય છે, તેજ જોઈ શકે છે. ચંદ્રનાં બંને પાસાં જોઈ શકતો નથી. તેને ચંદ્ર કેવો દેખાય છે તે દર્શાવવા બહારનાં વર્તુલો આપ્યાં છે.

શિક્ષક—શાબાશ, નવીન. તું આકૃતિ બરાબર સમજ્યો છે. (અમાસ આગળનું સ્થળ બતાવીને) જુઓ, હવે આ સ્થળ આગળ ચંદ્ર હોય છે ત્યારે પૃથ્વીને તેનું કેવું દર્શન થાય છે? ઇસ્માઇલ, તું કહે.



ઇસ્માઇલ—સાહેબ, ચંદ્રનો જે અર્ધ ભાગ સૂર્ય તરફ છે તે પર સૂર્યનો પ્રકાશ પડે છે અને જે અર્ધ ભાગ પૃથ્વી તરફ છે તે અંધકારમાં રહે છે; તેથી પૃથ્વી પરના જોનારને તો આખો ચંદ્ર અંધારામાં હોય એમ લાગે છે.

શિક્ષક—બરાબર. એવો દેખાવ મહીનાને કયે દિવસે જણાય છે?

છોકરાં—સાહેબ, અમાસને દિવસે. એ દિવસે ચંદ્ર બિલકુલ દેખાતો નથી.

શિક્ષક—ખરી વાત. (પુનેમ આગળનું સ્થળ બતાવીને) હવે આ સ્થળ આગળ ચંદ્ર હોય ત્યારે પૃથ્વીને તેનું દર્શન કેવું થાય છે તે, હરિલાલ, તું કહે.

હરિલાલ—સાહેબ, ચંદ્રના જે અર્ધ ભાગ પર સૂર્યનું તેજ પડે છે તે અર્ધો ભાગ પૃથ્વી તરફ હોવાથી પૃથ્વી પરના જોનારને ચંદ્રનો બધો ભાગ પ્રકાશમાં જણાય છે.


શિક્ષક—ખરૂં. એ પૂર્ણ ચંદ્રનું દર્શન છે. એવું પુનેમે હોય છે. હવે, એક બીજી વાત સમજાવું છું. બોલો, પૃથ્વી, ચંદ્ર, અને સૂર્ય, એ ત્રણમાં સહુથી મોટું શું છે ને સહુથી નાનું શું છે ?

છોકરાં—સાહેબ, સૂર્ય કરતાં ચંદ્ર નાનો છે.

શિક્ષક—પણ પૃથ્વી ને ચંદ્રમાં મોટું શું છે ને નાનું શું છે ?


રહીમ—સાહેબ, ચંદ્ર તો બહુ નાનો દેખાય છે.

શિક્ષક—ચંદ્ર કરતાં સૂર્ય ઘણોજ મોટો છે. સૂર્ય પૃથ્વીથી ૯ કરોડથી સહેજ વધારે માઇલ દૂર છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, તેનું પૃથ્વીથી સરેરાસ અંતર સવા બે લાખ માઇલથી થોડું વધારે છે. પૃથ્વીથી ચંદ્ર નાનો છે તે આકૃતિ પરથી સમજાશે. હવે, જુઓ. અમાસના સ્થળમાં સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આવે છે. તમે જાણો છો કે પૃથ્વીને તેમજ ચંદ્રને પોતાનો પ્રકાશ નથી, તો એ સ્થિતિમાં ચંદ્ર વચ્ચે આવવાથી સૂર્યનો પ્રકાશ પૃથ્વીના કેટલાક ભાગ પર પડતો અટકાવશે અને તે ભાગને સૂર્યગ્રહણ થએલું લાગશે. એની સ્થિતિ કયે દિવસે હોય છે ?



છોકરાં—સાહેબ, અમાસે હોય છે.

શિક્ષક—બરાબર. ત્યારે દરેક મહીનાની અમાસે પૃથ્વીના કેટલાક ભાગ પર સૂર્યગ્રહણ થવું જોઈએ. વળી પુનેમના સ્થળ પર નજર કરો. એ સ્થળે પૃથ્વી ચંદ્ર ને સૂર્યની વચ્ચે આવેલી છે અને પૃથ્વી ચંદ્રથી મોટી છે તેથી એ સ્થળે પૃથ્વીએ ચંદ્ર પર પડતા સૂર્યના પ્રકાશને અટકાવવો જોઈએ અને તમામ પૃથ્વી પર ચંદ્રગ્રહણ થવું જોઈએ.



ચંદ્રગ્રહણ ને સૂર્યગ્રહણ દરેક પુનેમે ને અમાસે કેમ થતાં નથી?

જુઓ, આ ટેબલ પર હું ત્રણ ગોળા ગોઠવું છું. સહુથી મોટો સૂર્ય, વચલો પૃથ્વી, અને નાનો ચંદ્ર દર્શાવે છે એમ સમજવું. હવે પૃથ્વીના ગોળાને હું સૂર્ય અને ચંદ્રના ગોળાની વચ્ચે મૂકું છું. સૂર્યનો પ્રકાશ ચંદ્ર પર પડશે?

છોકરાં—ના, સાહેબ, એ ચંદ્રગ્રહણનો દેખાવ થયો.

શિક્ષક—બરાબર. હવે હું ચંદ્રના ગોળાને પૃથ્વીના ને સૂર્યના ગોળાની વચ્ચે મૂકું છું. સૂર્યનો પ્રકાશ પૃથ્વીના બધા ભાગ પર પડશે?

છોકરાં—ના, સાહેબ, જે ભાગ ને સૂર્યની વચ્ચે ચંદ્ર આવ્યો છે તે ભાગ પર સૂર્યનો પ્રકાશ નહિ પડે; તે ભાગને સૂર્યગ્રહણ દેખાશે.

શિક્ષક—બરાબર છે. ત્યારે દરેક પુનેમે ચંદ્રગ્રહણ થવું જોઈએ ને દરેક અમાસે સૂર્યગ્રહણ થવું જોઈએ; તેમ થાય છે?

છોકરાં—ના, સાહેબ.

શિક્ષક—તેનું શું કારણ? કોઈ સમજી શકો છો?

નવીન—સાહેબ, તમે ટેબલ પર ત્રણ ગોળા ગોઠવ્યા છે તેમજ, સૂર્ય, ચંદ્ર, ને પૃથ્વી આવતાં હોય તો તો દરેક પુનેમે ને અમાસે ગ્રહણ થવાંજ જોઈએ.

શિક્ષક—બરાબર. ગ્રહણ થાય છે ત્યારે તો ત્રણે ગોળા એવીજ સ્થિતિમાં, એટલે એકજ સપાટીમાં હોય છે. પરંતુ, સૂર્ય, ચંદ્ર, ને પૃથ્વી હમેશ એક સપાટીમાં હોતાં નથી (સૂર્યને ચંદ્રના ગોળા પૃથ્વીના ગોળાથી ઊંચા રાખી) જુઓ, પૃથ્વી વચ્ચે છે તોપણ સૂર્ય ને ચંદ્ર તેનાથી ઊંચી સપાટીમાં હોવાથી પૃથ્વી સૂર્યના પ્રકાશને ચંદ્ર પર પડતો અટકાવી શકતી નથી. એ રીતે ઘણીખરી પુનેમે ને અમાસે ત્રણે ગોળા જુદી જુદી સપાટીમાં હોય છે, તેથી ચંદ્રગ્રહણ ને સૂર્યગ્રહણ થતાં નથી. જ્યારે ત્રણે એક સપાટીમાં આવે છે ત્યારેજ ગ્રહણ થાય છે.

સમજુતી

પાઠ ૧લો—નિનાદ=સ્વર. કવન કરવું=કવિતા કરવી. નીલ=લીલું. સમાં=સરખાં. આંબલીઓ=સુંદર આંબાનું ઝાડ. સોહે=શોભે. રજની=રાત. રવ=શબ્દ. શ્રવણે=કાને. લહું=મેળવું. મન્દ=ધીમું. સમીર=પવન. માધુરી=મધુરી. મેહુલો=સુંદર મેઘ—વાદળું. ખેલતી=રમતી.

પાઠ ૨જો—સહાધ્યાયી=જોડે અભ્યાસ કરનાર; ગોઠીઓ. રહસ્ય=છૂપું જ્ઞાન; મર્મ. કાયર=બાયલું. પુષ્ટ ને અપુષ્ટ=ભરેલું ને ખાલી; દ્રવ્યબળ, વગેરેથી ભરેલું ને તે વિનાનું. વિહાર કરવો=રમવું.

પાઠ ૩જો—ધનુર્ધર=ધનુષ્ વડે બાણ ફેંકવામાં કુશળ; ધનુર્વિદ્યામાં પ્રવીણ. તેને વિષે આચાર્યબુદ્ધિ°=તેને આચાર્ય—ગુરુ સમજી. સમક્ષ=નજર આગળ. હસ્તલાઘવ=હાથચાલાકી. લાઘવ=ચતુરાઈ. શબ્દવેધિપણું=શબ્દ સાંભળી તે પદાર્થ પર બાણ મારવાની વિદ્યા. વિનયપૂર્વક=સવિનય, વિનય દર્શાવી. સત્યનિષ્ઠ=સાચું બોલવા હમેશ તત્પર. (નિષ્ઠા=ભક્તિ). કૃત્રિમ=બનાવટી. લક્ષ્ય=વીંધવા યોગ્ય.

પાઠ ૪થો—પરમ=મોટી. અમાત્ય=પ્રધાન. વ્યૂહ=સેનાની ગોઠવણ. નિરાકરણ કરવું=દૂર કરવું.

पाठ ५मो—तातां तेल=ગરમ તેલ; तातां=તપ્ત=તપેલું, ગરમ. दोशी=દોશી વાણિયો; કાપડનો વેપારી. हाटे=દુકાને. गुजरी=મેદાનમાં ભરાતો બજાર. खाधी°=વિદુરને ત્યાં શ્રીકૃષ્ણે ભાજી ખાધી હતી.

પાઠ ૬ટ્ઠો—બહુધા=ઘણે ભાગે. પુસ્તો=પાણી રોકવાને કરેલું ઊંચું બાંધકામ. ઇંજનેર=ઘર બાંધવાના નકશા વગેરે તૈયાર કરનાર.

પાઠ ૭મો—પ્રતિશબ્દ=(પ્રતિ=સામો), સામો શબ્દ, પડઘો.

પાઠ ૮મો—ડીંડવું=છોતરાં સાથેનું ફળ. પરિપક્વ=બરાબર પાકેલું.

પાઠ ૯મો—કાફલો=સમૂહ; લોકોનો સમૂહ.

पाठ १०मो—આ કાવ્યમાં કવિ નર્મદે વૃષ્ટિનાં ચિહ્ન વર્ણવ્યાં છે. घडि घडि=ઘડીએ ઘડીએ. अभ्र=વાદળું. फडफड=ફડફડ એવો અવાજ કરી. અવાજ પરથી શબ્દ થયો છે, એ અનુકરણ શબ્દ કહેવાય છે. पसरिज=પ્રસારીનેજ. बग=બગલું. अरणव (अर्णव)=સમુદ્ર. रस=પારો. यंत्र=વાયુમાપક યંત્ર, યંત્રમાંનો સુંદર પારો નીચે ઊતરે છે. कर्ता=કરતાં. ठाला=પોલા (નક્કર નહિ)—દૂર વાગતા ઘંટના ટકોરા ખાલી—પોલા સંભળાય છે. बांधवे=

બાંધવામાં. પીત°=પીળું. આથમતા સૂર્યનાં કિરણ પીળાં દેખાય. **इशाने**= ઈશાનમાં. नैरुता=નૈઋતા शिताळा=શીત; ઠંડું.

પાઠ ૧૧મો—સજીવ=જીવ હોય એવી અવસ્થામાં. ચૂંઈ=માછલાંની શ્વાસ લેવાની ઇંદ્રિય. અનુકૂળ=માફક. એથી ઉલટું ‘પ્રતિકૂળ’. સહાયરૂપ=મદદગાર.

પાઠ ૧૩મો—આશ્વાસન કરતો=મન મનાવતો. અવધિ=હદ. વિષમય= ઝેરનું બનેલું; અત્યંત અસહ્ય, કપરૂં. વિવેક=ખરૂં શું ને ખોટું શું તે જાણવાની શક્તિ; સત્ય ને અસત્ય વચ્ચે ભેદ કરવાની શક્તિ. પ્રકૃતિ=સ્વભાવ. સ્વાર્પણ=સ્વાર્થત્યાગ; પોતાની મતલબ, સુખ તજી દેવાં તે.

પાઠ ૧૪મો—દ્યૂત=જુગટું. નિસ્તેજ=પરાક્રમ વગરનો; ઝાંખો (બહુ૦ નિગત-જતું રહ્યું છે તેજ જેમાંથી) ઐશ્વર્ય=પ્રભુપદ. મદ=અભિમાન; હાથીના લમણામાંથી યુવાવસ્થામાં રસ ઝરે છે તે ‘મદ’ કહેવાય છે તેથી હાથી મદોન્મત્ત થાય છે. શાપનો અનુગ્રહ=શાપમાં કૃપા કરી તેનું નિવારણ કરવું તે. પ્રણિપાત=નમસ્કાર.

पाठ १५मो—बणी=બની; થઈ. स्तंभ=થાંભલો. मुरारि=મુર રાક્ષસના શત્રુ, વિષ્ણુ. हेते करी=જૂનાગઢના મંડળિક રાજાના દરબારમાં નરસિંહ મહેતા પર એવું તહોમત મૂકવામાં આવ્યું કે તે શૈવ માર્ગનો ઉચ્છેદ કરે છે, વૈષ્ણવ માર્ગ પ્રવર્તાવે છે, ને સ્ત્રીઓ સાથે કૃષ્ણને નામે રાસ રમે છે. એવું નક્કી થયું કે એ સાચો ભક્ત હોય તો ભગવાન્ જાતે આવી એને હાર પહેરાવે, દામોદરે એમના ગળામાં હાર અર્પ્યો એટલે બધાંની ખાત્રી થઈ. नव नीध=મહાપદ્મ, પદ્મ, શંખ, મકર, કચ્છપ (કાચબો), મુકુંદ, કુંદ, નીલ, ને ખર્વ–એ નવ નિધિ કુબેરના ખજાના છે. એમાંનાં કેટલાંક અમૂલ્ય મણિ છે. दुजो=બીજી. द्वारामति (द्वारामती,=દ્વારકા. बांहे ग्रह्यानी=જે બાંહે ઝાલે તેની પ્રભુ લાજ રાખે છે. तुंही=તુંજ.

પાઠ ૧૬મો—ધર્મનિષ્ઠા=ધર્મમાં લીન, મશગૂલ રહેવું તે. સત્તાધીશની મગરૂબ આંખે=સત્તાધારી જેમ મગરૂબીથી જુએ તેમ. તત્ત્વ=મૂલ વસ્તુ. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ તત્ત્વ છે. પાર્થિવ=પૃથ્વીનો (વિશે૦). ક્ષુલ્લક=હલકું, નીચું.

પાઠ ૧૭મો—અષ્ટધા=આઠ પ્રકારે. વક્ર=વાંકું. વિત્તોપાર્જન=વિત્ત મેળવવા, પૈસા મળવવા. દ્વિજશ્રેષ્ઠ=બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ; ઉત્તમ બ્રાહ્મણ.

પાઠ ૧૮મો—યુવક=જુવાન પુરુષ. સંપત્તિમાન્=ધનાઢ્ય; માતબર.

ભવિષ્યદર્શક=ભાવી બતાવનાર. સૂચન=સૂચવે એવું લાગે તે. ઉદ્દેશ=હેતુ. આનંદદાયક=આનંદ આપે એવું. ચિત્તાકર્ષક=મનને હરિ લે એવું. વાસ્તવિક=ખરૂં. યુક્ત=યોગ્ય. ન્યાય=રીત. અપચિહ્ન=ખરાબ ચિહ્ન. લગ્ન=અવસર. પરિસીમા=હદ, અવધિ.

પાઠ ૧૯મો—મિષ્ટ=મીઠું.

पाठ २०मो—प्रकृति=સ્વભાવ. बोध°=બધી શિખામણ નકામી જાય છે; તેમજ બધો વિરોધ–બધું સામા થવું નકામું જાય છે. वात°=વાત, વિચાર, વગેરે ફરે, પણ પડેલી ટેવ ટળતી નથી. पालटे=ફરે. सोनुं°=કટાર સોનાની થાય, પણ તેનો સ્વભાવ બદલાતો નથી. તેના ધાર, આકાર, ને પ્રહાર તેવાંજ રહે છે. काळप=કાળાશ श्वान=કુતરો.

પાઠ ૨૨મો—ગતિ=મરણ પછી સારી સ્થિતિ, સારે માર્ગે જવું તે. શાસ્ત્રકાર=ધર્મશાસ્ત્ર રચનાર. દત્તક પુત્ર-જેને પુત્ર ન હોય તેણે બીજાના પુત્રને તેની ખુશીથી સ્વીકારી પોતાનો પુત્ર કરવો તે તેનો આપેલો (દત્ત=આપેલો; 'ક'=પ્રત્યય) હોવાથી દત્તક પુત્ર કહેવાય છે. યથાવિધિ=વિધિ પમાણે; નિયમ પ્રમાણે મશગૂલ=મચ્યોપચ્યો. ઉદાર પ્રકૃતિનો=મોટા મનનો. અભિલાપ=ઇચ્છા. સત્વર=જલદી.

પાઠ ૨૩મો—આતપ્રવીણ=ઘણો હોશિયાર. જલસો=મેળાવડો. તીરંદાજે=બાણવિદ્યામાં કાબેલ પુરુષો. આયુધાગાર=હથિયાર મૂકવાનું ઠેકાણું (આયુધ+આગાર=ઠેકાણું). આરૂઢ=ચઢેલું; બેઠેલું સૌજન્ય=સુજનતા, સહુકાઈ. વિસ્મત થયો=આશ્ચર્ય પામ્યો. અગાધ=ઘણું ઊંડું પર્ણકુટી=ઝાડનાં પાંદડાંનું બાંધેલું ઝુંપડું; મરૂડી તપસ્વી=તપ આચરનાર–કરનાર ('વિન્' એ પ્રત્યય છે; એવાજ શબ્દ–યશસ્વી, મનસ્વી=ડાહ્યો પુરુષ. પયસ્વિની=દુધાળી ગાય). અભિવંદન=નમસ્કાર.

પાઠ ૨૪મો—અકલિત=કળી ન શકાય એવું.

पाठ २६मो—खर=ગધેડું. रिपु=દુશ્મન; શત્રુ. दिनदास=ગરીબના પણ દાસ (દીનદાસ). मान=સ્વાભિમાન. अरि=વેરી. मुक्ताफळ=મોતી. गरजवन=ગરજરૂપી વન.

પાઠ ૨ મો—પંઝેટી=શણ સાફ કરવાનું દાંતાવાળું ઓજાર.

પાઠ ૨૯મો—બાંહેધરી=બોલેલું પાળશો તેની ખાતરી માટે સાનમાં મૂકેલી વસ્તુ. શાસન=હુકમ, કવાયત.

પાઠ ૩૦મો—વિશેષતા=ખાસ ગુણ; ખાસિયત. લોહચુંબક=લોઢાને ખેંચવાનો જેનામાં ગુણ છે એવું લોઢું.

पाठ ३१मो—फूल्यो=અભિમાનનો ભરેલો. **मूल्यो**=તારા આત્માનું કલ્યાણ કરવાનું ભૂલી ગએલો. **भवकूप**=સંસારરૂપી કુવો-અભિમાનનો ભરેલો તું સંસારમાં મચ્યોપચ્યો રહે છે; આત્માનું કલ્યાણ કરતો નથી. **मनुष्य°**= મનુષ્યદેહરૂપી મણિ હાથે આવેલો તે તેં ખોયો છે. **डाह्यो°**=તું સમજે છે કે મારા જેવો ડાહ્યો કોઈ નથી; જીવન કેવું ટૂંકું છે; પળવારમાં મરણ આવીને ઊભું રહે છે તેનો તું વિચાર કરતો નથી. જ્યારે મૃત્યુના કબજામાં સપડાય છે ત્યારે તારૂં ડહાપણ જણાઈ જાય છે-તને તારી મૂર્ખાઈનું ભાન થાય છે वांकी°=તારો ગર્વ નકામો ગયો. સંસારમાં મચ્યો રહી કુકર્મ કર્યાં,તેથી નરકે જવાનું થયું; માતાની કૂખમાં નકામો ભારરૂપ થયો; જન્મ ધર્યો તે ન ધર્યો જેવો થયો-મિથ્યા ગયો; માટે હજી પણ અહંકાર તજી, મૂર્ખાઈ છોડી જાગ્રત્ થા; હવે મરણ પાસે આવ્યું છે, માટે સમજ. वाट-(मूछ पर वाट)= દીવેટ; મૂછ નકામી ગઈ. वाट-(नरकनी वाट)=માર્ગ. ममता°=મમત્વ, અહંતા, અહંકાર છોડી દે. मूक परी=પરિત્યાગ કર. परी (परि)=દૂર. सरजनहार=સર્જનાર, ઇશ્વર. सौथी तु°=ઈશ્વરનું ભજન કર, એટલે તું સહુથી સરસ નીવડચો એમ કહેવાઇશ.

પાઠ ૩૨મો—પેગોડા=મૂર્તિનું ઘર; મંદિર. ભોજનાલય=ભોજન કરવાનાં ઠેકાણાં; વીસી. પરિચારક=સેવક. ચિત્રિત=ચિત્રેલું. ગાભીર્યસૂચક= ઠાવકાપણું સૂચવનાર. મુંડિત=મુંડેલું

પાઠ ૩૩મો—લિપિ=દરેક ભાષામાં અક્ષરો લખવાની રીત કે તે અક્ષરો. ચિત્રાત્મકશબ્દો=ચિત્રોથી શબ્દ સમજાય છે. શબ્દ સૂચવનારાં ચિત્રો વ્યાપારસૂચક=ધંધો બતાવનાર; તે દુકાનમાં શું વેચાય છે તે જણાવનાર. વરખ=સોનારૂપાનાં વાળ જેવાં ઝીણાં પાંદડાં. ઊંટવૈદું=ભણ્યા વગર વૈદું કરવું તે. લાંછન=ઐબ; ડાઘ; કલંક. ચિત્તશુદ્ધિ=મનની પવિત્રતા. પ્રજાસત્તાક રાજ્ય=જેમાં પ્રજાની સત્તા છે-રૈયતના હાથમાં અમલ છે એવું.

પાઠ ૩૪મો—સર્વસ્વ=બધો પૈસો; ઉત્તમમાં ઉત્તમ મેળવવાની વસ્તુ. માનવી=મનુષ્યલોકની. અપરિમિત=મપાઈ નહિ એટલાં; પુષ્કળ (ઉલટો શબ્દ 'પરિમિત=ગણ્યાં ગાંઠયાં'). કામના=ઇચ્છા. આશાવાદી=હમેશ આશા પર આધાર રાખનારા. નિરાશાવાદી=હમેશ નિરાશામાં દુખી રહેનાર.

આત્મબળ=મનની સહન કરવાની શક્તિ. અહર્નિશ=દહાડો ને રાત; રાત દહાડો. ચક્ર=પૈડું.સ્વલ્પ (સુ+અલ્પ)=બહુ થોડું. આશાજનક=આશા ઉત્પન્ન કરનાર

પાઠ ૩૬મો—गोविंदो=ગોવિંદ; શ્રીકૃષ્ણ; વહાલવાચક શબ્દ. प्राण=જીવ; જીવ જેવો વહાલો. जग°=સંસાર. खारो=કડવો લાગ્યો. मारो रामजी=એ૦ વ૦ વહાલને અર્થે. संतन=સંત; સાધુ પુરુષ. सहाय=મદદગાર. सुषुमणा=સુષુમ્ણા એ એક નાડી છે, તે તાળવું ભેદીને બ્રહ્મદ્વાર સુધી જાય છે, એ નાડીથી ઇશ્વરનું ધ્યાન ધરાય છે, ઊંઘમાં જીવ એ નાડીમાં રહે છે. नावलियो=સ્વામી. निर्दोष=દોષનો અભાવ. સાસુ–સુષુમ્ણા; સસરો–સંતોષ; જેઠ–જગજીવન; નાવલિયો–નિર્દોષ=બધે અનુપ્રાસ આણ્યો છે. दुजो=બીજો. चुंदडी°=સંસારમાં રહું તો મન લાલચમાં લપટાઈ અનેક પાપમાં ને દોષમાં પડે છે; હરિભજનમાં આસક્ત રહેવાથી મન નિર્મળ રહે છે. लाडणी=લડાવેલી; વહાલી.

પાઠ ૩૭મો—સલતનત=સામ્રાજ્ય-મોટો રાજા તે સમ્રાજ્, તેનો અધિકાર તે સામ્રાજ્ય (સલ્તનત). અપવાદ=સામાન્ય નિયમનો જેમાં ભંગ થયો હોય તે; સામાન્ય નિયમને ઉત્સર્ગ કહે છે.

પાઠ ૩૮મો—હૃદયવેધક=હૈયું ચીરી નાખે એવી. આગ્રહપૂર્વક=આગ્રહથી–આગ્રહ જેમાં પૂર્વ છે–આગ્રહથી જેમ તે ક્રિયા થઈ છે તેમ; બહુવ્રીહિ સમાસ. અતિપ્રયાસ=ઘણો પ્રયત્ન. વિનીત=નમ્ર. સાર્થક=સફળ; જેનું પ્રયોજન સિદ્ધ થયું છે એવું (બહુ૦ સ૦).

પાઠ ૪૦મો—અભયવચન=જીવને નુકસાન નહિ થાય એવું વચન.

પાઠ ૪૧મો—આજ્ઞાધીનતા=આજ્ઞાને અધીન–તાબે રહેવાનો ગુણ; આજ્ઞા પાળવી તે. ઉપનિષદ્=વેદનો અન્ત્ય ભાગ; જેમાં આત્મા, પરમાત્મા, ને જગત્ ને તેમના પરસ્પર સંબંધનું જ્ઞાન આપ્યું છે તે. દીક્ષા=કોઈ પણ પવિત્ર કામ કરવાની યોગ્યતા મેળવવા માટે જે આરંભનું વ્રત આચરવું પડે છે તે. નિરર્થક=નકામું; અર્થ–પ્રયોજન વિનાનું. આડંબરી=ડોળ કરનાર. મિથ્યાભાષી=જૂઠું બોલનાર. બલવત્તર=બલવત્=બળવાળું+તર(પ્રત્યય)=વધારે; વધારે બળવાન્. સ્વચ્છંદી=પોતાની મરજીમાં આવે તેમ વર્તનાર–છન્દ=મરજી. અરાજકતા=અંધેર; રાજા ન હોય એવી સ્થિતિ; અવસ્થા. ગૌરવ=મોટાઈ (ગુરુ+અ); એજ પ્રમાણે લાઘવ=હલકાઈ.

पाठ ४२मो—પ્રભાતિયું–પ્રભાતે–પ્રાતઃકાળે ગાવાનું ગીત. खटपटी=

ષટ્ઘડી–છ ઘડી. ૨૩ ઘડી=૧ કલાક; ઘડી=૨૪'. ઘડી એ એક પાત્ર–વાડકો છે. તેમાં ઝીણું છિદ્ર હોય છે. તપેલામાં પાણી ભરી તે તેમાં તરતું મૂકવામાં આવે છે. તેને ભરાઈ રહેતાં વખત થાય છે તે ઘડી. परहरि=પરિહરી, તજી. समरवा=સ્મરવા, યાદ કરવા. एक°=પ્રભુ તું એક છે. जोग संभाळवा=યોગમાં–સમાધિમાં મગ્ન થવું. भोग तजवा=સાંસારિક ભોગ છોડી ઈશ્વરનું ધ્યાન ધરવું. वैष्णव=વિષ્ણુના ભક્ત. सद°=સારા કાવ્યનાં ગ્રંથ રચવા. कर्मनो°=જેવાં કર્મ કરીશું તેવાં તેનાં ફળ થશે, એ કર્મનો ભેદ–સાર સમજવો.

પાઠ ૪૩મો—પ્રવર્તી=ચાલી. રાજદ્રોહ=રાજાની સામા પ્રજાને ઉશ્કેરવી, બંડ કરવું, કરાવવું, રાજાને ગાદી પરથી ઉઠાડી મૂકવાનો, વગેરે રાજ્યની સામા ભારેનાં ભારે ગુના રાજદ્રોહ ગણાય છે. ઘોર=ભયંકર. ધૃષ્ટ=નફ્ફટ નિર્મર્યાદ, ઉદ્ધત, ઉછાંછળુ. સ્તબ્ધ=આશ્ચર્યથી હાલ્યાચાલ્યા વિનાના, ચિત્રના જેવા સ્થિર મરતબો=ગૌરવ. કુચ્છંદી=નઠારી લતમાં પડેલું. દુર્વ્યસની=નઠારાં બ્યસનવાળો ('બ્યસન'નો મૂળ અર્થ ટેવ, તે સારી કે નઠારી હોય; હાલ તે 'નઠારી ટેવ'ના અર્થમાં વપરાય છે). આવેશ=જુસ્સો. ખલલ=હરકત. પ્રતિષ્ઠા=ગૌરવ. દુર્વિનય=અનીતિ. મુદ્રા=ચહેરો.

પાઠ ૪૪મો—ચંદ્રવંશી=ચંદ્રના વશમાં જન્મેલો. કેટલાક રાજા સૂર્યવંશી ને કેટલાક ચંદ્રવંશી છે. કંટક=કાંટો. ભ્રમર=ભમરો; મધમાખ. ગુંજન=ગણગણ. અગ્નિકાર્ય=અગ્નિની પૂજા. તાપસી=સાધ્વી; તપ આચરનારી સ્ત્રી. ઉપાસના=સેવા. આસક્ત=પ્રેમમાં પડેલું. ધર્મજ્ઞ=ધર્મ જાણનાર. વિરક્ત=વિરાગી; સંસારમાંથી જેનું મન ઊઠી ગયું છે એવું. આત્મઘાતી=આત્માને હણનાર; પોતાના કલ્યાણનો વિનાશ કરનાર. ગાંધર્વલગ્ન=વરકન્યા પોત પોતાની મેળે એકએકને વરી લગ્ન કરે તે. પુરોહિત=ધર્મગુરુ; ગોર. વિધિપુરઃસર=વિધિ–શાસ્ત્રમાં દર્શાવેલી રીત પ્રમાણે. અભિનંદન આપી=અનુમતિ આપી; જે થયું હતું તે માટે ખુશી બતાવી.

પાઠ ૪૫મો—મુષ્ટિપ્રહાર=મુઠ્ઠીથી મારવું તે. સર્વદમન=બધાંને દમેવશ કરે એવું. યુવરાજ=પાટવી કુંવર. પટ્ટરાણી=મુખ્ય રાણી. અનુજ્ઞા=રજા. અનિષ્ટ=ખોટું; ઇચ્છાય નહિ એવું (ઇષ્ટ=ઇચ્છાએલું). આકાશવાણી=બોલનાર દેખાય નહિ, એવી આકાશમાં સંભળાતી વાણી. આખ્યાન=જેમાં કથા કહેલી હોય તે.

पाठ ४६मो—ओधव=ઉદ્ધવ, શ્રીકૃષ્ણના મિત્ર ને ભક્ત. भाईने=ભાઈ ને.

हरिसम=હરિના-કૃષ્ણુના જેવો. व्रज=ગોકુળ પાસેનો પ્રદેશ. डमरी=ડમરાના છોડની ડાળી, માજર. संवाद=વાતચીત. वाय=વાગે. अर्क=સૂર્ય. साज=સામગ્રી; પૂજાની સામગ્રી. समाज=લોકોનો મેળાવડો. साद=જવાબ. पुरुषोत्तमसम= કૃષ્ણુના સરખા, मनवांछीत=મનગમતું. (वांछित=ઇચ્છેલું). मुखवास=મોંમાં સુવાસ-સુગંધ માટે. हसी=હસતે મુખે. सखा=મિત્ર परम=ઘણું परिवार= કુટુંબ, બંધુજન. राम=બલરામ, કૃષ્ણુના મોટા ભાઈ शाम=શ્યામ; શ્રીકૃષ્ણુ.

પાઠ ૪૭મો—અતિસંપત્તિમાન્=ઘણો માતબર (અતિસંપત્તિ=ઘણું દ્રવ્ય+મત્ (પ્રત્યય)=વાળુ) શબ્દને છેડે કે છેડાની પહેલાં 'અ' કે 'આ' હોય તો 'મત્'નું 'વત્' થાય છે ભગવાન્. 'મત્' ને 'વત્' નું 'માન્' (સંસ્કૃતમાં પ્રથમાનું એ વ. ગુજરાતીમાં શબ્દ તરીકે વપરાય છે). અતિ-દ્રવ્યહીન=ઘણો ગરીબ. યથાશક્તિ=ગજા પ્રમાણે.

પાઠ ૫૦મો—વ્યંડળ=નપુંસક પુરુષ; હીજડો. નગરચર્યા=ગામમાં શી વાત થાય છે, તે જાણવા છૂપે વેશે નિકળવું તે. સમક્ષ=નજર આગળ.

पाठ ૫૧मा—शांति°=જે મનને શાંતિ આપે તેજ ખરો સંત છે; બીજા બધા ખોટા છે. कल्पवृक्ष=આપણી જે ઇચ્છા થાય તે આપે એવું સ્વર્ગનું વૃક્ષ. (कल्प=ઇચ્છા). दाळिद्र=દારિદ્રય; ગરીબાઈ वळावो=લુટારાથી રક્ષણુ કરનાર. नाम अनाम=પ્રભુનું નામ એજ ખરૂં નામ છે. तत्त्व છે; બીજા બધાં નામ ખોટાં છે. नरवो=નર્યો. કેવળ; તેની કાયા ખરી સ્નેહરૂપ છે.

પાઠ ૫૨મો—વિભૂતિઓ=ઐશ્વર્ય. સંપત્તિ તુચ્છકારવા=તિરસ્કારવા; હલકા ગણવા. પશુવૃત્તિ=પશુના જેવું આચરણુ. પારમાર્થિક=પારકાના ભલાનું. ભગીરથ=બહુ મોટું, ભગીરથ રાજાએ ગંગા નદીને શિવના મસ્તકમાંથી પૃથ્વી પર આણવાનું ભારે કામ કર્યું તેવું ભારે; મહાભારત. કર્તવ્યનિષ્ઠા= કર્તવ્ય ને ફરજમાં મચ્યા રહેવું તે; કર્તવ્યમાં પરાયણુ-લીન રહેવું તે. નિવાસસ્થાન=રહેવાનું ઠેકાણું. અનુકરણીય=દાખલો લેવા લાયક. નિરભિમાન= અભિમાનમાંથી મુક્ત-છૂટા હોવું તે.

પાઠ ૫૩મો—યત્કિંચિત્=થોડો પણુ. આશય=અભિપ્રાય; ઇરાદો. મતલબ. સમગ્ર=બધું નિમંત્રણુ=તેડું. સિદ્ધાંત=સિદ્ધ થએલી-સાબીત થએલી વાત; ખરો મત. અનુભવસિદ્ધ=અનુભવથી-જાતમાહીતીથી સાબીત થએલું. વિવેક=સારૂં નરસું પારખવાની શક્તિ

પાઠ ૫૪મો—ભક્તરાજ=ભક્તોનો રાજા; મોટા ભક્ત. वणकर=લુગડાં

વર્ણનાર. આત્મજ્ઞાની=જેને આત્માનું જ્ઞાન છે એવો. અસાર=સાર વિનાનું. ક્ષણિક=ક્ષણ વાર પહોંચે એવું; ક્ષણમાં નાશ પામે એવું. પાદસ્પર્શ=પગનું અડકવું. ગુરુમંત્ર=ગુરુ મંત્ર આપે તેવો. કીર્તન કરવું=ગાયન સાથે કથા કરવી. ગુરુપદ=ગુરુની પદવી. સાત્ત્વિક વૃત્તિ=જ્ઞાન, શાંતિ, સદ્‌ગુણનો સ્વભાવ. અન્તર્યામી=હૃદયમાં રહેલો ઈશ્વર. જિજ્ઞાસુ=જ્ઞાન મેળવવા ઇચ્છનાર. વિરક્ત=વિરાગી; આસક્ત ન થયલું એવું. ઉપાધિ=ખટખટ; જાળ; સંસારમાંથી મુક્ત થવામાં અડચણરૂપ.

पाठ ५५मो—ते अमे मोटा=અમે તે (પ્રસિદ્ધ) મોટા પુરુષ છીએ એમ ન જાણશો. काची=ક્ષણિક છે માટે. काळनी छे फांसी=હરિની ભક્તિ નહિ કરો તો કાળ–યમ તમને ફાંસામાં પકડી સોટા મારશે. पाणीना परपोटा=પાણીના પરપોટા જેવા ક્ષણિક છે. જે ઊંચ છે તે ઘડીમાં નીચી સ્થિતિમાં આવી જાય છે ને નીચી સ્થિતિમાંથી ઘડીમાં ઊંચી સ્થિતિમાં આવી જાય છે. એ બધો માયાનો ખેલ છે–છેતરનારો દેખાય છે. ओटा=ઓટલા; દેવડી. सत् नाम°=સુકૃત્યને લીધે જેનું સારૂં નામ છે તે.

પાઠ ૫૬મો —સ્નાયુ=માંસના તંતુ; હાડકાં ને માંસનાં રેસા જે તંતુ વડે વળગેલા રહે છે ત ભેદી શકે છે=ફાડી અંદર પેસી શકે છે. ઉપલાણે=નદીના મૂળ તરફ.

પાઠ ૫૭મો—શાલિગ્રામ=ગોળ, કાળો, છિદ્રવાળો પથ્થર વિષ્ણુ તરીકે પુજાય છે તે.

પાઠ ૫૮મો—બંદીજન=ભાટ. કાલા=અણસમજુ; નાદાન.

પાઠ ૫૯મો—મુષ્ટિદાન=મુક્કી. મૃદંગ=નરઘું. ભેર ને નફેરી=એક જાતનાં વાદ્ય–વાજિંત્ર. તુષ્ટમાન=તુષ્યમાન; રાજી. હૃદયવેધક=હઈયું વીંધી નાખે એવું; મર્મચ્છેદી.

पाठ ६०मो—लाघ्युं=આવ્યું. कालज=કાળજું. कौतुक=નવાઈ. उत्पात=મોટી વિપત્તિ; મોટો નાશકારક બનાવ. सोहेलो=કોડ; ઓરીઓ. निपुणुं=બન્યું; નીપનું–ન્યું. नठोर=નઠારૂં પરિણામ. भोगी°=ભોગી તે મૂકીને ચાલ્યો ગયો. काजळवोणी=કાજળવિનાની. नलवट=કપાળ. वोहोणा=વિનાના. जायो=પુત્ર. આ બધાં અપશુકન છે. हवे°=ઉત્તરાને રાજકુમાર પાસે મોકલો. संसप्तक=(સંશપ્તક)–પુસ્તક ૪થું, પાઠ ૩૩મો જુઓ.

પાઠ ૬૩મો—અદૃશ્ય=ન દેખાય એવું. કુળદેવતા=કુળનો દેવ કે

દેવી. કુળમાં જે દેવ કે દેવીની પૂજા થતી હોય તે. દિવસ્પતિ=આકાશનો પ્રભુ (દિવસ=આકાશ). ઓતપ્રોત=વસ્ત્રના વાણાતાણાની પેઠે સર્વત્ર પરોવાયલું-વ્યાપી રહેલું. દ્વયર્થી=જેમાંથી બે અર્થ નીકળે એવું. સંદિગ્ધ=સંશય પડતું. ખગોળ=આકાશના ગ્રહો, તારા, વગેરેનું શાસ્ત્ર. આયુર્વેદ=શરીરશાસ્ત્ર. રસજ્ઞતા=રસ જાણવાની શક્તિ; રસ=કવિતામાં રહેલા શૃંગાર, વીર, વગેરે રસ કે વસ્તુની ખુબી. સહનશીલતા=દુઃખ ખમવાની શકિત. નૃત્ય=નાચ.

પાઠ ૬૪મો—અમર=મરે નહિ એવું. પરાભવ=હાર. દેશદ્રોહી=દેશનું હિત બગડે-દેશ પરદેશીના હાથમાં જાય એવું ઇચ્છનાર કે કરનાર પુરુષ. રણયજ્ઞ=રણરૂપી યજ્ઞ. આહુતિ=હોમ. અનુયાયી=પાછળ જનાર; અનુસરનાર; પારચારક.

પાઠ ૬૫મો—નાવિક=ખલાસી. અનુભવસિદ્ધ=જાતમાહીતીથી સાબીત થએલું. સમાનતાનો નિયમ=સરખી વસ્તુને સરખોજ નિયમ લાગુ પડે છે તે.

પાઠ ૬૭મો—પાદ્ય=પગના પર પાણી મૂકી પૂજવા, તેમાં પગ પર મૂકવાનું પાણી તે પાદ્ય. અર્ધ્ય=અરઘીઆમાં પાણીમાં ચંદનપુષ્પ નાખી પૂજા કરવી તે. પર્યંક=પલંગ.

પાઠ ૬૮મો—જુવે નિત°=શરમથી લુગડું ઓઢી, મોં સંતાડીને આખું જુએ. ગર્થ=પૈસો; માતબર લોક ગુણવાન લોકોને ત્યાં ફેરા ખાય. ગુણ આગળ દાતાર°=ઉદાર દાતાર કરતાં પણ ગુણવાન્ વધારે માન પામે છે; દાતાર લોકો જે બીજાઓને દ્રવ્ય આપનારા છે તે પણ ગુણવાન્ પાસે માન માગવા જાય છે. ઘણાં કરે=લોકો ગુણને ઘણું માન આપે છે. ખાંતે=ખંતે. બગલાં°=બગલાં ધોળાં તો હંસ જેવા છે; પણ ગુણમાં હંસ કરતાં ઘણાં ઊતરતાં છે તેથી તે હંસ લાગતા નથી અશો=એવું. કરાં મોતી જેવાં દેખાય છે, પણ તેથી કંઈ આભૂષણ મોતીથી શોભે છે તેમ શોભતાં નથી. કશો=કશું; કંઈ.

પાઠ ૬૯મો—રુધિરપરિસરણ=લોહીનું શરીરમાં ફરી વળવું.

પાઠ ૭૦મો—પ્રતિફલિત=જેનું પ્રતિબિંબ પડે છે તે. પ્રતિફલિત થાય છે=તેમાંથી તેનું પ્રતિબિંબ-પડછાયો પડે છે. ધરી=પૃથ્વીની ઉત્તરથી દક્ષિણ તરફ જતી એક કલ્પિત રેખા.

પાઠ ૭૧મો—મત્સ્ય=માછલું. તરબોળ=ખૂબ ભીનું; તળીઆ લગી ભીનું. ઉપવાસ કરવાનું વ્રત=એને પ્રાયોપવેશન વ્રત કહે છે. બાંધવ=સગું-વહાલું. ઇષ્ટદેવ=જે દેવને માનતો હોય તે દેવ.

પાઠ ૭૨મો—મૂતતણો°-ગયો વખત બહુ સારો હતો, તેવો હાલનો વખત નથી એવો શોક કરવાથી ભવિષ્યમાં શું વળવાનું છે ? દળદર=દારિદ્ય; દુઃખ. ગળશે=જતાં રહેશે.

પાઠ ૭૩મો—મનનીય=બરાબર વિચાર લાયક. નૈતિક=નીતિ વિષયનું. તિલાંજલિ=મરનારની પાછળ ધર્મક્રિયામાં તલ નાખીને ખોબો ભરી પાણી આપવામાં આવે છે તે; એ છેલ્લિ અંજલિ-તર્પણ છે; માટે તિલાંજલિ આપવી=છેલ્લા નમસ્કાર કરવા; રજા આપવી; કાઢી નાખવું; છોડી દેવું. ઋણ=દેવું.

પાઠ ૭૪મો—રાસાયણિક=રસાયણ શાસ્ત્રના નિયમ મુજબનું. શિરા=નસ. ધમની=લોહી જેમાં થઈને ફરે છે તે નાડી. સ્નેહાકર્ષણ=બે તત્ત્વોના રજકણ વચ્ચે અમુક પ્રકારનું આકર્ષણ રહેલું છે તેથી તે એક થઈ યુક્ત પદાર્થ બને છે, તે આકર્ષણ.

પાઠ ૭૬મો—એકદેશી=એકપક્ષી; એક તરેહની. હીણપત=હલકાઈ. નિંદ્ય=નિંદવા લાયક.

પાઠ ૭૮મો—રંતીદેવ (શુદ્ધ-રંતિદેવ). કાળ=દુકાળ. જંજાળ=પીડા. વધુ=સુતવધૂ. ભોર=સવારે. અન્યાર્થી=અન્નાર્થી. અઘોરી=અઘોર-ભયંકર ભારે મન્ત્ર સાધનાર સાધુ. શ્વાન=કુતરો. સુતભામ=પુત્રની વહુ. પ્યાસાં=તરસ્યાં. અભ્યાગત=પરોણો; અતિથિ. પ્રાણધારી=પ્રાણી. અવિનાશ ધામ=અમર સ્થાન.

પાઠ ૭૯મો—ન્યાયવૃત્તિ=યોગ્ય ઇન્સાફ કરવાનો સ્વભાવ. શ્રદ્ધા=ભરોસો. લિંગ=સ્ત્રીત્વનું કે પુરુષત્વનું ચિહ્ન; સ્ત્રી હોવું કે પુરુષ હોવું તે. ગુણિજન=ગુણીઓ. 'જન' શબ્દ સમુદાયવાચક છે. સમાસમાં 'ગુણિન્' શબ્દનો 'ન્' લોપાયો છે; જેમ 'રાજન્+પુરુષ'='રાજપુરુષ' એમાં ન્ લોપાયો છે તમ સંસ્કૃતમાં નકારાન્ત શબ્દો હોય છે તેનું સંસ્કૃત પ્રથમાનું એકવચન ગુજરાતીમાં શબ્દ તરીકે વપરાય છે-રાજા, ગુણી ધની, આત્મા. સ્વીકાર્ય=સ્વીકારવા યોગ્ય. ભાવના=લાગણી. મોજૂદ=હાજર. અર્ધનિદ્રિત=અર્ધી નિદ્રામાં. અર્ધવસ્મિત=અર્ધી ઉઘાડી જ્વલત=પ્રકાશતું; ચળકતું પ્રશસ્ય=સ્તુત્ય; વખાણવા યોગ્ય. કૃત્ય=કામ.

પાઠ ૮૦મો—પ્રશસ્તિ=પ્રશંસાવાચક કાવ્ય; કોઈના વખાણમાં રચેલી કવિતા પ્રતિભા=જેમાંથી નવા નવા અંકુર ફૂટે એવી સ્વાભાવિક ઊંચા પ્રકારની બુદ્ધિ.

પાઠ ૮૧મો—ધનિક=પૈસાદાર માણસ. ઉપાર્જન કરવા=મેળવવા.